# શ્રી રામ કથામૃત



## વાલ્મીકી રામાયણ તથા તુલસીકૃત રામાયણનો તુલનાત્મક રસાસ્વાદ

## - શ્રી યોગેશ્વરજી

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * *



e-book
Title : Sri Ram Kathmrut
Language : Gujarati
Version : 1.0
Pages : 150
Created : June 1st, 2014.

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

# <u>પ્રકાશકીય</u>

પ્રાચીન ધર્મગ્રંથોના પ્રખર અભ્યાસી, વિદ્વાન વ્યાખ્યાતા અને લેખક શ્રી યોગેશ્વરજીની કસાયેલી કલમે લખાયેલ આ ગ્રંથ 'શ્રી રામ કથામૃત' પ્રગટ કરતાં અમને આનંદ થાય છે.

ભારતીય સંસ્કૃતિના અને સાહિત્યના એક અમર-અમૂલા વારસારૂપ રામાયણની કથા લોકોમાં ખૂબ જ પ્રચલિત છે.

મહર્ષિ વાલ્મીકિએ અને સંતશિરોમણિ તુલસીદાસજીએ પોતપોતાની આગવી રીતે એની રસપ્રદ રચના કરી એનો ભક્તિભાવપૂર્વક મહિમા ગાયો છે.

આ ગ્રંથમાં એના વિદ્વાન લેખકે શ્રી રામની કથા રજૂ કરવા ઉપરાંત વાલ્મીકિ રામાયણ અને તુલસીકૃત રામાયણનો તુલનાત્મક રસાસ્વાદ રોચક શૈલીમાં કરાવ્યો છે, જે વાચકોને અવશ્ય ગમશે.

આ ગ્રંથને વાચકવર્ગ સારી રીતે આવકારશે એની ખાતરી છે.

**- અંબુભાઈ ડી. પટેલ**

(અધ્યક્ષ, ગુજરાત પુસ્તકાલય સહકારી મંડળી, વડોદરા)

તા. ૧૧-૧૦-૧૯૭૬



## પ્રસ્તાવના



રામની કલિમલહારિણી કલ્યાણકારિણી કથાથી ઓછાવત્તા પ્રમાણમાં સૌ કોઈ પરિચિત છે. એ કથાએ કથારસિકોની ભક્તિભાવનાને પોષવામાં ને વધારવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. એનું શ્રવણમનન તથા પારાયણ અવનવો આનંદ આપે છે અને નિતનવી પ્રેરણા પૂરી પાડે છે. મહર્ષિ વાલ્મીકિએ અને સંતશિરોમણિ તુલસીદાસે એમની આગવી રીતે એની રસમય રજૂઆત કરી છે. એ રજૂઆત સુપ્રસિદ્ધ છે. એમની રજૂઆતનો તુલનાત્મક વિચાર અને રસાસ્વાદ કરાવવાનો પ્રસ્તુત પુસ્તકમાં એક નાનોસરખો નમ્ર છતાં પ્રામાણિક પ્રયાસ કરવામાં આવ્યો છે.

મોટા ભાગના કથાકારો અને કથારસિકો તુલસીકૃત રામાયણમાં જ રસ લેતા હોય છે. એમને વાલ્મીકિ રામાયણને વાંચવા-વિચારવાનો અવસર મળ્યો નથી હોતો. રામાયણની એ બંને કીર્તિકથાઓમાં રામચરિત્રનો પુનિત પ્રવાહ કેવી કમનીય તેમજ કળાત્મક રીતે વહે છે તે જાણવાનું આનંદદાયક અને ઉપયોગી થઈ પડે તેમ છે. એ દૃષ્ટિએ આ રચના મહત્વની મનાશે અને મદદરૂપ થશે એવી આશા છે. બંને રામાયણનો તુલનાત્મક વિચાર એમની શ્રેષ્ઠતા કે કનિષ્ઠતાને દર્શાવવા માટે નથી કરવામાં આવ્યો પરંતુ એમના સંયુક્ત સ્વાધ્યાયજન્ય આનંદના અનુભવ માટે કરાયો છે એ યાદ રાખવાનું છે.

**- શ્રી યોગેશ્વર**
મસૂરી, હિમાલય

* * *

## અનુક્રમણિકા


### ૧. બાલકાંડ

રામનું જીવન * રામાયણની રચના * રામચરિતમાનસની રચના * નામનો મહિમા * વક્તા તથા શ્રોતા * માહાત્મ્ય * રામના પ્રાકટ્યની પૂર્વભૂમિકા * રાવણાદિનું તપ * નારદજીનો મોહ * મનુ અને શતરૂપાને વરદાન * પ્રાકટ્ય * વિશ્વામિત્ર મુનિની માગણી * વિશ્વામિત્ર મુનિના આશ્રમમાં * બલા અને અતિબલા વિદ્યા * રાક્ષસોનો નાશ * અહલ્યાનો ઉદ્ધાર * મિથિલાપુરીમાં * સીતાનો મેળાપ * પરશુરામનો પ્રસંગ * મહર્ષિ વિશ્વામિત્રની વિસ્મૃતિ

### ૨. અયોધ્યાકાંડ

અયોધ્યાપુરીમાં * કૈકેયીનાં વરદાન * રામનું વનગમન * સીતાનો સંકલ્પ * ગુહનો મેળાપ * ભરદ્વાજ મુનિ * મહર્ષિ વાલ્મીકિનો મેળાપ * દશરથનો સ્વર્ગવાસ * ભરતની ભાવના * ભરતનું પ્રસ્થાન * ભરદ્વાજ મુનિની સિદ્ધિ * રામનો સમાગમ * ચરણપાદુકાની પ્રાપ્તિ *

### ૩. અરણ્યકાંડ

અત્રિ અને અનસૂયાનો સમાગમ * મહર્ષિ અગસ્ત્યનો સમાગમ * શૂર્પણખા * સીતાહરણ * અશોકવાટિકામાં * પંપા સરોવરના પ્રદેશમાં * જટાયુ * શબરીનો સમાગમ *

### ૪. કિષ્કિન્ધાકાંડ

સુગ્રીવ અને હનુમાન * સુગ્રીવનું સખ્ય * વાલીના વિરોધનું કારણ * વાલીનો નાશ * વાનરો મનુષ્યો હતા * સંપાતિનો સમાગમ * હનુમાનની તૈયારી *

### ૫. સુંદરકાંડ

હનુમાનજીનો લંકાપ્રવેશ * સીતાનો સમાગમ * રાવણની સભામાં * લંકાદહન *

### ૬. લંકાકાંડ (યુદ્ધ કાંડ)

વિભીષણ અને અંગદ * સેતુરચના * રાવણ સમજ્યો નહીં * કુંભકર્ણનો નાશ * ઈન્દ્રજીતવધ * રાવણનો નાશ * સીતાની અગ્નિપરીક્ષા * અયોધ્યામાં * રામનો રાજ્યાભિષેક

### ૭. ઉત્તરકાંડ

સીતાની શુદ્ધિ અને કાકભુશુંડજી * વાલ્મીકિ આશ્રમમાં * સીતાનો પૃથ્વીપ્રવેશ * કાકભુશુંડજીની કથા * જ્ઞાન અને ભક્તિ * માનસરોગ * પૂર્ણાહુતિ


* * *

## બાલકાંડ

## ૧. રામાયણવિચાર

**રામનું જીવન**

ભારતના આધ્યાત્મિક આકાશનાં પૌરાણિક કાળનાં સૌથી વધારે વિશદ, પ્રેરક તથા પરમપ્રકાશક નયનાભિરામ નક્ષત્રો બે - રામ અને કૃષ્ણ. એ બંનેને ચંદ્રની ને સૂર્યની ઉપમા આપી શકાય. લોકહૃદયમાં અતીત કાળથી માંડીને અર્વાચીન કાળ સુધી બંનેનાં મહત્વનાં, અત્યંત મહત્વનાં, સ્થાન ચાલ્યાં આવે છે. બંનેએ પ્રજાજીવનને પાર વિનાની અનોખી પ્રેરણા પાઈ છે, પરિબળ પૂરું પાડ્યું છે. અને રાષ્ટ્રજીવનના ઘડતરમાં શકવર્તી ભાગ ભજવ્યો છે. ભક્તોએ, સંતોએ તથા સ્વનામધન્ય કવિઓએ એમનાં ગુણગાન ગાયાં છે અને એમની આગવી રીતે એમને અક્ષરદેહની અનુરાગાત્મક અંજલિ આપી છે તે યોગ્ય જ છે.

રામ અને કૃષ્ણ એક જ બીજના બે અંકુર જેવા, એક જ સિક્કાનાં બે પાસાં જેવા, એક જ શરીરનાં બે હૃદય જેવા છે. અંતરને આનંદ પ્રદાન કરે, આરામ આપે, તે રામ અને કાળજાના ક્લેશ કાપે, કાયામંદિરમાં વિરાજીને કામણ કરે, કલ્યાણનો વરસાદ વરસાવે, તે કૃષ્ણ. તત્વ એક જ પરંતુ નામ તેમજ રૂપ બે. માનવજીવનના અભ્યુત્થાનને માટે, જીવનને જ્યોતિર્મય બનાવવા કાજે, બંને આશીર્વાદરૂપ અને ઉપયોગી.

સંસારમાં સૌથી પ્રથમ રામકથાની- રામાયણની રચના કરીને મહર્ષિ વાલ્મીકિએ પોતાની બૌદ્ધિક પ્રતિભાને, વાણીને, શક્તિને ને કલમને કૃતાર્થ કરી. જિંદગી અને વાણી ધન્ય ત્યારે જ બને છે જ્યારે ઈશ્વરના અથવા એના સાકાર સ્વરૂપ સરખા સત્પુરુષોના ગુણસંકીર્તન માટે વપરાય છે. મહર્ષિ વાલ્મીકિએ રામાયણની રચના દ્વારા જગતના જીવો પર મહાન ઉપકાર કર્યો. સંસારનું પરમ કલ્યાણ કર્યું.

રામાયણ શબ્દ જ કેટલો બધો સરસ, સારગર્ભિત અને સુંદર છે ? એનો અર્થ રામનું અયન અથવા આગમન થાય છે. રામ પરબ્રહ્મ પરમાત્માના પ્રતિનિધિ બનીને, માનવતાથી મંડિત થઈને, આ અવનીમાં આવિર્ભાવ પામ્યા, આવ્યા, અને એ પછી જે જે કરી ગયા એની કથાનું એમાં આલેખન કરવામાં આવ્યું છે. એ ઉપરાંત એ માનવના આર્ત અશાંત અંતરને શાંત કરવાનો મંગલ મહામંત્ર પૂરો પાડે છે. રામનું શુભાગમન અથવા અવતરણ અયોધ્યામાં થાય છે, કૌશલ્યાદિ માતાઓના ભવનમાં થાય છે, ભક્તોના અને મહાપુરુષોના હૃદયમાં અથવા જીવનમાં થાય છે, એવી રીતે પ્રત્યેક માનવના જીવનમાં થઈ જવું જોઈએ. રામાયણનો એ મૂળભૂત મહત્વનો સંદેશ છે. જીવનમાં રામ નથી પરંતુ કામ છે માટે જ દુઃખ છે, ઉપાધિ છે; અશાંતિ છે, ક્લેશ છે, પરિતાપ તથા બંધન છે અને જીવ દુર્ગતિમાં પડેલો છે. જીવનને સુખમય કરવા અને શાંત બનાવવા એમાં શ્રીરામની, પરમકૃપાળુ પરમાત્માની, નીતિમત્તાની, માનવતાની, પવિત્રતાની ને પ્રેમની પ્રતિષ્ઠા કરવી જોઈએ. રામાયણ એ વાતને વરસોથી સંભળાવે છે પરંતુ એને સાંભળનારા કેટલા છે ?

રામાયણના મુખ્ય અધિષ્ઠાતા, આરાધ્ય દેવ રામ છે. રામાયણની આખીય કથા એમને લક્ષ્ય કરીને કે કેન્દ્રમાં રાખીને એમની આસપાસ રમ્યા કરે છે. રામનું સમસ્ત જીવન નિઃસ્વાર્થ સ્નેહ અને સેવાનું જીવન છે. એક સમર્પિત સાચું જીવન છે. એમાં નાનીમોટી જે પણ ક્રિયા કરવામાં આવે છે તે બીજાને માટે, બીજાની

સુખાકારી તથા શાંતિ માટે કેવળ કર્તવ્યભાવથી પ્રેરાઈને કરવામાં આવે છે. એમ કરતાં કષ્ટ ભોગવવાનો વખત આવે તો પણ રામ એને સ્મિતપૂર્વક ભોગવવા તૈયાર રહે છે. એમને સત્યના આગ્રહ તથા કર્તવ્યપાલન સિવાય બીજા કશાનો મોહ નથી, શોક નથી, કશાની મમતા નથી. સીતાની, રાજપાટની, સંપત્તિની, માતાપિતાની, પરિવારની કે પોતાના શરીરની પણ નહિ, એ એમની વિશેષતા છે. એ જગતમાં પધાર્યા છે આદર્શ રીતે જીવી જવા તથા પવિત્ર પ્રેમથી પ્રેરાઈને બીજાને માટે કશુંક મહત્વનું કરી છૂટવા. એમનું સમસ્ત જીવન નિર્વ્યાજ સ્નેહ, સેવા અને પવિત્રતાનું પ્રતીક છે. એવી વિશેષતા કે વિલક્ષણતા જ્યાં ત્યાં નથી મળતી, અત્યંત વિરલ મળે છે. માનવ મોટે ભાગે કર્તવ્ય કરે છે તે પણ ગણતરીપૂર્વક, બદલાની આશા રાખીને કરતો હોય છે. કેરીને ખાવાની વાસનાથી પ્રેરાઈને જ એ આંબાને ઉછેરવાના કર્મમાં પ્રવૃત્ત થાય છે. હું શા માટે કરું ? મને એનું ફળ થોડું જ મળવાનું છે ? એવી ફિલસુફીમાં એ સરકી પડે છે. મને મારા ઉછેરેલા આંબાની કેરીનો સ્વાદ નહિ મળે તો બીજાને તો મળશે ને ? એવી વૃત્તિવાળા પરહિતરત રામ જેવા માનવો બહુ ઓછા મળે છે.

હું અમદાવાદમાં હતો ત્યારે હમણાં જ એક લોકસેવક ભાઈ મને મળવા આવેલા. એમણે વાતવાતમાં જણાવ્યું કે ચારસો રૂપિયા ઘરનું ભાડું આવે છે, આઠસો રૂપિયા બીજી રીતે પેદા કરું છું, છોકરો બેન્કમાંથી છસો રૂપિયા લાવે છે, ને બસો રૂપિયા મને સરકાર તરફથી મળે છે. એટલે બધી રીતે આનંદ છે. કોઈ જાતની આર્થિક તકલીફ નથી પડતી.

મેં પૂછ્યું કે સરકાર તરફથી બસો રૂપિયા શેના મળે છે, તો તેમણે જણાવ્યું કે હકના.

હકના ?

હા, હકના જ.

શેના હકના ? મને તો એવું કશું નથી મળતું.

તે તમને ક્યાંથી મળે ? તમે કાંઈ જેલમાં ગયેલા ? હું તો આઝાદીની ચળવળમાં બે વાર જેલમાં ગયેલો એટલે સરકાર તરફથી એટલું પેન્શન મળે છે. અમે જેલમાં ગયા ત્યારે કેટલાક હસતા'તા અને અમને મૂર્ખ માનતા'તા, પરંતુ હવે આટલા વરસ પછી એનું ફળ મળ્યું ! જેલ અમારે લેણાની થઈ પડી.

એમણે ખૂબ જ ગૌરવપૂર્વક રજૂઆત કરી.

મેં કહ્યું, તમે આવા સામાન્ય ફળ માટે જેલમાં ગયેલા ? તમે તો ઘણું સારું કમાવ છે.

કમાતો હોઉં તેથી શું થયું ?

તમારે એ રકમ ના લેવી જોઈએ. તમારા જેવા સારી રીતે જીવનારા કેટલાય લોકસેવકો એવી રકમ ના લે તો એમનું ગૌરવ વધે ને દેશનું કેટલુંય ધન બચે. સરકારની સહાયતાનો લાભ નબળી આર્થિક સ્થિતિવાળા લોકો લે તે સમજી શકાય તેવું છે, પરંતુ તમારા જેવા સમૃદ્ધ પણ લે તે ઠીક નથી લાગતું.

મને તો એમાં કશું જ ખોટું નથી લાગતું. એ તો જે સેવા કરે તે મેવા પામે.

તે ભાઈ બોલ્યા. આશ્ચર્યની વાત તો એ હતી કે એ લોકસેવક ભાઈ રામાયણના અભ્યાસી હતા. રામાયણના અને રામજીવનના એ ખરેખરા અનુરાગી હોત તો એમના એવા વિચારો રહી શકત ખરા ? એ સંદર્ભમાં રામનું જીવન કેટલું બધું અનોખું અથવા અસાધારણ લાગે છે ? રામાયણ એનો પરિચય કરાવે છે.

**રામાયણની રચના**

રામાયણની રચના કેવા સંજોગોમાં કરવામાં આવી છે એ પણ જાણવા જેવું છે. એ હકીકત ખૂબ જ રસપ્રદ છે. મહર્ષિ વાલ્મીકિને આદિ કવિ કહેવામાં આવે છે. કવિતાનો પાવન પ્રસન્ન પુલકિત આદિ છતાં પણ અનાદિ પુણ્યપ્રવાહ એમના અંતરના અંતરતમમાંથી પ્રકટીને એમની વૈખરી વાણી દ્વારા કેવી રીતે વહ્યો એ પરંપરાગત સુપરિચિત કથાને સંક્ષેપમાં યાદ કરી જઈએ.

પ્રત્યેક કવિતાનું, સાહિત્યના ગદ્યાત્મક કે પદ્યાત્મક પ્રકારનું કોઈ ને કોઈ પ્રાદુર્ભાવસ્થાન હોય છે. જીવનનો એકાદ અદભુત અનોખો પ્રસંગ, એકાદ મૌલિક ચિંતન, કોઈક સંવેદન કે સ્પંદન કશુંક પણ એના મૂળમાં નિમિત્ત બનીને રહેતું હોય છે. એને એમાંથી જીવન જડે છે કે પ્રેરણા મળે છે. મહર્ષિ વાલ્મીકિની કવિતાના સંબંધમાં પણ એવું જ બન્યું. કહે છે કે એકવાર એ એમના એકાંત આશ્રમની પાસેની તમસા નદીના પવિત્ર પ્રશાંત તટપ્રદેશ પરથી પસાર થઈ રહેલા. એમનું મન સ્વાભાવિક રીતે જ પરમાત્મચિંતનમાં મગ્ન હતું. એ વખતે અચાનક એક કરુણાતિકરુણ ઘટના બની. સરિતાના સુંદર તપઃપૂત તટપ્રદેશ પર નિર્ભય અને નિશ્ચિંત બનીને ક્રીડા કરી રહેલા એક સારસપક્ષીના જોડાને જોઈને એમાંના એકને કોઈક નિષાદે બાણ માર્યું. બાણ વાગતાં જ કુદરતને ખોળે ખેલનારું સારસ પક્ષી ચિત્કાર કરતું નિષ્પ્રાણ બનીને ધરતી પર ઢળી પડ્યું. જે નિર્દોષનો નાશ કરે છે તે નિષાદ છે. એવા નિષાદો જગતમાં આજે પણ જોવા મળે છે. એ કોઈપણ પ્રકારના કારણ કે અપરાધ વિના બીજાને હેરાન કરે છે, બેચેન બનાવે છે, ને દુઃખ દે છે. બીજાના સુખને ને બીજાની શાંતિને એ નથી જોઈ શકતા. પરંતુ અન્યના દુઃખે દુઃખી થનારા દૈવીજનો પણ જગતમાં નથી મળતા એવું થોડું છે ? મહર્ષિ વાલ્મીકિ એવા વિરલ દૈવીપુરુષ હતા. એ દૃશ્યને દેખીને એમનું અંતર આક્રંદ કરી ઊઠ્યું. એમના કાળજામાં કરુણા પેદા થઈ. એ કરુણાના પડછંદામાંથી કવિતાની પંક્તિઓ પ્રકટી :

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
यत्क्रौंचमिथुनादेकम् अबधीः काममोहितम् ॥

નિષાદ ! કામથી મોહિત થયેલા સારસપક્ષીના જોડામાંના એકનો તેં નાશ કર્યો હોવાથી સુદીર્ઘ સમય સુધી તને શાંતિની તથા સ્થિરતાની પ્રાપ્તિ નહિ થઈ શકે.

અન્યનું હિત કરનારનું હિત થાય છે અને અહિત કરનારનું અહિત એ કુદરતી ક્રમ છે. એ કુદરતી ક્રમ કે કાનૂનમાંથી કોણ અને કેવી રીતે છટકી શકે ?

પરપીડાથી પીડા પામે તે સંત. મહર્ષિ વાલ્મીકિ સંતશિરોમણિ હોવાથી પીડા પામ્યા. એમની એ પીડાએ અથવા એમના અંતરમાં ઉત્પન્ન થયેલા સુ-સૂક્ષ્મ સંવેદને સંસારને સરસ સનાતન કવિતા આપી. એ કવિતા દ્વારા ભાવિમાં પ્રકટનારા રામાયણ મહાકાવ્યનું બીજારોપણ થયું. ક્રૌંચવધના પ્રસંગમાં અને રામાયણના મુખ્ય કથાપ્રસંગમાં ઓછું સામ્ય નથી લાગતું. કુદરતને ખોળે ખેલનારી સારસપક્ષીની જોડલીની જેમ જ રામ તથા સીતાની સ્નેહભરી સુંદર જોડલી હતી. એના જીવનમાં દુઃખ પેદા થયું. પંચવટીમાં પવિત્ર ગોદાવરીના પ્રશાંત તટપ્રદેશ પર વિહરનારી એ અલૌકિક જોડી સૃષ્ટિની શોભારૂપ હતી. એમાંથી એકની પર, સીતા પર, રાવણે બાણ માર્યું. એકના બાણની વિઘાતક અસર બીજાની ઉપર પણ થાય જ. સારસપક્ષીના સંબંધમાં કહેવાય છે કે એક પક્ષી-નર કે માદા મરે છે ત્યારે બીજું પણ જીવંત નથી રહી શકતું. એક

સારસપક્ષી બાણથી ઘવાઈને ધરાશાયી બન્યું એટલે એની પાછળ બીજાએ પણ પ્રાણત્યાગ કર્યો. રાવણે સીતાનું હરણ કર્યું એટલે એની અસર રામની ઉપર પણ થયા વિના ના રહી શકે. એમનું અંતર પણ વિરહની વેદનાથી સ્વાભાવિક રીતે જ વ્યથિત બન્યું. કવિનું કરુણાપ્રધાન કાળજું એ જોઈને કવિતા ના કરે એવું કેમ બને ?

રામ અને સીતાના જીવનમાં કાળરૂપી નિષાદનાં કઠોર બાણ વાગવાના નોંધપાત્ર પ્રસંગો ચાર હતા. પ્રથમ પ્રસંગ માતા કૈકેયીના વરદાનને લીધે એમને અયોધ્યાને છોડીને વનમાં જવું પડ્યું તે. બીજો પ્રસંગ રાવણ દ્વારા થયેલા સીતાના હરણનો. ત્રીજો પ્રસંગ અયોધ્યામાં પાછા ફર્યા પછી લોકાપવાદને લક્ષમાં લઈને કરવામાં આવેલા સીતાત્યાગનો. અને ચોથો પ્રસંગ રામની સંનિધિમાં અયોધ્યાની રાજ્યસભામાં સીતાએ કરેલા પૃથ્વીપ્રવેશનો.

એ ચારે પ્રસંગો અતિશય કરુણ અને કોઈપણ મહાકવિના મનમાં મંથન જગાવે તેવા હતા. કુદરતને ખોળે ખેલનારાં પેલાં કામમોહિત ક્રૌંચપક્ષીનું તો મૃત્યુ થયું પરંતુ રામ અને સીતા એવી રીતે તત્કાળ અને અકાળ મૃત્યુ ના પામ્યાં. એમની અવસ્થા અધિક આર્ત થઈ. એને અવલોકીને કવિનો અંતરાત્મા વધારે આક્રંદ કરી ઊઠ્યો. રામાયણમાં એના પ્રતિઘોષ પડેલા છે. રામ અને સીતાને કાળે કે નિયતિરૂપી નિષાદે જ્યારે જ્યારે બાણ માર્યું છે ત્યારે ત્યારે એ પડછંદા વધારે ને વધારે પ્રબળપણે પડેલા જોઈ શકાય છે.

*

રામાયણની રચના કેવળ કવિએ નથી કરી પરંતુ ભક્તે, સંતે અથવા વધારે સારા શબ્દોમાં કહીએ તો ભક્તકવિએ કરી છે એમ ખાસ યાદ રાખવાનું છે. કવિતાનું સર્જન કવિઓ કરે છે ત્યારે એ કવિતા જુદી હોય છે. સંતો કે ભક્તો કરે છે ત્યારે પણ જુદી હોય છે, અને ભક્તકવિઓ કરે છે ત્યારે વિલક્ષણ હોય છે. એનો આત્મા અને એનું અંગ અલૌકિકતા ધારે છે. રામાયણની અલૌકિકતાનું મુખ્ય કારણ એ જ છે. મહર્ષિ વાલ્મીકિ કવિતા કરવા નથી બેઠા. એમને કવિતા કરવી પડી છે. કવિતા લખવા બાધ્ય બનવું પડ્યું છે. કવિતા કર્યા સિવાય એ રહી શક્યા નથી. એ કવિતા એમના પરમારાધ્ય રામની છે. એમને લીધે તો એ રત્નાકરમાંથી વાલ્મીકિ બની શકેલા. જેમના પ્રત્યે એમને પ્રેમ હતો, અનુરાગ હતો, પરમ પૂજ્યભાવ હતો. એમને જ કવિતામાં આલેખવાનું કાર્ય કરવાનું હતું. એને લીધે જ રામાયણની કવિતા સ્વાભાવિક તથા રસમય બની શકી. શક્તિ એક વસ્તુ છે અને ભક્તિ બીજી જ વસ્તુ છે. શક્તિ હોય છે એની અંદર કેટલીક વાર ભક્તિ નથી હોતી અને જેનામાં ભક્તિ હોય છે એનામાં કેટલીકવાર શક્તિ નથી હોતી. બંનેનો સુભગ સમન્વય કોઈક વિરલ વ્યક્તિવિશેષમાં જ જોવા મળે છે. મહર્ષિ વાલ્મીકિ એવા વિરલ વ્યક્તિવિશેષ હતા.

જે વાત મહર્ષિ વાલ્મીકિને લાગુ પડે છે તે સંત તુલસીદાસને પણ લાગુ પડે છે. એમના રામાયણની રચના પાછળ પ્રેરક બળ તરીકે રામનો પરમ પવિત્ર પ્રખર પ્રેમપારાવાર જ કામ કરી રહ્યો છે. એટલે તો એમણે રચેલા રામચરિતમાનસમાં ડગલે ને પગલે શ્રી રામ પ્રત્યેના પ્રેમનું દર્શન થાય છે. સંત તુલસીદાસને વાલ્મીકિ રામાયણ પર પહેલેથી જ પ્રીતિ હોવાથી એ વાલ્મીકિ રામાયણની કથા ઠેરઠેર કરતા. એમ કરવાથી એમના રામ પ્રત્યેના પ્રેમને પુષ્ટિ મળી. એ રામભક્ત બન્યા અને રામકૃપાના ચાતક થયા. રામાયણની રચનાનો વિશિષ્ટ પ્રસંગ એમના જીવનમાં કેવી રીતે બન્યો તે જાણવા જેવું છે.

સુપ્રસિદ્ધ તીર્થસ્થાન ચિત્રકૂટમાં શ્રીરામના અનુગ્રહનો આનંદાનુભવ કરીને સંવત ૧૬૨૮માં એમણે હનુમાનજીના આદેશાનુસાર અયોધ્યા તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં માઘમેળાના દિવસો દરમ્યાન પ્રયાગરાજમાં મુકામ કર્યો. ત્યાં એક ધન્ય દિવસે એમને મહાત્મા ભરદ્વાજ અને યાજ્ઞવલ્ક્ય મુનિના દર્શનનો લાભ મળ્યો. ત્યાંથી કાશી પહોંચીને એમણે પ્રહ્લાદઘાટ પર એક બ્રાહ્મણને ત્યાં નિવાસ કર્યો. ત્યાં એમની અંદર કવિત્વ શક્તિનું સ્ફુરણ થવાથી એમણે સંસ્કૃત ભાષામાં કવિતા કરવા માંડી. પરંતુ એમના આશ્ચર્ય વચ્ચે દિવસ દરમ્યાન રચેલા પદો રાતે લુપ્ત થવા લાગ્યાં. એ ઘટનાથી વિસ્મય પામેલા તુલસીદાસજીને આઠમે દિવસે રાતે સ્વપ્નમાં ભગવાન શંકરે એમની પોતાની ભાષામાં કવિતા કરવાનો આદેશ આપ્યો. એમણે અયોધ્યામાં જઈને કાવ્યરચના કરવા કહ્યું. એ પછી અયોધ્યા પહોંચીને એમણે સંવત ૧૬૩૧માં રામનવમીના મંગલમય પર્વદિવસે રામાયણની રચનાનો આરંભ કર્યો. બે વરસ, સાત મહિના અને છવ્વીસ દિવસે એ મહાગ્રંથની પરિસમાપ્તિ થઈ. એ વખતે એમની ઉંમર લગભગ ૭૯ વરસની હતી.

મહર્ષિ વાલ્મીકિએ જ જાણે સંત તુલસીદાસનું શરીર ધારીને રામકથાને લોકપ્રિય બનાવવા માટે અવનવો અવતાર આપ્યો. રામાયણમાં એમણે રામપ્રેમની મંદાકિની વહાવી. એણે અનેકના આત્માને આલોકિત અને કેટલાયના પ્રાણને પાવન કર્યા. એમનો ઉદ્દેશ લોકપ્રિય થવાનો કે યશસ્વી બનવાનો નહોતો. આદર્શ લેખક કે કવિ યશસ્વી થવા કે લોકપ્રિય બનવા માટે કશું નથી લખતો. એ તો આત્માના સંતોષ માટે જ લખે છે. રામાયણના આરંભમાં જ તુલસીદાસજીએ એની રચના પોતાના આત્મિક સુખ માટે છે અને શ્રુતિ, સ્મૃતિ તથા પુરાણોની પરંપરાને અનુસરીને કરવામાં આવી છે એવું સ્પષ્ટ શબ્દોમાં કહી બતાવ્યું છે.

**नानापुराण निगमागम सम्मतं यद् रामायणे निगदितं क्वचिदन्यतोऽपि ।**
**स्वान्तः सुखाय तुलसी रघुनाथगाथा भाषा निबन्धमतिमञ्जुलमातनोति ॥**

એ શ્લોકમાં મહર્ષિ વાલ્મીકિના રામાયણ પ્રત્યે પણ અંગુલિનિર્દેશ કરતાં જણાવ્યું છે કે પોતાની કથારચના એને અનુસરીને જ કરવામાં આવી છે.

સાહિત્ય ભલેને આત્માનંદ, સ્વાત્મસંતોષ કે સ્વાત્મસુખને માટે સરજાતું હોય તોપણ બીજાને પ્રકાશ પહોંચાડે છે. એનું સર્જન કરનાર અને એનો લાભ લેનાર બંને એની અસરથી અલિપ્ત રહી શકતા નથી. તુલસીદાસજી રામાયણની પરિસમાપ્તિ સમયે કહે છે આની રચના મેં મારા અંતરાત્માના અવિદ્યારૂપી અંધકારને દૂર કરવા માટે કરી છે.

मत्वा तद् रघुनाथ नामनिरतं स्वान्तस्तमः शान्तये ।
भाषाबद्धमिदं चकार तुलसीदासस्तथा मानसम् ॥

કવિતા કેવળ આનંદ માટે હોય તેટલું પૂરતું નથી. એ જીવનનું જ્યોતિર્મય પ્રેરક પરિબળ બનવી જોઈએ. વ્યક્તિગત તથા સમષ્ટિગત જીવનને ઉપર ઉઠાવનારી, ઊર્ધ્વગામી બનાવનારી થવી જોઈએ. એમાં જ એની સંપૂર્ણતા, સફળતા ને સાર્થકતા છે. રામાયણની રચના એ દૃષ્ટિએ જોતાં સફળ અને સાર્થક છે. એણે તુલસીદાસ જેવા મહાન ભક્તકવિના અંતરાત્માને શાંત, અવિદ્યામુક્ત અને આલોકિત કરવાની સાથે એનો આધાર લેનારા અથવા આસ્વાદ મેળવનારા અનેકને શાંતિ આપી છે, મોહમુક્તિ બક્ષી છે, અને આદર્શ જીવનની પ્રેરણા ધરી છે. એણે અનેકના અવિદ્યારૂપી અતિગાઢ અંધકારનાં આવરણોનો અંત આણ્યો છે.

અનેકને રામાનુરાગી રામભક્ત કરીને રામકૃપારસના ચાતક બનાવ્યા છે. સેવાકર્મ ગમે તેટલું નિઃસ્વાર્થ હોય તોપણ બીજાને ઉપયોગી થઈને બીજાનું કલ્યાણ કરે જ છે. એ કદિ પણ નકામું નથી જતું.

*

વાલ્મીકિ રામાયણની રચના ક્યારે અથવા કયા સંજોગોમાં થઈ તે વિશે જુદાજુદા વિચારો પ્રવર્તે છે. એક વિચાર એવો પણ છે કે મહર્ષિ વાલ્મીકિએ શ્રીરામના પ્રાદુર્ભાવ પહેલાં જ રામાયણની રસમય રચના પૂરી કરેલી. એમાં ના માનવા જેવું કશું જ નથી. પરમાત્માના પરમ કૃપાપાત્ર પ્રાતઃસ્મરણીય મહાપુરુષોની શક્તિ અસીમ હોય છે. એ શક્તિની મદદથી એ ભૂત, ભાવિ કે વર્તમાનને વિલોકે અને વર્ણવે અથવા અક્ષરદેહમાં આલેખે એ અશક્ય તો નથી જ. મહાપુરુષોની એવી અસાધારણ અમોઘ શક્તિનો ઉલ્લેખ શાસ્ત્રોમાં આવે છે. મહર્ષિ વાલ્મીકિની શક્તિ ઓછી ન હતી. તુલસીદાસજીએ પોતાના રામચરિતમાનસમાં કહ્યું છે કે ‘મુનિઓના મનને મોહિત કરનારા સુંદર પાવન રામચરિતમાનસને શંકરે રચ્યું છે. એ ત્રણે પ્રકારનાં દુઃખદર્દને દૂર કરનારું અને કલિયુગના દોષોનો અંત આણનારું છે. ભગવાન શંકરે એને રચીને પોતાના મનમાં રાખ્યું અને સુયોગ્ય સમય જોઈને પાર્વતીને કહી સંભળાવ્યું. એટલા માટે હૈયામાં હર્ષ ભરીને તથા ભગવાન શંકરને ધારણ કરીને એનું રામચરિતમાનસ એવું ઉત્તમ નામ રાખ્યું છે. એ જ રામકથાને સાદર સંભળાવું છું તો એ સુખદાયક સુંદર કથાને હે સજ્જનો, ધ્યાનપૂર્વક સાંભળો.’

रामचरितमानस मुनि भावन । बिरचेउ संभु सुहावन पावन ॥
त्रिबिध दोष दुःख दारिद दावन । कलि कुचालि कुलि कलुष नसावन ॥
रचि महेस निज मानस राखा । पाइ सुसमउ सिवा सन भाषा ॥
तातें रामचरितमानस बर । धरेउ नाम हियँ हेरि हरषि हर ॥
कहउँ कथा सोइ सुखद सुहाई । सादर सुनहु सुजन मन लाई ॥

એવી રીતે મહર્ષિ વાલ્મીકિએ પોતાના રામાયણ મહાકાવ્યને રામજન્મ પહેલાં રચેલું એવું કેટલાક વિચારકો માને છે. એ માન્યતા પરંપરાથી પ્રચલિત હોવા છતાં એ સંબંધી વાલ્મીકિ રામાયણમાં કોઈ સ્થળે કોઈ નાનો મોટો ઉલ્લેખ અથવા સંકેત મળે છે કે નથી મળતો તે જાણવાનું અને એ પછી જ કોઈક ચોક્કસ અભિપ્રાય પર પહોંચવાનું ઉચિત મનાશે. વાલ્મીકિ રામાયણમાં એની રચનાના સુનિશ્ચિત સમય પર પ્રકાશ પાડનારી સ્વલ્પ સામગ્રી મળી આવે છે. એ સામગ્રી ખૂબ જ ઉપયોગી છે.

વાલ્મીકિ રામાયણના બાલકાંડના બીજા સર્ગમાં આવે છે કે તમસા નદીના પવિત્ર તટ પ્રદેશ પર નિષાદ દ્વારા કરાયેલા ક્રૌંચવધ પછી નિષાદને શાપ આપીને મહર્ષિ વાલ્મીકિ પોતાના આશ્રમમાં પહોંચ્યા ત્યારે એમને મળવા માટે બ્રહ્માજી આવી પહોંચ્યા. કેટલો સરસ સુયોગ ! બ્રહ્માએ એમના મનોભાવોને જાણી લઈને જણાવ્યું કે તમારા મુખમાંથી નીકળેલું છંદોબદ્ધ વાક્ય શ્લોકરૂપ બની રહેશે. મારી પ્રેરણાને લીધે જ એવી વાણી નીકળી શકી છે. તમે શ્રીરામના સમસ્ત ચરિત્રનું વર્ણન કરો. પરમ બુદ્ધિમાન રામ સૌથી મોટા ધર્માત્મા તથા ધીર પુરુષ છે. એમના ચરિત્રનું ચિત્રણ તમે દેવર્ષિ નારદની પાસેથી જે કાંઈ સાંભળ્યું છે એ પ્રમાણે કરવાનો આરંભ કરો. શ્રીરામનું પ્રકટ અથવા અપ્રકટ સઘળું જીવન કથાનક તથા લક્ષ્મણ, સીતા અને રાક્ષસોનું સમસ્ત ચરિત્ર અજ્ઞાત હોવા છતાં તમને જ્ઞાત થશે. એ કાવ્યમાં કહેવાયલી તમારી કોઈ પણ વાત

જૂઠી નહિ હોય. તમે શ્રીરામની એ પરમપવિત્ર મનોરમ કથાને શ્લોકબદ્ધ કરીને કવિતામાં અંકિત કરો. પૃથ્વી પર જ્યાં સુધી પર્વતોની ને સરિતાની સૃષ્ટિ રહેશે ત્યાં સુધી રામાયણની રસમય કથાનો પ્રચાર થતો રહેશે. તમારી રચેલી રામકથાનો પ્રચાર સંસારમાં જ્યાં સુધી થયા કરશે ત્યાં સુધી તમે ઈચ્છાનુસાર ઉપર, નીચે અને મારા લોકોમાં નિવાસ કરશો. એટલું કહીને બ્રહ્માજી અંતર્ધાન થઈ ગયા.

વિશુદ્ધ મન-અંતરવાળા વાલ્મીકિ મુનિને થયું કે એકસરખા છંદવાળા શ્લોકોમાં સંપૂર્ણ રામાયણકાવ્યની રચના કરું.

દેવર્ષિ નારદજીના શ્રીમુખથી એમણે સમસ્ત રામચરિત્રનું શ્રવણ કરેલું. એને અનુસરીને યોગસાધના દ્વારા એ ચરિત્રને હસ્તામલકવત્ સાક્ષાત્ કરીને એમણે રામાયણકાવ્યની રચના કરી. એમાં ૨૪ હજાર શ્લોક, પાંચસો સર્ગ તથા ઉત્તરકાંડ સહિત સાત કાંડોનો સમાવેશ કર્યો. રામાયણના બાલકાંડના ચોથા સર્ગના પહેલા શ્લોકમાં સ્પષ્ટીકરણ કર્યા પ્રમાણે, રામચંદ્રજીએ વનમાંથી પાછા ફરીને રાજ્યના શાસનને પોતાના હાથમાં લઈ લીધું તે પછી મહામુનિ વાલ્મીકિએ એમના સંપૂર્ણ ચરિત્રના આધાર પર વિચિત્ર પદ અને અર્થવાળા રામાયણકાવ્યને તૈયાર કર્યું. એના પરથી નિર્વિવાદ રીતે પુરવાર થાય છે કે રામાયણની રચના રામે રાવણના નાશ પછી કરેલા અયોધ્યા પ્રવેશ પછીના કાળમાં થયેલી છે. મહર્ષિ વાલ્મીકિ પોતે જ પોતાના રામાયણ ગ્રંથના આરંભમાં એ વાતનો ઉલ્લેખ કરે છે એટલે એના કરતાં અધિક શાસ્ત્રીય પ્રમાણભૂત માહિતી બીજી કયી હોઈ શકે ? એ માહિતીને લક્ષમાં લઈને રામાયણ વિશેની બીજી બધી જ ભ્રામક, અર્થહીન, નિરાધાર, કપોલકલ્પિત માન્યતાઓ અથવા દંતકથાઓનો અંત આવવો જોઈએ.

કાળરૂપી નિષાદે સીતાને જે ફરી પાછું વિરહનું વ્યથાભરેલું મર્મભેદી બાણ માર્યું તે પછી સીતાને મહર્ષિ વાલ્મીકિના આહ્લાદક આશ્રમમાં રહેવાનો સુ-અવસર સાંપડ્યો. એ દરમ્યાન સંભવ છે કે મહર્ષિના અંતરાત્માની વેદનાવીણા પાછી વાગી ઉઠી હોય. સીતાની પાસેથી એના અને રામના જીવનપ્રસંગોને સાંભળવાનો સમય પણ એમને સાંપડ્યો હોય એ બનવા જોગ છે. એ સંજોગોમાં રામાયણની રચના સવિશેષ શક્તિશાળી બને એ સહેલાઈથી સમજી શકાય તેમ છે.

અયોધ્યાકાંડના ૫૬ મા સર્ગમાં આવે છે કે વનવાસ દરમ્યાન શ્રીરામ લક્ષ્મણ તથા સીતા સાથે ચિત્રકૂટ ગયા ત્યારે મહર્ષિ વાલ્મીકિના આશ્રમમાં પણ પ્રવેશ્યા. રામે એ વખતે મહર્ષિને પોતાની ઓળખાણ આપી. તુલસીદાસજીએ પણ પોતાના રામાયણમાં મહર્ષિ વાલ્મીકિના મેળાપનું વર્ણ કરી બતાવ્યું છે. એવી રીતે મહર્ષિ એમના જીવનવૃતાંતથી પૂર્વપરિચિત તો હતા જ. રામ પ્રત્યે પ્રેમ તથા પૂજ્યભાવ પણ ધરાવતા. વરસો પછી, પોતાની જીવનની ઉત્તરાવસ્થામાં એમણે એ જ રામની જીવનકથાને અક્ષરદેહમાં આલેખી અને એવી રીતે માનવજાતિનું પરમ કલ્યાણ કર્યું. રામકથા તો અમર બની જ પરંતુ સાથે સાથે એ પણ અમર બન્યા.

### રામચરિતમાનસની રચના

તુલસીકૃત રામાયણના સંબંધમાં એક સરસ હૃદયંગમ દંતકથા છે. કહે છે કે રામાયણની રચના કર્યા પછી તુલસીદાસજી કાશીમાં આવ્યા. રાતે એમણે રામાયણના પુસ્તકને વિશ્વનાથના મંદિરમાં રાખ્યું. સવારે

મંદિર ખોલવામાં આવ્યું. તો પુસ્તક પર સત્યં શિવં સુંદરમ્ લખેલું અને એની નીચે ભગવાન શંકરની સહી હતી. એ વખતે જે લોકો હાજર હતા તેમણે સત્યં શિવં સુંદરમ્ નો અવાજ સાંભળ્યો. એ જાણીને કાશીના સંસ્કૃતપ્રિય પંડિતો રોષે ભરાયા. ને ઈર્ષાથી પ્રેરાઈને તુલસીદાસની નિંદા કરવા લાગ્યા. એમણે એ પુસ્તકને ચોરી જવાની તરકીબ કરી પરંતુ એમાં સફળતા ના મળી ત્યારે એ વખતના પ્રકાંડ પંડિત શ્રી મધુસૂદન સરસ્વતીને એનું અવલોકન કરવા અને સમુચિત અભિપ્રાય આપવા પ્રાર્થના કરી. એ પુસ્તકના પરિશીલનથી અત્યંત આનંદાનુભવ કરીને એમણે અનોખો અભિપ્રાય આપતાં જણાવ્યું કે કાશીરૂપી આ આનંદવનમાં તુલસીદાસ તુલસીના જંગમ છોડ જેવા છે. એની કવિતારૂપી મંજરી રામરૂપી ભ્રમરથી ભૂષિત બનીને શોભી રહી છે.

आनंदकानने ह्यस्मिन् अंगम् तुलसीतरुः ।
कवितामंजरी भाति रामभ्रमरभूषिता ॥

પરંતુ ઈર્ષાળુ જનને બીજાની પ્રશસ્તિથી પ્રસન્નતા ના થાય. પંડિતોને પણ પ્રસન્નતા ના થઈ. એટલે એમણે એક બીજો ઉપાય શોધી કાઢ્યો. ભગવાન વિશ્વનાથના મંદિરમાં સૌથી નીચે રામચરિતમાનસ રાખીને એની ઉપર પુરાણ, બીજાં શાસ્ત્રો તથા વેદગ્રંથોને મૂક્યા. સવારે મંદિરને ઉઘાડીને જોવામાં આવ્યું તો સૌના વિસ્મય વચ્ચે સૌ ગ્રંથોની નીચે મૂકેલો રામાયણ ગ્રંથ સૌની ઉપર રાખવામાં આવેલો. એ પ્રસંગે પંડિતોનું હૃદયપરિવર્તન કર્યું. એમણે તુલસીદાસજીની ક્ષમા માંગી. તુલસીદાસજી પ્રત્યેનો એમનો દ્વેષભાવ પવિત્ર પ્રેમભાવમાં પલટાઈ ગયો.

એ દંતકથા સાચી હોય કે ના હોય તો પણ એક વાત તો છેક જ શંકારહિત છે કે તુલસીદાસજીએ રામાયણની લોકભાષામાં રચના કરીને મહાન કલ્પનાતીત કલ્યાણકાર્ય કર્યું છે. એ જમાનામાં સુપ્રસિદ્ધ વાલ્મીકિ રામાયણ તો હતું જ. પરંતુ સંસ્કૃત ભાષાનું પ્રચલન પૂરતા પ્રમાણમાં ન હતું. રામકથાનો શાશ્વત શ્રેયસ્કર સંદેશ ઘેરઘેર, જનતાના હૃદય સુધી પહોંચાડવો હોય તો એને જનસાધારણની ભાષામાં રજૂ કરવાની અનિવાર્ય આવશ્યકતા હતી. એ આવશ્યકતાની પૂર્તિ માટે તુલસીદાસજી સરખા સંનિષ્ઠ રામપ્રેમી ભક્તકવિ અન્ય કોણ હોઈ શકે ? શ્રીરામે એમના પર પોતાની પસંદગી ઉતારી. ત્યારથી આરંભીને આજ સુધી એમની રામકથાએ કરોડોનું કલ્યાણ કર્યું છે. એ કથા કરોડોના કાળજાની કામિની બની છે, એવું કહીએ તો એમાં અલ્પ પણ અતિશયોક્તિ નથી થતી. સંસ્કૃતની સ્વર્ગલોકમાં સમાયેલી રામાયણની રસગંગાને તુલસીદાસે લોકભોગ્ય ભાષામાં વહેતી કરીને સર્વસુલભ કરી દીધી. ભારતીય સંસ્કૃતિ એને માટે એમની ચિરકાળ સુધી, યાવચ્ચંદ્રદિવાકરૌ, જ્યાં સુધી રામકથાની રુચિ અને રામ તથા સીતાનાં નામ રહેશે ત્યાં સુધી, ઋણી રહેશે. એ કલ્યાણકાર્યને કાજે એમનાં જેટલાં પણ ગુણગાન ગાઈએ એટલાં ઓછા છે.

તુલસીદાસજીએ રામાયણની રચના કરીને કળિયુગના દોષોથી દૂર રહેવાની, ઈશ્વરમય બનવાની, અને ધર્મ તેમજ નીતિની મર્યાદામાં રહીને આદર્શ જ્યોતિર્મય જીવન જીવવાની પ્રેરણા અથવા પગદંડી પૂરી પાડી છે. એ કિંમતી કલ્યાણકાર્યને બિરદાવતાં બેની કવિએ બરાબર જ કહ્યું છે કે

वेदमत सोधि, सोधि-सोधि कै पुरान सबै संत औ असंतन को भेद को बतावतो ।
कपटी कुराही कूर कलि के कुचाली जीव कौन रामनामहू की चरचा चलावतो ॥

'बेनी' कवि कहै मानो-मानो हो प्रतीति यह पाहन-हिये में कौन प्रेम उपजावतो ।
भारी भवसागर उतारतो कवन पार जो पै यह रामायण तुलसी न गावतो ॥

એનો ભાવાર્થ સ્પષ્ટ છે છતાં પણ એના અનુસંધાનમાં આપણે એક અગત્યની વાત તરફ અંગુલિનિર્દેશ કરતાં કહીશું કે રામાયણ કેવળ સંસારસાગરને પાર કરવા માટે મદદરૂપ બને છે એવું નથી સમજવાનું. જે આ સંસારમાં સારી રીતે જીવવા અને સુખશાંતિ મેળવવા તથા આત્મિક ઉન્નતિના શિખરોને સર કરીને પરમાત્માના પ્યારા કે પરમકૃપાપાત્ર થવા માંગતા હોય તેમને માટે પણ આશીર્વાદરૂપ અને ઉપયોગી ઠરે છે. જીવનને નીતિ અને સદાચારથી ભરવાની, માનવતાનાં મૂલ્યોથી મંડિત કરવાની, અને સૌની અંદર તેમજ બહાર રહેલા રામની પ્રેમભક્તિથી રંગાઈને એમના ચરણોમાં સમર્પિત થવાની પ્રેરણા પાય છે. ઘર, કુટુંબ, રાષ્ટ્ર તથા વિશ્વજીવનને સુમધુર અને સંવાદી કરવાની દીક્ષા આપે છે. જીવતાં જ દુર્ગતિ પામતાં ને પામેલા કુકર્મી માનવોને સત્કર્મપરાયણ બનાવીને સદગતિ પ્રદાન કરે છે. એ જ એની વિશેષતા છે. એનો આધાર લઈને, એની કથાઓ કરીને કે સાંભળીને રોજિંદા જીવનને કામમાંથી મુક્ત કરીને રામમય ના બનાવી શકાયું તો શું કામનું ? રામાયણ રામમય થવા કે રામના બનવા માટે છે.

*

મહર્ષિ વાલ્મીકિ અને સંત તુલસીદાસ બંને રામભક્ત છે. પરંતુ બંનેની દૃષ્ટિ જરાક અનોખી છે. તુલસીદાસ રામને માનવ નથી માનતા, પરબ્રહ્મ પરમાત્મા માને છે. પરમાત્મા પોતે જ રામરૂપ લઈને જગતના પરિત્રાણ માટે પાર્થિવ પૃથ્વી પર પધાર્યા છે એવું એમનું મંતવ્ય છે. એમના રામચરિતમાનસમાં એ મંતવ્ય ઠેરઠેર જોવા મળે છે. મહર્ષિ વાલ્મીકિ રામને પરમાત્માતુલ્ય માને છે ખરા, એવી રીતે માનીને એમની પ્રશસ્તિ પણ કરે છે, પરંતુ એમને આદર્શ સદગુણોના સમુચ્ચયરૂપ મહામાનવ જાણે છે. એમની અંદર જે શ્રેષ્ઠ માનવોચિત ભાવો, વિચારો અથવા સંવેદનો છે એમનાથી સુપરિચિત છે. એમનું એ અતિશય આદરપૂર્વક, તટસ્થ રીતે આલેખન કરે છે. મહામાનવ રામ એમને અધિક આકર્ષે છે. રામાયણમાં એમણે એ આકર્ષણનો પરિચય કરાવ્યો છે. એમની રામાયણરચનાની પુનિત પ્રવૃત્તિની પાછળ પણ રામની માનવોચિત મહાનતાની પ્રેરણા અથવા પ્રતીતિ જ કાર્ય કરી રહી છે. એમનું સમર્થન રામાયણના આરંભનું અવલોકન અથવા અધ્યયન કરવાથી સહેલાઈથી થઈ રહે છે. એ આરંભ એકદમ અનોખો છે. એ અદભૂત આરંભાનુસાર મહર્ષિ વાલ્મીકિ તથા સંતશિરોમણિ દેવર્ષિ નારદનો સુખદ સમાગમ થયો ત્યારે વાલ્મીકિએ નારદજીને પૂછ્યું કે અત્યારે જગતમાં સદગુણોના સમુચ્ચયસમા, શક્તિશાળી, ધર્મજ્ઞ, સત્યવક્તા, કૃતજ્ઞ, દૃઢપ્રતિજ્ઞ, સદાચારી, સર્વભૂતહિતરત, વિદ્વાન, પ્રિયદર્શન, મનનો કાબુ કરનાર, ક્રોધરહિત, તેજસ્વી, કોઈની પણ નિંદા નહિ કરનાર, અને સંગ્રામમાં કુપિત બનીને દેવોને પણ ડરાવનાર પુરુષ કોણ છે ? જેમનું તન તથા મન સુંદર હોય, જેમની વાણી વિમળ હોય. અને જેમનું વર્તન આદર્શ હોય એવા સત્પુરુષ કોણ છે ? એમની જિજ્ઞાસા ભગવાની કે એમના અવતારની માહિતી મેળવવાની ન હતી. એમને તો એ સમયના પુણ્યશ્લોક, પ્રાતઃસ્મરણીય, સર્વોત્તમ સત્પુરુષ વિશે જ જાણવું હતું. દેવર્ષિ નારદે એમની જિજ્ઞાસાના જવાબમાં જણાવ્યું કે ઈક્ષ્વાકુના વંશમાં ઉત્પન્ન થયેલા રામની અંદર એવી બધી જ યોગ્યતા છે. એ આ સમયના સર્વોત્તમ સત્પુરુષ છે. એ વિષ્ણુ ભગવાન જેવા બળવાન છે. એમનું દર્શન ચંદ્ર જેવું ચારુ તથા ચિત્તાકર્ષક છે. ક્રોધમાં

કાલાગ્નિ સરખા ને ક્ષમામાં ક્ષિતિ જેવા છે. ત્યાગમાં કુબેર અને સત્યમાં બીજા ધર્મરાજા જેવા છે. ગંભીરતામાં સમુદ્રસમાન ને ધૈર્યમાં હિમાલય સરખા છે.

એ પછી દેવર્ષિ નારદે એમને રામનું સંક્ષિપ્ત ચરિત્ર કહી સંભળાવ્યું ને ઉપસંહારમાં જણાવ્યું કે નિષ્પાપ રામે નંદિગ્રામમાં જટાને કપાવીને સીતાને પ્રાપ્ત કર્યા પછી પોતાના રાજ્યને પુનઃ પ્રાપ્ત કર્યું છે. રામના રાજ્યમાં હવે લોકો પ્રસન્ન, સુખી, સંતુષ્ટ, પુષ્ટ, ધર્મપરાયણ તથા વ્યાધિરહિત રહેશે. એમને દુર્ભિક્ષનો ભય નહિ રહે. કોઈ ક્યાંય પોતાના પુત્રનું મૃત્યુ નહિ જુએ, સ્ત્રીઓને વૈધવ્ય નહિ આવે; એ પતિવ્રતા થશે. આગ લાગવાનો, પાણીમાં ડૂબવાનો, તાવનો, ક્ષુધાનો તથા ચોરીનો ભય નહિ રહે. સર્વે ધન તેમજ ધાન્યથી સંપન્ન બનશે. બધા લોકો સત્યયુગની પેઠે પ્રસન્ન રહેશે.

દેવર્ષિ નારદના એ પ્રત્યુત્તર પરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે ભારતીય સંસ્કૃતિના એ બંને સ્વનામધન્ય મહાપુરુષો કે જ્યોતિર્ધરોની એ મુલાકાત રામના અયોધ્યાના પુનરાગમન પછી થઈ છે. એ મેળાપ દરમ્યાન રામજીવનની કેટલીક ભાવિ ઘટનાઓનો ઉલ્લેખ કરતા નારદજીએ જણાવ્યું છે કે પરમયશસ્વી રામ અસંખ્ય સુવર્ણની દક્ષિણાવાળા સો અશ્વમેઘ યજ્ઞો કરીને વિદ્વાનોને દસ હજાર કરોડ ગાયો તથા પુષ્કળ ધન આપશે, પછી સુદીર્ઘ સમયપર્યંત રાજ્ય કર્યા પછી પોતાના પરમધામમાં પ્રવેશશે.

પોતાના પરમધામમાં પ્રવેશશે એ શબ્દપ્રયોગ દ્વારા સિદ્ધ થાય છે કે નારદજી રામને પરમધામમાંથી આવેલા માને છે. પરંતુ વધારે મહત્વની નોંધપાત્ર હકીકત તો એ છે કે નારદજીએ એ ભવિષ્યદર્શનમાં સીતાના ફરીવારના વનગમનનો ક્યાંય અને જરાસરખો પણ ઉલ્લેખ નથી કર્યો. એનું કારણ કદાચ એ પણ હોઈ શકે કે વનગમનની એ ઘટના મહર્ષિ વાલ્મીકિના જીવન સાથે સંબંધિત હોવાથી એ એમને એની પૂર્વમાહિતી આપવા નહિ માગતા હોય. એને લીધે કેટલાક સંશોધનવૃત્તિવાળા વિદ્વાનો એવું માનવા પણ પ્રેરાશે કે સીતાના વનગમનનો પ્રસંગ મૂળ પ્રસંગ નહિ હોય; એને મહર્ષિ વાલ્મીકિએ પાછળથી ઉભો કર્યો હશે. પરંતુ એવી માન્યતા બરાબર નથી. મહર્ષિ વાલ્મીકિ રામ જેવા સર્વોત્તમ મહામાનવના જીવનનો આદર્શ પ્રમાણભૂત કાવ્યાત્મક ચિતાર આપવાનું પવિત્ર કલ્યાણકાર્ય કરી રહ્યા હોય ત્યારે એની અંદર કલ્પનાની મિથ્યા રંગોળી પૂરીને એને ખોટી રીતે આલેખવાનો વિચાર પણ કરે એવું માનવું બરાબર નથી. એવી રીતે માનવાથી એ મન, વચન, કર્મથી પવિત્ર પરમપ્રતાપી મહાપુરુષને અન્યાય કરવા જેવું થશે. એમ તો દેવર્ષિ નારદે રામના ઉત્તરજીવનની બીજી કેટલીક વાતોનો અને લવકુશનો પણ ઉલ્લેખ નથી કર્યો એટલા જ પરથી લવકુશનું અસ્તિત્વ પણ નહોતું અને એ વાલ્મીકિના માનસસંતાન હતા એવું માનીશું ? એટલે વાલ્મીકિ રામાયણને રામકથાના વિવરણરૂપે, સમગ્ર રીતે, જે છે તેવા જ સ્વરૂપમાં સ્વીકારવાનું યોગ્ય છે. સીતાના ફરીવારના વનગમનનો પ્રસંગ ગમે તેટલો આશ્ચર્યકારક અને અરુચિકર લાગતો હોય તો પણ વાલ્મીકિ રામાયણમાં આલેખાયેલો હોવાથી એક વાસ્તવિકતા તરીકે એનો સ્વીકાર કરવો જ રહ્યો. નહિ તો પછી સીતાના અંતીમ પૃથ્વીપ્રવેશને પણ કવિની કલ્પના જ માનવી પડશે. અને એવી રીતે રામકથામાં ભારે વિરોધ કે દોષ પેદા થશે. સીતાના ઉત્તરજીવનની એ કથા તુલસીદાસજીને કદાચ એટલી બધી આનંદદાયક કે કવિતામાં વર્ણવાયોગ્ય નથી લાગી, એટલે એમણે એમના રામાયણમાં એ અંશનું આલેખન નથી કર્યું, અને રામકથાને રામ રાવણને મારીને સીતા સાથે અયોધ્યામાં પાછા ફરીને સૌને મળે છે અને રાજ્યને પામે છે

ત્યાં લાવીને પૂરી કરી છે. તુલસીદાસજી કવિતા કરવા પ્રવૃત્ત થયા હોવાથી એવું કરી શક્યા પરંતુ મહર્ષિ વાલ્મીકિ કવિ અને ઇતિહાસકાર બંને હોવાથી એમણે રામકથાનું આલેખન એવી રીતે કર્યું.

સંતશિરોમણી તુલસીદાસજી પોતાના રામચરિતમાનસનો આરંભ એકદમ અનોખી રીતે કરે છે. એમનો આરંભ વધારે આકર્ષક, આહ્લાદક, કાવ્યાત્મક અને સુંદર લાગે છે. બાલકાંડની શરૂઆતમાં જ સીતા તથા રામને મનોમન વંદન કરતાં એ જે ઉદગારો કાઢે છે તે જ સૂચવે છે કે એમને મન એ બંને કોઈક સર્વસામાન્ય કે અસામાન્ય માનવપાત્રો નથી. સીતા રામની ધર્મપત્ની બનીને પાર્થિવ પૃથ્વી પર પ્રકટી છે ખરી પરંતુ સર્વકલ્યાણકારિણી ભવદુઃખહારિણી પરમશક્તિ છે. એ મહાશક્તિએ જ એનું સ્વરૂપ પોતાના પૂર્વયોજિત અભિનયને અદા કરવા માટે ધારણ કર્યું છે. રામ પણ કોઈ સાધારણ માનવ નથી, એ સાક્ષાત્ પરમાત્મા છે, હરિ છે. પૃથ્વીના પરિત્રાણ માટે સ્વેચ્છાપૂર્વક શરીર ધારીને પધાર્યા છે. પોતાની એ શ્રદ્ધાભક્તિયુક્ત સ્વાનુભૂતિપૂર્ણ માન્યતાને વાચા આપતાં એ લખે છે કે "સંસારના સર્જન, પાલન તથા વિસર્જન કરનારી, ક્લેશમાંથી મુક્તિ આપનારી, સર્વ પ્રકારે શ્રેય સાધનારી, રામની પ્રિયતમા સીતાને નમસ્કાર કરું છું. જેમની માયાથી બ્રહ્માદિ દેવો, અસુરો અને અખિલ વિશ્વ પ્રભાવિત છે; રજ્જુમાં સર્પનો ભ્રમ થાય તેવી રીતે આ સંપૂર્ણ જગત જેમની અંદર મિથ્યા ભાસે છે; સંસારસાગરને તરવાની ઈચ્છાવાળા માનવોને માટે જેમનાં ચરણ એકમાત્ર સલામત નૌકારૂપ છે; તે સર્વ પ્રકારના કારણથી રહિત સર્વશ્રેષ્ઠ રામનામના ઈશ્વર અથવા હરિને વંદુ છું."

उद्भवस्थितिसंहारकारिणीं क्लेशहारिणीम् ।
सर्वश्रेयस्करीं सीतां नतोऽहं रामवल्लभाम् ॥५॥
यन्मायावशवर्ति विश्वमखिलं ब्रह्मादिदेवासुरा
यत्सत्वादमृषैव भाति सकलं रज्जौ यथाहेर्भ्रमः ।
यत्पादप्लवमेकमेव हि भवाम्भोधेस्तितीर्षावतां
वन्देऽहं तमशेषकारणपरं रामाख्यमीशं हरिम् ॥६॥

રામના મૂળ સ્વરૂપ જેવા ભગવાન વિષ્ણુની પ્રેમપૂર્ણ પ્રશસ્તિ કરતાં એ પછી એ પોતાની સર્વસુલભ લોકભોગ્ય ભાષામાં જણાવે છે કે જેમની કૃપાથી મૂંગાને બોલવાની શક્તિ સાંપડે છે અને પાંગળો પ્રખર પર્વતપંક્તિને ઓળંગી શકે છે તે કલિકાળનાં સકળ દૂષણોને દૂર કરનારા દીનદયાળ પ્રભુ મારા પર કરુણા કરો. ક્ષીરસાગરમાં શયન કરનારા, નીલ કમળ જેવા શ્યામ શરીરવાળા, બાળ સૂર્યના જેવા કમળલોચનના ભગવાન સદાને માટે મારા હૃદયમાં વાસ કરો.

मूक होइ बाचाल पंगु चढइ गिरिबर गहन ।
जासु कृपाँ सो दयाल द्रवउ सकल कलि मल दहन ॥
नील सरोरुह स्याम तरुन अरुन बारिज नयन ।
करउ सो मम उर धाम सदा छीरसागर सयन ॥

મંગલાચરણમાં તુલસીદાસજી ગુરુ પ્રત્યેના પોતાના પ્રેમ અને પૂજ્યભાવને પ્રકટ કરતાં કહે છે કે ગુરુ કોઈ સામાન્ય માનવ નથી પરંતુ કૃપાના સિંધુ છે, માનવરૂપમાં હરિ છે. મહામોહમય અંધકારના સમૂહનો અંત આણવા માટે એમનાં વચન સૂર્યકિરણોના સમૂહનું કામ કરે છે.

बंदउ गुरु पद कंज कृपा सिंधु नररूप हरि ।
महामोह तम पुंज जासु बचन रबिकर निकर ॥

મંગલાચરણમાં ગણેશને, ભગવાન શંકર તથા પાર્વતીને, સરસ્વતીને અને હનુમાનને અત્યંત અનુરાગ અને આદરભાવપૂર્વક વંદન કરીને તુલસીદાસજી આગળ વધે છે. પ્રત્યેક કાર્ય પરમાત્માનું સ્મરણ કરીને કરવામાં આવે તો અનેરો આનંદ આપે છે, સુંદર બને છે અને ઉદાત્ત ઠરે છે. એ કાર્યનું મહત્વ વધી જાય છે. સારું કામ પરમાત્માના સ્મરણથી વધારે સારું થાય છે અને ખરાબ કામ હોય છે તો શરૂઆતમાં પરમાત્માનું સ્મરણ કરવાથી કરવાનું મન જ નથી થતું. બુદ્ધિ સુધરે છે, નિર્મળ બને છે, અને સત્યવતી થવા માંડે છે. એટલા માટે પ્રત્યેક કાર્યનો પ્રારંભ પ્રાર્થનાથી કરીએ એ સારું છે. એથી નમ્રતા આવે છે અને ઈશ્વરપરાયણતા વધે છે. મન સ્વચ્છ તથા શાંત બનીને પરમાત્માની પવિત્ર પ્રેરણાને ઝીલવાનું સામર્થ્ય મેળવે છે. પ્રાતઃસ્તવનની પદ્ધતિનો પ્રારંભ પણ આપણે ત્યાં એટલા માટે જ થયેલો છે. પ્રભાતે વહેલા ઊઠીને બીજું કોઈ પણ કાર્ય કરતાં પહેલાં પ્રાર્થના કરવાની ટેવ પાડવી જોઈએ. એ ટેવ અતિશય આશીર્વાદરૂપ અને લાભકારક છે.

તુલસીદાસજી સદગુરુને તથા સંતને વિસ્તારથી અંજલિ આપીને પરમ પ્રેમપૂર્વક પૂજ્યભાવે પ્રણામ કરે છે. એમના અમોઘ આશીર્વાદની કામના કરે છે અને એમની મદદ માગે છે. સંતોની અસાધારણ શક્તિથી એ સુપરિચિત છે. એ સ્વયં જે કાંઈ છે તે સંતોના અને એમના આરાધ્યદેવ પરમાત્માના પરમ અનુગ્રહને લીધે જ છે. જીવનના શૈશવકાળમાં, આશરે સાડા પાંચ વરસ જેટલી વયમાં, એ અનાથ જેવા થઈ ગયેલા ત્યારે રામશૈલ પર રહેનારા શ્રી અનંતાનંદજીના પ્રિય શિષ્ય શ્રી નરહર્યાનંદજીએ એમને આશ્રય આપેલો. અયોધ્યા લઈ જઈને યજ્ઞોપવિત સંસ્કારથી સંપન્ન બનાવી, રામમંત્રની દીક્ષા આપીને વિદ્યાભ્યાસ કરાવેલો. પાછળથી સૂકરક્ષેત્રમાં લઈ જઈને એમણે એમને રામાયણ પણ સંભળાવેલું. કાશીમાં શેષ સનાતનજીની સંનિધિમાં રહીને પંદર વરસ સુધી વેદવેદાંગોનું અધ્યયન કરેલું. એવી રીતે જીવનના ઉષઃકાળથી જ એમના પર સંતસમાગમના સુદૃઢ સંસ્કારો પડેલા. એ ઉત્તરોત્તર વધતા રહેલા. એટલે જ સંતપુરુષોના મંગલમય મહિમાને ગાતાં એમને તૃપ્તિ નથી થતી.

સંતપુરુષો જંગમ તીર્થરાજ જેવા છે. એમના દર્શન, સંભાષણ અથવા સમાગમથી માણસ પવિત્ર બને છે. એ પોતે તો મહિમાવાળા હોય છે જ પરંતુ બીજાને પણ મહિમા પ્રદાન કરે છે. એમનો સંગ અથવા સત્સંગ સદાય કલ્યાણકારક ઠરે છે. એ માનવના સુષુપ્ત શુભ સંસ્કારોને જગાડવાનું ને વધારવાનું કામ કરે છે. સંતની ઓળખાણ બહારના દેખાવ પરથી નથી થતી. બહારના દેખાવ પરથી થયેલી ઓળખાણ કોઈકવાર ઠગારી, ભ્રામક અને ગેરરસ્તે લઈ જનારી થઈ પડે છે. સંતની ઓળખાણ અંદરથી, એમની અંદરના ગુણો, ભાવો તથા વિચારો પરથી, એમની આંતરિક યોગ્યતા પરથી થવી જોઈએ. એવી ઓળખાણ સાચી અથવા આદર્શ નીવડે છે. સંત શુદ્ધ હોય છે, સાત્વિક હોય છે, સદગુણી-સદવિચારશીલ-સત્કર્મી હોય છે,

શાંત હોય છે. એની અંદર વાસના તથા વિકારોના તાંડવ-નૃત્યો નથી થતાં. એ અનાત્મ પદાર્થોમાં કે પ્રકૃતિમાં રસ નથી લેતો; આત્મા અથવા પરમાત્મામાં રસ લેતો હોય છે. એવો સંતપુરુષ સદાય વંદનીય છે, સ્તુત્ય છે. પૃથ્વી પર એ પરમાત્માનું પ્રતિનિધિત્વ કરે છે ને બીજાને સુખશાંતિ આપવાની સાથેસાથે પરમાત્માનો માર્ગ બતાવે છે. એ કોઈનું પણ અહિત નથી કરતો. કપાસના છોડની પેઠે તાપ વેઠે છે, કષ્ટ સહે છે, છતાં પણ બીજાના શરીરને ઢાંકવા માટેના વસ્ત્રના નિર્માણમાં નિમિત્ત બને છે.

साधु चरित सुभ चरित कपासू । निरस बिसद गुनमय फल जासू ॥
जो सहि दुख परछिद्र दुरावा । बंदनीय जेहिं जग जस पावा ॥

સંતપુરુષો અહંતા-મમતા-આસક્તિ તથા ક્ષુલ્લક રાગદ્વેષથી રહિત સાચા સંતપુરુષો, ઈશ્વરના દૂતો જેવા છે. એ ગમે તે સ્થળમાં કે સમયમાં ઈશ્વરનું કાર્ય જ કરતા હોય છે. ઈશ્વરને લીધે એમનો મહિમા વધે છે અને એ પણ પોતાના જીવન દ્વારા ઈશ્વરના મહિમાને વધારવા માટે બનતું બધું જ કરી છૂટે છે. એ એમનો સહજ સ્વભાવ બની જાય છે અને એમ કરવામાં એમને અપાર આનંદ આવે છે. પરમાત્માના પરમ કૃપાપાત્ર અથવા પરમાત્માની પરિપૂર્ણ કૃપાને પામવાનો પ્રામાણિક પ્રત્ન કરનારા એવા પરમાત્માપ્રેમી સંતપુરુષોના સ્વર્ગીય સમાગમનો દેવદુર્લભ લાભ જેનેતેને ને જ્યારેત્યારે સાંપડી નથી શકતો. એમનાં દર્શન દુર્લભ હોય છે. પૂર્વનો મહાન પુણ્યોદય કે પરમાત્માની પરમકૃપા હોય તો જ એમના દર્શન તથા સત્સંગનો લાભ મળી શકે.

એવા સંતોના સમાગમથી સર્વપ્રકારે કલ્યાણ થાય છે. એમની સત્સંગ-સરિતામાં સુખપૂર્વક સ્નાન કરવાથી માનવનું જીવન બદલાઈ જાય છે. કાગડાની પેઠે કટુભાષણ કરનારા અને અશુભ વિષયોની અભિરુચિવાળા માનવો કોયલ જેવા મધુભાષી અને શુભ વિષયોની અભિરુચિવાળા બને છે, અને બગલાની પેઠે દાંભિક હોય છે. તે દંભને પરિત્યાગીને હંસ જેવા નીરક્ષીરને સમજનારા અથવા સત્યાસત્યને, શુભાશુભને, શ્રેયપ્રેયને ને બંધમોક્ષને જાણનારા બની રહે છે. બગલાની પેઠે એ અનાત્મ પદાર્થોની કે પ્રકૃતિના વિષયોની પ્રીતિ નથી કરતા, રસવૃત્તિ નથી રાખતા, અથવા એવા મત્સ્યાદિમાં આસક્ત નથી થતા. એ તો પરમાત્માના પવિત્રતમ પ્રેમનો અથવા આત્મજ્ઞાનનો જ અલૌકિક મોતીચારો ચરનારા પરમહંસ અથવા રાજહંસ બને છે.

मज्जन फल पेखिअ ततकाला । काक होहिं पिक बकउ मराला ॥

સંતોનો પ્રત્યક્ષ કે પરોક્ષ એક અથવા બીજી રીતે સત્સંગ કરતાં તો વરસો વીતી ગયાં, પરંતુ એને પરિણામે કાગડામાંથી કોયલ તથા બગલાને બદલે રાજહંસ બનાયું કે નહિ, જરૂરી જીવનપરિવર્તન સધાયું કે ના સધાયું, તે શોધી કાઢવાનું છે. સત્સંગ શોખ માટે નથી, જીવનના સુધાર માટે છે. સમયને પસાર કરવા નથી, સુધારવા માટે છે, એ યાદ રાખવાનું છે. યાદ રાખીને બેસી રહેવાનું નથી પરંતુ જીવનસુધારના ક્ષેત્રમાં આગળ વધવાનું છે.

રામચરિતમાનસના આરંભમાં સંતોનો વિરોધ અથવા સંતોની નિંદા કરનારા અને સંતો પ્રત્યે અકારણ દ્વેષ રાખનારા દુર્જનોને પણ વંદન કરવામાં આવે છે. એ સ્વપ્ને પણ બીજાના હિતની કલ્પના નથી કરી શકતા. બીજાનું સુખ જોઈને દુઃખી થાય છે અને બીજાને દુઃખી થતા જોઈને આનંદ પામે છે. એ કોઈનું સારૂં નથી કરી શકતા. સંતો તથા સજ્જનોને જોઈને જલવા માંડે છે. સવાર પડે છે ને એમને એ જ વિચાર

આવે છે કે બીજાનું કેવી રીતે બગાડી શકાય. બીજાનાં વખાણ કરવાની વાત તો દૂર રહી, બીજાનાં વખાણ સાંભળવાનું પણ એમને નથી ગમતું. એ આસુરી સંપત્તિના, દોષ-દુર્ગુણ-દુર્ભાવ-દુર્વિચાર તથા દુષ્કર્મના સ્વામી હોય છે. માનવે દુર્જનમાંથી સજ્જન બનવાનું છે અને સજ્જનમાંથી આગળ વધીને સંત થવાનું છે.

સંસારમાં એકલા સજ્જનો નથી તથા કેવળ દુર્જનો પણ નથી. એ બંનેનું સંમિશ્રણ છે. એમના પ્રમાણમાં ભલે ફેર પડે પરંતુ એ રહેવાના તો ખરા જ. સંસારનું સ્વરૂપ જ ત્રિગુણાત્મક હોવાથી એમાં શુભાશુભનું અસ્તિત્વ રહેવાનું. સાગરમાં મોતીની સાથે છીપલાં પણ પેદા થવાનાં. આપણે પોતે કેવા બનવું છે, સજ્જન કે દુર્જન એ નક્કી કરવાનું છે. એવા નિર્ણયથી અને તદનુસાર પુરુષાર્થથી જ લાભ થઈ શકે તેમ છે. સંસારમાં કોઈને દુર્જન બનવાનું તો નહિ જ ગમે. માનવ મૂળભૂત રીતે ખરાબ નથી પરંતુ સારો છે. એનો આત્મા અલૌકિક અને ઉદાત્ત છે. એ અલૌકિકતા અને ઊદાત્તતા ઢંકાયેલી છે એટલું જ. એને બહાર કાઢવાની કે પ્રકટાવવાની છે. બધા જ માનવો એને પ્રકટાવવાનો, દુષ્ટતામાંથી મુક્તિ મેળવવાનો ને સજ્જન થવાનો સંકલ્પ તથા પ્રયત્ન કરે તો સંસાર બદલાઈ જાય અને વધારે સુખમય થાય.

**નામનો મહિમા**

સજ્જન તથા સંત બનવાની સાધનામાં પરમાત્માના નામનો ફાળો ઘણો મોટો છે. નામજપનો આધાર લેવાથી મનની શુદ્ધિ સધાય છે, એકાગ્રતામાં મદદ મળે છે, પરમાત્માનો પ્રેમ વધે છે, અને આખરે અભ્યાસની અભિવૃદ્ધિ થતાં નામ સાથે સંબંધ બંધાય છે. નામીનો સાક્ષાત્કાર સહજ બને છે. નામજપ જેવું સરળ, સરસ, સીધું, સચોટ સાધન બીજું કોઈ જ નથી. આધ્યાત્મિક ઉન્નતિની અભિલાષાવાળા સાધકોએ એનો આધાર લેવો જોઈએ. મન લાગે તો પણ અને ના લાગે તો પણ, આનંદ અનુભવાય તો પણ, અને ના અનુભવાય તો પણ, રસ પડે તો પણ અને ના પડે તો પણ. નામજપ કરવાની ટેવ પાડવી જોઈએ. એ ટેવનું શુભ પરિણામ ધીમે ધીમે, અભ્યાસ વધશે તેમ તેમ દેખાતું જશે. અંદરના ને બહારના અંધકારને દૂર કરવા માટે નામ સંપૂર્ણ શક્તિશાળી છે. જેના મુખમાં ઈશ્વરનું નામ રહે છે એ અપવિત્ર નથી રહી શકતો. તુલસીદાસજી નામનો મહિમા ગાતાં સુંદર શબ્દોમાં જણાવે છે :

रामनाम मनि दीप धरु जीह देहरी द्वार ।
तुलसी भीतर बाहेरहुँ जौं चाहसि उजिआर ॥२१॥

વરસોથી નામ કે મંત્રનો આધાર લેનારા માનવો નિર્મળ જીવન ના જીવતા હોય તો તેમાં નામ કે મંત્રનો દોષ નથી પરંતુ તેમનો જ દોષ છે. નામ અથવા મંત્રની શક્તિ અપાર છે. એ સંજીવનીનું કામ કરે છે. એ શક્તિનો પ્રભાવ માનવ પર પડવો જ જોઈએ. માનવની કાયાપલટ થવી જોઈએ.

હમણાં મને એક સાધકભાઈનો મેળાપ થયો. એમણે કહ્યું કે હું રોજ નિયમિત રીતે ગાયત્રીમંત્રના જપ કરું છું એથી ઘણો જ આનંદ થાય છે ને લાભ પહોંચે છે.

મેં પૂછ્યું કે કેવોક લાભ પહોંચે છે, તો તેમણે જણાવ્યું કે ધંધો સારો ચાલે છે. પૈસા આવ્યા જ કરે છે.

પરંતુ ગાયત્રીમંત્રનો આધાર પૈસા આવ્યા કરે એટલા માટે તો નથી લેવાતો. તમારું ફોટોગ્રાફર તરીકેનું કામ સારી રીતે ચાલે છે તે તો ઘણી સારી વાત છે અને તમને આનંદ આવે છે એ પણ સારું છે, પરંતુ થોડાક વધારે વિશુદ્ધ થઈને જપ કરો તો કેટલો વધારે આનંદ અનુભવાય છે તેની ખબર પડશે.

મારા શબ્દો સાંભળીને એમને આશ્ચર્ય થયું.

મને ખબર હતી કે એ વરસોથી રોજ દારૂ તથા શરાબ પીએ છે, માંસાહાર કરે છે, ધુમ્રપાન વિના એમને જરાપણ નથી ચાલતું, અને એમનો એમની ધર્મપત્ની સાથેનો વ્યવહાર સારો નથી રહેતો.

મેં એમને જણાવ્યું કે, જે મુખમાં ગાયત્રીમંત્ર રાખો છો તે મુખમાં દારૂ, શરાબ, માંસ કેવી રીતે મૂકી શકો છો ? એમને ત્યાગીને મંત્રજપ કરો ને જૂઓ કે એના પરિણામે કેટલો બધો અનેરો લાભ પહોંચે છે !

મારી વાત એ ભાઈને કેવી લાગી તે તો તેજ જાણે, પરંતુ એમને સુધરવાની એટલી બધી ઉત્કટ ઈચ્છા ન હતી. માણસ પોતે જ જો સુધરવા માગતો ના હોય તો એને સંસારની કયી શક્તિ સુધારી શકે તેમ છે ?

એવો જ પરંતુ એના કરતાં જરાક જુદો એક બીજો પ્રસંગ મહાશિવરાત્રીની પહેલાં બન્યો. સૌરાષ્ટ્રની પુણ્યભૂમિમાં મારો પ્રવાસ ચાલી રહેલો ત્યારે મારી સાથે પ્રવાસમાં જે ભાઈ જોડાયેલા તેમની પત્ની દ્વારા મને જાણવા મળ્યું કે તે ધ્યાન, જપ, સત્સંગ, સ્વાધ્યાય બધું સારી પેઠે કરે છે. અને સાથે સાથે ધૂમ્રપાન પણ કરે છે. મેં એ ભાઈને ધૂમ્રપાન છોડી દેવા જણાવ્યું ને કહ્યું કે તમે શ્રીજી મહારાજના ભક્ત છો. તમારાથી ધૂમ્રપાન થઈ જ ના શકે. જે હોઠ પર શ્રીજી મહારાજનું મધુર મંગલ નામ રહે છે એના પર સિગારેટ શી રીતે રાખો છો ?

એમણે ખેદપૂર્વક જણાવ્યું કે સિગારેટ પીવાનું મને પણ પસંદ તો નથી જ, પરંતુ મારાથી એ છૂટતી નથી. એને છોડી દઉં તો માથું દુખે અને કોઈપણ કામ ના થાય.

મેં કહ્યું તમે, શ્રીજી મહારાજમાં વિશ્વાસ રાખીને છોડી તો જુઓ. અત્યારે છોડી દેશો તો કોઈ પ્રકારની તકલીફ નહિ થાય.

અત્યારે છોડી દઉં ?

હા. અત્યારે જ.

એમણે શ્રીજી મહારાજનું નામ લઈને સિગારેટના બંડલને નાખી દીધું અને પછી મોટરમાં મારી સાથે આગળનો પ્રવાસ આરંભ્યો. એ પછી એમણે ધૂમ્રપાન કર્યું જ નહિ.

બે દિવસ પછી એમના સંબંધમાં એક બીજી હકીકત જાણવા મળી. રોજ રાતે સૂતા પહેલાં એમને બે ગોળીઓ ખાવી પડતી. ત્યારે જ એમને થોડીઘણી ઊંઘ આવતી. મેં એમને એ સંબંધી પૂછ્યું તો એમણે સ્પષ્ટીકરણ કર્યું કે ગોળી તો મારું જીવન છે. એના વિના મારાથી રહી જ ના શકાય.

મેં કહ્યું બીજાં બધાં જ વ્યસન વિના રહેવાય પરંતુ શ્રીજી મહારાજના નામ વિના ના રહેવાય. તમે એમની પ્રાર્થના અને એમનું સ્મરણ કરતાં સુઈ જાવ તો નિંદ્રા અવશ્ય આવી જશે. એમની શક્તિ અનંત છે. આજથી ગોળી લેવાનું છોડી દઈને મારી સાથે છો ત્યાં સુધી રોજ મારી પાસેથી ભગવાનનો પ્રસાદ લેતા

રહેજો. તેથી લાભ થશે. જે ભગવાનનું સાચા દિલથી શરણ લે એને શી મુસીબત હોય ? એમના નામમાં અસીમ શક્તિ છે. એનું સ્નેહપૂર્વક સ્મરણ કરો.

એ ભાઈએ ઘેનની ગોળીઓને છોડી દીધી. એ જ રાતથી એમનો અનિંદ્રાનો વ્યાધિ ટળી ગયો. એમને રોજ સુખપૂર્વક ઊંઘ આવવા લાગી. એમને એમની ત્રુટિ સાલતી હતી. એને દૂર કરવાની એમની આકાંક્ષા પણ હતી. એટલે એમને લાભ પહોંચ્યો. એમનું જીવન નિર્મળ બન્યું, અને એ વધારે શ્રદ્ધાભક્તિ તથા પ્રીતિપૂર્વક ઈશ્વર સ્મરણ કરવા લાગ્યા.

નામના મંગલમય મહિમાને ગાતાં કે વર્ણવતાં સંતશિરોમણિ તુલસીદાસજી થાકતા કે ધરાતા નથી. સરળ, સુમધુર, સારવાહી, સ્વાનુભવપૂર્ણ શબ્દોમાં એ એને આલેખે છે અને જનસાધારણના અંતરમાં નામ પ્રત્યેના પવિત્ર પ્રેમનાં બી વાવે છે. એમનું વર્ણન સૌ કોઈને ભાવવિભોર કરે છે, ગદગદ્ બનાવે છે, ને પાર વિનાની પારમાર્થિક પ્રેરણા ધરે છે.

राम एक तापस तिय तारी । नाम कोटि खल कुमति सुधारी ॥

રામનું નામ તો સ્વયં રામથી પણ વધી જાય છે. રામે તો પોતાના સુધાસભર સંજીવનસ્પર્શથી એક જ અહલ્યાનો ઉદ્ધાર કર્યો. પરંતુ નામનો પુણ્યપ્રભાવ તો જુઓ. એણે કરોડો, અનેક અધમોનો, દુર્બુદ્ધિગ્રસ્ત માનવોનો સુધાર તથા ઉદ્ધાર કર્યો છે. સીતાના સ્વયંવરમાં શંકર ભગવાનના ધનુષ્યનો ભંગ રામે પોતે કર્યો, પરંતુ નામસ્મરણથી તો અનેકને આ ભયાનક ભવાટવીના ભયમાંથી મુક્તિ મળી. રામે દંડકારણ્યકમાં પ્રવેશીને એને શોભા ધરી. રામના નામે અનેક આરાધકોના દિલરૂપી દંડકારણ્યને પવિત્ર, દુઃખદર્દરહિત અને દૈવી બનાવ્યાં. રામે રાક્ષસોનો સંહાર કરી નાંખ્યો, તો નામે ઘોર કરાળ કળિકાળના અસંખ્ય અપરાધોનો, દુર્ગુણોનો ને દોષોનો અંત આણ્યો. રામ તો રાક્ષસોનો સંહાર કરીને વિદાય થયા. એમણે એમની અલૌકિક લીલાને સંકેલી લીધી, પરંતુ નામની રહસ્યલીલા તો આજે પણ ચાલુ છે ને ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. એ અનેક આત્માઓનું કલ્યાણ કરશે. રામને વાનરસેનાની સહાયતાથી સમુદ્ર પર સેતુનું નિર્માણ કરવામાં ઓછી મહેનત નહોતી કરવી પડી. એ ઈતિહાસ સૌને સુવિદિત છે. પરંતુ નામના વિશિષ્ટ મહિમાને તો વિચારો. એનો આધાર લેવાથી સંસારસિંધુ સહેલાઈથી અને આપોઆપ સુકાઈ જાય છે. રાવણનો કુળસહિત નાશ કરીને રામે સીતા સાથે અયોધ્યામાં આવીને રાજ્યશાસનને સંભાળ્યું. નામસ્મરણ દ્વારા રાવણથી પણ વધારે શક્તિશાળી મદ તથા મોહના પરિવારને પરાજીત કરીને શરણાગત ભક્તો શાંતિથી સંપન્ન બનીને આત્માનંદને અનુભવે છે. એમને સ્વપ્ને પણ શોક, મોહ કે અસંતાપનો અનુભવ નથી થતો.

નામની એક અત્યંત અગત્યની વિશેષતા તો એ છે કે નામીને એનાથી આકર્ષાઈને કે ખેંચાઈને એની પાછળ પાછળ પહોંચવું પડે છે. નામ નામીનો મેળાપ કરાવે છે. જે ભગવાનનો સાક્ષાત્કાર મોટામોટા યોગી તથા તપસ્વીને પણ મહામહેનતે થઈ શકે છે તે ભગવાન નેહપૂર્વક નામજપ કરનારા ભક્તોની આગળ એટલા જ પ્રેમપૂર્વક અને સહેલાઈથી પ્રકટે છે. નામ સંતપ્ત અંતરાત્માને શાંતિ આપે છે. મૃતઃપ્રાયને જીવન બક્ષે છે. પ્રેમપૂર્વકનું નામસ્મરણ કલ્પવૃક્ષનું કામ કરે છે. આર્તને આરામ અર્પે છે ને સકળ મનોરથ પૂર્ણ કરે છે. ભગવાનની શ્રદ્ધાભક્તિને ને સમર્પણભાવને ક્રમશઃ વધારે છે ને નરને નારાયણ બનાવે છે.

તુલસીદાસજી ત્યાં સુધી કહે છે કે ભાવે-કુભાવે, આળસપૂર્વક કે આળસ વગર, નામજપ કરવાથી દસે દિશાઓ કલ્યાણકારક થઈ જાય છે. સાધકનું કદીપણ અમંગળ નથી થતું. એને સર્વત્ર પ્રકારે સફળતા સાંપડે છે.

भायँ कुभायँ अनख आलसहूँ । नाम जपत मंगल दिसि दसहूँ ॥

સાચું છે. એ વચનની વાસ્તવિકતાનો સ્વાનુભવ સૌ કોઈ કરી શકે છે. મુંબઈમાં માધવબાગમાં મારા પ્રવચનો ચાલતા હતાં. ત્યારે એક સત્સંગી ભાઈ મને ને માતાજીને ત્યાં પોતાની મોટરમાં લઈ જતા'તા. પહેલે જ દિવસે તેમણે મોટરને દરવાજાની બહાર ઊભી રાખી અને કહ્યું કે ચોકીદાર મોટરને અંદર નહિ લઈ જવા દે એટલે રોજ બહાર જ ઊભી રાખવી પડશે, અને બહાર મોટરોની લાઈન લાગે છે તેથી પાર્કીંગની મુશ્કેલી છે. મેં તેમને જણાવ્યું કે કાલથી મોટરને અંદર જ લઈ લેજો અને અંદર જ એક તરફ ઊભી રાખજો.

પરંતુ ચોકીદાર મોટરને અંદર નહિ લઈ જવા દે. અટકાવશે. એમણે શંકા રજૂ કરી.

મેં કહ્યું : નહિ અટકાવે. તમે ઈશ્વરના નામની જોરથી પ્રેમપૂર્વક જય બોલાવતાં દરવાજામાં પ્રવેશજો એટલે ચોકીદાર કાંઈ જ કરી નહિ શકે. ઈશ્વરના નામમાં ઘણીઘણી શક્તિ સમાયેલી છે. તમે તો સત્સંગી ભગવદ્ ભક્ત તથા ભજનપ્રેમી છો, કાલથી એમના નામનું સંકીર્તન કરતાં અંદર ચાલ્યા જજો.

પરંતુ ચોકીદાર અટકાવે તો ?

નહિ અટકાવે. ભગવાનના નામસ્મરણથી બધા જ માર્ગ મોકળા બની જશે.

બીજે દિવસે મોટર માધવબાગના દરવાજા પાસે આવી એટલે ચોકીદાર એને અંદર પ્રવેશતી અટકાવવા આવ્યો. મેં પેલા સત્સંગી ભાઈને ભગવાનના નામસ્મરણ અને જયકાર સાથે મોટરને કોઈપણ પ્રકારના ભય કે સંકોચ સિવાય અંદર લઈ લેવા જણાવ્યું. તેમણે એ પ્રમાણે મોટરને અંદર લીધી. ભગવાનનો જયજયકાર સાંભળીને ચોકીદારે અમને અટકાવવાને બદલે પ્રેમથી પ્રણામ કર્યા, અને મોટર છેક અંદર જઈને ઊભી રહી. પેલા સત્સંગીભાઈને એ નિહાળીને નવાઈ લાગી. મેં એમને જણાવ્યું કે ભગવાનના નામથી અને એમના અનુગ્રહના પ્રભાવથી સર્વકાંઈ થઈ શકે છે. મુક્તિના મંગલમય પ્રવેશદ્વારમાં પ્રવેશી શકાય છે તો આ તો સામાન્ય પ્રવેશદ્વાર છે.

પછી તો પ્રવચન ચાલ્યાં ત્યાં સુધી રોજ સાંજે એ ભાઈ મોટરને એવી જ રીતે અંદર લઈ ગયા.

ભગવાનના નામની શક્તિ અદભુત છે. એનો લાભ લેતાં સર્વ પ્રકારની ચિંતા, ભીતિ તથા મુસીબત મટી જાય છે, શાંતિ મળે છે, અને ભગવાનની સાથે સંબંધ બંધાતાં એમના અલૌકિક અનુગ્રહથી જીવન ધન્ય, સફળ તેમજ સાર્થક બને છે. છતાં પણ માનવ દુઃખી બને છે અને ભગવાનનું નામ નથી લેતો એ આશ્ચર્યકારક છે. જે પોતાના સનાતન સાથી છે, પરમ હિતેચ્છુ છે, અને પોતાને નિઃસ્વાર્થભાવે, નિષ્કપટ રીતે મદદરૂપ બનવા તૈયાર છે, તેને તે ભૂલી જાય છે. એથી અધિક દુર્ભાગ્ય બીજું કયું હોઈ શકે ? પોતાના જીવનનું શ્રેય સાધવા માગનારે ભગવાનનો, એમના નામજપનો, અને એમની લીલાઓના ચિંતનમનનનો પ્રેમ જગાવતાં શીખવું જોઈએ.

**વક્તા અને શ્રોતા**

રામકથા અતિશય ગૂઢ છે. રહસ્યથી ભરપૂર છે. તેના વક્તા તથા શ્રોતા અસાધારણ યોગ્યતાથી સંપન્ન, રામના પવિત્ર પ્રેમથી પરિપ્લાવિત અને રામકથામાં રસ લેનારા હોવા જોઈએ. સાધારણ સભારંજની વૃત્તિ તથા પ્રવૃત્તિવાળા વક્તા રામની રહસ્યમય જીવનકથાને ન્યાય નહિ કરી શકે. એના મનમાં રામચરિતને વાંચી-વિચારી-વર્ણવીને ભાતભાતની શંકાઓ પેદા થશે. રામકથાનો વક્તા કેવળ જ્ઞાની હોય એટલું જ પૂરતું નથી, પ્રેમી પણ હોવો જોઈએ. પ્રેમી હોવાની સાથે સાથે ઓછાવત્તા પ્રમાણમાં અનુભવી અને રામ દ્વારા અનુગૃહિત હોવો જોઈએ. એના વક્તૃત્વની પાછળ કોઈ લૌકિક લાલસા કે તૃષ્ણા ના હોવી જોઈએ. રામ પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને, અખંડ શ્રદ્ધાભક્તિથી અલંકૃત બનીને, સ્વાભાવિક રીતે જ એ રામકથા કરતો હોવો જોઈએ. એ સાદાઈ તથા સંયમથી સંપન્ન જોઈએ. રામકથાને અર્થોપાર્જન અથવા અંગત પ્રતિષ્ઠા-પ્રાપ્તિની વ્યાપારી દૃષ્ટિથી દેખવાની કુટેવમાંથી એણે મુક્તિ મેળવવી જોઈએ. એનું પ્રયોજન પરમકૃપાળુ પરમાત્માની પ્રેમભક્તિની, જીવનની વિશુદ્ધિની ને પરમાત્માની પ્રાપ્તિનું હોવું જોઈએ. તો જ એના શ્રીમુખમાંથી સંભળાતી કથા સફળ થાય. સામાન્ય વક્તાની વાણી વદનમાંથી નીકળે છે, અસામાન્ય વક્તા મન તથા બુદ્ધિની મદદથી બોલે છે, પરંતુ ઉચ્ચ કોટિના, આદર્શ, વિરલ વક્તાનું અંતર બોલે છે, સમગ્ર વ્યક્તિત્વ બોલે છે.

શ્રોતા પણ એવી રીતે આદર્શ હોવો જોઈએ. એ શ્રવણ કરવા માટે જ શ્રવણ કરતો ના હોય પરંતુ જીવનના વ્યક્તિગત વિકાસ માટે એનો આધાર લેતો હોય. એના શ્રવણ પાછળ પ્રેમ હોય, ઉત્સાહ હોય, શ્રદ્ધાભક્તિ હોય, વિશુદ્ધિ સાચી જિજ્ઞાસા હોય, અને કદીપણ ના કરમાનારી રસવૃત્તિ હોય. એ કેવળ કાનથી શ્રવણ કરતો ના હોય પણ મનથી પણ સાંભળતો હોય; એના આત્માનું પ્રત્યેક અણુ-પરમાણુ એકાગ્ર બનીને શ્રવણની સુખકારક શાંતિદાયક શ્રેયસ્કર સાધના કરી રહ્યું હોય. શ્રવણની સાથે મનન, મનન સાથે નિદિધ્યાસન અને નિદિધ્યાસન સાથે સ્વાનુભવનો સંબંધ એને સારુ સહજ બન્યો હોય. એ શોખને ખાતર, પરંપરાના પાલન માટે દેખાદેખી કે પ્રલોભન અથવા ભયથી પ્રેરાઈને ના સાંભળતો હોય. કાનને પવિત્ર કરવા માટે નહિ પરંતુ સમસ્ત જીવનને પવિત્ર અને પ્રભુમય બનાવવા માટે સાંભળતો હોય. પૂર્વગ્રહથી મુક્ત બનીને, ગ્રહણશીલ થઈને ખુલ્લા દિલથી શ્રવણનો આધાર લેતો હોય. લૌકિક લાભને માટે શ્રવણ કરે તે શ્રોતાને સામાન્ય શ્રોતા કહેવાય, અને જે અલૌકિક લાભને માટે, આત્મિક અભ્યુત્થાનને લક્ષમાં લઈને પરમાત્માની પરમકૃપા પામવા તથા પ્રાપ્તિ કરવાના પ્રમુખ પ્રયોજનથી પ્રેરાઈને કથાશ્રવણ કરે તે અસામાન્ય અથવા આદર્શ શ્રોતા કહેવાય. એવા શ્રોતા અને વક્તા દુર્લભ છે. એમનો સુભગ સંયોગ થાય તો જીવનની પરમ ધન્યતાના પવિત્રતમ તીર્થના નિર્માણમાં વિલંબ ના લાગે.

રામકથાનો સાચો રસ રામની કૃપાથી જ પ્રકટી શકે. રામકથાના ઓછાવત્તા રહસ્યને સમજી શકાય પણ શ્રીરામની, સીતામાતાની અને એમના એકનિષ્ઠ પરમભાવમય ભક્ત હનુમાનની કૃપાથી જ. મનુષ્યની સામાન્ય સીમિત બુદ્ધિ કેવી રીતે ને કેટલુંક સમજી શકે ? સમજાવી શકે પણ કેટલું ? રામકથા કલિયુગના દોષોને દૂર કરે છે. એ પૃથ્વી પર પ્રકટેલી પ્રેમગંગા છે. એના સ્નાન-પાનથી પ્રાણ પુલકિત તથા પાવન બને છે. એની અંદર સર્વનું સર્વવિધ કલ્યાણ કરનારી શાશ્વત શક્તિ છે. એનો જેટલો પણ લાભ લેવાય એટલો

ઓછો છે. એને મંદાકિની કહો, સમુદ્રમંથનમાંથી પ્રકટેલી લક્ષ્મીનું નામ આપો, કામધેનુની સાથે સરખાવો કે માતા પાર્વતી સરખી સર્વે સિદ્ધિની ને સુખસંપત્તિની સ્વામિની કહો, બધું એક જ છે. એ પરમ પવિત્ર છે ને પવિત્ર કરનારી છે. ચિંતામણિ મેળવનારની દરિદ્રતા દૂર થાય તેમ એ સર્વપ્રકારની દરિદ્રતામાંથી મુક્તિ આપનારી છે. શોક-સંતાપને શમાવનારી છે. સર્વે સુકૃતથી સંપન્ન બનાવનારી છે. કલિયુગના દંભ, કપટ, પાખંડને મટાડનારી છે. ભવરોગની, અવિદ્યાની, અમોઘ આશીર્વાદરૂપ ઔષધિ છે.

એનું આલેખન પોતે ક્યારે આરંભ્યું તે વિશે તુલસીદાસજી બાલકાંડમાં કહી બતાવે છે કે

संबत सोरह सै एकतीसा । करउँ कथा हरिपद धरि सीसा ॥
नौमी भौम बार मधु मासा । अवधपुरी यह चरित प्रकासा ॥

*

सब बिधि पुरी मनोहर जानी । सकल सिद्धिप्रद मंगल खानी ॥
बिमल कथा कर कीन्ह अरंभा । सुनत नसाहिं काम मद दंभा ॥
रामचरितमानस एहि नामा । सुनत श्रवन पाइअ बिश्रामा ॥
मन करि विषय अनल बन जरई । होइ सुखी जौ एहिं सर परई ॥

અર્થાત્ સંવત ૧૬૩૧માં જે દિવસે વિખ્યાત રામજન્મનો મંગલ મહોત્સવ થાય છે તે રામનવમીના પવિત્ર પર્વદિવસે અયોધ્યાપુરીમાં એને સર્વપ્રકારે સુંદર, મંગલ તથા સિદ્ધિપ્રદાયિકા સમજીને, આ પવિત્ર કથાનો પ્રારંભ કર્યો. એનું નામ રામચરિતમાનસ રાખ્યું છે. એને સાંભળવાથી તન, મન, અંતરને આરામ મળે છે. મદ, દંભ તથા કામ દૂર થાય છે. મનના વિવિધ વિષયોના દાવાનલ શાંત થાય છે. રામચરિતમાનસના આ સરસ સરોવરમાં સ્નાન કરવાથી સર્વપ્રકારે, સર્વકાળે ને સ્થળે સુખી થવાય છે.

જેને રામ તથા રામકથા પર પ્રીતિ હશે એને જ એનો આસ્વાદ લેવાની ઈચ્છા થશે. વિષયોની રસવૃત્તિ તથા આસક્તિવાળા એનાથી દૂર રહેશે. કથાશ્રવણનો પ્રેમ અથવા અનુરાગ સર્વોત્તમ પ્રકારના સંસ્કારો સિવાય નથી પ્રકટી શકતો.

**માહાત્મ્ય**

તુલસીદાસજીએ રચેલા રામચરિતમાનસનું માહાત્મ્ય અથવા એની ફળશ્રુતિનું વર્ણન એ સુંદર સદગ્રંથના આરંભમાં જ અત્યાર સુધી ચર્ચાવિચારણા કરી તેમ, એક અથવા બીજી રીતે આવી જાય છે તેવી રીતે મહર્ષિ વાલ્મીકિએ રચેલા રામાયણમાં નથી આવતું. અને એમાં કાંઈ ખોટું પણ નથી. રામાયણ પોતે જ પોતાનું માહાત્મ્ય છે. એનો આસ્વાદ લેનાર રામભક્તિથી સંપન્ન બનીને રામમય બને છે. રામાયણની એ મોટામાં મોટી ફળશ્રુતિ છે. રામાયણમાં રામ અને રાવણ બંનેનું આલેખન કરવામાં આવ્યું છે. રામ પ્રેમની તો રાવણ દ્વેષની, રામ નિરભિમાન તથા નમ્રતાની તો રાવણ મિથ્યાભિમાન અને મદની, રામ પવિત્રતાની તો રાવણ અપવિત્રતાની, રામ સદાચારની તો રાવણ દુરાચારની, રામ સત્યની તો રાવણ અસત્યની, અને રામ નિષ્કપટતાની તો રાવણ છળકપટની મૂર્તિ છે. રામ નીતિ કે ધર્મની પ્રસ્થાપિત પરંપરાગત પવિત્ર મર્યાદામાં રહીને મર્યાદા પુરુષોત્તમ તરીકે જીવે છે તો રાવણ નીતિ તથા ધર્મની પરંપરાઓને તોડી કે તિલાંજલિ

આપીને અમર્યાદ અસુરની પેઠે શ્વાસ લે છે. રામનું જીવન બીજાને અભય આપનારું તેમજ સુખશાંતિથી પહોંચાડનારું છે તો રાવણનું જીવન બીજાને ભયભીત કરનારું તેમજ સુખશાંતિથી વંચિત બનાવનારું છે. બંને વચ્ચે આકાશપાતાળ જેટલું મોટું અંતર છે. એમના વિરોધાભાસી વ્યક્તિત્વનો વિચાર કરીને માનવે નક્કી કરવાનું છે કે પોતે શું બનવું છે - રામ કે રાવણ ? રામ બનીને સુખી થવું છે ને બીજાને સુખ ધરવું છે કે રાવણ બનીને દુઃખી થવાની ને બરબાદ બનવાની સાથે બીજાને પણ દુઃખી કરવા છે ને બરબાદ બનાવવા છે ? રામાયણની સાચી ફળશ્રુતિ, મહત્વની જીવનોપયોગી શિક્ષાદીક્ષા એ જ છે કે માનવ રાવણ બનવાને બદલે રામ બનવાનો સંકલ્પ કરે; રાવણને બદલે રામની દિશામાં આગળ વધે. રામ એટલે દૈવી સંપત્તિ અને રાવણ એટલે આસુરી સંપત્તિ. માનવે આસુરી સંપત્તિનો અંત આણવાની કોશિશ કરીને દૈવી સંપત્તિની મૂર્તિ બનવા માટે કટિબદ્ધ બનવું જોઈએ. જ્યાં શ્વાસ લેવાનું સાંપડે ત્યાં અંદરબહાર બધે જ સુખશાંતિ તથા સમુન્નતિના સ્વર્ગનું સર્જન કરવું જોઈએ. રામાયણ એને માટેની પ્રેરણા પુરી પાડે છે.

મહર્ષિ વાલ્મીકિએ પોતાના રામાયણમાં એના માહાત્મ્ય કે ફળશ્રુતિ વિશે નથી લખ્યું, પરંતુ સ્કંધ પુરાણમાં એનો ઉલ્લેખ કરેલો છે. સ્કંધપુરાણ ઉત્તરખંડમાં દેવર્ષિ નારદ અને સનત્કુમારના સંવાદરૂપે વાલ્મીકિ રામાયણના માહાત્મ્યના પાંચ અધ્યાયો આવે છે. માહાત્મ્યના રસિયા જનો એ અધ્યાયોનું અધ્યયન કરી શકે છે.

એમાં જણાવ્યું છે કે "રામાયણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સાધન હોવાની સાથેસાથે અલૌકિક અમૃતરૂપ છે. એનું શ્રવણ સદા ભક્તિભાવથી કરવું જોઈએ. જે રામચંદ્રજીના ઉત્તમ મંગલમય ચરિત્રનું શ્રવણ કરે છે તે આ લોકમાં અને પરલોકમાં પણ પોતાની સર્વ પ્રકારની ઉત્તમ કામનાઓને પૂરી કરે છે."

"મનુષ્ય રામાયણનું સુચારુરૂપે શ્રવણ નથી કરતો ત્યાં સુધી જ એના શરીરમાં પાપ રહી શકે છે. ભયંકર કલિકાળમાં રામનામનો આધાર લેનારને કલિયુગ ક્લેશ કે વિક્ષેપ નથી પહોંચાડી શકતો." (અ. ૧)

"જે મનુષ્ય સદા ભક્તિભાવે રામાયણને સાંભળે છે કે વાંચે છે એને ગંગાસ્નાન કરતાં સો ગણા પુણ્યની પ્રાપ્તિ થાય છે." (અધ્યાય ૨)

"નવ દિવસ સુધી શ્રદ્ધાભક્તિપૂર્વક રામાયણને સાંભળવામાં આવે તો એ અમૃતમયી રામકથા જન્મ, જરા તથા મૃત્યુનો નાશ કરનારી થાય છે." (અધ્યાય ૩)

"રામાયણ સઘળી ઋતુઓમાં કલ્યાણકારક છે. એની દ્વારા પરમાત્માની આરાધના કરનાર પુરુષ મનથી જે જે માગે છે તે બધું જ મેળવી લે છે." (અધ્યાય ૪)

"શાંતચિત્ત તથા જિતેન્દ્રિય બનીને જે રામાયણયજ્ઞનું અનુષ્ઠાન કરે છે તેને પરમાનંદમય પરમધામની પ્રાપ્તિ થાય છે. ત્યાં પહોંચીને એને કદી શોક કરવો પડતો નથી." (અધ્યાય ૫, શ્લોક ૩૪)

"રામકથાને શ્રદ્ધાભક્તિ સહિત સાંભળીને માનવ પરમ પ્રકાશથી પ્રદીપ્ત બને છે અને બ્રહ્મલોકમાં જઈને આનંદ અનુભવે છે." (શ્લોક ૩૭)

"રામાયણ રામચંદ્રજીની પ્રસન્નતા પ્રાપ્ત કરાવનારું, રામભક્તિને વધારનારું, સર્વે પાપોનો નાશ કરનારું અને સમસ્ત સંપત્તિની અભિવૃદ્ધિ કરી આપનારું છે. એકાગ્ર ચિત્તે જે રામાયણને વાંચે છે કે સાંભળે છે તે સઘળાં પાપોથી મુક્ત બનીને વિષ્ણુ ભગવાનના લોકમાં પ્રવેશે છે." (શ્લોક ૬૮-૬૯)

એ સઘળા શ્લોકાર્થો પવિત્ર, ઉદાત્ત, પ્રભુમય જીવન જીવવાની અને દોષો તથા દુષ્કર્મોમાંથી છૂટવાની પ્રેરણા પાય છે. રામાયણપ્રેમીઓએ એ વાત ખાસ યાદ રાખવી જોઈએ. કેવળ પુણ્યપ્રાપ્તિની ભાવનાને યાદ રાખવામાં આવે છે અને જીવનના જરૂરી સુધારની વાતને ભૂલી જવામાં આવે છે. એથી જોઈએ એટલો લાભ નથી થતો. પરલોકને જ સુધારવાની ઈચ્છા રાખવામાં આવે છે એથી આ લોકનું ધ્યાન નથી રખાતું અથવા રખાય છે તો ઓછામાં ઓછું રખાય છે. આ લોકને જરૂરી ન્યાય નથી કરાતો. કથાશ્રવણ કે સત્સંગ વર્તમાન જીવનને પણ ઉત્તમ અથવા ઊર્ધ્વગામી બનાવવા માટે છે. એનો આધાર લઈને વર્તમાન જીવનને પરમાત્માના પ્રેમથી પુલકિત અને પરિપ્લાવિત બનાવવાનું છે. આપણા જીવનને જ નહિ, બીજાના જીવનને પણ સુખશાંતિથી સંપન્ન બનાવતાં શીખવાનું છે.

રામ અને કૃષ્ણને આટલા બધા આદરભાવથી જોવામાં આવે છે, સંકીર્તનીય સમજવામાં આવે છે, અને એમની જીવનલીલાને અનંત અનુરાગપૂર્વક અવારનવાર યાદ કરવામાં આવે છે. એમની કથાઓનાં પારાયણો અથવા અનુષ્ઠાનો કરવામાં આવે છે. અને યુગોથી અવનવાં મધુમય મંગલ મંદિરોની પ્રસ્થાપના કરીને એમની પૂજા કરવામાં આવે છે, તેનું કારણ ? જે પોતાને માટે જ જીવે છે. પોતાની જ સુખશાંતિ, સમુન્નતિ કે મુક્તિની ચિંતા કરે છે તથા યોજના ઘડે છે, તેની પૂજા કે પ્રશસ્તિ કોઈ નથી કરતું. એને માટે અધિક આદરભાવ પણ નથી રાખતું. એની જીવનકથાનું પારાયણ તો કરે જ કોણ ? અને એને માટે મંદિર પણ કોણ બાંધે ? એના જીવનને આદર્શ અથવા અનુકરણીય પણ કોણ માને ? કોઈ નહિ. રામ અને કૃષ્ણની ઊડીને આંખે વળગે એવી મોટામાં મોટી વિશેષતા એ હતી કે એ કેવળ પોતાને માટે, પોતાની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ, સમુન્નતિ તથા મુક્તિને માટે નહોતા જીવ્યા, એમનું જીવન બીજાને માટે, સમસ્ત માનવસમાજની સુખશાંતિ તથા પીડામુક્તિ માટે હતું. એટલે કે એમનું જીવન સમાજનું જીવન બની ગયેલું. એ સ્વયં સમાજના બની ગયેલા. માનવતાના માળી બનીને, માનવતાની માવજત માટે, માનવતાની માનહાનિ થતી અટકાવવા એમણે બનતા બધા જ પ્રયાસો કરેલા. અને એ પણ અમુક ચોક્કસ સિદ્ધાંતો અથવા આદર્શોને વફાદાર રહીને. એમનું જીવન આદર્શનિષ્ઠ તથા સિદ્ધાંતપ્રિય હતું. એવા હેતુલક્ષી જીવનની પૂજા તથા પ્રશસ્તિ ના થાય તો બીજું શું થાય ? પ્રજા એમની પ્રત્યેના પરમ પ્રેમભાવથી પ્રેરાઈને એમની જીવનકથાઓને સાહિત્યમાં કે બીજી કલાકૃતિઓમાં કંડારે અને એમનાં મંદિરો બાંધે એમાં શું આશ્ચર્ય ? પરંતુ એટલું જ પૂરતું જ નથી. રામ અને કૃષ્ણનાં મંદિરો બાંધવા, એમની પ્રેમપૂર્ણ પૂજ્ય ભાવાત્મક પ્રશસ્તિ કરવી, એમની જીવનકથાઓને એક રીતે અમર બનાવવી અને એમનાં પારાયણ કરવાં એ એક વાત છે. અને એમના જીવનમાંથી જરૂરી સારસંદેશ ગ્રહીને પોતાના જીવનને માનવતાથી મઘમઘતું, પરમાર્થપરાયણ, સિદ્ધાંતનિષ્ઠ, આદર્શ અને જ્યોતિર્મય બનાવવું એ બીજી જ વાત છે. એમના આદર્શોને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન આપણે ત્યાં નથી થતો અથવા થાય છે તો અત્યંત ઓછા પ્રમાણમાં થાય છે, એ સારું નથી. એને લીધે એમની જીવનકથાઓના શ્રવણમનનની ફળશ્રુતિ મોટે ભાગે પારાયણનો જ વિષય રહી જાય છે. અનુભવગમ્ય નથી બનતી.

* * *

## ૨. રામના પ્રાકટ્યની પૂર્વભૂમિકા

### રાવણાદિનું તપ

રામાયણના રચયિતા કવિકુલભૂષણ આદિકવિ મહર્ષિ વાલ્મીકિ શ્રીરામ પ્રત્યે કેવી ભાવના ધરાવે છે ? એ એમને કેવી દૃષ્ટિથી જુએ છે ? પોતાના રામાયણના આરંભમાં એમણે વર્ણવેલા દેવર્ષિ નારદ સાથેના એમના સમાગમપ્રસંગ પરથી તો એવી પ્રતીતિ થાય છે કે એ એમને એક આદર્શ સર્વગુણસંપન્ન સર્વોત્તમ સત્પુરુષ સમજે છે કે મહાપુરુષ માને છે અને ભગવાનના અવતાર નથી સમજતા. પરંતુ રામાયણની રસમયી રચનામાં થોડાક આગળ વધીને એ એમના અભિપ્રાયને અધિક સ્પષ્ટ કરતાં રામને ભગવાન વિષ્ણુના અવતાર તરીકે આલેખે છે ત્યારે જ એમને તૃપ્તિ થાય છે. બાલકાંડના પંદરમા તથા સોળમા સર્ગમાં એ આલેખનનો સમાવેશ કરાયો છે. એનું વિહંગાવલોકન અસ્થાને નહિ લેખાય પરંતુ પ્રેરક અને આનંદદાયક થઈ પડશે.

મહાત્મા ઋષ્યશૃંગે મહારાજા દશરથ પાસે પુત્રેષ્ટિ યજ્ઞ કરાવ્યો ત્યારે દેવતાઓ પોતપોતાના યજ્ઞભાગને ગ્રહણ કરવા એ યજ્ઞમાં પહોંચી ગયા. એમણે બ્રહ્માજીને જણાવ્યું કે રાવણ નામનો મહાબળવાન રાક્ષસ તમારો કૃપાપ્રસાદ પામીને અમને સૌને કષ્ટ આપી રહ્યો છે. બીજાની સુખાકારી, સંપત્તિ તથા સમૃદ્ધિને દેખીને એને દ્વેષ થાય છે. એ ઈન્દ્રને પણ પરાસ્ત કરવાનાં સ્વપ્નાં સેવે છે. એ ખૂબ જ ભયંકર છે. એના નાશ માટેનો કોઈ ઉપાય કરવો જોઈએ.

બ્રહ્માજીએ એમને આશ્વાસન આપતાં કહ્યું કે રાવણનો નાશ જરૂર થશે. એણે યક્ષ, ગંધર્વ, દેવ તથા રાક્ષસો દ્વારા એનું મૃત્યુ થાય નહિ એવું વરદાન માંગ્યું છે પરંતુ મનુષ્ય દ્વારા મૃત્યુ ના થાય એવું નથી માગ્યું એટલે એનું મૃત્યુ મનુષ્ય દ્વારા જ થઈ શકશે.

એજ વખતે ત્યાં ભગવાન વિષ્ણુ પ્રકટ થયા. દેવતાઓએ એમને પોતાની પીડાને શાંત કરવા માટે અયોધ્યાના ધર્મપરાયણ, ઉદાર અને મહર્ષિ સમાન શુદ્ધ તથા તેજસ્વી રાજા દશરથને ત્યાં પુત્રરૂપે પ્રાદુર્ભાવ પામવાની પ્રાર્થના કરી. ભગવાને એમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો.

એ પછી પુત્રેષ્ટિ યજ્ઞમાં પ્રવૃત્ત થયેલા રાજા દશરથના યજ્ઞમાં અગ્નિકુંડમાંથી એક વિશાળકાય પુરુષ પ્રકટ્યો. એની કાયા અતિશય કાંતિવાળી હતી. કાળા રંગની કાયાને એણે લાલ વસ્ત્રથી વીંટાળેલી. એ સૂર્ય સમાન પરમતેજસ્વી પ્રભાવશાળી પુરુષના હાથમાં ચાંદીના ઢાંકણથી ઢાંકેલું સુવર્ણપાત્ર હતું. એમાં અલૌકિક દિવ્ય ખીર રાખેલી. એણે રાજા દશરથને પોતાનો પરિચય કરાવતાં કહ્યું કે હું પ્રજાપતિલોકમાંથી પ્રજાપતિના આદેશાનુસાર આવ્યો છું. આ દેવતાઓની બનાવેલી, ધન અને આરોગ્યની અભિવૃદ્ધિ કરનારી, પુત્રોને પ્રદાન કરવાની શક્તિવાળી ખીર છે. તે તમારી પત્નીઓને ખવડાવી દો. તેથી તમારી ઈચ્છા પ્રમાણે તે સંતાનવતી થશે.

રાજા દશરથે એ દૈવી પુરુષને પરમપૂજ્યભાવે પ્રણામ કરીને એ ખીરનું પાત્ર ગ્રહણ કર્યું. એમની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. જાણે કે નિર્ધનને ધન મળી ગયું. ક્ષુધાર્તને અન્ન તથા તૃષાર્થને પાણી.

પ્રજાપતિલોકમાંથી પધારેલો પ્રતાપી પુરુષ અદૃશ્ય થઈ ગયો.

રાજા દશરથે એ ખીરનો અર્ધો ભાગ કૌશલ્યાને આપ્યો અને અડધાનો અર્ધ ભાગ સુમિત્રાને. એ પછી શેષ ભાગમાંથી એક અંશ કૈકેયીને અને બીજો અંશ ફરી પાછો સુમિત્રાને અર્પણ કર્યો.

એવી રીતે રામ, લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્નના પ્રાકટ્યની પૂર્વભૂમિકા તૈયાર થઈ. બ્રહ્માના આદેશાનુસાર દેવતાઓ પણ પૃથ્વી પર પૃથક્ રીતે પ્રકટવા તૈયાર થયા.

મહર્ષિ વાલ્મીકિનું એ આલેખન આધુનિક સમયમાં શ્વાસ લેનારા લોકોને આશ્ચર્યકારક લાગશે. યજ્ઞકુંડમાં આપોઆપ અગ્નિનું પ્રાકટ્ય થતું અને દૈવી મહાપુરુષો પણ પ્રાદુર્ભાવ પામતા. એ વખતનાં યજ્ઞાનુષ્ઠાનો એવાં અલૌકિક હતાં. આજે એવાં અસાધારણ અનુભવોવાળાં અલૌકિક યજ્ઞાનુષ્ઠાનો નથી થતાં એટલા માટે જ અતીતકાળનાં એ યજ્ઞાનુષ્ઠાનોને અને એવા અનુભવોને અસત્ય, અતિશયોક્તિયુક્ત કે કાલ્પનિક ના કહી શકાય.

રામાવતારની એવી પૂર્વભૂમિકાનું વર્ણન એક અથવા બીજી રીતે તુલસીકૃત રામાયણમાં પણ કરેલું છે. એમાં રાવણની તપસ્યા તથા વરપ્રાપ્તિનું હૃદયંગમ રોચક વર્ણન છે.

રાવણ પૂર્વજન્મમાં પ્રતાપભાનુ નામનો રાજા હતો. પુલસ્ત્ય ઋષિના પાવનકુળમાં પેદા થયો હોવા છતાં એ શાપને લીધે મલિન મનવાળો તથા કુકર્મપરાયણ રાક્ષસ જેવો બનેલો. પૂર્વજન્મનો એનો અરિમર્દન નામનો નાનો ભાઈ કુંભકર્ણ થઈને જન્મ્યો. એનો ધર્મમાં રુચિ રાખનારો ભાઈ મંત્રી વિભીષણ થયો. એ ત્રણે બંધુઓએ એકાંત અરણ્યમાં જઈને દૃઢ સંકલ્પપૂર્વક કઠોર તપનો આધાર લીધો. એમના તીવ્ર તપથી બ્રહ્માજી પ્રસન્ન થઈને એમની આગળ પ્રકટ થયા. એમણે ત્રણેને વરદાન માગવા માટે કહ્યું. ત્રણે હતા તો ભાઈઓ પરંતુ એમની બુદ્ધિ તથા પ્રકૃતિ પૃથક હતી. એટલે એમણે વિવિધ રીતે માગણી કરી. રાવણને મરવાનું જરા પણ નહોતું ગમતું. એની આકાંક્ષા અનંતકાળ સુધી અમર રહેવાની હતી. એટલે એણે જણાવ્યું :

हम काहू के मरहिं न मारें । बानर मनुज जाति दुइ बारें ॥

વાનર અને મનુષ્યજાતિના જીવો સિવાય હું કોઈનાથી મરું નહિ.

રાવણને પોતાની શક્તિનો ઘણો જ ઘમંડ હતો. મનુષ્યોને તથા વાનરોને એ તદ્દન ક્ષુદ્ર સમજતો. દેવતાઓની વિસાત પણ એને મન કશી જ નહોતી તો પછી માનવોનું ને વાનરોનું કહેવું શું ? એમનો ભય એને લેશ પણ નહોતો લાગતો. એટલે જ એણે એવું વરદાન માગ્યું. બ્રહ્માએ એના એ વરદાનને માન્ય રાખ્યું ને તથાસ્તુ કહ્યું એથી એને અપાર આનંદ થયો અને તપની સાર્થકતા લાગી. પરંતુ એને અજ્ઞાનને લીધે સમજાયું નહિ કે પોતાના જ મુખથી એણે માનવો અથવા વાનરોથી મળતું મૃત્યુ માગી લીધું. કોઈ માનવ માગે કે હું પાણીમાં ડૂબીને ના મરું પરંતુ એ માગણીને મંજૂર રાખવામાં આવે તોપણ એનો અર્થ એવો તો ના જ થાય કે એ બીજી રીતે અને કદાપિ મરશે જ નહિ. રાવણના સંબંધમાં પણ એવું જ બન્યું. એણે મૃત્યુ તો માગી જ લીધું. અમરત્વ ના માગ્યું. એનું નામ ભગવાનની લીલા કે માયા. ભગવાન એને મારવા માગતા'તા પછી એ કેવી રીતે બચી શકે ? અમૃતત્વનું વરદાન કેવી રીતે મળી શકે ? એમની શક્તિએ જ એની અંદર મિથ્યાભિમાન જગાવીને એવું અધુરું વિપરીત વરદાન મંગાવ્યું.

રાવણ મરણથી શા માટે ડરતો હતો ? દુર્જનને મરણનો ડર લાગે છે; સજ્જનને નથી લાગતો. સજ્જન સદા નિર્ભય હોય છે; દુર્જન ડગલે ને પગલે ડરતો ફરે છે. રાવણે વરદાન માગવાનો અનોખો

અવસર આવ્યો ત્યારે જીવનની ઉજ્જવળતા ના માગી. ઉત્તમોત્તમ અને સેવાપરાયણ જીવન જીવવાનું વરદાન માગ્યું હોત તો એનું જીવન તથા શરીરધારણ સફળ બની જાત પરંતુ એ અવસરનો ઉચિત લાભ એનાથી ના ઉઠાવી શકાયો.

કુંભકર્ણના પાસે પહોંચીને બ્રહ્માએ એને પણ વરદાન માગવા કહ્યું : એ રોજરોજ આહાર કરે તો સંસાર ઉજ્જડ બને. વળી રાવણનું અને એનું સામર્થ્ય ભેગું થાય અથવા રાવણને એનો સક્રિય સાથ કે સહયોગ મળે તો પૃથ્વીની પીડા અનેકગણી વધી જાય. એટલે એની મતિને એમણે ફેરવી નાખી. પરિણામે એણે છ મહિનાની નિદ્રા માગી.

દિવસ દરમ્યાન દુનિયામાં આટલા બધા જાતજાતના અનર્થો થાય છે તો રાત પડતી જ ના હોત તો એ અનર્થો કેટલા બધી વધી જાત ? દુનિયાની દશા કેટલી બધી કરુણ થાત ? સારું છે કે રાત પડે છે ને મોટા ભાગના માનવો ઊંઘી જાય છે. તોપણ કેટલાક જાગે છે પણ ખરા, અને જાગનારા સઘળા સત્કર્મો કરે છે એવું થોડું જ છે ? એટલે તો દુનિયામાં રાતના સમય દરમિયાન પણ આટલા બધા અપરાધો થાય છે. કુંભકર્ણ જો છ મહિના જાગતો હોત તો રાવણ સાથેનો એનો આતંક વધી જાત. એટલે વરદાન માગતી વખતે એની બુદ્ધિ બદલાઈ ગઈ.

હવે આવ્યો વિભીષણનો વારો. વિભીષણનું જીવન સત્વગુણી, સંયમી અને સાત્વિક હતું. એના અંતરમાં ભગવાનની ભક્તિ ભરેલી. ભગવાનની ભક્તિથી ભરપુર અંતરવાળો માનવ બીજું શું માગે ? કાં તો ભગવાનને માગે અથવા ભગવાનની એકનિષ્ઠ ભક્તિને માગે. વિષયોમાં એનું મન જ લાગતું ના હોય, વિષયો એને અસાર અને અશાશ્વત અથવા અનર્થકારક લાગતા હોય, એટલે એ વિષયોની વાસના રાખે જ નહિ ને માગણી પણ ના કરે. એણે ભગવાનના ચરણકમળનો અમલ અનુરાગ માગ્યો. એ એને પ્રાપ્ત થયો. જીવનું સાચું કલ્યાણ ભગવાનની ભક્તિમાં જ રહેલું છે. એનું સાચું સાર્થક્ય ભગવાનનો સનાતન સુખશાંતિદાય સંબંધ બાંધવામાં, ભગવાનને ભજવામાં તેમજ ભગવાનની કૃપા મેળવવામાં જ સમાયેલું છે. જીવ એ હકીકતનું વિસ્મરણ કરીને ભળતે માર્ગે જાય છે ને લૌકિક લાલસાથી પ્રેરાઈને વિષયોમાં આસક્ત થાય છે માટે જ અશાંતિને અનુભવે છે ને બદ્ધ તથા દુઃખી બને છે.

રાવણ તથા કુંભકર્ણના સંયુક્ત સામર્થ્યથી સૃષ્ટિમાં આતંકનું સામ્રાજ્ય છવાઈ ગયું. સર્વત્ર અશાંતિ ફરી વળી. દેવોના દુઃખનો પાર રહ્યો નહીં. રાવણે પોતાના બાહુબળની કસોટી કરવા માટે કૈલાસ પર્વતને ઉપાડ્યો અને સામર્થ્યને સફળ સમજીને આનંદનો અનુભવ કર્યો. પોતાની પ્રચંડ શક્તિથી એણે સકળ વિશ્વને વશ કરી, જીતીને એના પર આધિપત્ય જમાવ્યું. ચારેકોર રાક્ષસોનો ઉપદ્રવ વધી ગયો. એમનું વર્ણન કરતાં તુલસીદાસજી જણાવે છે :

नहिं हरिभगति जग्य तप ग्याना । सपनेहुँ सुनिअ न बेद पुराना ॥
बाढ़े खल बहु चोर जुआरा । जे लंपट परधन परदारा ॥
मानहिं मातु पिता नहिं देवा । साधुन्ह सन करवावहिं सेवा ॥
जिन्ह के यह आचरन भवानी । ते जानेहु निसिचर सब प्रानी ॥

એ રાક્ષસોમાં ભગવાનની ભક્તિનો છાંટો પણ ન હતો. જ્ઞાન, તપ કે યજ્ઞની પ્રીતિ ન હતી. વેદપુરાણાદિ ધર્મગ્રંથોને એ સ્વપ્ને પણ નહોતા સાંભળતા. એમને લીધે સમાજમાં સર્વત્ર ચોર, જુગારી, શઠ, પરધનપરાયણ, પરસ્ત્રીરત લંપટ લોકો વધી ગયા. એ લોકો માતાપિતાની સેવા નહોતા કરતા. એમને કષ્ટ પહોંચાડતા. દેવતાઓને માનતા નહિ અથવા એમની અવજ્ઞા કરતા.

જેમના જીવનમાં એવાં લક્ષણો જોવા મળે તે સૌને રાક્ષસો સમજી લેવા. નિશાચર અથવા અસુર તરીકે ઓળખી લેવા. એમને દાનવ પણ કહી શકાય. એમની અંદરનું દેવત્વ દબાઈ ગયું હોય છે. કોઈની અંદર મરવા પડ્યું કે મરી પરવાર્યું હોય છે. એવા કુવિચારવાળા, કુમાર્ગગામી, કુકર્મપરાયણ માનવરાક્ષસોની અછત આજે પણ નથી. જે બીજાને રંજાડે, રડાવે ને મહામૂલા માનવજીવનને માયારંગે રંગીને રગદોળી નાખે, રસકસ વગરનું કરી દે, તે રાક્ષસ. ડરાવે, દબાવે, દ્રોહ કરે, નીતિમત્તામાંથી ડગે ને ડગાવે અને દ્વેષ કરે તે દાનવ. જેનામાં શુભનો છાંટો નથી અને અશુભનો અતિરેક છે એ અસુર. અવિદ્યાની મોહભરેલી રાત્રીમાં જે રમે છે ને કુકર્મો કરે છે તે નિશાચર.

એવા નિશાચરોથી પૃથ્વી પીડા પામી. એણે ગાયનું રૂપ ધારીને દેવોને તથા ઋષિમુનિઓને પોતાની કરુણ કથા કહી સંભળાવી. એ સઘળા પણ સુખાનુભવ નહોતા કરતા. એને આશ્વાસન આપીને એની સાથે એ બધા બ્રહ્માની પાસે પહોંચ્યા. એમનાં આર્ત અંતરને પરમાત્માની પરમશક્તિએ આકાશવાણી દ્વારા શાંતિ આપી. એવી રીતે શ્રીરામના પ્રાકટ્યની પૂર્વભૂમિકા પૂરી થઈ.

**નારદજીનો મોહ**

તુલસીકૃત રામાયણમાં રામના પ્રાકટ્યની બીજી પણ પૂર્વભૂમિકા વર્ણવાયેલી છે. એ પૂર્વભૂમિકા નારદજીના મોહને લગતી છે. નારદજીના મોહની કલ્પના પણ કેટલાકને નહિ આવે. એવા પુરુષો નારદજીના મોહ ના શબ્દપ્રયોગથી અને એના સમર્થનમાં કહેવાયેલા કથનકથી આશ્ચર્યાનુભવ કર્યા વિના રહેશે નહિ. એમના આશ્ચર્યાનુભવને આધાર વિનાનો કે નિરર્થક ના કહી શકાય. નારદજી ભગવાનના પરમ, પ્રથમ પંક્તિના ભક્ત અને કૃપાપાત્ર હતા. આદર્શ ભક્ત અથવા પરમાત્મનિષ્ઠ સંતશિરોમણિનાં સઘળાં લક્ષણો એમની અંદર વિદ્યમાન હતાં. એ સદા ભગવાનના ગૌરવપૂર્ણ ગુણગાન તથા સંકીર્તનાદિમાં મગ્ન રહેતા. એમના પૂર્વજન્મનો વૃતાંત શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણમાં એમના શ્રીમુખે વર્ણવાયેલો છે. એ વૃતાંતમાં આરંભથી માંડીને અંત સુધી એમણે ક્યાંય પણ, આંશિક રીતે પણ, પોતાના મોહની કે વ્યામોહની વાત નથી કરી. તો પછી એવા મોહનો ઉલ્લેખ કેવી રીતે કરી શકાયો ?

મન, વચન, કર્મથી પરમ પવિત્ર, બ્રહ્માના માનસપુત્ર, સુપ્રસિદ્ધ સદગ્રંથ નારદભક્તિસૂત્રના રચયિતા ઋષિમુનિ તથા સુરાસુર દ્વારા વંદ્ય, દેવર્ષિ નારદ મોહગ્રસ્ત બને એવું માની શકાય જ કેવી રીતે ? એ તો બીજાને મોહમુક્ત કરવાની શક્તિ ધરાવતા ને મોહમુક્ત કરી શકેલા. એટલે એમના મોહની કથા કવિની કલ્પનાકથા હોઈ શકે. તુલસીદાસજી ભક્ત તથા કવિ હોવાની સાથે કથાકાર પણ હતા. પોતાના જીવનમાં એમણે કથાપ્રેમ કેળવેલો. એ પ્રેમથી પ્રેરાઈને કથાત્મક શૈલીમાં, લોકરંજની ભાષામાં, રામાયણના આરંભમાં રોચકતા લાવવાના પ્રયોજનથી પ્રેરાઈને એમણે દેવર્ષિ નારદના મોહનો એ પ્રસંગ યોજ્યો હોય એવું લાગે

છે. ભગવાનના સાચા સંપૂર્ણ કૃપાપાત્ર ભક્તને કદી મોહ થઈ શકે ? અને એ પણ દેવર્ષિ નારદ જેવા ભક્તશિરોમણિને ? મોહનો એ પ્રસંગ એવો પદાર્થપાઠ આપવા માગતો હશે કે મન અતિશય ચંચળ છે, એનો કશો ભરોસો નથી, એ ક્યારે, ક્યાં અને કેવી રીતે મોહવશ બની જાય તે વિશે કશું જ ચોક્કસપણે કહી શકાય નહિ. તો પણ એવો પદાર્થપાઠ આપતા પ્રસંગમાં દેવર્ષિ નારદ જેવા ભારતીય સંસ્કૃતિના પરમ જાજ્વલ્યમાન પરમાદરણીય પુરુષવિશેષને જોડવાને બદલે કોઈક બીજા સામાન્ય અજ્ઞાત પાત્રનો ઉલ્લેખ કરાયો હોત તો ધારેલો હેતુ સિદ્ધ થવાની સાથે સાથે નારદજીને અન્યાય ના થાત. એમના વિશ્વવંદ્ય વ્યક્તિત્વને નિષ્કલંક રાખી શકાત અને નીચે ના લવાત.

એવા આશ્ચર્યોદગાર કાઢનારા પુરુષો પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ રાખીને આપણે દેવર્ષિ નારદને માટે પરિપૂર્ણ પ્રેમ તથા પૂજ્યભાવ ધારીને તુલસીકૃત રામાયણના પ્રસંગને એ પરમ પ્રાતઃસ્મરણીય મહાપુરુષોનાં ચરણોમાં પ્રણામ કરીને રજૂ કરીશું.

હિમાલયના પવિત્ર પ્રદેશમાં ગંગાના પ્રશાંત પ્રવાહ પાસે એક સુંદર આહલાદક આશ્રમને અને ગુફાને અવલોકીને દેવર્ષિ નારદનું મન પ્રસન્ન થયું. ત્યાં બેસવાથી પરમાત્માનો પ્રેમ પ્રબળ બન્યો અને એમને સમાધિનો અમૃતમય અલૌકિક અનુભવ થયો. એમની ઉત્તમ ગતિ દેખીને ઈન્દ્રે કામદેવને બોલાવીને એમના મનમાં મોહ જગાવવાનો આદેશ આપ્યો. એ આદેશાનુસાર કામદેવે નારદજી પાસે પહોંચીને વસંતની મદદથી પોતાની કામલીલાનો વિસ્તાર કર્યો. જેનું મન પવિત્ર તથા પરમાત્મમય હોય તેનામાં કામવાસના કદાપિ ના જાગી શકે. તેને મોહ થાય નહિ, ક્રોધ સતાવે નહિ, ને ભય પણ વ્યાપે નહિ. અપવિત્ર મનમાં કામના, વાસના અને વિકારો પેદા થાય છે. નારદજી તો પવિત્રતા તથા પરમાત્મપ્રેમના પરિપૂર્ણ પ્રતીક જેવા હતા. એમના મનમાં કોઈપણ પ્રકારનો ક્ષોભ ના પેદા થયો. વર્તમાન સમયમાં બહારનું વાતાવરણ વિકૃત અથવા વિપરીત હોવાથી મનની સ્થિરતા તથા શુદ્ધિ સહેલાઈથી નથી સાધી શકાતી. બહાર વિકૃતિ હોવાની સાથે માનવના મનમાં પણ વિકૃતિ છે તેથી સંયમનું કાર્ય વધારે કઠિન બને છે. માનવ જો પોતાના મનને શુભ અને શુદ્ધ કરતો થાય ને ભાવો, વિચારો તથા વ્યવહારને ઉદાત્ત બનાવવા માંડે તો સંયમની સાધના સહજ બને ને બાહ્ય વાતાવરણને દોષ દેવો ના પડે. દેવર્ષિ નારદની અવસ્થા અત્યંત અલૌકિક હોવાથી એમની ઉપર બહારના વિકૃત વાતાવરણની અસર ના થઈ. કામદેવે આખરે એમનું શરણ સ્વીકાર્યું.

નારદજીને એથી કામને જીતવાનો અહંકાર થયો. એમની ઈન્દ્રની સભામાં જઈને ને પાછળથી ભગવાન શંકર પાસે પહોંચીને એ પ્રસંગનું વર્ણન કર્યું. શંકરે એવું વર્ણન વિષ્ણુ ભગવાનને ના સંભળાવવાની સૂચના આપી.

ભક્તના, સાધકના, જ્ઞાનીના કે યોગીના જીવનમાં અહંકાર મોટામાં મોટો અંતરાય છે. એનો અંત આણવો જ રહ્યો.

દેવર્ષિ નારદે કામવિજયની વાત એકવાર ક્ષીરસાગરમાં જઈને ભગવાન વિષ્ણુને કહી. ભગવાને એમને કામવિજય માટે અભિનંદન આપવાની સાથે એમના અહંકારનો અંત આણવાનો નિર્ણય કર્યો. એમણે નારદજીના માર્ગમાં માયામય સુંદર નગરનું નિર્માણ કર્યું. એ નગરના રાજાની કુમારીના સ્વયંવરમાં અસંખ્ય

રાજાઓ આવેલા. નારદજી સ્વયંવરની વાત સાંભળીને રાજપ્રાસાદમાં પહોંચી ગયા. રાજાએ એમનો સત્કાર કર્યો ને રાજકુમારીને બોલાવીને એના ગુણદોષને વર્ણવવાની વિનતિ કરી. પરંતુ ..

देखि रूप मुनि बिरति बिसारी । बड़ी बार लगि रहे निहारी ॥

નારદજી એને જોઈને મંત્રમુગ્ધ કે મોહિત બનીને ભાન ભૂલી ગયા. લાંબા વખત પછી બોલ્યા કે આ જેને વરશે તે પુરુષ અમર બની જશે. એને સંગ્રામમાં કોઈ જીતી શકશે નહિ. અને સમસ્ત સંસાર એની સેવા કરશે.

નારદજી ત્યાંથી ચાલ્યા તો ખરા પરંતુ એમનું મન પાછળ રહી ગયું. એ સુંદર રાજકુમારીને મેળવવાનો મનોરથ કરતાં એ જપ, તપ, વ્રત બધું જ ભૂલી ગયા. મોહની ગતિ એવી ગહન છે. એ મતિને મોહિત કરે છે, મૂંઝવે છે, અને અવનવા મનોરથે ભરે છે.

નારદજીએ ભગવાનની સ્તુતિ કરી, સંનિધિ સાધીને રમણીય રૂપ માગ્યું. ભગવાને એમનું હિત કરવાનું વચન આપ્યું. એ કદી શરણાગત સાચા ભક્તનું અહિત નથી કરતા.

નારદજી ભગવાનની માયાથી મોહિત થઈને પોતાને અતિશય સૌન્દર્યવાન સમજીને સ્વયંવર મંડપમાં જઈને બેઠા તો ખરા, પરંતુ વરમાળા લઈને ઈચ્છાનુસાર વરનું વરણ કરવા ફરનારી રતિસમાન રૂપવતી રાજકુમારીએ એમની દિશામાં દૃષ્ટિપાત પણ ના કર્યો. એથી એમની વ્યાકુળતા વધવા લાગી. સ્વયંવર મંડપમાં ભગવાન વિષ્ણુ પણ પધારેલા. રાજકુમારીએ એમના કંઠમાં વરમાળા આરોપી એટલે નારદજી બેચેન બની ગયા. એમને એમનું જીવનસર્વસ્વ જતું રહેલું લાગ્યું. એમની બાજુમાં બેઠેલા શંકરના બે ગણોએ એમને દર્પણમાં મુખ જોવાની સૂચના કરી. એમને થયેલા માયાજન્ય મોહની તથા ભગવાને કરેલી એમની મુખાકૃતિની કુરુપતાની એમને માહિતી હતી. નારદજીએ પોતાની બેડોળ મુખાકૃતિને નિહાળી એટલે એમના ક્રોધનો અને એમની પીડાનો પાર ના રહ્યો. એમણે એ બંને શિવગણોને શાપ આપ્યો કે તમે બંને પાપી કપટી નરાધમ રાક્ષસો બનો. તમે મારા ઉપહાસનું એવું કઠોર કુફળ ભોગવો જેથી ફરી વાર કોઈ બીજા મુનિનો ભૂલેચૂકે પણ ઉપહાસ કરો નહિ.

નારદજીને પોતાની દુર્દશા કરનારા ભગવાન પર પણ ક્રોધ ચઢ્યો. પેલી રાજકુમારી સાથે ભગવાન એમને માર્ગમાં જ મળી ગયા. એમણે એમને ના કહેવા જેવાં કેટલાંય વચનો કહ્યાં અને જણાવ્યું કે તમે સદા ઈર્ષાખોર, કપટી તથા સ્વાર્થી રહ્યા છો. સમુદ્રમંથન વખતે તમે દાનવોને સુરા આપી, શંકર ભગવાનને વિષપાન કરાવ્યું, અને લક્ષ્મી તથા કૌસ્તુભમણિને પોતાની પાસે રાખ્યાં. સ્વાર્થથી પ્રેરાઈને મને પણ આ રાજકન્યાની પ્રાપ્તિ થાય નહિ એટલા માટે અતિશય કુરૂપ કર્યો. તમે મારી મુખાકૃતિ વાનર જેવી કરી દીધી માટે વાનરો તમારી મદદ કરશે. તમે મારો અસાધારણ અપકાર કર્યો હોવાથી નારીના વિયોગને લીધે દુઃખી થશો.

कपि आकृति तुम्ह कीन्हि हमारी । करिहहिं कीस सहाय तुम्हारी ॥
मम अपकार कीन्ही तुम्ह भारी । नारी बिरहँ तुम्ह होब दुखारी ॥

માયાને લીધે જ જીવ-સામાન્ય જીવ અને મોટામોટા મુનિવરો પણ મોહ પામે છે. માયાનું આવરણ દૂર થતાં મોહ પણ દૂર થાય છે. ભગવાનની માયા દૂર થવાથી રાજકુમારી રહી જ નહિ એકલા ભગવાન જ

દેખાયા. નારદજીએ એમને પ્રણામ કરીને પોતે આપેલા શાપને માટે પશ્ચાતાપ વ્યક્ત કર્યો. ભગવાને એમને શંકરના સો નામના જપ કરવા કહ્યું, ભગવાન અદૃશ્ય થયા અને નારદજીએ સત્યલોક પ્રતિ પ્રયાણ કર્યું. મોહમુક્ત નારદજીને પ્રયાણ કરતા પેખીને પેલા શિવગણો એમની પાસે પહોંચીને કહેવા લાગ્યા કે અમે વિપ્ર નથી પરંતુ ભગવાન શંકરના ગણો છીએ. અમે મહાભયંકર અપરાધ કર્યો છે. એમની ઉપર અનુગ્રહ કરતાં નારદજીએ જણાવ્યું કે તમે બંને રાક્ષસ તો થશો જ પરંતુ અતુલ બળ, તેજ તથા વૈભવથી સંપન્ન બનશો. બાહુબળથી તમે સમસ્ત સૃષ્ટિ પર વિજય મેળવશો ત્યારે ભગવાન માનવશરીર ધારણ કરશે. એમના હાથે યુદ્ધભૂમિમાં મૃત્યુ પામીને સંસારમાં પાછા નહિ ફરો.

કાળક્રમે એ બંને શિવગણો રાવણ અને કુંભકર્ણ થયા.

નારદજીની કથા છે તો અત્યંક રોચક અથવા આહ્લાદક તો પણ કવિકલ્પના પણ હોઈ શકે. એટલે નારદજી પ્રત્યે અસાધારણ આદરભાવ રાખનારા ભક્તો અને સંસ્કૃતિપ્રેમી પુરુષો એથી ખોટું ના લગાડે. કવિનો પોતાનો વિચાર પણ એ પ્રાતઃસ્મરણીય મહાપુરુષના વ્યક્તિત્વને વિકૃત કરવાનો નથી લાગતો. નારદજી અતિશય મહાન હતા. સાધારણ માણસો આ કથા પરથી એવું સમજે કે મોટામોટા મુનિવરો પણ મોહવશ થઈને ભાન ભૂલે છે તો આપણું તો શું ગજું ? એટલે આપણે વધારે ને વધારે જાગ્રત તથા સાવધાન રહેવું જોઈએ. જેથી મોહવશ થઈને ભાન ના ભૂલાય.

### મનુ અને શતરૂપાને વરદાન

ભગવાન રામના પૃથ્વી પરના પ્રાકટ્યનાં કારણોની પરંપરામાં એક બીજા કારણનો ઉલ્લેખ કરતાં સંતશિરોમણિ તુલસીદાસે મનુ અને શતરૂપાને ભગવાન દ્વારા અપાયેલા દૈવી વરદાનની કથા કહી બતાવી છે. મનુ મહારાજે જીવનની ઉત્તરાવસ્થામાં પોતાના પુત્ર ઉત્તાનપાદને રાજ્યધુરા સુપ્રત કરીને વનમાં પ્રસ્થાન કર્યું. દ્વાદશાક્ષર મંત્રનો જપ કરતાં જુદાંજુદાં તીર્થોની યાત્રાનો આનંદ લેતા મનને તીવ્ર તપશ્ચર્યામાં પરોવ્યું. વરસો સુધી પરમાત્માના પ્રત્યક્ષ દર્શનની અભિલાષાથી પ્રેરાઈને તપ કર્યું ત્યારે એક ધન્ય દિવસે આકાશવાણી થઈ કે વરદાન માગો. મનુ મહારાજે દિવ્ય સાકાર સ્વરૂપના દર્શનની ઈચ્છા દર્શાવી. ભગવાન દિવ્ય સ્વરૂપ સાથે એમની આગળ પ્રકટ થયા એટલે એમને આનંદ થયો. ભગવાને ફરીવાર વરદાન માગવા જણાવ્યું એટલે એમના જેવા પુત્રની માગણી કરી. શતરૂપાની પણ એવી જ ઈચ્છા જાણીને ભગવાને એમની ઈચ્છાને માન્ય રાખી અને કહ્યું કે શરીરને છોડ્યા પછી તમે બંને થોડાક સમય સુધી ઈન્દ્રપુરીમાં વાસ કરશો. ત્યાં ભાતભાતના ભોગોને ભોગવ્યા પછી અયોધ્યાનાં રાજારાણી બનશો ત્યારે સ્વેચ્છાથી માનવશરીરને ધારણ કરીને હું તમારો પુત્ર થઈશ. જગતને જન્માવનારી મારી આદિશક્તિ માયાનું પણ ત્યારે પ્રાકટ્ય થશે. એટલું કહીને ભગવાન અદૃશ્ય થઈ ગયા.

ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણે પુત્રરૂપે પ્રકટતાં પહેલાં વસુદેવ અને દેવકીને એમણે જન્માંતરમાં કરેલા પ્રખર તપ વિશે તથા પોતે તેમને પુત્રરૂપે પ્રકટવાના આપેલા વરદાન વિશે કહી બતાવ્યું છે. એ કથન સાથે આ વર્ણન અદભુત રીતે મેળ ખાય છે. ભાગવતના એ પ્રસંગ સાથે રામાયણના આ વર્ણનને સરખાવવા જેવું છે. આવા કથાપ્રસંગો પરથી સિદ્ધ થાય છે કે રામાયણ પણ ભાગવત અને એવા બીજા ગ્રંથોની જેમ

જન્માંતરમાં માને છે. જન્માંતરનો વિશ્વાસ ભારતીય શાસ્ત્રો તથા સત્પુરુષોનો અમર, અખંડ અને આદિ વિશ્વાસ છે એવું સહેલાઈથી કહી શકાય.

*

રામના પ્રાકટ્યની એ પૂર્વકથાની સાથે તુલસીકૃત રામાયણમાં શિવ તથા પાર્વતીનો કથાપ્રસંગ પણ વર્ણવાયેલો છે. રાવણે કપટવેશ ધારણ કરીને પંચવટીમાંથી સીતાનું હરણ કર્યું ત્યારે રામ વિરહાતુર બનીને લક્ષ્મણ સાથે સ્વાભાવિક રીતે જ સીતાની શોધ કરવા ચાલી નીકળ્યા. એમના એ વિરહાતુર સ્વરૂપને પાર્વતી સાથે વનમાં વિચરતા ભગવાન શંકરે નિહાળ્યું. એમણે 'જય સચ્ચિદાનંદ જગપાવન' કહીને રોમાંચિત બનતાં એમના તરફ અવારનવાર, અત્યંત અનુરાગપૂર્વક, અવલોકવા માંડ્યું. એમની એવી દશાને દેખીને પાર્વતીને શંકા થવા લાગી કે શંકર તો જગતવંદ્ય છે, જગદીશ્વર છે. એમને મુનિવરો, દેવો, મનુષ્યો અને બીજા બધા જ પગે લાગે છે. એમણે સચ્ચિદાનંદ પરમાત્મા કહીને રાજા દશરથના પુત્રને પ્રણામ કર્યા અને એમના સ્વરૂપદર્શનથી મંત્રમુગ્ધ બની ગયા એ કેટલું બધું આશ્ચર્યકારક છે ? વ્યાપક, વિરજ, અજ, અકળ, અદ્વૈત, એકમાત્ર પરબ્રહ્મ પરમાત્મા શરીરધારી મનુષ્ય હોઈ શકે ? ભગવાન વિષ્ણુએ દેવોના કલ્યાણ માટે મનુષ્યશરીર ધાર્યું હોય તો પણ શંકરની પેઠે તે પણ સર્વજ્ઞ છે. એ અજ્ઞાનીની પેઠે સ્ત્રીની શોધમાં ફરે ખરા ?

પાર્વતીની એ શંકાને પોતાની સવિશેષ શક્તિથી સમજી જઈને શંકરે જણાવ્યું કે વેદાદિમાં વર્ણવાયેલા, સિદ્ધઋષિમુનિયોગી દ્વારા ધ્યાન કરાતા, પરબ્રહ્મ પરમાત્મા પોતે જ પોતાના ભક્તોના મંગલ માટે સ્વેચ્છાથી રામરૂપે પ્રકટ થયા છે. તો પણ સતીની શંકા શમી નહિ. ત્યારે શંકરે એને રામની પરીક્ષા કરવા કહ્યું.

સતીએ વારંવાર વિચારીને સીતાનું સ્વરૂપ ધારણ કર્યું. એ રામના માર્ગમાં જઈને ઊભી રહી. લક્ષ્મણને સતીએ સીતાનું સ્વરૂપ ધાર્યું એથી આશ્ચર્ય થયું. રામ અંતર્યામી હોવાથી સતીના સ્વાંગને સમજી ગયા. એમણે એની પાસે પહોંચીને પ્રણામ કરીને પૂછ્યું કે શંકર ક્યાં છે, અને અરણ્યમાં આવી રીતે એકલાં કેમ ફરી રહ્યાં છો ?

પાર્વતીને એ માર્મિક મર્મભેદી શબ્દો સાંભળીને ખૂબ જ સંકોચ થયો. એના દુઃખનો ને પશ્ચાતાપનો પાર ના રહ્યો. માર્ગમાં પાછા ફરતી વખતે એણે પાછળ દૃષ્ટિપાત કરીને જોયું તો રામ, લક્ષ્મણ અને સીતા દેખાયાં. જ્યાં જ્યાં દૃષ્ટિ પડી ત્યાં ત્યાં રામ દેખાયા; અસંખ્ય બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં દર્શન થયાં. દેવતાઓ વિવિધ રીતે રામની પૂજા કરતા જણાયા, પરંતુ રામ એક જ હતા. એવા અભૂતપૂર્વ દર્શનથી આશ્ચર્યચકિત અને ભયભીત બનેલી પાર્વતી આંખ મીંચીને માર્ગમાં બેસી ગઈ. આંખને ઉઘાડીને પુનઃ જોયું તો કશું જ ના દેખાયું.

ભગવાન શંકરે એને કેવી રીતે પરીક્ષા લીધી તે વિસ્તારથી જણાવવા કહ્યું તો એણે એમનાથી સઘળી હકીકત છૂપાવવાના આશયથી જણાવ્યું કે મેં કોઈ પ્રકારની પરીક્ષા નથી લીધી. તમારી પેઠે પ્રણામ જ કર્યા. મારા મનમાં શ્રદ્ધા છે કે તમારું કથન કદી અસત્ય હોય જ નહિ.

શંકરે ધ્યાન ધરીને સતીના સમસ્ત ચરિત્રનું નિરીક્ષણ કર્યું. એણે સીતાનો સ્વાંગ ધારણ કર્યો એથી એમને શોક થયો. એમણે સંકલ્પ કર્યો કે આ સતીશરીરનો સ્પર્શ ના કરવો. કૈલાસ પર્વતના પ્રશાંત પ્રદેશમાં પહોંચીને એ સુદીર્ઘ સમાધિમાં બેસી ગયા.

ભગવાન રામની અસાધારણતા અથવા લોકોત્તરતા દર્શાવવા તુલસીદાસજીએ પોતાના રામચરિતમાનસમાં આ કથાને સરસ રીતે સુગ્રથિત કરી છે. કવિની કલ્પના અત્યંત આકર્ષક અથવા રોચક છે એની ના નથી. પરંતુ આ કથાપ્રસંગમાં રામના મહિમાનું પ્રતિપાદન કરવાનો પ્રામાણિક પ્રેમપૂર્વકનો પૂજ્યભાવયુક્ત પ્રયત્ન કરવા જતાં જગજ્જનની સચ્ચિદાનંદસ્વરૂપા આદ્યશક્તિ માતા પાર્વતીનું પાત્રાલેખન પાંગળું બન્યું છે અને એના વિશદ વિરાટ વ્યક્તિત્વને થોડોક અન્યાય થયો છે, અજ્ઞાત રીતે પણ અન્યાય થયો છે, એવું તટસ્થ રીતે વિચારતાં લાગ્યા વિના નથી રહેતું. જગદંબા પાર્વતી પોતે શંકરની પેઠે સર્વજ્ઞ છે. એવો છદ્મવેશ ધારણ કરીને, શંકરના શબ્દોમાં અશ્રધ્ધા રાખીને, રામની પરીક્ષા કરવા જાય એ વાત કથાની દૃષ્ટિએ સારી લાગવા છતાં વાસ્તવિકતાની દૃષ્ટિએ એટલી વિશ્વસનીય નથી લાગતી. એમાં પણ શંકરના પૂછવાથી પાર્વતી પોતાની પરીક્ષાની વાત એમનાથી અસત્યભાષણ કરીને છૂપાવે છે એ હકીકત પાર્વતીના પવિત્ર પ્રકાશવાન પ્રતાપી પાત્રને એકદમ ઝાંખું કરીને એક ક્ષતિભરેલી સર્વસાધારણ સ્ત્રીની કક્ષામાં મૂકી દે છે. રામાનુરાગી ભક્તકવિને આનો ખ્યાલ નથી આવ્યો. એમને શંકર તથા પાર્વતીને માટે પરમપ્રેમ તથા પૂજ્યભાવ છે. રામચરિતમાનસના આરંભમાં જ બીજા શ્લોકમાં એ બંનેને વંદન કરતાં એમને સુંદર રીતે ગાયું છે કે

भवानीशंकरौ वन्दे श्रद्धाविश्वासरूपिणौ ।
याभ्यां विना न पश्यन्ति सिद्धाःस्वान्तःस्थमीश्वरम् ॥

શ્રદ્ધા અને વિશ્વાસરૂપે રહેલાં પાર્વતી અને શંકરને વંદું છું. એમના અનુગ્રહ વિના સિદ્ધપુરુષો પોતાના હૃદયમાં રહેલા ઈશ્વરનો સાક્ષાત્કાર નથી કરી શકતા.

એવી જગદંબાને એક સામાન્ય કક્ષાની સ્ત્રી તરીકે અંકિત કરવાની ભૂલ એ જાણીજોઈને કદાપિ ના કરે. સીતાના સ્વયંવર પહેલાં એમણે સીતા પાસે એની પ્રતિમાની પૂજા તથા પ્રશસ્તિ કરાવી છે અને એની દ્વારા સીતાને આશીર્વાદ અપાવ્યા છે !

*

પરમાત્મા પૃથ્વી પર માનવતનુને ધારીને પ્રકટવા માગે તો એમને કોણ અટકાવી શકે તેમ છે ? એમની વચ્ચે કોણ આવી શકે ? એમને પ્રકટવું જ હોય તો એવા પ્રાકટ્યને માટે બીજા બાહ્ય નિમિત્તની કે કારણની અનિવાર્ય આવશ્યકતા છે એવું થોડું જ છે ? એ તો સર્વશક્તિમાન છે. જે ધારે તે, ધારે ત્યારે, ધારે તેવી રીતે કરી શકે. વેદ કહે છે કે એમણે ઈચ્છા કરી, સંકલ્પ કર્યો, કે એકમાંથી અનેક બને. એ ઈચ્છાનું કે સંકલ્પનું કારણ ? કારણ કશું જ નહિ. એ સ્વતંત્ર હોવાથી એમની સ્વતંત્ર ઈચ્છા એ જ કારણ. વસ્તુસ્થિતિ એવી હોવા છતાં પણ એમની પાછળ કેટલીકવાર કોઈક નાનુંમોટું, સાધારણ અથવા અસાધારણ કારણ કામ કરી જાય છે. કોઈને આપેલું વરદાન, કોઈ દ્વારા અપાયેલો શાપ, દુષ્ટદમન, ભક્તરક્ષણ, ધર્મસ્થાપન કે

અધર્મનું નિવારણ. રામાયણમાં મહર્ષિ વાલ્મીકિએ અને તુલસીદાસજીએ કેટલાંક કારણોનો ઉલ્લેખ કર્યો છે તે ઠીક જ થયું છે. એ કારણો પ્રેરણાત્મક તથા રસપ્રદ છે.

શ્રીરામને ઈશ્વરના અવતાર તરીકે માનવાને બદલે એમના સમગ્ર જીવનનું મૂલ્યાંકન એમને માનવ અથવા મહામાનવ માનીને કરીએ તો પણ એમના પ્રત્યે પુષ્કળ પ્રેમ થાય છે, પૂજ્યભાવ જાગે છે, અને એમના જ્યોતિર્મય જીવનમાંથી ઉત્તમોત્તમ પ્રેરણાની પ્રાપ્તિ સહજ બને છે. રામ અને કૃષ્ણ બંનેના સંબંધમાં એ હકીકત સાચી ઠરે છે. આપણે ત્યાં વિચારકોનો એક વર્ગ એવો છે તે જણાવે છે કે રામ અને કૃષ્ણ ઈશ્વરાવતાર છે એવું કહીને ભારતની પ્રજાને સંમોહિત કરવામાં તથા ખોટે રસ્તે વાળવામાં આવી છે; એમના મંદિરો બાંધીને એમની લાગણીપ્રધાનતાનો લાભ લેવાયો છે; પરંતુ એમનું કથન બરાબર નથી. ભારતની પ્રજાને કોઈયે સંમોહિત નથી કરી કે એની લાગણીપ્રધાનતાનો લાભ કે ગેરલાભ લઈને ખોટે રસ્તે નથી વાળી. મંદિરો તો એણે પોતે એના પથપ્રદર્શક કે જ્યોતિર્ધર જેવા મહાપુરુષોને અંજલિ આપવા, એમની જીવનોપયોગી પાવન સંસ્મૃતિને સાચવી રાખવા, સ્વેચ્છાથી કૃતજ્ઞતાપૂર્વક, પ્રેમભાવને પ્રકટાવવા માટે બાંધ્યા છે. એમનાં જીવન એને એટલાં બધાં ઉત્તમ, આદર્શ અને પ્રેરણાપ્રદાયક લાગ્યાં છે કે વરસો વીતવા છતાં એ એમને આજે પણ નથી ભૂલી. એ એમને મહામાનવ તો માને જ છે, પરંતુ પોતાની અસાધારણ શ્રદ્ધાભક્તિને ને પૂજ્યભાવનાને પ્રકટ કરવા એમને ઈશ્વરાવતાર માનીને પૂજતી હોય તો એમાં કશું ખોટું નથી. ભગવાન બુદ્ધને, મહાવીરને, ઈશુને, દત્તાત્રેયને, હનુમાનને ને જગદંબાને પણ ઈશ્વરમય માનીને એમનાં મંદિરો ક્યાં નથી બાંધવામાં આવ્યાં ?

કેટલાક લોકો જણાવે છે કે રામને ઈશ્વર તરીકે માનવાથી એટલી બધી પ્રેરણા નથી મળતી. કારણ કે એ અવસ્થામાં માનવો માને છે કે એ તો ઈશ્વર અથવા ઈશ્વરાવતાર હતા તેથી અહંતા, મમતા, આસક્તિ તેમજ રાગદ્વેષથી રહિત રહી શકાય. આપણા જેવા સાધારણ માનવોથી કાંઈ એવી રીતે રહી શકાય ? એમને માનવ તરીકે માનવાથી એવો વિચાર નથી આવતો અને એમના જેવા ગુણોને કેળવવાનું મન થાય છે. એમ થાય છે કે એમના જેવા પુરુષની પેઠે આપણને પણ આપત્તિ આવી શકે છે. આપણે એમાંથી સંભાળપૂર્વક રસ્તો કરવો જોઈએ. પરંતુ જે એમને ઈશ્વર કે ઈશ્વરાવતાર તરીકે માને છે તે પણ એવું સમજી શકે છે કે એમના જેવાને આટલા બધા શુદ્ધ, સંયમી, સ્વાર્થરહિત, સેવાપરાયણ રહેવું પડ્યું તો આપણે તો રહેવું જ જોઈએ. એમના જેવાને આપત્તિ આવી તો આપણને તો આવે જ એમાં નવાઈ શી ? દુઃખથી એ ડરી કે ડગી અને વિપથગામી ના થયા એમ આપણે પણ ગમે તેટલું દુઃખ પડે કે ગમે તેટલી પ્રતિકૂળતાઓ આવે તોપણ ડરીએ, ડગીએ કે આપણા અપનાવેલા જીવનવિકાસ માર્ગને મૂકી દઈને વિપથગામી બનીએ નહિ એનું ધ્યાન રાખીએ. ન્યાય, નીતિ તથા સત્યના પાવન પથ પર એમની પેઠે પગલાં ભરીએ. એમને ગમે તે પ્રકારે માનીએ તોપણ એમના જીવનના શ્રવણથી તથા ચિંતનમનનથી સર્વપ્રકારે લાભ જ થાય છે. એમને કેવી રીતે માનવા તે મુખ્યત્વે માનવની શ્રદ્ધાભક્તિનો સવાલ છે. મહર્ષિ વાલ્મીકિ તથા તુલસીદાસજી એમને પરમાત્માના પ્રતિક, પ્રતિનિધિ કે અવતાર માને છે તો પણ એ એક મહામાનવ તો રહે છે જ અને એજ રીતે જીવે છે. આપણે એમને ગમે તેવી રીતે માનીએ ને મૂલવીએ તોપણ એમની જીવનકથાનું શ્રવણમનન આપણે માટે કલ્યાણકારક જ થવાનું. ગોળ છે જ ગળ્યો પછી એની જાતને જાણીને ખાવ તોપણ ગળ્યો લાગે

ને ના જાણીને ખાવ તોપણ ગળ્યો લાગે. રામાયણના રચયિતા પ્રાતઃસ્મરણીય પરમપ્રતાપી મહાપુરુષોએ પોતાની સ્વાનુભવસિદ્ધ દૃષ્ટિને રજૂ કરી છે. બીજાને જે દૃષ્ટિથી જોવું હોય તે દૃષ્ટિથી ભલે જુએ. રામ તથા રામચરિત કોઈયે દૃષ્ટિથી જોવામાં આવશે તોપણ પ્રેરક અને આશીર્વાદરૂપ થવાનું એવો એમનો વિશ્વાસ છે. અને કોઈ પ્રકારનો ખોટો હઠાગ્રહ તો એવા મહાત્મા પુરુષોમાં હોય જ કેવી રીતે ? પોતાની દૃષ્ટિને બીજા પર લાદવાની લાલસા તો એમનામાં હોય જ નહિ.

* * *

## 3. વિશ્વામિત્ર મુનિના આશ્રમમાં

**પ્રાકટ્ય**

આપણી આ પાર્થિવ પૃથ્વી પર થતું મહાપુરુષોનું પ્રાકટ્ય કાંઈ સર્વસાધારણ નથી હોતું. એમના પરમપવિત્ર પ્રાદુર્ભાવનો પ્રસંગ સામાન્ય નથી હોતો. એમનો આવિર્ભાવ અનેક રીતે આશીર્વાદરૂપ હોય છે. એમાંય જ્યારે અવની અનેક જાતના આતંક, અનર્થ અને અનિષ્ટથી આર્ત હોય અને એમની સાચેસાચ અનિવાર્ય આવશ્યકતા હોય ત્યારે તો એ આવિર્ભાવ અધિક કલ્યાણકારક થઈ પડે છે. સામાન્ય સંજોગોમાં પણ એમના પ્રાકટ્યની પળ એક પરમપાવની ઉત્સવપળ હોય છે. એ ક્ષણ સંસારના આધ્યાત્મિક ઈતિહાસમાં શકવર્તી મનાય છે. એ પોતાનું આગવું મહત્વ ધરાવે છે. રામના પ્રાકટ્યની પળ પણ એવી જ પુનિત પળ હતી. રામ જેવા પ્રાતઃસ્મરણીય મહામાનવો આંખ ઉઘાડીને ધરતીને ધન્ય કરે છે. ધરતીની એથી અધિક ધન્યતા બીજી ભાગ્યે જ હોય છે.

અયોધ્યામાં રાજા દશરથને ત્યાં કૌશલ્યાને માતા બનાવીને રામ પ્રકટ થયા એટલે એમને અને સૌને આનંદ આનંદ થઈ રહ્યો. એમની ચિરકાળની સાધનાની સિદ્ધિ થઈ. એમની પ્રેમપૂર્વકની પ્રતીક્ષા ફળી. જીવન ધન્ય બન્યું. શરીરધારણ સાર્થક, સફળ થયેલું લાગ્યું. રોમરોમમાં રસ પથરાયો. રામને જોઈને એમનાં લોચન તો કૃતાર્થ થયાં જ પરંતુ સાથેસાથે એમનું અનુરાગપૂર્ણ અંતર, એમના અસ્તિત્વનું અણુએ અણુ આનંદથી આપ્લાવિત બનીને હિલોળે ચઢ્યું. અંધકારથી આવૃત આકાશમાં જાણે એકાએક પૂર્ણ ચંદ્રનો ઉદય થયો. સંતપ્ત સૃષ્ટિ પર મેઘની વૃષ્ટિ વરસી. જન્માંધને દૃષ્ટિ સાંપડી. સુકાયેલી સરિતામાં એકાએક પૂર આવ્યું. તૃષાર્ત પથિકને પરબ મળી. રામના જન્મના સમાચારથી જ દશરથમાં નવજીવન પ્રકટ્યું. કૌશલ્યાની અવસ્થા પણ એવી જ અનોખી, આનંદમય, અલૌકિક થઈ ગઈ.

રામના જન્મ પછી કૈકેયીએ ભરતને જન્મ આપ્યો. અને છેવટે સુમિત્રાએ લક્ષ્મણ તથા શત્રુઘ્નને. એમના જન્મથી અયોધ્યામાં મોટો ઉત્સવ થયો. જનતા અતિશય આનંદમાં આવી ગઈ. ચૈત્ર સુદ નવમીને દિવસે રામનો જન્મ થયો એટલા માટે એને રામનવમી પણ કહેવામાં આવે છે. પ્રકૃતિએ પણ પરમપ્રેમથી પ્રેરાઈને પ્રસન્નતાપૂર્વક એમના પ્રાકટ્યનો ઉત્સવ કર્યો. આહ્લાદ દાખવ્યો. એનો પ્રાણ પુલકિત બન્યો. એણે સુમધુર શીતળ પવિત્ર પવન પ્રસરાવીને અને બીજી રીતે એમનું સ્વાગત કર્યું. એ સ્વાગત કેમ ના કરે ? કોઈક સામાન્ય અધિકારી કે રાજપુરુષ પધારે છે ત્યારે એમનું સાદર સસ્નેહ સ્વાગત કરવામાં આવે છે તો આ તો લોકોત્તર મહાપુરુષ. મહીમંડળનો ભાર ઉતારવા અવતરેલા પરદુઃખભંજન પરમ પુરુષ. એમના દર્શનથી એનું દિલ શા માટે ના ડોલે ? એમને અવલોકીને એનું અંતઃકરણ અને અંગપ્રત્યંગ શા માટે આહ્લાદ ના અનુભવે ? મહર્ષિ વાલ્મીકિ કહે છે કે એમના જન્મસમયે ગાંધર્વોએ મધુર ગીત ગાયાં. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ વરસી. દેવતાઓ દુંદુભિ વગાડવા લાગ્યા. તુલસીદાસજી પણ પ્રકારાંતરે એવું જ વર્ણન કરે છે. આપણું મન અને અંતર આટલાં બધાં વરસો પછી આજે પણ શ્રીરામજન્મની કલ્પનાજન્ય સ્મૃતિથી આનંદી ઊઠે છે. આજે પણ પ્રત્યેક વરસે પ્રત્યેક રામનવમીને

દિવસે બપોરે મંદિરોમાં અને માનવીનાં મનમંદિરોમાં રામજન્મને વધાવતી અક્ષય આરતી થાય છે અને ગૌરવાન્વિત ઘંટ વાગે છે. મનુષ્યજાતિને એ એકીસ્વરે સ્મૃતિ કરાવે છે કે રાવણનું વર્ચસ્વ ગમે તેટલું વધી પડે તોપણ રામ છે ત્યાં સુધી નાહિંમત બનવાનું, ડરવાનું કે નાસીપાસ થવાનું કારણ નથી. અસત્ય, અન્યાય, અધર્મનો અંત આવશે અને ફરી પાછી સત્યની, ન્યાયની, ધર્મની પ્રસ્થાપના થશે. રામનવમી એવી રીતે માનવજાતિને અવનવી અક્ષય આશા આપે છે.

તુલસીદાસજી સમય સમય પર અત્યંત આદરભાવથી પ્રેરાઈને ભાવપૂર્ણ પ્રાર્થનાઓ કે સ્તુતિઓ રચે છે. એમના રામાયણની એ એક નોંધપાત્ર મહત્વની વિશેષતા છે. એમની પ્રશસ્તિઓ કે પ્રાર્થનાઓ ખૂબ જ હૃદયસ્પર્શી અને હૃદયંગમ છે. રામજન્મને વધાવતાં એ સરસ ભાવમય શબ્દોમાં જે જણાવે છે એની સાથે આપણું અંતર સંવાદ સાધીને સૂર પૂરાવે છે :

भये प्रगट कृपाला दीनदयाला कौसल्या हितकारी ।
हरषित महतारी मुनि मन हारी अद्भुत रूप बिचारी ॥
लोचन अभिरामा तनु घनस्यामा निज आयुध भुज चारी ।
भूषन वनमाला नयन बिसाला सोभासिन्धु खरारी ॥
कह दुइ कर जोरी अस्तुति तोरी केहि बिधि करौं अनंता ।
माया गुन ग्यानातीत अमाना वेद पुरान भनंता ॥
करुना सुख सागर सब गुन आगर जेहि गावहिं श्रुति संता ।
सो मम हित लागी जन अनुरागी भयौ प्रकट श्रीकंता ॥
ब्रह्मांड निकाया निर्मित माया रोम रोम प्रति बेद कहै ।
मम उर सो बासी यह उपहासी सुनत धीर मति थिर न रहै ॥

રામે પહેલાં દિવ્ય ચારુ ચતુર્ભુત સ્વરૂપે માતાને દર્શન આપ્યું, પરંતુ માતાની પ્રાર્થનાને માન્ય રાખીને પાછળથી મનહર માનવરૂપ ધારણ કર્યું એટલે માતાને શાંતિ થઈ. માયાના ગુણોથી અને ઈન્દ્રિયોથી પર પરમાત્માએ વિશ્વના મંગલ માટે માનવશરીર ધાર્યું.

*

દશરથ રાજાના રાજપ્રાસાદમાં રામ પધાર્યા એથી દશરથ ધન્યતાને અનુભવે એ સ્વાભાવિક હતું. દશ ઈન્દ્રિયોવાળા દેહરૂપી રથમાં બેઠેલા જીવરૂપી દશરથના હૃદયરૂપી રાજપ્રાસાદમાં રામ પ્રકટે કે પધારે નહિ ત્યાં સુધી એને આનંદનો, આરામનો કે ધન્યતાનો અનુભવ ના થઈ શકે. જીવ બીજું બધું જ મેળવે, સામ્રાજ્યના સુખને પણ પ્રાપ્ત કરે, પરંતુ રામને મેળવે નહિ ત્યાં સુધી સનાતન સુખશાંતિથી સંપન્ન ના બની શકે. એનો આનંદ અધુરો રહે. એનું જીવન પૂર્ણાવસ્થા પર ના પહોંચે. જે સૌમાં રમે છે ને સૌને પોતાની અંદર રમાડે છે, સૌને શાશ્વત સુખશાંતિ અથવા આરામ આપે છે એ રામ. જીવાત્મારૂપી મહારાજા દશરથને ત્યાં અંતરની અયોધ્યામાં રામ ક્યારે પ્રકટે કે પધારે ? સૌથી પહેલાં તો એને માટે જીવાત્મામાં રાજા દશરથ જેવી આતુરતા જોઈએ. એ ઉપરાંત એકધારો પ્રખર પ્રામાણિક પ્રયત્ન જોઈએ. રામને જે મેળવવા માગે છે તેને રામ જરૂર મળે છે. રામને માટેનો પ્રેમ જોઈએ. જીવાત્માનો એવો પ્રેમ ક્યાં છે ? એનો પ્રેમ બીજા ભળતા

અશાશ્વત પરિવર્તનશીલ પદાર્થો પર કેન્દ્રિત થયેલો છે. એને રામ સિવાયના બીજા અનેક પદાર્થોનું આકર્ષણ છે. એની દુન્યવી આસક્તિ એના ક્લેશ, બંધન અને દુઃખનું કારણ છે. જીવરૂપી દશરથને જો સાત્વિક સદબુદ્ધિ કે સદવૃત્તિરૂપી કૌશલ્યા મળે તો એના સહયોગથી જીવ રામકૃપા પામીને ધની, ધન્ય અને સફળમનોરથ બની શકે. જીવનમાં સત્સંગનો સુંદર યજ્ઞ થાય, દૈવી સંપત્તિનો મહાપ્રસાદ મળે, તો એની કાયાપલટ થઈ જાય. આજના અતૃપ્ત અશાંત માનવે એ સંદેશને ગ્રહણ કરવાનો છે. દશરથ રાજા માનવતાથી મંડિત હતા તેમ તેણે પણ માનવતાથી મંડિત થવું પડશે. તો જ તેના હૃદયસ્થ રામ- આત્મારામ જાગી શકશે.

### વિશ્વામિત્ર મુનિની માગણી

જીવનમાં આનંદના અનેકાનેક અવસરો આવે છે ખરા પરંતુ એ ક્યાં કાયમ માટે રહી શકે છે ? આનંદના અથવા અવસાદના, હર્ષ કે શોકના, લાભના કે હાનિના, શાંતિના અથવા અશાંતિના, અને ઉત્થાનના કે પતનના પ્રસંગો સદાને માટે નથી રહી શકતા. એ એમની લાક્ષણિકતા છે. દિવસ પછી રાત તો રાત પછી દિવસ. વચ્ચે થોડો વખત ઉષા તો થોડોક સમય સંધ્યા. કો'કવાર અમાસ તો પુનઃ પાછી પુર્ણિમા. છાયા પછી તાપ તથા તાપ પછી છાયા. જીવનના વિશાળ ફલક પર એવા એવા અનેકવિધ અભિનયો થયા જ કરે છે. એટલે માનવે સુખથી અતિઆનંદિત નથી બનવાનું, ઉન્માદી કે અંધ નથી થવાનું ને દુઃખથી ડરી, ડગી કે ભાંગી નથી પડવાનું. બંને અવસ્થામાં ભાન નથી ભૂલવાનું. અવિવેકી નથી થવાનું. પોતાના ધ્યેયને યાદ રાખીને એના પ્રત્યે આગળ વધવાનું છે.

મહારાજા દશરથના અને કૌશલ્યાના જીવનમાં રામની સંનિધિને લીધે જે આનંદનો આવિર્ભાવ થયેલો તે લાંબો વખત ટક્યો નહિ. એ આનંદાર્ણવમાં એકાએક ઓટ આણે એવો એક આકસ્મિક પ્રસંગ બની ગયો. એ જમાનાના પરમજ્ઞાની મહામુનિ વિશ્વામિત્ર રાજા દશરથ પાસે આવી પહોંચ્યા. વિવિક્તવાસી તપસ્વીશ્રેષ્ઠ મહાત્માશિરોમણિ વિશ્વામિત્રને જોઈને રાજાને અતિશય આનંદ થયો. પોતાને પરમસૌભાગ્યશાળી સમજીને એમણે એમનો સાદર સત્કાર કર્યો અને ઈચ્છાનુસાર સેવા કરવાનો આદેશ આપવા જણાવ્યું. એમણે કહ્યું કે તમે મારા અતિથિ હોવાથી દેવતાતુલ્ય છો. તમને સફળમનોરથ કરવાનું મારું કર્તવ્ય છે. એવી કોઈપણ માગણી નથી જેને હું સંતોષી ના શકું. માટે કોઈપણ પ્રકારના સંકોચ સિવાય જે પણ માગવું હોય તો માગી લો.

મહામુનિ વિશ્વામિત્રને પોતાને માટે તો કશું માગવાનું હતું નહિ. ધન, યશ, વિલાસ, વૈભવ, ઐશ્વર્ય, કશાની એમને આવશ્યકતા ન હતી. એવી કોઈ લૌકિક કે પારલૌકિક ઈચ્છાથી પ્રેરાઈને એ પધાર્યા નહોતા. એમનું જીવન તપ તથા નિઃસ્વાર્થ સેવાના પ્રતીકરૂપ હોવાથી એમના શુભાગમનનું પ્રયોજન પણ સ્વાર્થરહિત તથા પારમાર્થિક હતું. સાચા સંતો બીજાની સેવા-સહાયતા માટે જ જીવતા હોય છે. એમણે જણાવ્યું કે તમારા વચનમાં મને વિશ્વાસ છે. તમારા વિના બીજા કોઈ સામાન્ય માનવના મુખમાંથી આવા વચન ભાગ્યે જ નીકળી શકે. એને માટે તમને અભિનંદન આપું છું.

વિશ્વામિત્રે એ પછી એમના આગમનનું કારણ કહ્યું. ઋષિમુનિઓ અરણ્યના એકાંત પ્રદેશમાં રહીને યજ્ઞ, તપ તથા બીજી સાધનાઓ કરતા. મહામુનિ વિશ્વામિત્રે પોતે પણ એક અલૌકિક સુખશાંતિદાયક યજ્ઞ

આરંભેલો. પરંતુ એમાં અને અરણ્યના અન્ય ઋષિમુનિઓની એકાંતિક સાધનામાં મારીચ અને સુબાહુ નામના બે મહાબળવાન રાક્ષસો અંતરાયો ઊભા કરતા. વિશ્વામિત્રની યજ્ઞવેદી પર એમણે રક્ત અને માંસની વૃષ્ટિ કરેલી. મુનિ એમને શાપ આપવા સમર્થ હોવા છતાં શાપ નહોતા આપતા કારણ કે એથી યજ્ઞાનુષ્ઠાનમાં વિઘ્ન ઉપસ્થિત થવાનો સંભવ હતો. એ રાક્ષસોનો નાશ કરવા માટે શ્રીરામ સંપૂર્ણ સમર્થ છે એવું માનીને એ એમની અને લક્ષ્મણની માગણી કરવા આવેલા.

રામનું શરીરધારણ બીજાની સેવા માટે જ હતું. સેવાના એ સ્વર્ણસમયની સક્રિય શરૂઆતનો સુ-અવસર હવે આવી પહોંચ્યો. પરંતુ દશરથને એ માગણીથી દુઃખ થયું. મમત્વ માનવને સદા દુઃખી કરે છે. મોટી ઉંમરે, જીવનની ઉત્તરાવસ્થામાં, માંડ માંડ રામ મળ્યા અને હવે આટલા સ્વલ્પ સમયમાં એમનાથી છૂટા પડવાનો અવસર આવશે ? રામલક્ષ્મણના વિયોગની કલ્પનાથી એ બેહોશ બની ગયા. છેવટે વશિષ્ઠ મુનિએ એમને સમજાવ્યા અને હિંમત આપી ત્યારે એમણે એમના વિષાદને દૂર કર્યો. રામ તો મહામુનિ વિશ્વામિત્રના દેવદુર્લભ દર્શનથી આનંદમાં આવી ગયા. એમની સાથે અરણ્યમાં જનહિત માટે જવામાં એમને કશી આપત્તિ ના લાગી. માનવહિતના મંગલમય મહાન યજ્ઞમાં એવા તો અનેક અસુરો અંતરાયરૂપ થવાના હતા. એમનાથી અન્યને રક્ષવા માટે જ એમનું જીવન હતું. એ લોકોત્તર સાચા સમાજસેવક થવા સારુ સરજાયેલા. પિતા, માતા તથા ગુરુજનોની અનુમતિ અને આશિષ મેળવીને એ લક્ષ્મણ સાથે મહામુનિ વિશ્વામિત્રી સુખદ છત્રછાયામાં ચાલી નીકળ્યા. નિર્મમતાની દીક્ષા એમના જીવનમાં એવી રીતે કૌમાર્યકાળથી જ શરૂ થઈ.

पुरुषसिंह दोउ बीर हरषि चले मुनि भय हरन ॥
कृपासिंधु मतिधीर अखिल बिस्व कारन करन ॥२०८(ख)॥

### બલા અને અતિબલા વિદ્યા

વાલ્મીકિ રામાયણના બાલકાંડના બાવીસમા સર્ગમાં કહેવામાં આવ્યું છે કે અયોધ્યાથી દોઢ જોજન દૂર જઈને સરયૂ નદીના તટ પર વિશ્વામિત્રે રામને જણાવ્યું કે બલા અને અતિબલા નામથી પ્રસિદ્ધ આ મંત્રસમુદાયને ગ્રહણ કરો. એના પ્રભાવથી તમને કદી થાક નહિ લાગે, તાવ નહિ આવે, અને તમારા સ્વરૂપમાં કોઈ ફેરફાર થશે નહીં. સુતી વખતે અથવા અસાવધાનીની અવસ્થામાં પણ તમારા પર અસુરો આક્રમણ કરી શકશે નહીં. તમારા બાહુબળની બરાબરી કોઈપણ નહિ કરી શકે. સૌભાગ્ય, માધુર્ય, જ્ઞાન તથા ચાતુર્યમાં તમે અજોડ બનશો. એમના અભ્યાસથી ભૂખતરસ નહિ લાગે. તમે સમસ્ત સંસારમાં યશસ્વી થશો. મેં એ વિદ્યાની સિદ્ધિ કરી હોવાથી તમને સુયોગ્ય સમજીને એ આપી રહ્યો છું. એ અનેક પ્રકારે ફળદાયક થશે.

વિશ્વામિત્રે એમને એ અલૌકિક વિદ્યા અર્પણ કરી.

એ શબ્દો પરથી સમજાય છે કે ભારતના ઋષિમુનિ પાસે એ યુગમાં અનેક પ્રકારની અસાધારણ અમોઘ વિદ્યાઓ હતી. એમનો ઉપયોગ એ સમાજની સુખાકારી તથા સુરક્ષા માટે કરતા રહેતા.

વિશ્વામિત્ર દ્વારા રામલક્ષ્મણને એવી કેટલીય વિદ્યાઓની પ્રાપ્તિ થવાની ને વનવાસની તાલીમ મળવાની હતી. એ તાલીમ એમના આગામી જીવનને માટે અત્યંત આવશ્યક અને આશીર્વાદરૂપ હતી.

ભોગને બદલે ત્યાગ, સ્વછંદને બદલે સંયમ, વિલાસને બદલે વ્રત, પરિગ્રહને બદલે અપરિગ્રહ, સત્સંગ અને સેવાની દીક્ષાનાં દ્વાર એ મહામુનિની સ્વર્ગીય સંનિધિમાં ઉઘડવાનાં હતાં. એ દૃષ્ટિએ એમના જીવનનો એ નૂતન પ્રવાહ અત્યંત અગત્યનો હતો.

**રાક્ષસોનો નાશ**

વિશ્વામિત્ર મુનિની યજ્ઞરક્ષા માટે તાટકાવનમાં આવેલા રામે એમના આદેશાનુસાર ધનુષ્યનો ટંકાર કર્યો તેથી તાટકા રાક્ષસી એ આકસ્મિક રીતે થયેલા મહાભયંકર અવાજની દિશામાં ક્રોધે ભરાઈને દોડવા લાગી. એનું અંગ અતિશય વિશાળ અને ભીષણ હતું. એણે ધૂળના ગોટેગોટા ઉડાડીને રામ તથા લક્ષ્મણને મોહમાં નાખ્યા અને એમની ઉપર પથ્થરની વૃષ્ટિ કરવા માંડી. રામે એ મદમાતી રાક્ષસીના બંને હાથને સુતીક્ષ્ણ બાણોથી કાપી નાખ્યા. તાટકા ગર્જના પર ગર્જના કરવા લાગી એટલે લક્ષ્મણે એનાં નાકકાન કાપી નાખ્યાં. ઈચ્છાનુસાર રૂપ લેનારી એ રાક્ષસી અસંખ્ય રૂપોને ધારણ કરતી અને રામલક્ષ્મણને મોહમાં નાખતી અદૃશ્ય થઈને મોટામોટા શિલાખંડોની વૃષ્ટિ કરવા લાગી. રામે શબ્દવેધી બાણના પ્રયોગથી એને ઘેરી લીધી એટલે એ એમના પર તૂટી પડી. રામે બાણ મારીને એની છાતીને ચીરી નાખી. એથી ભયંકર ચિત્કાર કરતી એ ધરતી પર ઢળી પડી ને મરી ગઈ.

મહામુનિ વિશ્વામિત્રે એ જોઈને ઊંડો સંતોષ અને આનંદ વ્યક્ત કર્યો. એમણે રામને અન્ય અસંખ્ય દિવ્ય, અદભુત, અમોઘ શસ્ત્રાસ્ત્રો અર્પણ કર્યાં.

મહામુનિ વિશ્વામિત્રના આહ્લાદક આશ્રમમાં આવીને રામે તથા લક્ષ્મણે યજ્ઞરક્ષાની જવાબદારી ઉપાડી લીધી. છઠ્ઠે દિવસે મારીચ તથા સુબાહુ નામના બે રાક્ષસો યજ્ઞમાં ભંગ પાડવા માટે આવી પહોંચ્યા. એમની સાથે એમના અનુચરો પણ આવેલા. યજ્ઞભૂમિ પર એમણે રક્તની વર્ષા વરસાવી. શ્રીરામે મારીચની છાતીમાં બાણનો પ્રહાર કર્યો એટલે મારીચ સો યોજન જેટલે દૂર સમુદ્રના પાણીમાં પડ્યો. રામે સુબાહુને એક બીજું બાણ મારીને ધરાશાયી કરી દીધો, અને એ પછી શેષ નિશાચરોનો પણ સંહાર કર્યો.

મુનિએ પરમ પ્રસન્ન બનીને એમને અંતઃકરણપૂર્વકના અભિનંદન આપ્યાં. રાક્ષસોના પ્રતિકાર અને નાશના એ પ્રસંગનું વર્ણન વાલ્મીકિ રામાયણમાં વિસ્તારથી કરેલું છે.

**મિથિલાપુરીમાં**

પુરુષ તથા પ્રકૃતિની લીલા પૃથ્વીમાં ચિરકાળથી ચાલ્યા કરે છે. જીવનના અને જગતના આહ્લાદક અવનવીન અભિનયને પૂરો કરવા, સાર્થક ઠરાવવા અને રસમય બનાવવા પુરુષ તથા પ્રકૃતિનો સુભગ સહયોગ આવશ્યક છે. ચંદ્ર અને ચાંદની, ફૂલ અને ફોરમ, દીપક તથા જ્યોત અને સરિતા તથા સલિલની પેઠે એ એક અને અવિભાજ્ય હોવા છતાં દ્વિવિધ બનીને કાર્ય કરે છે. લીલાને માટે અલગ થતાં કે અલગ થયેલાં દેખાય તોપણ કાયમ માટે અલગ નથી રહી શકતાં. એ ઉભયનું સુખદ સંમિલન આવશ્યક છે એટલું જ નહિ, આશીર્વાદરૂપ છે. પરમપુરુષના પ્રતિનિધિ જેવા રામ અયોધ્યામાં અવતીર્ણ થયેલા તો એમની અંગરૂપા પ્રકૃતિ એમના અલૌકિક અભિનયને અનુકૂળ થવા માટે મિથિલાપુરીમાં રાજા જનકને ત્યાં પ્રકટેલી.

એ બંનેનો યોગ થાય નહિ ત્યાં સુધી રામનું જીવનકાર્ય અધુરૂં રહે. રામ અને સીતાને પોતાના મંગલમય મધુર મિલનની માહિતી હોય કે ના હોય તોપણ ઘટનાચક્ર એમને એની દિશામાં આગળ લઈ જવા લાગ્યું. પૂર્વસંસ્કારો એમના જીવનને પાસે પહોંચવા માટે પ્રેરી રહ્યા. સંસારમાં કોઈનો આકસ્મિક સંયોગ થાય છે ને કોઈનો વિયોગ; કોઈના પ્રત્યે પ્રથમ પરિચયે જ પ્રેમ જાગે છે ને કોઈના પ્રત્યે દ્વેષ; કોઈને માટે અકારણ આકર્ષણ અથવા અનુરાગ અનુભવાય છે ને કોઈને માટે ઘોર ઉપરામતા કે ઉદાસીનતા; કોઈ સુખ આપે છે ને કોઈ દુઃખ; કોઈનો સંયોગ થાય છે તો કોઈનો વિયોગ; એની પાછળ પૂર્વના કર્મસંસ્કારો જ કામ કરતા હશે ને ? રામ તથા સીતાના એવા સંસ્કારો જાગવાનો શુભ સમય સમીપે આવેલો માટે જ મહામુનિ વિશ્વામિત્રે રામને મિથિલાપુરીના રાજા જનકને ત્યાં લઈ જવાની તૈયારી કરી. ત્યાં ધનુષ્યયજ્ઞ થવાનો હતો. પૂર્વકાળમાં યજ્ઞના ફળરૂપે ભગવાન શંકરે તથા દેવતાઓએ એ ધનુષ્ય રાજા જનકના પૂર્વજને પ્રદાન કરેલું. એ અતિશય પ્રબળ, પ્રકાશમય તથા વિશાળ હતું. એની પ્રત્યંચાને કોઈ નહોતું ચઢાવી શકતું. રાજા જનકના રાજપ્રાસાદમાં એની પરમપવિત્ર માનીને પૂજા કરાતી. જનકપુત્રી સીતા જેવી રીતે કન્યાઓમાં સર્વોત્તમ રત્નસમાન હતી તેવી રીતે એ ધનુષ્ય પણ ધનુષ્યોમાં રત્ન સમાન હતું.

**અહલ્યાનો ઉદ્ધાર**

નૈસર્ગિક સૌન્દર્યથી સુશોભિત અસંખ્ય પ્રદેશોને પેખતા શ્રીરામ અને લક્ષ્મણ મહામુનિ વિશ્વામિત્ર અને અન્ય અનેક ઋષિમુનિ સાથે છેવટે મિથિલાપુરીમાં પ્રવેશ્યા. પરમાત્મપરાયણ પુરુષવિશેષોનો સમાગમ, સતત સંપર્ક અને એમની સાથેનો પ્રવાસ કેટલો બધો પ્રેરક અને આનંદદાયક હોય છે ? એમના અંતરાત્મા એથી આનંદમાં અવગાહન કરવા લાગ્યા.

મિથિલાપુરીમાં પ્રવેશતાંવેંત એમણે એક એકાંત આશ્રમ જોયો. એ આશ્રમની અંદર કોઈનો પણ આવાસ નહોતો. પશુપક્ષીનો પણ નહિ. સ્મશાનસમા દેખાતા એ સૂના આશ્રમમાં ઊંડેઊંડે એક પ્રકારની આહલાદકતા તથા શાંતિ હતી. એ આશ્રમ કોનો હતો ? ગૌતમ મુનિનો. એમાં પ્રવેશીને પોતાની અસાધારણ અમોઘ શક્તિથી રામે ગૌતમ ઋષિની ધર્મપત્ની અહલ્યાનો ઉદ્ધાર કર્યો. એમનો આકસ્મિક આશ્રમપ્રવેશ જ એના ઉદ્ધારનું કારણ બની ગયો. એ આશ્રમમાં અહલ્યા આહલાદરહિત થઈને જડ બનીને બેઠેલી. રામને લીધે એને નવજીવનની પ્રાપ્તિ થઈ. એ સુંદર પવિત્ર પ્રસંગનું વર્ણન તુલસીદાસજીએ અને મહર્ષિ વાલ્મીકિએ બંનેએ એમની આગવી, અનોખી, વિલક્ષણ રીતે કર્યું છે. તુલસીદાસજી જણાવે છે કે ગૌતમ મુનિના શાપથી પથ્થરમાં પરિવર્તન પામેલી અહલ્યા પંથમાં પડેલી. રામના પૂછવાથી મહામુનિ વિશ્વામિત્રે એની પૂર્વકથાને સંભળાવી. શિલારૂપે રહેલી અહલ્યાને પોતાની પવિત્ર પદરજથી પાવન કરવા કહ્યું. એમના આદેશને અનુસરીને રામે એની ઉપર પોતાનો પગ મૂક્યો કે તરત જ એક અસાધારણ ચમત્કાર થયો. શિલામાંથી અહલ્યાનો આવિર્ભાવ થયો. પ્રકાશપુંજ જેવી અહલ્યાએ પ્રસન્નતાપૂર્વક પ્રકટીને અશ્રુપૂર્ણ આંખે રામને પ્રણામ કર્યાં.

परसत पद पावन सोक नसावन प्रगट भई तपपुंज सही ।
देखत रघुनायक जन सुखदायक सनमुख होइ कर जोरि रही ॥

अति प्रेम अधीरा पुलक सरीरा मुख नहिं आवइ बचन कही ।
अतिसय बड़भागी चरनन्हि लागी जुगल नयन जलधार बही ॥

પોતાના જીવનપ્રદાતા પરમાત્મારૂપ રામની એણે કૃતજ્ઞતાપૂર્વક પ્રાર્થના કરીને કહેવા માંડ્યું કે મુનિએ શાપ આપીને મારું કલ્યાણ કર્યું. એમનો શાપ મારે માટે અદભુત આશીર્વાદરૂપ બની ગયો. એ શાપને લીધે જ તમારું દેવદુર્લભ દર્શન થયું. તમારા અનુગ્રહનો અમૂલખ આસ્વાદ મળ્યો. જે ચારુ ચરણકમળમાંથી પ્રકટેલી પતિતપાવની ગંગાને શંકરે પોતાના મસ્તક પર ધારણ કરી છે, અને જે ચરણકમળને બ્રહ્મા પૂજે છે, તેનો મને સ્પર્શ થયો એથી સવિશેષ સૌભાગ્ય બીજું કયું હોઈ શકે ? એ ચરણકમળના પરાગનું પાન મારો મનરૂપી મધુકર પરમ પ્રેમપૂર્વક સદા કર્યા જ કરે એજ ઈચ્છું છું.

पदकमल परागा, रस अनुरागा, मम मन मधुप करै पाना ।

એ પવિત્ર પ્રસંગની પૂર્ણાહુતિ કરતાં તુલસીદાસજી જણાવે છે કે ભગવાન એવા દીનબંધુ, કરુણાસિંધુ, અકારણ કૃપાળુ છે. કપટ, છળ તથા ઉપાધિને છોડીને એમની ભક્તિ કરવી જોઈએ. એમની ભક્તિમાં જ જીવનું પરમ કલ્યાણ કે સાચું સાર્થક્ય સમાયેલું છે.

अस प्रभु दीनबंधु हरि कारन रहित दयाल ।
तुलसीदास सठ तेहि भजु छाड़ि कपट जंजाल ॥२११॥

કવિકુળગુરુ પ્રાતઃસ્મરણીય મહર્ષિ વાલ્મીકિ પોતાના રામાયણમાં અહલ્યાનો અને એના પર વરસેલા રામના અસાધારણ અનુગ્રહનો ઉલ્લેખ કરે છે પરંતુ જરાક જુદી રીતે. તુલસીદાસજીની શૈલી સભારંજની તથા ચમત્કૃતિજનક છે. મહર્ષિ વાલ્મીકિની શૈલી સ્વાભાવિક અને ગંભીર. તુલસીદાસજી અહલ્યાની આખીય કથાને ખૂબ જ સંયમી છતાં સચોટ રીતે સંક્ષિપ્ત રૂપે રજૂ કરે છે. મહર્ષિ વાલ્મીકિ વિસ્તારથી વર્ણવે છે. એમના વખતમાં એવો વિસ્તાર આવશ્યક હશે. બંનેનું આલેખન આનંદદાયક છે. મહર્ષિ વાલ્મીકિ ઈન્દ્રે ગૌતમનું સ્વરૂપ ધારીને કરેલા અહલ્યાના અધઃપતનનો અને ગૌતમે આપેલા શાપનો ઉલ્લેખ કરે છે પરંતુ એ શાપને લીધે અહલ્યા શિલા બની જાય છે એવું બતાવતા નથી. અહલ્યા રહે છે તો અહલ્યા જ, સ્ત્રી જ, પરંતુ શાપને લીધે એ સૌને જુએ છે છતાં પણ એને કોઈ નથી જોઈ શકતું. એની અવસ્થા અતિશય કરુણ છે. આર્ત, અનાથ અથવા અસહાય.

गौतमेनैवमुक्तस्य सरोषेण महात्मना ।
पेततुर्वृषणौ भूमौ सहस्राक्षस्य तत्क्षणात् ॥२९॥
तथा शप्त्वा स वै शक्रमहल्यामपि शप्तवान् ।
इह वर्षसहस्राणि बहूनि त्वं निवत्स्यसि ॥३०॥
वायुभक्षा निराहारा तप्यन्ती भस्मशायिनी ।
अदृश्या सर्वभूतानामाश्रमे ऽस्मिन्निवत्स्यसि ॥३१॥
यदा चैतद्वनं घोरं रामो दशरथात्मजः ।
आगमिष्यति दुर्द्धर्षस्तदा पूता भविष्यसि ॥३२॥
तस्यातिथ्येन दुर्वृत्ते लोभमोहविवर्जिता ।
मत्सकाशे मुदा युक्ता स्वं वपुर्धारयिष्यसि ॥३३॥

ગૌતમ મુનિએ અહલ્યાને શાપ આપતી વખતે કહેલું : 'દુરાચારિણી ! તું અહીં સહસ્ત્રો વરસો સુધી કેવળ પવનપ્રાશન અથવા અનશન દ્વારા કષ્ટ વેઠીને રાખમાં પડી રહીશ. સઘળાં પ્રાણીઓથી અદૃશ્ય રહીને આ આશ્રમમાં વાસ કરીશ. દુર્ધર્ષ દશરથપુત્ર રામ આ ઘોર વનમાં પ્રવેશશે ત્યારે તું પવિત્ર થઈશ. એમનો સત્કાર કરવાથી તારા લોભમોહાદિ દોષો દૂર થશે અને તું પ્રસન્નતાપૂર્વક મારી પાસે પહોંચીને તારા પૂર્વશરીરને ધારણ કરીશ.'

શાપ આપ્યા પછી મુનિએ આશ્રમનો ત્યાગ કર્યો. સિદ્ધો તથા ચારણોથી સેવાયેલા પરમ પવિત્ર હિમાલયના સુંદર શાંત શિખર પર રહીને એ તપશ્ચર્યા કરવા લાગ્યા.

(વાલ્મીકિ રામાયણ, બાલકાંડ, સર્ગ ૪૮, શ્લોક ૨૯ થી ૩૩ નો ભાવાર્થ)

ગૌતમ મુનિના એકાંત આશ્રમમાં પ્રવેશેલા રામે તપશ્ચર્યાથી દૈદીપ્યમાન દેહવાળી અહલ્યાને જોઈ. એને કોઈ બીજું નહોતું જોઈ શકતું. એનું સ્વરૂપ અલૌકિક અને સર્વાંગસુંદર હતું. એ માયામયી જેવી દેખાતી. ધુમાડાથી ઢંકાયેલી પ્રજ્વલિત પાવક જ્વાળા જેવી કે વાદળથી ઢંકાયેલા પૂર્ણિમાના ચંદ્ર જેવી.

રામના દૈવી દર્શનથી એના શાપનો અંત આવ્યો. એનો ઉદ્ધાર થયો, એટલે અત્યાર સુધી અદૃષ્ટ રહેલી એને સૌ કોઈ જોઈ શક્યા. રામનું દર્શન એને માટે જીવનદાયક કે પ્રાણપ્રદાયક સાબિત થયું.

રામ તથા લક્ષ્મણે એનો ચરણસ્પર્શ કર્યો એટલે ગૌતમમુનિના શબ્દોનું સ્મરણ કરીને એણે એમનો સ્નેહપૂર્વક અતિથિસત્કાર કર્યો. એ વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. અહલ્યાને પોતાનું પવિત્રતમ પૂર્વસ્વરૂપ પ્રાપ્ત થયું. મહાતપસ્વી ગૌતમ અહલ્યાને મેળવીને આનંદ પામ્યા. એમણે રામની વિધિપૂર્વક પૂજા કરીને તપનો આરંભ કર્યો. એ ઉલ્લેખ પરથી લાગે છે કે પોતાના હિમાલયપ્રદેશના એકાંત સ્થાનમાંથી કે દિવ્યલોકમાંથી, શ્રીરામના શુભાગમનને જાણીને, ગૌતમ મુનિ એમના આશ્રમમાં આવેલા.

એક જ પ્રસંગનું આલેખન જુદા જુદા કવિઓ પોતાની જુદી જુદી રીતે કરતા હોય છે. આ પ્રસંગ એનો પુરાવો છે.

જીવની અવસ્થા અહલ્યા જેવી જ છે. એ આર્ત, અનાથ, ચેતન હોવા છતાં જડ જેવો છે. એને પોતાના સહજ વાસ્તવિક આનંદનો અનુભવ નથી થતો. એના એકાંત આશ્રમમાં પરમાત્માની પાવન પધરામણી થાય અને એમની પ્રેમભક્તિથી એનું હૃદય, રોમરોમ રંગાઈ જાય ત્યારે એને નવજીવન મળે. એની દીનતા દૂર થાય. એ પાછો પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપને અનુભવે. જીવનમાં પરમાત્માની પધરામણી નહિ થાય, પરમાત્માનો સ્નેહપૂર્ણ સત્કાર નહિ કરાય, ત્યાં સુધી દુઃખ, અશાંતિ, બંધન, જડત્વ બધું જ રહેવાનું. અંતરમાં આહ્લાદ નહિ પ્રકટવાનો.

### સીતાનો મેળાપ

સંસારની સનાતના આદ્યાશક્તિ સીતાનું સ્વરૂપ લઈને ભગવાન રામના જીવનકાર્યમાં સહાયતા પહોંચાડવા પૃથ્વી પર પ્રકટ થયેલી. એ રામથી સુદીર્ઘ સમયપર્યંત દૂર કેવી રીતે રહી શકે ? એનો અને રામનો મધુમય મંગલ મેળાપ થાય જ. એ મેળાપનું વર્ણન મહર્ષિ વાલ્મીકિએ અને સંતશિરોમણિ

તુલસીદાસજીએ પોતપોતાની વિલક્ષણ રીતે કરેલું છે. સૌથી પહેલાં વાલ્મીકિ રામાયણનું વર્ણન જોઈ લઈએ. એ વર્ણન રોચન હોવા છતાં સંક્ષિપ્ત છે.

રામલક્ષ્મણની સાથે વિશ્વામિત્ર મુનિ મિથિલાપુરીમાં પહોંચ્યા ત્યારે પોતાના ભાગ્યોદયની પ્રસંશા કરતાં રાજા જનકે એમનો સમુચિત સત્કાર કર્યો. વિશ્વામિત્ર મુનિએ રામ અને લક્ષ્મણનો પરિચય કરાવ્યો. એ પરિચયથી રાજા જનકની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

બીજે દિવસે એમણે પ્રભાતના પ્રશાંત સમયમાં એ ત્રણેનું પૂજન કર્યું. રામ તથા લક્ષ્મણ ધનુષ્યને નિહાળવા માટે ઉત્સુક છે એવું જાણીને એમણે એમને ધનુષ્ય બતાવવાનો પ્રબંધ કર્યો અને એનો ઈતિહાસ કહ્યો.

પૂર્વકાળમાં દક્ષયજ્ઞ-વિધ્વંસ વખતે યજ્ઞના નાશ પછી ભગવાન શંકર એ ધનુષ્યને લઈને દેવતાઓને કહેવા લાગ્યા કે તમે મને યજ્ઞભાગ નથી આપ્યો એટલા માટે તમારા મસ્તકને ધડથી અલગ કરીશ. દેવતાઓ એથી બેચેન બનીને એમની સ્તુતિ કરવા લાગ્યા. એ સ્તુતિથી પ્રસન્ન થઈને એમણે એ ધનુષ્ય એમને અર્પણ કર્યું. દેવોએ એને રાજા જનકના પૂર્વજ નિમિપુત્ર રાજા દેવરાતને ત્યાં રાખેલું.

રાજા જનક એકવાર યજ્ઞભૂમિનું નિર્માણ કરતી વખતે ખેતરમાં હળ ચલાવી રહેલા ત્યારે પૃથ્વીમાંથી એક કન્યાનું પ્રાકટ્ય થયું. હળની રેખાથી પ્રકટવાને લીધે એનું નામ સીતા રાખવામાં આવ્યું. ભગવાન શંકરના ધનુષ્યને જે ચઢાવે તેની સાથે એનું લગ્ન કરવાનો રાજા જનકે સંકલ્પ કર્યો. એ સંકલ્પને જાણીને, સીતા જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ કેટલાયે રાજાઓ અને રાજકુમારો એના પાણિગ્રહણ માટે આવ્યા તો ખરા પરંતુ ખાલી હાથે નિરાશ થઈને પાછા ફર્યા. એ શંકરના ધનુષ્યને ઉપાડી કે હલાવી પણ ના શક્યા.

શ્રીરામની પરાક્રમકથાઓના શ્રવણથી પરમપ્રભાવિત અને પ્રસન્ન થયેલા જનકે જણાવ્યું કે રામ એ ધનુષ્યની પ્રત્યંચા ચઢાવી દેશે તો મારી અયોનિજા કન્યા સીતાનું એમને સમર્પણ કરીશ.

એ શિવધનુષ્યને આઠ પૈંડાવાળી લોઢાની ખૂબ જ મોટી પેટીમાં રાખેલું. મહારાજા જનકની આજ્ઞાનુસાર એ પેટીને પાંચ હજાર પરમ શક્તિશાળી વીરપુરુષો મહામહેનતે જેમતેમ કરીને લઈ આવ્યા.

મહર્ષિ વિશ્વામિત્રની સૂચનાને અનુસરીને રામે એ ધનુષ્યનું નિરીક્ષણ કર્યું. એ પછી એમની અને રાજા જનકની અનુમતી મેળવીને એને અનાયાસે ઉપાડીને એની પ્રત્યંચાને ચઢાવી દીધી. એને કાન સુધી ખેંચતામાં તો એ વચ્ચેથી તૂટી ગયું. એ વખતે વજ્રપાત સમાન મહાભયંકર ઘોરાતિઘોર અવાજ થયો. એથી સમસ્ત ધરતી ગગન સાથે ખળભળી ઊઠી. એ વખતે ત્યાં ઉપસ્થિત હજારો દર્શકો, રાજાઓ અને રાજકુમારો અતિશય આશ્ચર્યાનુભવ કરવા લાગ્યા.

રાજા જનકની, મહર્ષિ વિશ્વામિત્રની, લક્ષ્મણની અને અન્ય ઋષિમુનિઓની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. એ આખોય અવસર આકસ્મિક, અચિંત્ય, અવર્ણનીય હોવા છતાં આનંદમય હતો.

ધનુષ્યભંગના સમાચાર રાજા દશરથને સંભળાવીને એમને લઈ આવવા માટે જનકે પોતાના મંત્રીઓને મોકલ્યા.

રાજા દશરથ મહામુનિ મહર્ષિ વસિષ્ઠ તથા મંત્રીઓ સાથે આવી પહોંચ્યા એટલે એમનો સુંદર સત્કાર કરવામાં આવ્યો.

એ પછી એક અનુકૂળ ધન્ય દિવસે રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન ચારે ભાઈઓના લગ્નની વિધિ કરવામાં આવી. રામનું લગ્ન સીતા સાથે થયું, લક્ષ્મણનું ઊર્મિલા સાથે, ભરતનું માધવી સાથે અને શત્રુઘ્નનું શ્રુતકીર્તિ સાથે. ઊર્મિલા, માધવી તથા શ્રુતકીર્તિ જનકના નાના ભાઈ કુશધ્વજની કન્યાઓ હતી. એવી રીતે એક જ પરિવારથી રાજા દશરથને ચાર પુત્રવધુઓની પ્રાપ્તિ થઈ. સૌને આનંદ આનંદ થઈ રહ્યો. એ અવસર પર રાજા દશરથે સોનાથી મઢેલાં શીંગડાંવાળી, કાંસાનાં દુગ્ધપાત્રો તથા વાછરડાંવાળી, ચાર લાખ ગાયોનું દાન કર્યું. એના પરથી એ વખતની ગોસંપત્તિ અને બીજી સંપત્તિ કેટલી બધી અસાધારણ હશે એનું અનુમાન સહેલાઈથી કરી શકાય છે.

*

રામચરિતમાનસમાં તુલસીદાસજીએ એ આખાય પ્રસંગને જરાક જુદી રીતે, વિસ્તૃત તથા રસમય રીતે, રજૂ કર્યો છે. વાલ્મીકિ રામાયણના મૂળ આધારને ઉપાડીને પ્રસંગોની પરંપરાનું સર્જન કર્યું છે. એનો આસ્વાદ પણ લેવા જેવો છે. એ આસ્વાદ ઓછો આહ્લાદક નથી લાગતો. એનો પણ ઊડતો અનુભવ કરી લઈએ.

તુલસીદાસજીએ રામ અને સીતાનો આકસ્મિક મેળાપ વર્ણવીને એમના અંતરમાં પ્રાદુર્ભાવ પામતા સુસૂક્ષ્મ સ્નેહસંવેદનનો ખ્યાલ આપ્યો છે. એ સંવેદન સહજ, સરસ અને માનવોચિત હોવાથી એમાં કશું અતિશયોક્તિ જેવું નથી લાગતું. એના વર્ણનમાં કૃત્રિમતા નથી વરતાતી. સીતાની મુગ્ધાવસ્થા, રામનું એના પ્રત્યેનું આત્મિક આકર્ષણ, અને એ છતાં પણ એમની સ્વભાવગત શુચિતા હૃદયને સ્પર્શી જાય છે. એનું આલેખન પૂરેપૂરી મર્યાદામાં રહીને, સંયમી છતાં સરસ સારવાહી શબ્દાવલિમાં કરવામાં આવ્યું છે. એવું આલેખન એકાદ અસાધારણ પવિત્ર ભક્તકવિ જ કરી શકે.

રામચરિતમાનસમાં વર્ણવ્યા પ્રમાણે રામ અને સીતાનો પ્રથમ મેળાપ રાજા જનકના સુંદર સુવિશાળ ઉદ્યાનમાં થાય છે. રામ અને લક્ષ્મણ મહર્ષિ વિશ્વામિત્રની અનુમતિથી ત્યાં પુષ્પો લેવા પધારે છે. સીતા એ આહ્લાદક ઉપવનના મંગલ મંદિરમાં માતા પાર્વતીના પૂજન માટે આવી હોય છે. એની સાથે સખીઓ હોય છે. સરોવરની સમીપે આવેલા પાર્વતી મંદિરમાં પૂજા કરીને સીતાએ પોતાને માટે ઉત્તમ પતિની પ્રાર્થના કરી. એ જ વખતે પુષ્પવાટિકાને જોવા ગયેલી એક સુકુમારી સખી રામલક્ષ્મણને જોઈને મંત્રમુગ્ધ બનીને પાછી ફરી. એના મુખથી એ બંને રાજપુત્રોની પ્રશંસા સાંભળીને સીતા એમને અવલોકવા આતુર બની. એ સખી સાથે સીતા રામલક્ષ્મણની દિશામાં ચાલી. રામ એની સુંદરતાથી આકર્ષાયા. એમને લાગ્યું કે સૃષ્ટિમાં આવી અસાધારણ સુંદરતા બીજે ક્યાંય નહિ હોય. એમનું અંતર સીતા પ્રત્યે આકર્ષાયું ખરું પરંતુ એમાં બુરો ભાવ કે વિકાર પેદા ના થયો. એ રઘુવંશમાં જન્મેલા અને જાણતા હતા કે રઘુવંશીઓનો સ્વભાવ જ એવો પવિત્ર રહેતો કે એમનું મન કુમાર્ગગામી ના બનતું.

रघुबंसिन्ह कर सहज सुभाऊ । मनु कुपंथ पगु धरइ न काऊ ॥

સીતાની અવસ્થા પણ રામને નિહાળીને અસાધારણ અનુરાગમય અને અનેરી બની ગઈ. એનાં લોચનને લાંબા વખતથી ખોવાયેલી પોતાની નિધિ મળી. એને ઓળખીને એ હરખાયાં. એ રૂપને નિરખવા

લલચાવા લાગ્યાં. રામની આકર્ષક આહ્‌લાદક આકૃતિને અવલોકીને આંખ થાકી નહીં. અને પલકે પડવાનું બંધ કર્યું. છેવટે લોચનને રસ્તે રામને હૃદયમાં આણીને એણે પલકનાં દ્વારને બંધ કર્યાં.

देखि रूप लोचन ललचाने । हरषे जनु निज निधि पहिचाने ॥
लोचन मग रामहि उर आनी । दीन्हे पलक कपाट सयानी ॥

આધુનિક જગતની દૃષ્ટિએ, એની પ્રચલિત પરિભાષામાં એને પ્રથમ દૃષ્ટિનો પ્રેમ કહી શકાય. પરંતુ એવું કહેવા માટે તૈયાર રહેનારે સમજવું જોઈએ કે રામ અને સીતા મોહાંધ નથી થયાં, વિવેકરહિત નથી બન્યાં, પરંતુ પોતના કર્તવ્યનો ને પોતાની કુલીન કુળમર્યાદાનો ખ્યાલ રાખીને પૂરેપૂરાં જાગ્રત રહ્યાં છે. એવી આત્મજાગૃતિ એમને સારૂ સહજ બની છે. આજે પણ પ્રથમ નજરે પ્રેમ થાય છે પરંતુ એવા પ્રેમ મોટેભાગે વિકારી તથા વિવેકરહિત હોય છે એટલે ટકી શકતા નથી.

પ્રકૃતિ પુરુષ પ્રત્યે આકર્ષાય નહિ તો બીજા કોના પ્રત્યે આકર્ષાય ? જીવ અને શિવનું પારસ્પરિક આકર્ષણ અજર, અમર, અનાદિ, અખંડ છે. સીતા અને રામ એને અનુભવવા માંડ્યા એમાં આશ્ચર્ય નહોતું. દુન્યવી સ્ત્રીપુરુષોનાં આકર્ષણ અસ્થાયી હોય છે. એ વારંવાર બદલાયા કરે છે અને છેવટે નાશ પણ પામે છે.

એક યુવાને મારી પાસે આવીને જણાવ્યું કે અમુક કુમારી માટે મને પ્રથમ નજરે પ્રેમ થયો છે; મને એની સાથે લગ્ન કરવાની અનુમતિ આપો.

મેં એમને સલાહ આપી કે હજુ બીજી-ત્રીજી નજરની રાહ જુઓ. કદાચ એ નજરોમાં કાંઈક જુદું નીકળે.

થોડાક દિવસો પછી એમણે પોતે જ જણાવ્યું કે હવે મને એ છોકરી માટે પ્રેમ નથી રહ્યો.

મેં કહ્યું, મને એવું જ લાગતું'તું. પરંતુ પેલી પ્રથમ નજરનું શું થયું ?

એમણે અન્યમનસ્ક બનીને જણાવ્યું, મને એની ચિંતા નથી. એ તો મરી ગઈ. હું તો પ્રોગ્રેસીવ છું.

પ્રોગ્રેસીવ એટલે ? મેં પૂછ્યું.

એમણે સ્પષ્ટીકરણ કર્યું : પ્રગતિવાદી. એમ એ એક છોકરીમાં શા માટે બંધાઈ જાઉં ? હવે બીજી છોકરી પર પ્રેમ થયો છે ને તે પણ પ્રથમ નજરે જ.

મેં જણાવ્યું કે તમારી નજરની ને પ્રીતિની બલિહારી છે.

એમણે ગૌરવપૂર્વક કહ્યું કે હું કાંઈ જેવોતેવો નથી. પ્રયોગોમાં માનનારો છું, પ્રયોગવીર.

એ યુવાન પ્રયોગવીરે પ્રથમ નજરે પ્રેમના પ્રયોગો કરતાં પાંચ છોકરીઓને બદલીને છઠ્ઠી સાથે પ્રથમ નજરે જ પ્રેમ કરી, પરણીને છએક માસમાં છૂટાછેડા લીધા. હજુ એમના પ્રયોગો ચાલુ છે.

રામ અને સીતા એવા પામર પ્રયોગવીર ન હતાં. એમના આત્માઓએ પ્રથમ દર્શને જ એમની અનાદિ ઓળખાણોને તાજી કરી.

સીતાએ શિવધનુષ્ય સંબંધી પોતાના પિતાની પ્રતિજ્ઞાનું સ્મરણ હતું. ભવાનીમાતાના મંદિરમાં પ્રવેશીને એણે ભાવવિભોર બનીને પ્રાર્થના કરી :

जय जय गिरिबरराज किसोरी । जय महेस मुख चंद चकोरी ॥
जय गज बदन षड़ानन माता । जगत जननि दामिनि दुति गाता ॥

મા ! તમને સેવવાથી સર્વે ફળની પ્રાપ્તિ કે મનોરથોની સિદ્ધિ થાય છે. તમે અંતર્યામી હોવાથી મારા અંતરને જાણો છો, તો તેની ભાવનાને પૂરી કરો.

સીતાએ માતા પાર્વતીના પગ પકડ્યા. માતાની માળા હાલી. મુખાકૃતિ હસવા લાગી. માતાએ શુભાશિષ આપતાં જણાવ્યું કે તારી મનોકામના પૂરી થશે ને તું મનપસંદ પતિની પ્રાપ્તિ કરશે.

*

રામે મહામુનિ વિશ્વામિત્ર પાસે પહોંચીને સીતાના મેળાપનો પ્રસંગ કહી સંભળાવ્યો. એમનું હૃદય સરળ તથા છળરહિત હતું. सरल सुभाउ छुअत छल नाहीं ॥

વિશ્વામિત્રે એમને અંતરના ઊંડાણમાંથી આશીર્વાદ આપ્યો. તપઃપૂત મહાપુરુષોના આશીર્વાદ અમોઘ હોય છે. એ મળતાં ઈચ્છા પ્રમાણે બધું જ મળી જાય છે.

એ આશીર્વાદથી રામને આનંદ થાય એ સમજી શકાય તેવું હતું. પરંતુ રામની સાથે લક્ષ્મણને પણ આનંદ થયો. એ બતાવે છે કે લક્ષ્મણ રામની સાથે એકાત્મતાનો અનુભવ કરતા અને રામના સુખમાં સુખ સમજતા. બંનેની અંદર અખંડ આત્મીયતા હતી.

*

બીજે દિવસે ઋષિમુનિની મંડળી સાથે રામ અને લક્ષ્મણ ધનુષ્યયજ્ઞની ભૂમિ તરફ ચાલી નીકળ્યા. રંગભૂમિમાં સીતાનો સ્વયંવર થઈ રહેલો ત્યાં બંને બંધુઓ આવી પહોંચ્યા. રાજા જનકે ભારે ભીડ થયેલી જોઈને સૌને સમુચિત આસન પર બેસાડવાનો આદેશ આપ્યો. પોતપોતાની ભાવના પ્રમાણે સૌ કોઈને રામનું સ્વરૂપ દેખાયું. તુલસીદાસજીએ કરેલા એ અનેકવિધ દર્શનાનુભવના વર્ણનને વાંચીને ભાગવતના દસમા સ્કંધમાં કરાયેલું ભગવાન કૃષ્ણનું વર્ણન યાદ આવે છે. એ વર્ણન પ્રમાણે કંસના નાશ માટે એની રાજ્યસભામાં પધારેલા ભગવાન કૃષ્ણના દર્શનની પ્રતિક્રિયા પણ વિવિધ લોકો પર એવી જ વૈવિધ્યપૂર્ણ પડે છે. રામચરિતમાનસમાં જણાવ્યું છે કે

जिन्ह कें रही भावना जैसी । प्रभु मूरति तिन्ह देखी तैसी ॥
देखहिं रूप महा रनधीरा । मनहुँ बीर रसु धरें सरीरा ॥
डरे कुटिल नृप प्रभुहि निहारी । मनहुँ भयानक मूरति भारी ॥

યુદ્ધકુશળ યોદ્ધાઓને રામના રૂપને જોઈને એવું લાગ્યું કે જાણે વીરરસે શરીર ધારણ કર્યું છે. કુટિલ રાજાઓ એને અવલોકીને, એ અતિભયંકર આકૃતિથી ડરી ગયા. અસુરોને એ કાળરૂપ લાગ્યા, પુરજનોને લોચનને સુખ આપનારા માનવોત્તમ, માનવરત્ન જેવા જણાયા. સ્ત્રીઓએ પોતપોતાની પ્રકૃતિ તેમજ રુચિ પ્રમાણે સૌંદર્યને સાકાર બનેલું જોયું. જ્ઞાનીજનોએ રામને અનેક વદન, ચરણ, નયન, મસ્તક તથા બાહુવાળા, વિરાટ સ્વરૂપે નિહાળ્યા. રાજા જનક એમના અવલોકનથી સ્વજન જેવો ભાવ અનુભવવા લાગ્યા. રાણી એમને પરમ સુખદ વાત્સલ્યભાવથી વિલોકવા લાગી. યોગીને એ પરમ પરમાત્મતત્વ જેવા શાંત શુદ્ધ સમતાવાળા, સ્વાભાવિક તથા સ્વયંપ્રકાશિત દેખાયા. ભગવદ્ ભક્તો રામ તથા લક્ષ્મણને ઈષ્ટદેવ સરખા સુખપ્રદાયક જોવા લાગ્યા.

जोगिन्ह परम तत्वमय भासा । सांत सुद्ध सम सहज प्रकासा ॥
हरिभगतन्ह देखे दोउ भ्राता । इष्टदेव इव सब सुख दाता ॥

અને રામદર્શનની પ્રતિક્રિયા સીતા પર કેવી થઈ ? સીતા તો સૌંદર્ય, શીલ, સ્નેહ અને માધુર્યની મૂર્તિ હતી. એ રામના જીવનકાર્યમાં મદદ કરવા, રામની થવા, રામને માટે જ જન્મેલી. રામ પ્રત્યે એને પ્રથમ દર્શને જ પ્રેમ થયેલો. રામદર્શનની પ્રબળ પ્રતિક્રિયાથી એ કેવી રીતે મુક્ત રહી શકે ? રામને જોવાથી એને જે સ્નેહસંવેદનનો સ્વાનુભવ થતો ને જે સુખ સાંપડતું એનું પૂરેપૂરું વર્ણન કોણ કરી શકે ? એ અવર્ણનીય હોવાથી અવર્ણનીય રહે એ જ બરાબર છે. એને અંતરમાં અનુભવવા છતાં એ કોઈને કહી શકતી નહતી. એની અવસ્થા એવી વિચિત્ર હતી.

रामहि चितव भायँ जेहि सीया । सो सनेहु सुखु नहिं कथनीया ॥
उर अनुभवति न कहि सक सोऊ । कवन प्रकार कहै कबि कोऊ ॥
एहि बिधि रहा जाहि जस भाऊ । तेहिं तस देखेउ कोसलराऊ ॥

*

મહામુનિ વિશ્વામિત્ર સાથે રામ અને લક્ષ્મણને ઊંચા આસન પર બેસાડવામાં આવ્યા. એમને નિહાળીને રાજાઓ જુદાજુદા વિચારો કરવા લાગ્યા. કોઈ કહેવા લાગ્યા કે ધનુષ્યભંગ થયા વિના જ સીતા રામને વરમાળા પહેરાવશે. બીજાએ જણાવ્યું કે ધનુષ્યભંગ વિના સીતા વરમાળા પહેરાવે તો ખરી. એને કોણ ને કેવી રીતે લઈ જાય તેમ છે ? આપણે કાંઈ ઓછા પરાક્રમી નથી. એકવાર કદાચ કાળ આવે તોપણ એને યુદ્ધમાં હરાવી દઈએ. કોઈએ કહ્યું કે રામ જગતપિતા પરમાત્મા અને સીતા જગદંબા છે, માટે મિથ્યાભિમાનને મૂકીને એમને અવલોકવાનો અવસર આવ્યો છે તો આનંદપૂર્વક અવલોકી લો.

સીતાએ રંગભૂમિ પર પગ મૂક્યો ત્યારે એના અદભુત અસાધારણ સૌન્દર્યને પેખીને નરનારી મોહ પામ્યા કે મંત્રમુગ્ધ બન્યાં.

જનકે પોતાની પ્રતિજ્ઞા કહી.

જુદાજુદા રાજાઓએ અને રાજકુમારોએ પ્રયત્નો કરી જોયા પરંતુ એ ધનુષ્યને ઉપાડી તો શું હલાવી પણ ના શક્યા. એ જોઈને જનકે ઘોર નિરાશાના દુઃખદ ઉદગારો કાઢ્યા ત્યારે લક્ષ્મણને ખૂબ જ લાગી આવ્યું. એણે રામને જણાવ્યું કે જે જનસમાજમાં રઘુવંશી વીર હોય તે સમાજમાં કોઈ આવા ઉદગારો કાઢી ના શકે. તમારા આદેશથી હું આખા બ્રહ્માંડને દડાની જેમ ઉપાડી શકું તેમ છું. એ વખતે વિશ્વામિત્ર મુનિના આદેશ અને આશીર્વાદને મેળવીને રામ ધનુષ્યભંગ માટે ઊભા થઈને આગળ વધ્યા.

સીતાએ એમની સફળતા માટે મનોમન પ્રાર્થના કરી.

એ પ્રાર્થના ફળતી હોય તેમ રામે રમતમાત્રમાં ધનુષ્યને ઉપાડી લીધું. એને જરાક ખેંચ્યું ત્યાં તો એ તરત જ મધ્યભાગમાંથી તૂટી ગયું. એ વખતે બ્રહ્માંડને ભેદી નાખતો મહાભયંકર અવાજ થયો.

સીતાની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. એણે જીવનની પરમ ધન્યતાને અનુભવતાં રામને વરમાળા પહેરાવી. સખીઓએ રામનો ચરણસ્પર્શ કરવા કહ્યું પરંતુ ચરણસ્પર્શથી થયેલી અહલ્યાની સદગતિને સંભારીને સીતાને સંકોચ થયો. કવિએ અહીં અત્યંત કમનીય કલ્પના કરતાં કહ્યું છે :

गौतम तिय गति सुरति करि नहिं परसति पग पानि ।
मन बिहसे रघुबंसमनि प्रीति अलौकिक जानि ॥२६५॥

સીતાએ રામને વરમાળા પહેરાવી તે જોઈને કેટલાક મિથ્યાભિમાની મોહગ્રસ્ત મૂઢ રાજાઓ રામનો પ્રતિકાર કરવા તૈયાર થયા પરંતુ એમની હિંમત ના ચાલી.

એ વખતે રંગમાં ભંગ પડવાના ભણકારા વાગતા હોય તેમ, ઉગ્ર કુપિત આકૃતિવાળા શુરવીરશ્રેષ્ઠ પરશુરામ આવી પહોંચ્યા. એ ધનુષ્યભંગની માહિતી મેળવીને આવેલા. એમને જોઈને પ્રલય પોતે જ પુરુષરૂપમાં પધાર્યો હોય એવો આભાસ થયો. રાજાઓ એમને દેખીને ડરીને એકતરફ હઠી ગયા. એમના આગમનના કારણને એ કલ્પી શક્યા નહીં.

**પરશુરામનો પ્રસંગ**

પરશુરામના પ્રસંગનું આલેખન મહર્ષિ વાલ્મીકિ તથા સંતશિરોમણિ તુલસીદાસ બંનેએ કરેલું છે. એનું વિહંગાવલોકન કરી લઈએ તો એ અસ્થાને નહિ ગણાય.

ભૃગુકુલનંદન જમદગ્નિકુમાર પરશુરામનું સ્વરૂપ ભયંકર હતું, એમણે મસ્તક પર મોટી જટા ધારણ કરેલી. એ કૈલાસસમાન દુર્જય તથા કાલાગ્નિસમાન દુઃસહ દેખાતા. એમનું મુખમંડળ એટલું બધું પ્રકાશવંતુ હતું કે સામાન્ય માનવો એમની તરફ શાંતિપૂર્વક જોઈ શકતા પણ નહિ. એમના ખભા પર પરશુ હતુ અને હાથમાં ધનુષ્યબાણ દેખાતાં. કપાળ પર ત્રિપુંડ કરેલું અને શરીરે ભસ્મ ચોળેલી. એમનો વેશ બહારથી જોતાં શાંત દેખાતો પરંતુ એમનું વર્તન અથવા કર્મ કઠોર હતું. એમના દર્શનથી એવું લાગતું કે વીરરસ મુનિનું શરીર ધારીને સાક્ષાત થયો છે.

सांत बेषु करनी कठिन बरनि न जाइ सरुप ।
धरि मुनितनु जनु बीर रसु आयउ जहँ सब भूप ॥२६८॥

એમના પિતા જમદગ્નિ અસ્ત્રશસ્ત્રનો ત્યાગ કરીને ધ્યાનાવસ્થામાં બેઠેલા ત્યારે કૃતવીર્યકુમાર અર્જુને એમનો વધ કરેલો. ત્યારથી એમણે અનેકવાર ક્ષત્રિયોનો સંહાર કરેલો. પોતે વિપ્રવર હોવા છતાં ભયંકર પ્રતિશોધભાવથી પ્રેરાઈને ક્ષત્રિયનું કર્મ કરવા લાગેલા.

રામે ભગવાન શંકરનું ધનુષ્ય તોડ્યું છે એવી માહિતી મેળવીને પરશુરામે એમને પોતાના પિતામહ તથા પિતા પાસેથી પ્રાપ્ત થયેલું ભગવાન વિષ્ણુનું ધનુષ્ય અર્પણ કર્યું અને એને ચઢાવવા કહ્યું. પરશુરામ એવી રીતે રામની લોકોત્તરતાની અને અસાધારણ શક્તિની કસોટી કરવા માગતા'તા. રામ એમની કસોટીમાંથી પાર ઉતર્યા. એમણે ધનુષ્યને હાથમાં લઈને એની ઉપર શરસંધાન કર્યું કે તરત જ એ અદૃશ્ય થયું. એ જોઈને પરશુરામને પરમ આશ્ચર્ય થયું. એમને રામની અલૌકિકતાની અનુભૂતિ તથા પ્રતીતિ થઈ. પરમ પ્રેમપૂર્વક પૂજ્યભાવથી પ્રેરાઈને એમણે એમની સ્તુતિ કરી. શ્રીરામે પણ જમદગ્નિપુત્ર પરશુરામની પૂજા કરી. એ પછી પરશુરામ પોતાના મહેન્દ્ર પર્વત પરના શાંત સ્થળમાં તપશ્ચર્યા માટે વિદાય થયા. રામનું વ્યક્તિત્વ એવું અદભુત અને અનુપમ હતું. એ માનવને સાચા અર્થમાં માનવ બનવાની પ્રેરણા આપીને

પોતાના મૂળભૂત કર્તવ્યનું સ્મરણ કરાવતું. પરશુરામ બ્રાહ્મણ હોવા છતાં બ્રાહ્મણના ગુણધર્મનો ત્યાગ કરી બેઠેલા. રામે એ ગુણધર્મની એમને ફરીથી દીક્ષા આપી.

*

ધનુષ્યભંગના અને સીતાપ્રાપ્તિના સમાચારથી અતિશય આનંદિત બનેલા રાજા દશરથ જનકના આમંત્રણને અનુલક્ષીને મિથિલાપુરીમાં પહોંચી ગયા.

પોતાના ચારે પુત્રો તથા પુત્રવધુઓ સાથે એ પુનઃ અયોધ્યાપુરીમાં પ્રવેશ્યા ત્યારે પ્રજાની પ્રસન્નતા પરાકાષ્ઠાએ પહોંચી. પ્રજાએ સમસ્ત શહેરને સુશોભિત કરીને એમનો સ્નેહસહિત સત્કાર કર્યો.

પતિપત્નીનું લગ્ન કેવળ શારીરિક લગ્ન હોય તો એટલો બધો આનંદ નથી આપતું અને આદર્શ પણ નથી ગણાતું. લગ્ન માનસિક કે બૌદ્ધિક હોય તો વધારે સારું ને શ્રેયસ્કર હોય છે. પરંતુ આત્મા આત્માને ઓળખે છે અને આત્માનુભૂતિ દ્વારા આત્મા સાથે એકતા સાધે છે. એવું આત્મિક લગ્ન સૌથી વધારે સુખકારક, શ્રેયસ્કર, શ્રેષ્ઠ અને આદર્શ છે. શારીરિક લગ્ન શરીર માટે જ થતું હોવાથી શરીરને જ જાણે છે, માને છે, માણે છે ને મહત્વ આપે છે. માનસિક લગ્ન મનોમૂમિમાં વિહરે છે, અને આનંદે છે. આત્મિક લગ્ન એમનાથી આગળ વધીને પરિપૂર્ણ જ્યોતિર્મય જીવનવિકાસનું સાધન બને છે. રામ તથા સીતાના લગ્નજીવન સંબંધમાં મહર્ષિ વાલ્મીકિએ જે નોંધ્યું છે એ આદર્શ લગ્નજીવનની ઈચ્છાવાળાં સ્ત્રીપુરુષોએ યાદ રાખવા જેવું છે :

रामस्तु सीतया सार्द्धं विजहार बहूनृतून् ।
मनस्वी तद्गतस्तस्या नित्यं हृदि समर्पितः ॥२५॥
प्रिया तु सीता रामस्य दाराः पितृकृता इति ।
गुणाद्रूपगुणाच्चापि प्रीतिर्भूयोऽभ्यवर्द्धत ॥२६॥
तस्याश्च भर्ता द्विगुणं हृदये परिवर्तते ।
अन्तर्जातमपि व्यक्तमाख्याति हृदयं हृदा ॥२७॥
तस्य भूयो विशेषेण मैथिली जनकात्मजा ।
देवताभिः समा रूपे सीता श्रीरिव रूपिणी ॥२८॥
तया स राजर्षिसुतोऽभिरामया समेयिवानुत्तमराजकन्यया ।
अतीव रामः शुशुभेऽतिकामया विभुःश्रिया विष्णुरिवामरेश्वरः ॥२९॥

"શ્રીરામ સદા સીતાના મનમંદિરમાં વિરાજમાન રહેતા અને રસમૂર્તિ રામનું મન પણ સીતામાં લાગેલું રહેતું. સીતા રામને પરમ પ્રિય હતી. સીતાના પાતિવ્રત્ય આદિ સદગુણોને તથા અસાધારણ સૌન્દર્યને લીધે રામનો પ્રેમભાવ એના પ્રત્યે વધતો રહેતો. સીતાના હૃદયમાં પણ પોતાના સદગુણો અને સૌન્દર્યને લીધે રામ અનેકગણા પ્રીતિપાત્ર બની રહેતા."

"જનકનંદિની મિથિલેશકુમારી સીતા રામના આત્મિક અભિપ્રાયને પોતાના અંતરાત્મા દ્વારા અને અધિક જાણતી તેમજ બતાવી શકતી. એ રામની જ કામના કરતી અને રામ પણ એકમાત્ર એના પ્રત્યે જ પ્રેમ રાખતા. લક્ષ્મીની સાથે ભગવાન વિષ્ણુ શોભી ઊઠે તેમ સીતા સાથે રામ પરમ પ્રસન્નતાપૂર્વક શોભવા લાગ્યા." (બાલકાંડ સર્ગ ૭૭, શ્લોક ૨૫ થી ૨૯ નો ભાવાર્થ)

*

તુલસીદાસજીએ રામચરિતમાનસમાં રામ સીતા અને લક્ષ્મણાદિના વિધિપૂર્વક વિવાહનું વિસ્તારથી વર્ણન કર્યું છે. એ વર્ણન અતિશય આકર્ષક અથવા રોચક હોવાથી વાંચવા જેવું છે. બાલકાંડના છેલ્લા છંદમાં જણાવ્યું છે તેમ એમણે એ બધું વર્ણન અને રામચરિતનું આલેખન રામ પ્રત્યેના પવિત્ર પ્રેમથી પ્રેરાઈને પોતાની વાણીને પવિત્ર કરવા કર્યું છે.

निज गिरा पावनि करन कारन राम जसु तुलसी कह्यो ।
रघुबीर चरित अपार बारिधि पारु कबि कौनें लह्यो ॥

એ વર્ણન વાંચનાર કે સાંભળનાર પોતાના સમયને સુધારશે અને જીવનને પવિત્ર બનાવશે એમાં સંશય નથી. સત્સંગ સર્વપ્રકારે કલ્યાણકારક થઈ રહે છે. એથી વાણી તથા કાન તો પવિત્ર બને જ છે પરંતુ સાથે સાથે સમસ્ત જીવનને, તન-મન-અંતરને પવિત્ર કરવાની પ્રેરણા સાંપડે છે. સમસ્ત જીવનમાં મૂળભૂત કાયમી કલ્યાણકારિણી ક્રાંતિ થાય છે.

### મહર્ષિ વિશ્વામિત્રની વિસ્મૃતિ

મહર્ષિ વાલ્મીકિ અને સંત તુલસીદાસજીના રામાયણના અધ્યયન દરમિયાન મને અવારનવાર વિચાર આવ્યો છે કે મહર્ષિ વિશ્વામિત્રનો ઉલ્લેખ રામસીતાના લગ્ન પછી ક્યાંય કેમ નથી આવતો ? મહામુનિ વિશ્વામિત્ર આટલા બધા રામપ્રેમી, દિવ્ય જ્ઞાની, રામના એક પ્રકારના સંસ્કારગુરુ જેવા હોવા છતાં, એમનો નામનિર્દેશ ફરીવાર કેમ નથી થતો ? એ વિસ્મૃત પાત્રને ફરી કોઈવાર આલેખાયું હોત તો સારું થાત એવું મને વારંવાર લાગ્યું છે.

* * *

## ૪. રામનો વનવાસ

### અયોધ્યાપુરીમાં

સૌન્દર્યમૂર્તિ સીતાના સંસર્ગથી રામનું જીવન તો રસમય બન્યું જ, પરંતુ અયોધ્યાપુરી પણ અધિક અલંકૃત બની. સૌંદર્યમૂર્તિ સીતાની લોકોત્તરતા વિશે તુલસીદાસજીએ રામચરિતમાનસના બાલકાંડમાં કહ્યું છે કે સીતા સૌંદર્ય અને સદગુણના અદભુત ભંડાર જેવી હતી. જગદંબા પોતે હતી. શરીરની મમતાવાળી સામાન્ય સ્ત્રી સાથે એને સરખાવવાનું કામ મને યોગ્ય લાગતું નથી. બધી જ ઉપમાઓ ફીકી લાગે છે. સીતાને વર્ણવી, ઉપમા આપી, કુકવિ કહેવાઈને અપયશના ભાગી બનવાનું કોને ગમે ? સીતાસમી સુંદરી સ્ત્રી સંસારમાં છે જ નહીં તો એને કોની સાથે સરખાવું ?

सिय सोभा नहिं जाइ बखानी । जगदंबिका रूप गुन खानी ॥
उपमा सकल मोहि लघु लागीं । प्राकृत नारि अंग अनुरागीं ॥
सिय बरनिअ तेइ उपमा देई । कुकबि कहाइ अजसु को लेई ॥
जौं पटतरिअ तीय सम सीया । जग असि जुबति कहाँ कमनीया ॥

એવી સીતાને પામીને રામને આનંદ આનંદ થઈ રહ્યો. સીતા પોતે પણ રામના સ્વર્ગસુખદ સંસર્ગથી અને અયોધ્યાના આવાસથી સુખી થઈ.

મહારાજા દશરથના સમયની અયોધ્યાપુરી અનુપમ હતી. ભૌતિક વિકાસની દૃષ્ટિએ તો એ આગળ વધેલી હતી જ પરંતુ નૈતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ પણ આગળ હતી. એના સંબંધી વાલ્મીકિ રામાયણના બાલકાંડના પાંચમા તથા છઠ્ઠા સર્ગનું કેટલુંક વર્ણન ખાસ વાંચવા વિચારવા જેવું છે. એમાં અયોધ્યાના ભૌતિક વિકાસને વર્ણવતાં જણાવ્યું છે :

"એ શોભાશાલિની મહાપુરી બાર યોજન લાંબી અને ત્રણ યોજન જેટલી પહોળી હતી. ત્યાં બહારના જનપદોમાં જવાનો જે વિશાળ રાજમાર્ગ હતો તે બંને બાજુએ વિવિધ વૃક્ષાવલિથી વિભૂષિત હોવાથી અન્ય માર્ગો કરતાં સ્પષ્ટ રીતે જુદો તરી આવતો. એ પુરી અનેક મહાદ્વારો તથા દ્વારોથી સુરક્ષિત હતી. સુશોભિત દેખાતી. એની અંદર જુદાંજુદાં બજારો હતાં. એમાં અસંખ્ય શસ્ત્રાસ્ત્રોનો સંચય કરાયેલો. એમાં વિવિધ કળાકારો અને શિલ્પીઓ વાસ કરતા."

"એની ચારે તરફ ઊંડી ખાઈ ખોદેલી. એમાં પ્રવેશવાનું અને એને ઓળંગવાનું અતિશય અઘરું મનાતું. એના મહેલોનું નિર્માણ જુદા જુદા રત્નોથી થયેલું. એમાં રત્નોનો પાર ન હતો."

"રાજા દશરથ પોતે દૂરદર્શી, તેજસ્વી, વિદ્વાન તથા પ્રજાપાલક હતા. પ્રજાનો એમના પર પ્રેમ હતો. એ ધર્મપરાયણ, જીતેન્દ્રિય, શક્તિશાળી, શત્રુરહિત, મિત્રોવાળા, સત્યપ્રતિજ્ઞ અને પરમ પરાક્રમી હતા."

અયોધ્યાપુરીના પ્રજાજનોના નૈતિક અથવા આધ્યાત્મિક અભ્યુત્થાનને આલેખતાં જણાવ્યું છે :

"એમાં વસનારા સર્વે મનુષ્યો પ્રસન્ન, ધર્માત્મા, બહુશ્રુત, નિર્લોભી, સત્યવાદી અને સ્વસંપત્તિથી સંતુષ્ટ હતા. એ પુરીમાં ક્યાંય કોઈપણ કામી, કૃપણ, ક્રુર, મૂર્ખ અને નાસ્તિક નહોતું દેખાતું. સઘળાં સ્ત્રીપુરુષો

ધર્મપરાયણ, સંયમી, સદાપ્રસન્ન, શીલવાન અને સદાચારી હતા. ક્ષુદ્ર બુદ્ધિના, ચોર, દુરાચારી તથા વર્ણસંકર પુરુષો ત્યાં રહેતા જ નહિ."

ભારતની વર્તમાન પ્રજાએ અને એના શાસકોએ એ વર્ણન વિચારવા જેવું છે. એમાંથી ધડો લેવા જેવો છે. આપણે શિક્ષિત, સુસંસ્કૃત, સુવિકસિત હોવાનો દાવો તો કરીએ છીએ અને ગર્વ પણ લઈએ છીએ, તે છતાં પણ આપણે માટે એવું કહી શકીએ તેમ છીએ ?

એવી અયોધ્યાપુરીમાં આવીને સીતા પરમ પ્રસન્નતાને પામે એમાં કશું આશ્ચર્ય નહતું. પરંતુ જીવન સદાને સારુ એકસરખું પ્રસન્ન ક્યાં રહી શકે છે. એકસરખું પણ ક્યાં રહે છે ? એ જો એકસરખું રહેતું હોત તો એને જીવન કહેવાત જ નહિ. આકાશના અનેકવિધ રંગોની જેમ એ પણ એના રૂપરંગોને બદલ્યા કરે છે. ઘડીમાં આનંદમગ્ન બનાવે છે તો ઘડીમાં શોકગ્રસ્ત. ઘડીમાં લાભ પહોંચાડે છે તો ઘડીમાં હાનિ. ઘડીમાં સંપત્તિ વરસાવે છે તો ઘડીમાં વિપત્તિ. ઘડીમાં યશ પ્રદાન કરે છે તો ઘડીમાં અપયશ આપે છે. ઘડીમાં પ્રિયજનોનો સંયોગ કરાવે છે તો ઘડીમાં વિયોગ. ઘડીમાં વસતિની વચ્ચે બેસાડે છે તો ઘડીમાં નિર્જન વનમાં. ઘડીમાં પ્રસંશાપાત્ર બનાવે છે તો ઘડીમાં નિંદાપાત્ર. ઘડીમાં જન્મ આપે છે તો ઘડીમાં મરણ. રામાયણનો અયોધ્યાકાંડ એવા પરિવર્તનશીલ વિરોધાભાસી જીવનની કથા કહે છે ને સૂચવે છે કે જીવન કેવળ પીયૂષપ્યાલો નથી, એમાં વિષ પણ છે. અનુકૂળતાની સાથે પ્રતિકૂળતા, અને સુખની સાથે દુઃખ પણ છે. એને અનાસક્ત બનીને તટસ્થ રીતે સાક્ષીની જેમ જીવે છે તે જ સુખી ખાય છે. જે એમાં આસક્ત થઈને એથી ખરડાઈ જાય છે તે બેચેન બને છે, અશાંતિ અનુભવે છે, ને દુઃખી થાય છે.

અયોધ્યાકાંડનો આરંભ અત્યંત શુભ, સુખદ સમાચારથી થાય છે. એ સમાચાર રામને યુવરાજ બનાવવાના ને રામના રાજ્યાભિષેકના છે. પોતાની મોટી ઊંમરનો વિચાર કરીને અને રામની અસાધારણ લોકોત્તર લાયકાતને લક્ષમાં લઈને દશરથે રામના રાજ્યાભિષેકનો વિચાર કર્યો. કેટલાય માનવો એવા હોય છે જે મરતા સુધી દુન્યવી પ્રવૃત્તિઓનો પદત્યાગ કરતા નથી. મોટી ઉંમર થાય ને દુર્બળ બની જાય તો પણ લૌકિક લાલસાઓ, વાસનાઓ તથા પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહે છે. મરે છે પણ એમની જ આસક્તિ લઈને. એમની અહંતા અને મમતા અતિશય પ્રબળ હોય છે. એમણે સમજી લેવું જોઈએ કે એમના વિના જગતનું ચક્ર સારી રીતે ચાલતું આવ્યું છે અને ચાલ્યા કરશે. અમુક અવસ્થા પછી સાંસારિક જવાબદારીઓને ઓછી કરીને માનવે પોતાના જીવનના આધ્યાત્મિક અભ્યુત્થાન પ્રત્યે અધિક ધ્યાન આપવું જોઈએ અથવા નિવૃત્ત જીવન જીવવું જોઈએ. જીવનનો વાસ્તવિક આનંદ ત્યારે જ મળી શકે.

દશરથ રાજાએ રાજ્યકાર્યમાંથી નિવૃત્ત થવાનો નિર્ણય કર્યો. પ્રજાને રામ પ્રત્યે પ્રેમ હોવાથી એ જાણીને આનંદ થયો. મહર્ષિ વસિષ્ઠ તથા વામદેવની પણ અનુમતિ મળી.

રામને રાજ્યપ્રાપ્તિની કે રાજ્યના સુખોપભોગોની લેશપણ લાલસા ન હતી. એટલા માટે તો રાજ્યાભિષેકના સમાચાર એમને એટલા બધા પ્રિય, અનુકૂળ અથવા આનંદજનક ના લાગ્યા. એમને થયું કે મારો જ રાજ્યાભિષેક શા માટે ?

जनमे एक संग सब भाई । भोजन सयन केलि लरिकाई ॥
करनबेध उपबीत बिआहा । संग संग सब भए उछाहा ॥

बिमल बंस यहु अनुचित एकू । बंधु बिहाइ बड़ेहि अभिषेकू ॥

"અમે સઘળા ભાઈઓ સાથે જનમ્યા, સાથે રમ્યા, સાથે જમ્યા, સાથે સાથે સૂતા. અમારા કર્ણવેધના, યજ્ઞોપવિતના ને લગ્નના મંગલ પ્રસંગો પણ સાથે જ પૂરા થયા. તો પછી રાજ્યાભિષેક પણ સાથે શા માટે નહિ ? રઘુવંશ જેવા વિશુદ્ધ વંશને માટે, બીજા બંધુઓને છોડીને મોટાનો અભિષેક કરવામાં આવે એ જરાપણ ઉચિત નથી લાગતું."

કેટલા બધા અસાધારણ ઉદગાર ! એવા ઉદગાર રામ જેવા આદર્શ આત્મારામ મહાનુભાવના મુખમાંથી જ નીકળી શકે. એવા વિમલ વિચારો રામને જ આવી શકે. એ વિચારો રામની નિસ્પૃહતાના સૂચક છે તેમ બંધુઓ પ્રત્યેની પ્રીતિને પણ પ્રકટ કરે છે. જે કુટુંબના વડીલ બંધુમાં એવા ભાવો ભરેલા હોય ને બીજા બંધુઓ પણ એવા સુંદર સ્વાર્થરહિત સદભાવોથી સંપન્ન હોય તે કુટુંબમાં સંપત્તિના કે બીજા કારણથી ક્લેશ પેદા ના થઈ શકે. આજના બંધુઓને માટે એ ઉદગારોમાં મોટો બોધપાઠ રહેલો છે.

રામના રાજ્યાભિષેકના સમાચારથી કૌશલ્યા, સુમિત્રા, બંનેને આનંદ થયો. રામ એમની પાસે પહોંચ્યા ત્યારે રામને એમણે અભિનંદન આપ્યાં. રામ પ્રત્યે પુષ્કળ પ્રેમ હોવાથી દાસી મંથરા દ્વારા રામના ભાવિ રાજ્યાભિષેકના શુભ સમાચાર સાંભળીને કૈકેયીને પણ અતિશય આનંદ થયો. કૈકેયી સાથે દાસી બનીને મંથરા એના પિયરથી જ આવેલી. એ મંદ તથા મલિન બુદ્ધિની, કુટિલ, સ્વાર્થી અને કૈકેયી પ્રત્યે અપાર મમતાવાળી હતી. રામના બીજે દિવસે સવારે થનારા રાજ્યાભિષેકના સમાચારને એ સહી શકી નહિ. એને રામની ઈર્ષા થઈ. એ દિવસોમાં ભરત તથા શત્રુઘ્ન એમના મામાને ત્યાં ગયેલા. એ પરિસ્થિતિને યાદ કરીને એણે કૈકેયીને કહ્યું કે રાજાનું મન એટલું બધું મલિન છે કે ભરતને મોસાળમાં મોકલ્યા પછી એમણે કાલે સવારે જ રામનો રાજ્યાભિષેક કરવાનો નિર્ણય કર્યો છે. એ જાણીને તારા અને ભરતના હિતનો વિચાર કરીને મને દુઃખ થયું છે.

પરંતુ કૈકેયીને માટે તો એ સમાચાર સુખદ થઈ પડ્યા. એણે એવા સરસ સમાચાર સંભળાવવા માટે મંથરાને પુરસ્કારરૂપે એક અલૌકિક અમૂલખ આભૂષણ પ્રદાન કર્યું, ને કહ્યું કે રામ તથા ભરતમાં મને કશો ભેદ નથી દેખાતો. રામનો રાજ્યાભિષેક થવાનો છે એ જાણીને મને અતિશય આનંદ થાય છે. રામની પરીક્ષા મેં કરી જોઈ છે. એ બધી માતાઓને કૌશલ્યાસમાન પ્રિય માને છે અથવા સાચું કહું તો મારા પર વધારે પ્રેમ રાખે છે. ભાગ્યવશાત્ જો ફરીવાર જન્મ મળે તો રામ અને સીતા મને પુત્ર તથા પુત્રવધુ તરીકે પ્રાપ્ત થાય એવું ઈચ્છું છું. રામ મને પ્રાણથી પણ વધારે પ્રિય છે, એમના અભિષેકનું તને આટલું બધું દુઃખ શા માટે થાય છે ?

कौसल्या सम सब महतारी । रामहि सहज सुभायँ पिआरी ॥
मो पर करहिं सनेहु बिसेषी । मैं करि प्रीति परीछा देखी ॥
जौं बिधि जनमु देइ करि छोहू । होहुँ राम सिय पूत पुतोहू ॥
प्रान तें अधिक रामु प्रिय मोरें । तिन्ह कें तिलक छोभु कस तोरें ॥

રામાયણનો જેને પૂરેપૂરો પરિચય નથી તેને એવી શંકા થશે કે આ ઉદગારો, ભાવો કે વિચારો ખરેખર કૈકેયીના છે ? મોટેભાગે માણસો માને છે કે કૈકેયીને ભરત પ્રત્યે પ્રથમથી જ પ્રાકૃતિક પક્ષપાત અને

રામ પ્રત્યે દ્વેષભાવ હોવાથી રામના રાજ્યાભિષેકના સમાચાર એને નહોતા ગમ્યા. પરંતુ રામાયણના અભ્યાસીઓ જાણે છે કે વાસ્તવિકતા એવી નહોતી.

રામાયણને રચવામાં અથવા રામજીવનના પરમપ્રસન્ન પ્રવાહને પલટાવવામાં કે પ્રતિકૂળ કરવામાં જેમનો ફાળો ખૂબ જ નોંધપાત્ર છે એમાં મંથરાનું નામ સૌથી વિશેષ ઉલ્લેખનીય અને આગળ પડતું છે. મંથરા એમાં મોટામાં મોટું નિમિત્ત બની છે. અને એણે કૈકેયીને મુખ્ય અભિનય માટે આગળ કરીને નિમિત્ત બનાવી છે. કૈકેયીના સંસ્કારો ઘણા સારા હતા. એનું અંતર નિર્મળ અને નિષ્કપટ હતું. રામને માટે એને પુષ્કળ પ્રેમ હતો. રામના મંગલમાં એ પોતાનું મંગલ માનતી. પરંતુ મંથરાની ભંભેરણીથી એની બુદ્ધિ બદલાઈ ગઈ, મતિ મલિન થઈ, વૃત્તિ વિપરીત બની એ શું બતાવે છે ? એજ કે માનવમાં શુભ અને અશુભ બંને પ્રકારની વૃત્તિઓ રહેલી છે. જો એ સાવધ ના હોય, સદબુદ્ધિથી સતત સંપન્ન ના હોય, તો કુસંગનો પ્રભાવ એના પર અચૂક પડે છે. એની બુદ્ધિ ડગવા લાગે છે. અને એ આરંભમાં ઈચ્છતો ના હોય તો પણ પાછળથી વિપથગામી બને છે. માનવ પરિસ્થિતિથી, સંગથી પ્રભાવિત થાય છે એ એક અવસ્થા છે અને પરિસ્થિતિને પ્રભાવિત કરે છે એ બીજી અવસ્થા છે. પહેલી અવસ્થા એટલી બધી વિશ્વસનીય નથી હોતી. એમાં ખૂબ જ સંભાળવું પડે છે. કૈકેયી એ અવસ્થામાં હોવાથી છેવટે ડગી ગઈ ને જુદી જ બની રહી. રામના રહસ્યમય જીવનનાટકમાં ખલનાયિકાના ગૌણ પાઠને ભજવવા અજ્ઞાત રીતે તૈયાર થઈ. માનવ પોતાની સંસ્કારિતાનો ઘમંડ ના રાખે એજ સારું છું. એને પેદા થતાં અને લુપ્ત બનતાં પણ વાર નથી લાગતી.

મંથરાએ કૈકેયીની બુદ્ધિને બગાડી નાખી. એના કહેવાથી કૈકેયીએ કોપભવનમાં પ્રવેશ કર્યો. એના નીરસ વિપરીત વેશ અને વર્તનને વિલોકીને રાત્રીના શાંત સમયે મનોરથથી મઘમઘતું મન લઈને એની પાસે પહોંચેલા રાજા દશરથને આશ્ચર્ય અને દુઃખ થયું. એમણે એને મનાવવાના પ્રયત્નો પ્રારંભ્યા પરંતુ એ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા.

### કૈકેયીનાં વરદાન

દશરથે અધિકાધિક દુઃખી થઈને જે માગવું હોય તે માગી લેવા અને સુંદર વસ્ત્રાભૂષણોને ધારણ કરવા જણાવ્યું એટલે ધારેલું કામ સફળ થશે એવું સમજીને કૈકેયી ઊભી થઈને સુંદર વસ્ત્રાભૂષણોને સજવા લાગી. એણે અનુકૂળ અવસર માનીને જણાવ્યું કે માગવાનું તો કહી રહ્યા છો પરંતુ મારાં પહેલાંનાં બે વરદાનો હજુ નથી આપી શક્યા. દશરથે બે ને બદલે ચાર વરદાન માગવા કહ્યું ને જણાવ્યું કે રઘુકુળની એવી રીતિ છે કે પ્રાણત્યાગ કરવો પડે તો ભલે પરંતુ વચનનો ત્યાગ નથી કરાતો.

रघुकुल रीति सदा चलि आई । प्रान जाहुँ बरु बचनु न जाई ॥
नहिं असत्य सम पातक पुंजा । गिरि सम होहिं कि कोटिक गुंजा ॥
सत्यमूल सब सुकृत सुहाए । बेद पुरान बिदित मनु गाए ॥

દશરથને સઘળી રીતે સાનુકૂળ સમજીને કૈકેયીએ કહ્યું કે પહેલા વરદાનમાં ભરતનો રાજ્યાભિષેક માગું છું ને બીજા વરદાનમાં રામ તપસ્વી વેશે ચૌદ વરસનો વનવાસ ભોગવે એવું માગું છું.

રાજા દશરથની દશા અતિશય દયનીય, દુઃખદ બની ગઈ. એમના દિલમાં દરદનો દાવાનળ સળગી ઊઠ્યો. મસ્તક પર જાણે કે વિજળી પડી. પગ નીચેની પૃથ્વી સરકવા લાગી. પોતાની જાતને જેમતેમ કરીને સાચવવાનો પ્રયત્ન કરીને એ કૈકેયીને સમજાવવા લાગ્યા. ભરતનો રાજ્યાભિષેક કરવામાં કશી હરકત નથી, પરંતુ રામ વનવાસ વેઠે એવું શા માટે માગે છે ? એમણે તારૂં શું બગાડ્યું છે ? સવારે ભરતનો રાજ્યાભિષેક કરવામાં આવશે. ફકત રામના વનવાસના વરદાન પર પુનર્વિચાર કરી લે.

પરંતુ કૈકેયી એવો પુનર્વિચાર કરવા તૈયાર નહોતી. એની સ્થિતિ સુરક્ષિત અને સુદૃઢ હતી. રાજાને એણે પોતાની કપટજાળમાં બરાબર બાંધી દીધેલા. હવે એ છૂટવા માગે તોપણ કેવી રીતે છૂટી શકે ? એણે સાફ શબ્દોમાં જણાવ્યું કે મારે તો એજ વરદાન માગવાનાં છે. તમે એમને નહિ આપો તો સવારે મને મરેલી જોશો ને વચનને ના પાળવાનો અપયશ ભોગવશો.

દશરથે એ સાંભળીને અસહાય અવસ્થામાં વિલાપ કરવા માંડ્યો. એમનો સમસ્ત રસકસ સૂકાઈ ગયો.

રામને એક જ સ્ત્રી હતી અને દશરથને ત્રણ. એક કરતાં વધારે સ્ત્રીવાળો માનવ કેટલો બધો ક્લેશ ભોગવે છે, દુઃખી થાય છે, અથવા કેવી મુસીબતમાં મૂકાય છે, એ રાજા દશરથના પાત્ર દ્વારા જણાઈ આવે છે. સ્ત્રીની વધારે પડતી પ્રીતિ અથવા આસક્તિ પુરુષને પામર તથા પંગુ બનાવીને પીડા પહોંચાડે છે. સ્ત્રીનો મોહ કે સંમોહ સર્વનાશક છે. એના વ્યક્તિત્વમાં વિશ્વાસ મૂકી શકાય નહિ. એનું ચરિત્ર ભારે રહસ્યમય હોય છે. એ સર્જન પણ કરી શકે છે ને નાશ પણ નોંતરે છે. આનંદ આપે છે અને અવસાદમાં પણ નાખી દે છે. કૈકેયીનું ચરિત્ર એવું સૂચવી જાય છે.

*

પ્રાચીન ભારતમાં સ્ત્રીઓ લેશ પણ પછાત નહોતી. એ પુરુષોની સાથે સમસ્ત સેવાકાર્યોમાં કે ક્ષેત્રોમાં સક્રિય રસ લેતી. દૈવાસુરસંગ્રામ વખતે કૈકેયી દશરથ સાથે યુદ્ધભૂમિમાં ગયેલી. ત્યાં દશરથ ખૂબ જ ઘાયલ થયેલા. કૈકેયીએ રાતભર જાગીને એમની સેવા કરીને એમની જીવનરક્ષા કરેલી. બદલામાં એમણે એને બે વરદાન આપેલાં. એમને એણે સુરક્ષિત રાખેલાં. એમનો જ ઉલ્લેખ કરીને એણે દશરથની ઉપર વજ્રપ્રહાર કર્યો. દશરથ એથી કલ્પાંત કરવા લાગ્યા. જે રક્ષક હતી તે જ ભક્ષક બની. અરે એ ભક્ષક બનવાનું કલ્પી શકી જ કેવી રીતે ?

દશરથ રાજાની આખી રાત વિલાપમાં વીતી ગઈ. એમને નિંદ્રા ના આવી શકી. પ્રભાતના પ્રથમ પ્રહરમાં મહામંત્રી સુમંત્ર રાજાને રોજની જેમ જાગેલા ના જોઈને એમની માહિતી મેળવવા આવી પહોંચ્યા. કૈકેયીએ એમને રામને મોકલવાનો આદેશ આપ્યો.

રામ આવ્યા અને પિતાની કરુણાતિકરુણ દશાના કારણને પૂછવા લાગ્યા એટલે કૈકેયીએ ઉપોદઘાતમાં જણાવ્યું કે રાજાને તમારા પર વધારે પડતો, સૌથી વધારે પ્રેમ છે એજ એમની દુઃખદ દશાનું કારણ છે. મને એમણે બે વરદાન માગવા જણાવેલું. મને જે યોગ્ય લાગ્યું તે મેં માગી લીધું. એ સાંભળીને એ અતિશય શોકિત અને આર્ત બની ગયા છે. એમને તમારે લીધે સંકોચ થાય છે.

सुनहु राम सबु कारन एहू । राजहि तुम पर बहुत सनेहू ॥३॥
देन कहेन्हि मोहि दुइ बरदाना । मागेउँ जो कछु मोहि सोहाना ।
सो सुनि भयउ भूप उर सोचू । छाड़ि न सकहिं तुम्हार सँकोचू ॥४॥

કૈકેયીએ રાતની કથા કહી. બીજા કોઈ પુરુષ હોત તો કૈકેયીને એવાં કઠોર વિઘાતક વરદાન માગવા માટે ઠપકો આપત, એનો વિરોધ પણ કરત, એને વરદાન પાછાં લેવા માટે સમજાવવાનો પ્રયાસ પણ કરત, પરંતુ આ તો રામ હતા. માતાપિતાના પરમ ભક્ત. એમના વચનો પાળનારા, આદેશને અનુસરનારા, એકનિષ્ઠ ઉપાસક. એમણે જણાવ્યું, માતા ! જન્મ તો એનો સફળ છે ને સૌથી વધારે ભાગ્યશાળી પુત્ર પણ એ જ છે, જે માતાપિતાની સેવા કરે છે, માતાપિતાને શાંતિ આપે છે, અને એમના આદેશને અનુસરે છે. ભરત મને પ્રાણથી પણ પ્રિય છે. એને રાજ્ય મળે એથી વિશેષ મંગલ બીજું શું હોઈ શકે ? મારે માટે વનગમન ખરેખર ખૂબ જ કલ્યાણકારક થશે. વનમાં વિહરીને સંયમી સાદુ જીવન જીવાશે. પરમાત્મપ્રેમી પરમાત્મદર્શી પ્રાતઃસ્મરણીય ઋષિમુનિઓના દેવદુર્લભ દર્શનનો લાભ મળશે, અને પ્રજાની પરિસ્થિતિની માહિતી મેળવીને જરૂરી સેવા થશે. તમે મારે માટે એવું સુંદર સર્વોત્તમ વિકાસપ્રેરક વનગમન માગ્યું એને તમારો અનુગ્રહ માનું છું. એને માટે તમારો જેટલો પણ આભાર માનું એટલો ઓછો છે.

દશરથની મૂર્છા વળી અને એમણે રામનું નામ લેતાં પાસું ફેરવ્યું. રામે એમને સમજાવવાનો અને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો. પિતાજી, તમે નાની વાતને ખૂબ જ મોટી કરીને માની લીધી છે. મને પહેલેથી જ બધી હકીકત જણાવી હોત તો તમારે આટલા બધા દુઃખી થવું ન પડત. જીવનમાં સુખદુઃખ તો આવ્યા જ કરે છે. બુદ્ધિમાન માનવો વચનપાલનને નથી છોડતા. હું વનમાં જવા તૈયાર છું. તમે જરાપણ ચિંતા કે શોક કરશો નહીં. જેનો જીવનવ્યવહાર જાણીને માતાપિતા પ્રસન્ન થાય તેનો જન્મ જ ધન્ય છે. માતા તથા પિતાને જે પ્રાણસમાન પ્રિય સમજે છે તે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ ચારે પદાર્થને સહેલાઈથી પામી લે છે.

धन्य जनमु जगतीतल तासू । पितहि प्रमोदु चरित सुनि जासू ॥
चारि पदारथ करतल ताकें । प्रिय पितु मातु प्रान सम जाकें ॥

ધન્ય રામ ! એમના એ સરસ સદભાવ ભરેલા શબ્દોને સાંભળીને એમને અભિનંદન આપવાનું મન થાય છે. બધા જ પુત્રો એવી સર્વોત્તમ સદભાવનાને સેવતા અને આચરતા થઈ જાય તો ? જગત નંદનવન જેવું બની જાય. આજે તો પોતાના વિપરીત વર્તનથી પુત્રો માતાપિતાને માટે સમસ્યારૂપ બની ગયા છે ને માતાપિતા પણ સમસ્યારૂપ થયા છે. રામની ભારતીય સંસ્કૃતિની ઉદાત્ત ભાવનાનો અમલ કરવાથી એ સમસ્યાનો અંત આવશે. એ સુચારુરૂપે ને સરસ રીતે, સરળતાપૂર્વક ઉકલી જશે.

**રામનું વનગમન**

કૈકેયીએ માગેલાં વરદાનની વાત સાંભળીને પ્રજા ખૂબ જ દુઃખી થઈ. સૌને ખબર હતી કે કૈકેયી રામ પ્રત્યે ભરત કરતાં પણ વધારે પ્રેમ રાખે છે. એ રામના વનગમનનું વરદાન માગી શકી, એવું વરદાન માગવાનું વિચારી પણ શકી, એથી સૌને અતિશય આશ્ચર્ય થયું. એમના રાજ્યાભિષેકના રંગમાં ભંગ પડ્યો.

માતા કૌશલ્યાનો ક્લેશ પણ પરાકાષ્ઠા પર પહોંચ્યો. એણે જેમતેમ કરીને ધીરજ ધારણ કરીને રામને કહ્યું કે સર્વે ધર્મશાસ્ત્રોનો સંદેશ પિતાને દેવતા માનીને એમની આજ્ઞાનું પાલન કરવાનો છે. રાજ્યાભિષેક કરવાનું કહીને પિતાએ તને વનમાં જવાનું જણાવ્યું તેનું દુઃખ મને જરાપણ નથી. દુઃખ તો એ વાતનું થઈ રહ્યું છે કે તારા વિના ભરતને, રાજાને અને પ્રજાને પાર વિનાની પીડા થશે.

राजु देन कहि दीन्ह बनु मोहि न सो दुख लेसु ।
तुम्ह बिनु भरतहि भूपतिहि प्रजहि प्रचंड कलेसु ॥५५॥

કૌશલ્યા પોતાના દુઃખથી દુઃખી થવાને બદલે બીજાના દુઃખવિચારથી દુઃખી થઈ રહી છે. ધન્ય છે એના અંતરની ઉદાત્તતાને. એવી માતાને ત્યાં જ રામ જેવા પ્રાતઃસ્મરણીય પવિત્ર પુત્રરત્નનો પ્રાદુર્ભાવ થઈ શકે.

કૌશલ્યા અને કૈકેયીનાં વ્યક્તિત્વો કેટલાં બધાં વિરોધાભાસી છે ? એક શુદ્ધ સત્વગુણથી સંપન્ન બની છે ને બીજી તમોગુણનો શિકાર થઈ છે. એક પરમપવિત્ર નિઃસ્વાર્થભાવે બીજાના દુઃખનો વિચાર કરે છે, ને બીજી અત્યંત મલિન સ્વાર્થબુદ્ધિથી પોતાના જ સુખને વિચારે છે, અગત્ય આપે છે, અને આગળ ધરે છે. એક સુવિશાળ છે, બીજી સંકુચિત. એક શાંત તથા સ્વસ્થ, કરુણાર્દ્ર છે, ને બીજી અશાંત, અસ્વસ્થ, કઠોર અને ક્રોધી છે. એક સર્જનમાં સુખ સમજે છે ને બીજી સર્વનાશમાં. દૈવી અને આસુરી સંપત્તિના પ્રતીક સરખી એવી વિરોધી વૃત્તિવાળી સ્ત્રીઓ એક જ રાજાને ત્યાં વાસ કરે છે. દૈવી અને આસુરી સંપત્તિનાં એવાં વિરોધાભાસી તાંડવનૃત્યો સમાજમાં અને માનવના પોતાના મનમાં ચાલ્યા કરે છે.

પ્રતિકૂળતામાં પણ જે સત્યને ને ધર્મને સાચવી શકે કે આચરી શકે તેનું સત્યપાલન અને ધર્મપાલન સાચું કહેવાય. વિષમ વાતાવરણમાં પણ જે ડગે નહીં ને સર્વનાશના સંજોગોમાં પણ પોતાની નિષ્ઠાને વળગી રહે એનું સત્વ સર્વોત્તમ મનાય. રામ તથા કૌશલ્યાનું સત્વ એવું સર્વોત્તમ હતું. એ પ્રસંગોની પરંપરાએ પુરવાર કરી આપ્યું.

વાલ્મીકિ રામાયણમાં માતા કૌશલ્યાનું રેખાચિત્ર જરાક જુદું છે. એને રામના વનગમનના સમાચારથી ખૂબ જ દુઃખ થાય છે. એ રામને વનમાં ના જવા માટે વિનવે છે પણ ખરી. વનમાં જવાના સમાચારને એ શરૂઆતમાં સહી શકતી નથી. રામ એને ખૂબ જ સારી પેઠે સમજાવે છે ત્યારે આખરે એ એમને આશીર્વાદ આપે છે અને એમને માટે શુભકામના કરે છે. રામ એ વખતે પોતાની ધર્મનિષ્ઠા અને કર્તવ્યપરાયણતાને વ્યકત કરતાં જે કહે છે તે ખાસ યાદ કરવા જેવું છે. એમના સુંદર શબ્દો આ રહ્યા :

यशो ह्यहं केवलराज्यकारणान्न पृष्ठतः कर्तुमलं महोदयम् ।
अदीर्घकाले न तु देवि जीविते वृणे ऽवरामद्य महीमधर्मतः ॥६२॥
प्रसादयन्नरवृषभः स्वमातरं पराक्रमाज्जिगमिषुरेव दण्डकान् ।
अथानुजं भृशमनुशास्य दर्शनं चकार तां हृदि जननीं प्रदक्षिणम् ॥६३॥

"માતા ! મને વનમાં જવાની આજ્ઞા આપો અને આપણા સૌના શ્રેયને સારું સ્વસ્તિવાચન કરાવો, જેથી વનવાસનો વખત પૂરો કરીને હું તમારી સેવામાં પાછો આવી શકું. કેવળ ધર્મહીન રાજ્યને માટે હું

મહાન ફળપ્રદાયક ધર્મપાલનરૂપ સુયશને પાછો ધકેલી નહીં શકું. જીવન વધારે વખત સુધી નથી રહેવાનું. એને માટે મને અધર્મપૂર્વક તુચ્છ પૃથ્વીનું રાજ્ય લેવાનું જરાપણ પસંદ પડતું નથી."

(અયોધ્યાકાંડ સર્ગ ૨૧, શ્લોક ૬૨-૬૩નો ભાવાર્થ)

*

કૈકેયીએ રામના વનવાસનું વરદાન માગ્યું ત્યારે રામની ઉંમર કેટલી હતી તેની માહિતી વાલ્મીકિ રામાયણના અયોધ્યાકાંડના વીસમા સર્ગના પિસ્તાલીસમા શ્લોક પરથી મળી રહે છે. એ શ્લોકમાં કૌશલ્યા રામને જણાવે છે કે તમારા ઉપનયન સંસ્કારરૂપી દ્વિતીય જન્મને સત્તર વરસ વીતી ગયાં. રામ દસમે વરસે ઉપનયન સંસ્કારથી સંપન્ન થયા હોવાથી એ વખતે સત્તાવીસ વરસના હતા એવું નક્કી થાય છે.

**સીતાનો સંકલ્પ**

રામને વનમાં જવાનો આદેશ મળ્યો છે એ જાણીને અયોધ્યાની સઘળી પ્રજા દુઃખી થઈને શોક કરવા લાગી તો પછી સીતા તો દુઃખી થાય જ એ સહેજે સમજી શકાય તેવું છે. એની ઉપર જે પ્રતિક્રિયા પડવી જોઈએ તે પડે જ. એ પ્રતિક્રિયા ખૂબ જ પ્રબળ હતી. એથી પ્રેરાઈને એણે પણ રામની સાથે વનમાં જવાનો સંકલ્પ કર્યો. રામે એને અનેક પ્રકારના તર્કવિતર્ક દ્વારા ઘરમાં રહેવા માટે સમજાવવાનો પ્રયાસ કરી જોયો. પરંતુ એ પ્રયાસ નિષ્ફળ નીવડ્યો. સીતાના વિચારોનું ધ્રુવપદ આ પ્રમાણે હતું :

प्रासादाग्रैर्विमानैर्वा वैहायसगतेन वा ।
सर्वावस्थागता भर्तुः पादच्छाया विशिष्यते ॥२७.८॥

"ઊંચાઊંચા રાજમહેલોમાં રહેવાનું, વિમાનોમાં વિહરવાનું, અણિમાદિ સિદ્ધિથી સંપન્ન બનીને વ્યોમમાં વિચરવાનું; એ સઘળાં કરતાં સ્ત્રીને માટે સઘળા સંજોગોમાં પતિના ચરણોની છાયામાં વસવાનું વધારે મહત્વનું છે." (વાલ્મીકિ રામાયણ અયોધ્યાકાંડ, સર્ગ ૨૭, શ્લોક ૯)

स्वर्गोऽपि च विना वासो भविता यदि राघव ।
त्वया मम नरव्याघ्र नाहं तमपि रोचये ॥२७.२०॥

"એવી રીતે સેંકડો કે હજારો વરસો સુધી પણ તમારી સાથે રહેવાનું સૌભાગ્ય સાંપડે તોપણ મને કદી કષ્ટનો અનુભવ નહીં થાય. તમે સાથે રહેવાના ના હો તો મને સ્વર્ગલોકની પ્રાપ્તિની ઈચ્છા પણ ના થાય."

अहं गमिष्यामि वनं सुदुर्गमं मृगायुतं वानरवारणैर्युतम् ।
वने निवत्स्यामि यथा पितुर्गृहे तवैव पादावुपगृह्य संयता ॥२७.२१॥

"એટલા માટે હજારો હરણ, વાનર તથા હાથીવાળા એ અત્યંત દુર્ગમ વનમાં હું આવીશ અને તમારી સેવામાં રહીને તમને બધી રીતે અનુકૂળ બનીને મારા પિતાને ત્યાં રહેતી તેમ જ સુખપૂર્વક વાસ કરીશ."

अनन्यभावामनुरक्तचेतसं त्वया वियुक्तां मरणाय निश्चिताम् ।
नयस्व मां साधु कुरुष्व याचनां न ते मयाऽतो गुरुता भविष्यति ॥२७.२२॥

"મારા પ્રાણનો સંપૂર્ણ પ્રેમ એકમાત્ર તમને જ અર્પિત છે. મારું મન તમારા વિના બીજે ક્યાંય નથી જતું. તમારા વિયોગથી હું જીવતી નહિ રહી શકું. એટલા માટે મારી માગણીને માન્ય રાખીને મને સાથે લઈ લો. મારા રહેવાથી તમારા પર કશો બોજો નહીં પડે."

સીતા બીજો કયો સંકલ્પ કરી શકે ? એનું મન રામમાં જ રમ્યા કરતું. રામ વિનાનો રાજપ્રાસાદ એને સ્મશાન સરખો લાગે તેમ હતો. એનું જીવન રામમય હોવાથી રામ સિવાય એમાં કશો સાર નહોતો. રામ વનમાં જાય અને એ રાજપ્રાસાદમાં રહી શકે જ નહીં.

*

એક ગ્રેજ્યુએટ યુવતિએ મને એકવાર જણાવ્યું કે સીતાએ ભયંકર ભૂલ કરી.

મેં પૂછ્યું કે કેમ ?

તેણે જણાવ્યું કે સીતા પ્રગતિશીલ નહોતી, પછાત હતી. રામ વનમાં જવા તૈયાર થયા તો એ પણ શા માટે તૈયાર થઈ ? એ રમણીય રાજપ્રાસાદમાં સુખપૂર્વક રહી શકી હોત. અથવા રામને છોડીને બીજાને વરી હોત. વનમાં જવાથી તો એ કેટલી બધી દુઃખી થઈ અને રામની સાથે બીજાને પણ કેટલા બધી દુઃખી કરી બેઠી ! મેં તો મારા પતિ રામપ્રકાશ બરાબર નહોતા તેથી તેમને બદલીને બીજાને પસંદ કર્યા છે.

મેં કહ્યું કે તમારામાં ને સીતામાં ફેર છે. સીતા રામને જ વળગી રહેવા ને સેવવા માગતી હતી. એની આગળ તમારું કે બીજાનું શું ચાલી શકે ? એ તમારા જેવી નહોતી માટે જ એને પૂજવામાં, આદર્શ માનવામાં અને પરમારાધ્ય સમજવામાં આવે છે.

*

સીતાનો સંકલ્પ સાચો હતો. ભારતીય સંસ્કૃતિને ને લગ્નપરંપરાને અનુરૂપ હતો. સ્ત્રીનું સ્થાન પતિની પાસે કે સાથે જ હોય. પતિની સઘળા સંજોગોમાં સેવા એ એનો મહત્વનો મહામૂલ્યવાન ખાસ ધર્મ. પતિનાં સુખદુઃખ એ એનાં સુખદુઃખ. માટે તો એને અર્ધાંગિની કહી છે. પતિપ્રેમ એનું પ્રધાન કર્તવ્ય. પતિના કલ્યાણમાં જ એનું કલ્યાણ. સીતા એવા સંદેશને સુણાવનારી સંસ્કૃતિનું સંતાન હતી. એ બીજો વિચાર કરી શકે જ કેવી રીતે ? એનું સુખ સ્વચ્છંદમાં નહીં પણ સંયમમાં અને સ્વાર્થમાં નહીં પરંતુ સમર્પણમાં હતું. એનું શ્રેય રામની સંનિધિમાં ને સેવામાં સમાયેલું. એને માટે અન્ય કોઈ વિકલ્પ જ ક્યાં હતો ? કૌશલ્યાદિની સેવાનો વિચાર પણ એને એટલો પ્રભાવિત કરી ના શક્યો. સ્નેહમૂર્તિ સીતા સ્નેહનિધાન રામ વિના રહી શકી જ નહીં. રામે એની આગળ વનની વિષમતા અને વિપત્તિનાં ભાતભાતનાં શબ્દચિત્રોને રજૂ કર્યાં તો પણ એ લેશ પણ ચળ્યા સિવાય પોતાના સુદૃઢ સમજપૂર્વકના સત્યસંકલ્પને વળગી રહી. તુલસીદાસજીએ રામાયણમાં એની ભાવનાને દર્શાવતાં કહ્યું છે :

तनु धनु धामु धरनि पुर राजू । पति बिहीन सबु सोक समाजू ॥
भोग रोगसम भूषन भारू । जम जातना सरिस संसारू ॥
प्राननाथ तुम्ह बिनु जग माहीं । मो कहुँ सुखद कतहुँ कछु नाहीं ॥
जिय बिनु देह नदी बिनु बारी । तैसिअ नाथ पुरुष बिनु नारी ॥

"જીવ વગરની કાયા અને નીર વિનાની નદી જેમ નિરર્થક છે તેમ પુરુષ વિનાની સ્ત્રીની કશી મહત્તા નથી. પતિ સિવાય તન, ધન, ધામ, ધરા, નગર અને રાજ્ય શોકયુક્ત બની જાય છે. ભોગ રોગસમ, ભૂષણ ભારરૂપ, અને સંસાર યમયાતનાવાળો બની રહે છે. તમારા સિવાય મને સંસારમાં ક્યાંય કદાપિ સુખ નથી લાગતું."

લક્ષ્મણે પહેલાં તો એની સમજ પ્રમાણે રામને રાજ્ય પર અધિકાર કરી લેવાની સલાહ આપી, પરંતુ એવી સલાહ રામને પસંદ ના પડવાથી રામની સાથે વનમાં જવાનો નિર્ણય કર્યો. માતા સુમિત્રાએ એને સંપૂર્ણ સંમતિ આપતાં જણાવ્યું કે જેનો પુત્ર રામનો ભક્ત બને તેજ સન્નારીને સંસારમાં સાચા અર્થમાં પુત્રવતી કહી શકાય. સ્ત્રીનો પુત્ર રામવિમુખ થાય એના કરતાં એ વાંઝણી રહે તે વધારે સારું છે.

पुत्रवती जुबती जग सोई । रघुपति भगतु जासु सुतु होई ॥

કૈકેયી અને કુબ્જા અથવા મંથરા સિવાયનાં અયોધ્યાપુરીનાં બીજાં બધાં જ પાત્રો રામભક્તિથી ભરેલાં છે. રામની પ્રીતિ, સંગતિ તથા સેવામાં એ જીવનનું પરમકલ્યાણ સમજે છે. એ સિવાય એમને બીજું કશું ગમતું જ નથી. આખી અયોધ્યા જાણે કે રામમય છે. એવી રીતે જીવન કામમય બનવાને બદલે રામમય થાય અથવા પરમાત્માના પ્રેમથી પરિપ્લાવિત બની જાય તો એને સુખી, શાંત, સફળ, સાર્થક કરતાં વાર ના લાગે.

રામાયણના એ પરંપરાગત પ્રવાહને પલટાવવાની શક્તિવાળું એક અન્ય પ્રચ્છન્ન પાત્ર રામાયણમાં રહેલું છે. એ પાત્ર ઉર્મિલાનું છે. પરંતુ મહર્ષિ વાલ્મીકિએ અને સંત તુલસીદાસે એનો ઉલ્લેખ નથી કર્યો. ઊર્મિલાનું સ્થાન અત્યંત અગત્યનું હતું. એના પ્રાણમાં પણ લક્ષ્મણને માટે પ્રેમ હતો. સીતાના રામ પ્રત્યેના પ્રેમ કરતાં એ પ્રેમ લેશ પણ ઓછો નહોતો. એ જો લક્ષ્મણની વચ્ચે આવીને કહેત કે, મારી સાથે તમે એટલા માટે જ લગ્ન કરેલું ? પતિ તરીકે તમારું પ્રથમ કર્તવ્ય મારા પ્રત્યે છે કે રામ પ્રત્યે ને સીતા પ્રત્યે ? તમારું મારા પ્રત્યેનું પણ કર્તવ્ય છે. પતિ તરીકે તમારે મારી સંભાળ સૌથી પ્રથમ રાખવાની છે. માટે મને મૂકીને વનમાં જઈ નહિ શકો, તો લક્ષ્મણની દશા કેવી થાત ? પરંતુ એણે એવું નથી કહ્યું. એનો ત્યાગ અને સંયમ સીતાના સંયમ અને ત્યાગ કરતાં સહેજ પણ ઓછો ન હતો. પરંતુ વધારે હતો. સીતાને તો પોતાના પ્રિયતમ રામની સાથે રહેવાનું હતું. પરંતુ એને પોતાના પ્રિયતમ લક્ષ્મણથી દૂર રહીને શાંતિનો શ્વાસ લેવાનો હતો. એનું સમર્પણ સવિશેષ મૂલ્યવાન તથા પ્રશંસનીય હતું. રામ અને સીતા પ્રત્યેના પ્રબળ પવિત્ર પ્રેમપારાવારથી પ્રેરાઈને જ એટલું મોટું આત્મબલિદાન એ આપી શકી. અને એ પણ પડદા પાછળ રહીને એકદમ સહજ અને મૂક રીતે. એના આત્માની અલૌકિકતાને માટે એને જેટલાં પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. એ અસાધારણ સ્ત્રીને આદરભાવની અંજલિ આપ્યા વિના રામાયણની રચના અધુરી જ રહી જાય. શ્રુતકીર્તિ ને માધવી તો શત્રુઘ્ન ને ભરત સાથે કદાચ અયોધ્યાની બહાર હશે પરંતુ ઊર્મિલા તો અયોધ્યામાં જ હતી. એની અનુમતિ વિના લક્ષ્મણથી આટલી બધી સહેલાઈથી રામસીતા સાથે જવા માટે તૈયાર થઈ શકાયું ના હોત.

*

રામ સીતા તથા લક્ષ્મણ સાથે વનવાસની તૈયારી કરીને આવી પહોંચ્યા ત્યારે દશરથના દુઃખની સીમા રહી નહીં. સીતાને ઘેર રહેવા માટે દશરથે ઘણુંયે સમજાવી જોઈ પણ સીતાનો સંકલ્પ અડગ રહ્યો. રામે મુનિનો વેશ ધારણ કર્યો તે જોઈને એમનું કાળજું કપાવા લાગ્યું. એમના આદેશાનુસાર મહર્ષિ વ્યાસની ઉપસ્થિતિમાં કોષાધ્યક્ષ દ્વારા સીતાને ચૌદ વરસ ચાલે એટલાં બહુમૂલ્ય વસ્ત્રો અને આભૂષણો આપવામાં આવ્યાં. એ અંતિમ ઉલ્લેખ મહર્ષિ વાલ્મીકિએ અયોધ્યાકાંડના ૩૯મા સર્ગના ૧૫મા શ્લોકમાં કરેલો છે.

वासांसि च महार्हाणि भूषणानि वराणि च ।
वर्षाण्येतानि सङ्ख्याय वैदेह्याः क्षिप्रमानय ॥३९-१५॥

રાજા દશરથના કહેવાથી સુમંત્રે સર્વોત્તમ અશ્વોથી અલંકૃત રથને તૈયાર કર્યો.

રામલક્ષ્મણને આપવામાં આવેલાં અસંખ્ય અસ્ત્ર, શસ્ત્ર તથા કવચને રથના પાછલા ભાગમાં રાખવામાં આવ્યા.

રથ આગળ ચાલ્યો ત્યારે દશરથ બેશુદ્ધ બની ગયા. અયોધ્યામાં હાહાકાર થઈ રહ્યો. પ્રજા વિલાપ કરતી રથની પાછળ ચાલવા લાગી.

રાતે તમસા નદીના તટપ્રદેશ પર નિવાસ કરીને પ્રજાજનોને સૂતેલા છોડીને રામનો રથ વહેલી સવારે આગળ ચાલી નીકળ્યો. એ વખતે ચૈત્ર માસ ચાલી રહેલો.

રામ વિનાની અયોધ્યાપુરી એકદમ આનંદરહિત અને સૂની બની ગઈ. જીવનની નગરી પણ પરમાત્મારૂપી રામને લીધે જ રસમયી લાગે છે. રામ વિના રસકસ વગરની બની જાય છે. જે જીવનમાં રામ નથી રહેતા એ જીવન સ્મશાન સરખું શુષ્ક અને શૂન્ય થાય છે. મરણની આવૃત્તિ જેવું ચારે તરફથી ખાવા ધાય છે.

* * *

## ૫. દશરથનો સ્વર્ગવાસ

### ગુહનો મેળાપ

રામ સીતા તથા લક્ષ્મણ સાથે મંત્રી સુમંત્રના રમણીય રાજરથમાં શ્રૃંગવેરપુર પહોંચ્યા. ત્યાં પવિત્ર ગંગાનદીમાં સ્નાન કરીને સૌએ સ્વસ્થતા મેળવી.

મહર્ષિ વાલ્મીકિ રામાયણના અયોધ્યાકાંડના પચાસમા સર્ગમાં જણાવે છે કે

स श्रुत्वा पुरुषव्याघ्रं रामं विषयमागतम् ।
वृद्धैः परिवृतो ऽमात्यैर्ज्ञातिभिश्चाप्युपागतः ॥५०-३३॥
ततो निषादाधिपतिं दृष्ट्वा दूरादुपस्थितम् ।
सह सौमित्रिणा रामः समागच्छद्गुहेन सः ॥५०-३४॥
तमार्तस्सम्परिष्वज्य गुहो राघवमब्रवीत् ।
यथायोध्या तथेयं ते राम किं करवाणि ते ॥५०-३५॥
ईदृशं हि महाबाहो कः प्राप्स्यत्यतिथिं प्रियम् ॥५०-३६॥

'શ્રૃંગવેરપુરમાં ગુહ નામનો રાજા રાજ્ય કરતો. એ રામનો પ્રાણપ્રિય મિત્ર હતો. એનો જન્મ નિષાદકુળમાં થયેલો. એ શારીરિક શક્તિની તથા સૈનિક શક્તિની બંને દૃષ્ટિએ બળવાન હોવા ઉપરાંત ત્યાંના નિષાદોનો પ્રખ્યાત રાજા હતો. પુરુષરત્ન રામને પોતાના રાજ્યમાં આવેલા જાણીને એ વયોવૃદ્ધ મંત્રીગણો અને બંધુઓ સાથે એમની પાસે આવી પહોંચ્યો. નિષાદરાજને દૂરથી આવેલો જોઈને રામ લક્ષ્મણ સાથે આગળ વધીને એને મળ્યા. રામને વલ્કલવસ્ત્રમાં વિલોકીને ગુહને ખૂબ જ દુઃખ થયું. એણે રામને ભાવપૂર્વક ભેટીને કહ્યું કે તમારે માટે જેવું અયોધ્યાનું છે તેવું જ આ રાજ્ય પણ છે. હું તમારી શી સેવા કરું ?'

ગુહરાજે રામની સેવામાં જુદીજુદી જાતની કેટલીય ખાદ્યસામગ્રી અર્પણ કરી. રામે એને માટે એને આત્મિક અભિનંદન આપતાં જણાવ્યું કે

कुशचीराजिनधरं फलमूलाशिनं च माम् ।
विद्धि प्रणिहितं धर्मे तापसं वनगोचरम् ॥५०-४४॥
अश्वानां खादनेनाहमर्थी नान्येन केनचित् ।
एतावतात्र भवता भविष्यामि सुपूजितः ॥५०-४५॥

"અત્યારે હું વલ્કલ અને મૃગચર્મ ધારણ કરીને ફળમૂળનો આહાર કરીને તાપસવેશમાં વનમાં વિચરું છું. આ સામગ્રીમાંથી ઘોડાઓને કામ લાગનારી વસ્તુની જ મારે આવશ્યકતા છે. ઘોડાઓને ખવડાવવા-પીવડાવવાથી મારો સંપૂર્ણ સત્કાર થઈ જશે."

રામના એ ઉદગારો એક બાજુએ એમના એ વખતના સુદૃઢ નિયમપાલનને પ્રકટ કરે છે તો બીજી બાજુએ એમની અંદરના સામાન્ય પશુ પ્રત્યેના સ્નેહ અને સદભાવનું દર્શન કરાવે છે. પોતાની પ્રકારાંતરે સેવા કરનારા મૂંગા જીવો પ્રત્યે પણ એ કેટલા બધા જાગ્રત હતા એનો ખ્યાલ આપે છે.

રાતે રામ સીતા સાથે તૃણની શય્યા પર સુતા ત્યારે ગુહનું હૈયું ભરાઈ આવ્યું. લક્ષ્મણે એમની રક્ષાના વિચારથી, આખી રાત જાગીને ને ગુહ સાથે વિવિધ વાતો કરીને પસાર કરી. કુદરતની લીલા કેવી ગહન છે ? એકવાર જે રાજપ્રાસાદમાં સુંદર સુંવાળી સુખશય્યા પર સૂએ છે તે તેથી પ્રભાવિત થઈને બીજીવાર વનમાં ઉઘાડી ધરતી પર આરામ કરે છે. એકવાર જે ભાવતાં ભોજન જમે છે તે બીજીવાર સમયનું ચક્ર ફરતાં કંદમૂળ અને ફળફૂલ આરોગે છે. મહામૂલ્યવાન વસ્ત્રાલંકાર પહેરનાર વલ્કલ પહેરે છે. તોપણ, મનને જીતી ચૂકેલા કે જીતવાનો પ્રયાસ કરનારા મનસ્વી કાર્યાર્થી પુરુષો સઘળી પરિસ્થિતિમાં સ્વસ્થ રહીને સુખદુઃખથી ચલાયમાન નથી થતા. રામ એવા લોકોત્તર મહાપુરુષ હોવાથી વનમાં પણ અયોધ્યાનો આનંદ અનુભવતા. એ એવા લોકોત્તર મહાપુરુષ ના હોત તો વનમાં નીકળત જ નહીં. દશરથને ને કૈકેયીને અવગણીને અયોધ્યાની ગાદી પર બેસી જાત. દશરથને કહી દેત કે તમે વરદાન આપ્યાં હોય તો તમે જાણો. મારા પર તમારો કે કૈકેયીનો કશો જ અધિકાર નથી. હું એ વરદાનથી નથી બંધાયેલો. તમારે કે કૈકેયીને વનમાં જવું હોય તો જઈ શકો છો. હું કાંઈ કોઈનો ગુલામ નથી કે હાલતાંચાલતાં કોઈયે કસૂર વિના વનમાં જઉં અને એ પણ ચૌદ ચૌદ વરસને માટે. તો રામાયણની કથા જુદી જ હોત. પરંતુ રામ તો માતાપિતાના મહાન ભક્ત ને ધર્મપાલક હતા. એમની પાસેથી એવી આશા રાખી શકાય તેમ હતું જ નહી.

*

રામની સુચનાનુસાર સુમંત્રે રથ સાથે અયોધ્યામાં પાછા ફરવાનો નિર્ણય કર્યો.

ગુહે એમના આદેશથી સુંદર નાવ તૈયાર કરી. રામ, લક્ષ્મણ તથા સીતા સાથે એમાં બેઠા એટલે નાવિકોએ એને ચાલુ કરી. સેના સહિત નિષાદ તથા સુમંત્ર નાવ દૃષ્ટિપટ પરથી દૂર થઈ ત્યાં સુધી એને જોતા રહ્યા. એમને રામથી છૂટા પડવાનું નહોતું ગમતું. પરંતુ રામના આદેશ આગળ બીજો કોઈ વિકલ્પ જ ન હતો.

*

નાવના એ પુરાણપ્રસંગને કલ્પનાની રમણીય રંગોળી પૂરીને સંત તુલસીદાસે પોતાના રામાયણમાં જરાક જુદી રીતે રજૂ કર્યો છે. નાવના નિમિત્તને પકડીને એમણે રામભક્તિને અંકિત કરવા માટે નાવિક કે કેવટના પાત્રનો ઉપયોગ કર્યો છે. રામે નાવની માગણી કરી ત્યારે કેવટે સ્વભાવસહજ સરળતાથી જણાવ્યું કે તમારા મર્મની માહિતી મને મળી ગઈ છે. તમારી ચરણરજ ચમત્કારિક છે. એના સ્પર્શમાત્રથી જ શિલામાંથી સ્ત્રી બની ગઈ. મારી નાવ પણ એવી રીતે સ્ત્રી થઈ જાય તો મારા દુઃખનો પાર રહે નહીં. કારણ કે મારા પરિવારનું પાલન એને લીધે જ કરી રહ્યો છું. બીજી કોઈ વિદ્યા નથી જાણતો. તમારે એમાં બેસવું હોય તો પહેલાં પગનું પ્રક્ષાલન કરી લેવા દો.

કેવટનાં નિર્દોષ પ્રેમવચનોને સાંભળીને રામ સ્મિત કરવા લાગ્યા. એમની આજ્ઞાથી એણે એમનું અસાધારણ અનુરાગપૂર્વક પાદપ્રક્ષાલન કર્યું, આચમન લીધું, અને એમને પાર ઉતાર્યા. પાર ઉતારીને દંડવત પ્રણામ કર્યા ત્યારે સીતાએ એને એનો પ્રેમ પેખીને મણિની મુદ્રિકા આપી. કેવટની આંખમાં આંસુ આવ્યા. એણે કહ્યું કે મારે કશું નથી જોઈતું. તમારી કૃપા છે તેજ બસ છે. છતાં કાંઈ આપવું જ હોય તો પાછા

આવો ત્યારે આપજો. રામે ઘણો આગ્રહ કરવા છતાં એણે માન્યું નહીં ત્યારે એને પવિત્ર પ્રેમભક્તિનું વરદાન દઈને રામ આગળ વધ્યા.

કેવટનું કલ્યાણકારક કથાનક સૂચવે છે કે પરમાત્માને પ્રસન્ન કરવા અને એમનો અમોઘ અનુગ્રહ મેળવવા માત્ર પવિત્ર પ્રેમભક્તિની, નિર્મળ હૃદયની ને છળરહિત વિશુદ્ધ વ્યવહારની જ આવશ્યકતા છે. શાસ્ત્રજ્ઞાન, તપ, વ્રત, યજ્ઞ, યોગસાધન સઘળું એની આગળ ગૌણ બની જાય છે. જે પરમાત્માને પ્રેમ કરે છે, ભાવપૂર્વક ભજે છે, તેને તે મળે છે. તેના પર તેમની કૃપાદૃષ્ટિ વરસે છે.

**ભરદ્વાજ મુનિ**

તીર્થરાજ પ્રયાગનો પ્રભાવ ઘણો મોટો છે. તુલસીદાસજી કહે છે કે પાપના પુંજને હાથીની ઉપમા આપીએ તો પ્રયાગરાજને સિંહ સાથે સરખાવી શકાય સિંહ હાથીનો તેમ એ પાપસમૂહનો સહેલાઈથી નાશ કરે છે. એના પરમ પ્રભાવનું વર્ણન પરિપૂર્ણપણે કોણ કરી શકે ?

को कहि सकइ प्रयाग प्रभाऊ । कलुष पुंज कुंजर मृगराऊ ॥

એવા પુણ્યવંતા પ્રયાગરાજમાં ગંગાયમુનાના સુંદર સંગમસ્થળને અવલોકીને અંતર આજે પણ આહ્લાદથી ઊછળી પડે છે. જીવ અને શિવનો એવી રીતે સંગમ થાય તો જીવનની ધન્યતાનું કેટલું મોટું મંગલમય તીર્થ બની જાય ? પ્રયાગરાજના એ પાવન તીર્થમાં ભરદ્વાજ મુનિનો આશ્રમ હતો. રામે લક્ષ્મણ તથા સીતા સાથે એમાં પ્રવેશીને મુનિના દર્શનનો દેવદુર્લભ લાભ લીધો.

રામનો પરિચય પામીને ભરદ્વાજ મુનિ ખૂબ જ પ્રસન્ન થયા. એ પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા. એ ત્રિકાલજ્ઞ, પરમાત્મદર્શી અને અસાધારણ યોગ-સામર્થ્યથી સંપન્ન હતા. એ સામર્થ્યથી એમણે ભાતભાતના સ્વાદિષ્ટ પદાર્થોથી સૌનો સ્નેહપૂર્વક સત્કાર કર્યો. એમના પથપ્રદર્શન પ્રમાણે રામ ચિત્રકૂટ જવા તૈયાર થયા. ચિત્રકૂટનો મહિમા વર્ણવતાં વાલ્મીકિ રામાયણના અયોધ્યાકાંડમાં ભરદ્વાજ મુનિ રામને જણાવે છે :

यावता चित्रकूटस्य नरश्शृङ्गाण्यवेक्षते ।
कल्याणानि समाधत्ते न पापे कुरुते मनः ॥५४.३०॥

"મનુષ્ય જ્યારે ચિત્રકૂટનાં શિખરોનું દર્શન કરે છે ત્યારે કલ્યાણકારી પુણ્યકર્મોનું ફળ મેળવીને કદીપણ પાપબુદ્ધિ કરતો નથી." (સ્કંધ ૫૪, શ્લોક ૩૦)

तत्र कुञ्जरयूथानि मृगयूथानि चाभितः ।
विचरन्ति वनान्तेऽस्मिन् एतानि द्रक्ष्यसि राघव॥५४.४१॥
सरित्प्रस्रवणप्रस्थान् दरीकन्दरनिर्झरान् ।
चरतस्सीतया सार्द्धं नन्दिष्यति मनस्तव ॥५४.४२॥

"એ પર્વત પરમપવિત્ર, રમણીય તથા અસંખ્ય ફળમૂળથી સુશોભિત છે. ત્યાં અરણ્યની અંદર હાથીનાં અને હરણનાં ટોળેટોળાં ફરે છે. એ સૌને તમે જોઈ શકશો. વળી મંદાકિની નદી, પાણીનાં ઝરણાં, પર્વત શિખર, ગુફા તેમજ કંદરાઓ પણ દેખાશે." (શ્લોક ૪૧-૪૨)

*

રસ્તે ચાલતાં ગામનાં નરનારી રામ, સીતા અને લક્ષ્મણને નિહાળીને અવનવીન ભાવોને અનુભવે છે. તુલસીદાસજીએ એમની પ્રતિક્રિયાને સરસ રીતે વર્ણવી છે. એક સ્થળે સ્ત્રીઓએ સીતાને રામના સંબંધ વિષે પૂછ્યું ત્યારે એમણે લખ્યું છે કે 'વદનવિધુને સાડીના છેડાથી ઢાંકીને પતિ તરફ વાંકી નજર કરીને સીતાએ એમને પોતાના પતિ તરીકે ઓળખાવ્યા.'

बहुरि बदनु बिधु अंचल ढाँकी । पिय तन चितइ भौंह करि बाँकी ॥

એથી એવું સૂચિત થાય છે કે રામસીતાના સમયમાં લાજ કાઢવાની પ્રથા પ્રવર્તમાન હતી. પરંતુ વાલ્મીકિ રામાયણમાં એવો ઉલ્લેખ ક્યાંય નથી મળતો. એટલે સંત તુલસીદાસના જમાનાની લાજપ્રથા એમના એ વર્ણનમાં પ્રવેશી ગઈ છે એવું માનવું રહે છે.

રામ આગળ ચાલતા, સીતા એમની પાછળ ચાલતી અને લક્ષ્મણે સીતાને અનુસરવાનું રહેતું. એ દ્રશ્યને તુલસીદાસજીએ ખૂબ જ સુંદર શબ્દોમાં વણી લીધું છે. સીતા બ્રહ્મ તથા જીવન વચ્ચે માયા જેવી દેખાતી અથવા મધુ અને મદન વચ્ચે રતિ જેવી અથવા ચંદ્ર અને બુધની વચ્ચે રોહિણી જેવી.

उभय बीच सिय सोहति कैसे । ब्रह्म जीव बिच माया जैसे ॥

**મહર્ષિ વાલ્મીકિનો મેળાપ**

રામ, લક્ષ્મણ, સીતા ચિત્રકૂટ પર્વતના પાવન પ્રદેશમાં પહોંચ્યાં ત્યારે વનમાં વસંતઋતુનો વિપુલ વૈભવ સર્વત્ર જોવા મળ્યો. એમના સદભાગ્યે એમને મહર્ષિ વાલ્મીકિનો સુરદુર્લભ સુખકારક સમાગમ થયો. મહર્ષિ વાલ્મીકિએ એમનો અત્યંત આનંદપૂર્વક સત્કાર કર્યો.

મહર્ષિ વાલ્મીકિ પૂર્વજીવનમાં લૂંટફાટની પ્રવૃત્તિમાં પડી ગયેલા. દેવર્ષિ નારદના સમાગમ અને સદ્દપદેશથી પ્રભાવિત બનીને પલટાઈ ગયા. એમણે એમનું જીવનકલ્યાણ કર્યું. પાછળથી રામાયણની રચના દ્વારા સમાજનું પણ શ્રેય સાધ્યું. એ કથા કહી બતાવે છે કે જીવનની સુધારણાનો, મહાનતાનો, પ્રભુપરાયણતાનો મંગલ માર્ગ સૌ કોઈને માટે ઉઘાડો છે. ગમે તેવો કુકર્મપરાયણ પુરુષ પણ એમાં પ્રવેશીને આગળ વધી શકે છે. એ મહર્ષિ વાલ્મીકિ કોણ હતા એ વિશે વિચિત્ર વિચારો પ્રવર્તે છે. કોઈ એમને પછાત જાતિના તો કોઈ હરિજન માને છે. એમની સ્મૃતિમાં વાલ્મીકિ સભાઓ પણ સ્થપાઈ છે. એ પરમપવિત્ર મહામાનવને પોતાના માનીને એમની દ્વારા પ્રેરણા પામીને કોઈ સંસ્કારી બને ને વધારે સારુ જીવન જીવે એમાં આપણને કશી હરકત નથી. એ ઈચ્છવા અથવા આવકારવા જેવું છે. પરંતુ ભારતીય સંસ્કૃતિના એ સર્વશ્રેષ્ઠ જ્યોતિર્ધર વિશે મિથ્યા માન્યતા સેવવાનું બરાબર નથી. એ પોતે બ્રાહ્મણ હતા અને કુમાર્ગગામી બનેલા એટલું જ. એ માહિતી તુલસીદાસજીએ પૂરી પાડી છે. એ રામચરિતમાનસમાં જણાવે છે કે રામે વાલ્મીકિ મુનિના આહ્લાદક એકાંત આશ્રમમાં પ્રવેશ કરીને એમને પ્રણામ કર્યા એટલે એમણે એમને આશીર્વાદ આપ્યા. એ વર્ણનમાં તુલસીદાસજીએ મહર્ષિ વાલ્મીકિને માટે વિપ્રવર નો લાક્ષણિક સાંકેતિક શબ્દપ્રયોગ કર્યો છે.

मुनि कहुँ राम दंडवत कीन्हा । आसिरबादु बिप्रबर दीन्हा ॥

એ વર્ણન વાલ્મીકિ મુનિ બ્રાહ્મણ હતા એવું સ્પષ્ટ કરે છે. એને પ્રમાણભૂત સમજીને એ મહાપુરુષ વિશેની મિથ્યા માન્યતાનો અંત આણવો જોઈએ. એ વર્ણન દ્વારા તુલસીદાસજીએ અજ્ઞાત રીતે પણ સંસ્કૃતિની શકવર્તી સેવા કરી છે. એને માટે એ અભિનંદનના અધિકારી છે.

*

મહર્ષિ વાલ્મીકિને રામે એમની સઘળી જીવનકથા કહી સંભળાવી. રામાયણની ભાવિ રચનાનું મહાકાર્ય કરવા એજ નિર્માયેલા. એનું અદૃષ્ટ સૂક્ષ્મ બીજારોપણ ત્યાં જ કરાયું એવું કહી શકાય.

ભગવાનના સાચા સ્વરૂપને કોણ જાણી શકે ? જેને તે કૃપા કરીને જણાવે તેજ કાંઈક અંશે જાણી શકે. અને જે જાણે તે ભગવાનની અસાધારણ અચળ શ્રદ્ધાભક્તિથી સંપન્ન થઈને ભગવાનમય બન્યા વિના રહી શકે નહીં.

सोइ जानइ जेहि देहु जनाई । जानत तुम्हहि तुम्हइ होइ जाई ॥

રામે મહર્ષિને પોતાને માટેના કોઈ સુયોગ્ય નિવાસસ્થાન વિશે પૂછ્યું અને મહર્ષિએ જે ઉત્તર આપ્યો તેને તુલસીદાસજીએ એમની આગવી રોચક રીતે રજૂ કર્યો છે. મહર્ષિ વાલ્મીકિએ જણાવ્યું : "જેમના સમુદ્ર જેવા શ્રવણ તમારી જુદીજુદી કથાસરિતાના પ્રવેશથી ભરાતા નથી એમના હૃદયમાં તમે વાસ કરો. જેમનાં લોચન ચાતકની પેઠે તમારા કૃપાવાદળના વારિને માટે તલસે છે, તેમના હૃદયમાં સીતા તથા લક્ષ્મણ સાથે વાસ કરો. જેમની જીભ તમારા મોતી જેવા ગુણોનો સદા સ્વાદ લે છે; જે સઘળું તમને સમર્પિત કરીને તમારા પ્રસાદ તરીકે વાપરે છે; રામની જ સેવાપૂજા કરે છે ને શ્રદ્ધાભક્તિ રાખે છે; તમારા મંગલ મંત્રને જપે છે; જીવનમાં રામચરણની રતિની જ ઈચ્છા કરે છે; તેમના મનમંદિરમાં વાસ કરો."

काम कोह मद मान न मोहा । लोभ न छोभ न राग न द्रोहा ॥
जिन्ह कें कपट दंभ नहिं माया । तिन्ह कें हृदय बसहु रघुराया ॥१॥

"જે સૌનું શુભ કરનાર, સૌ પ્રત્યે પ્રેમ રાખનારા, અને સુખદુઃખ તથા સ્તુતિનિંદામાં સમાન રહેનાર હોય; સત્ય ને પ્રિય બોલે, સૂતાં-ઊઠતાં તમારું જ શરણ લે, અને તમારા સિવાય જેમને બીજી કોઈ ગતિ ના હોય; પરસ્ત્રીને જે માતા સમાન માને ને પરધનને વિષ જેવું; બીજાની સંપત્તિથી આનંદ અનુભવે અને બીજાની વિપત્તિથી વ્યથિત થાય; જે બીજાના ગુણને ગ્રહણ કરતા હોય, ભક્તો પ્રત્યે પ્રેમ રાખતા હોય; સ્વર્ગ નરક મોક્ષને સમાન સમજીને સઘળે તમારું જ દર્શન કરતા હોય તથા મન, વચન, કર્મથી તમને જ ભજતા હોય; એમના હૃદયમાં નિત્ય નિવાસ કરો."

તુલસીકૃત રામાયણમાં મહર્ષિ વાલ્મીકિએ રામને ચિત્રકૂટ પર્વત પર રહેવાની સૂચના કરી છે તો વાલ્મીકિ રામાયણમાં ભરદ્વાજ મુનિએ. વાલ્મીકિ રામાયણ પ્રમાણે ગુહ તથા સુમંત્ર પ્રયાગરાજથી જ છૂટા પડ્યા છે અને ગુહના ગુપ્તચરોએ રામના ચિત્રકૂટનિવાસના સમાચાર ગુહને પૂરા પાડ્યા છે. તો તુલસીકૃત રામાયણ પ્રમાણે સુમંત્ર ને ગુહ રામના ચિત્રકૂટ નિવાસને નિહાળીને ચિત્રકૂટથી પાછા ફર્યા છે. પરંતુ રામનો ચિત્રકૂટવાસ તો બંનેએ વર્ણવ્યો છે.

ભારતનાં તીર્થસ્થાનોમાં ચિત્રકૂટ પોતાની શાંતિ, સુંદરતા, નૈસર્ગિકતા અને આહ્લાદકતાને લીધે આગળ પડતું અને આગવું સ્થાન ધરાવે છે. એનું દર્શન સૌ કોઈએ કરવા જેવું છે.

**દશરથનો સ્વર્ગવાસ**

કૌશલ્યાને ત્યાં રહેતા રાજા દશરથની દશા રામવિરહને લીધે ખૂબ જ કરુણ હતી. એ દારુણ દુઃખનો અનુભવ કરી રહેલા. સુમંત્રે એમના પૂછવાથી રામના સઘળા સમાચાર અથથી ઈતિ સુધી કહી સંભળાવ્યા. દશરથ ક્લેશને લીધે કલ્પાંત કરવા લાગ્યા. એમને કૌશલ્યાએ અને સુમંત્રે આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો.

રાજા દશરથને એ વખતે પિતૃપ્રેમી શ્રવણના અંધ પિતાના શાપનું સ્મરણ થયું. એ સ્મૃતિકથા એમણે કૌશલ્યાને કહી બતાવી. એ વખતે એમનું લગ્ન નહોતું થયું. એ હજુ યુવરાજ હતા. ઉષઃકાલના શાંત સમયે એમણે સરયૂતટ પરથી છોડેલું શબ્દવેધી બાણ પાણી લેવા આવેલા શ્રવણને અજાણતાં જ વાગવાથી એ ધરતી પર ઢળી પડ્યો. એનાં માતાપિતા અંધ અને અશક્ત હતાં. એમણે પોતાના સુપુત્રના સ્વર્ગવાસની વાત સાંભળીને સ્વાભાવિક રીતે જ દુઃખ પ્રકટ કર્યું. શ્રવણના પિતાએ શાપ આપ્યો કે તમને પણ મારી જેમ જ પુત્રના વિયોગનું દુઃખ થશે ને તમારું પુત્રશોકથી મૃત્યુ થશે. પોતાના પુત્રના મૃત શરીર પાસે દશરથને એવી રીતે શાપ આપીને એ અંધ સ્ત્રીપુરુષે ચિતાપ્રવેશ દ્વારા દેહત્યાગ કર્યો.

કર્મનું ફળ મનુષ્યને અવશ્ય મળે છે. સારા કર્મનું સારું ને ખરાબ કર્મનું ખરાબ ફળ નિર્વિવાદ છે. માટે મનુષ્યે સદા સત્કર્મપરાયણ બનવું. તન, મન, વચનથી ભૂલેચૂકે પણ કુકર્મ ના કરવું. એ ઉપરાંત માતાપિતાની સપ્રેમ સેવા કરવી. માતાપિતા જીવંત તીર્થ અથવા પ્રત્યક્ષ દેવતા છે. એમની સેવા સદા શ્રેયસ્કર ઠરે છે. શ્રવણની કથાનો એ સંદેશ છે. વાલ્મીકિ રામાયણમાં એનું વર્ણન વિસ્તારથી કરાયેલું છે. એ વર્ણન વાંચવા વિચારવા જેવું છે.

રામને રટતાં ને ભયંકર વ્યથા વેઠતા રાજા દશરથ છેવટે સ્વર્ગવાસ પામ્યા.

એમના સ્વર્ગવાસથી સમસ્ત રાજપ્રાસાદમાં અને અયોધ્યામાં શોક ફરી વળ્યો.

વસિષ્ઠમુનિના આદેશથી દૂત ભરત તથા શત્રુઘ્નને બોલાવવા ચાલી નીકળ્યા.

દશરથનો સ્વર્ગવાસ વર્ણવતાં તુલસીદાસજીએ ગાયું છે કે,

राम राम कहि राम कहि राम राम कहि राम ।
तनु परिहरि रघुबर बिरहँ राउ गयउ सुरधाम ॥१५५॥

રામને સ્મરીને શરીરત્યાગ કરનારા દશરથની સદગતિમાં સંદેહ રહ્યો નહીં. અંતકાળે જેવી મતિ કે રતિ તેવી ગતિ. પંચમહાભૂતનું પરિવર્તનશીલ શરીર નાશવંત છે. એને છોડીને એક દિવસ ચાલવાનું છે. એ વખતે કામમાં નહીં પણ રામમાં મતિ તથા રતિ રહે તો કલ્યાણ થાય.

* * *

## ૬. ભરતની ભાવના

**ભરતનું પ્રસ્થાન**

ભરતનું ચરિત્ર રામાયણનું અમર ચરિત્ર છે. ભરતની ઉદાત્ત ભવ્ય ભાવના, નિષ્કપટતા, નિઃસ્વાર્થતા રામ પ્રત્યેની પરમ પવિત્ર પ્રબળ પ્રીતિ, ત્યાગવૃત્તિ, સમર્પણભાવના, સઘળું અનુપમ છે. એને લીધે રામાયણ વધારે રસમય અને હૃદયંગમ બન્યું છે. રામાયણની મહત્તા અનેકગણી વધી છે. જે રાષ્ટ્રમાં રામ, લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્ન જેવા આદર્શ ભ્રાતૃભાવથી ભરપુર ભાઈઓ હોય એ રાષ્ટ્ર સમૃદ્ધ બને, શક્તિશાળી થાય, ને સુખશાંતિ પામે એમાં સંદેહ નથી. ભરતનું ભાવભીનું પવિત્ર પાત્ર વિધાતાનો મહાન ચમત્કાર છે. એ પાત્ર આજે પણ એવું જ પ્રેરક અને પતિતપાવન છે. આજે પણ અંતરને અલૌકિક કરે તેમ અને પ્રાણને પરમ પ્રેરણાથી ભરે તેમ છે. એનું ચિંતનમનન અનેક રીતે આનંદદાયક અને આશીર્વાદરૂપ ઠરશે. એક બાજુએ રામવિમુખ કૈકેયી છે. તો બીજી બાજુએ રામાભિમુખ ભરત. બંનેમાં આભજમીનનો તફાવત છે, ઉત્તર તથા દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે. એક કાદવ છે ને બીજું એમાંથી પ્રકટેલું કમનીય કમળ. એક અંધકારભરી રાત્રી છે અને બીજો એના અંતરને અજવાળનારો ચારુ ચંદ્ર. એક વાદલડી છે ને બીજો વરસાદ. અયોધ્યાની ધરતી પરનું એ પવિત્ર પાત્ર પ્રાતઃસ્મરણીય છે. એક તરફ અયોધ્યાનું વિશાળ વૈભવશાળી સામ્રાજ્ય હતું અને બીજી તરફ રામનો પવિત્રતમ પ્રેમ તથા સત્યનો પ્રકાશ હતો. સામ્રાજ્યના પ્રખર પ્રલોભનને પ્રસન્નતાપૂર્વક પરિત્યાગીને ભરતે રામ પ્રત્યેના પ્રબળતમ પ્રેમનો ને સત્યનિષ્ઠાનો પરિચય કરાવ્યો. એવું મહાન કલ્યાણકારક કાર્ય ભરત વિના બીજું કોણ કરી શકે ? આજના ભાઈઓ એમાંથી ઘણુંઘણું શીખી શકે તેમ છે. એક ભાઈ બીજા ભાઈ પ્રત્યે દ્વેષ રાખે છે, એની મિલ્કતને અન્યાયપૂર્વક પચાવી પાડે છે. એની સાથે લડે છે, અને એને અનેક પ્રકારે દુઃખી કરવાના કીમિયા કરે છે. એની અંદર ભરત જેવી ભાવના ભળે તો સમાજ કેટલો બધો સુખી થાય ? ભરતે પોતાના ન્યાયોચિત અધિકારનો વિચાર કરીને અધર્મનો આધાર લેવાનું સ્વપ્ને પણ ના વિચાર્યું. એવી રીતે સૌ કોઈ વિચારે તો સમાજ કેટલો બધો બદલાઈ જાય અને સમુન્નત થાય ? ભરતના લોકોત્તર ચરિત્રને એવી રીતે સમજવાની આવશ્યકતા છે.

અયોધ્યામાં આવ્યા પછી ભરતને કૈકેયી દ્વારા રામના વનવાસની ને પિતા દશરથના સ્વર્ગવાસની માહિતી મળી ત્યારે એની ઉપર જાણે કે વજ્રપાત થયો. એવા સમાચારની કલ્પના પણ એને ન હતી. શત્રુઘ્નના દિલમાં પણ દુઃખનો દાવાનળ સળગી ઊઠ્યો.

ભરતે કૈકેયીને કઠોર શબ્દોમાં ઠપકો આપ્યો. એવાં વરદાન એ માગી શકી જ કેવી રીતે એની સમજ એને ના પડી. સઘળા અમંગલનું મૂળ કારણ મંથરા છે એવું જાણીને કૈકેયી પાસે પહોંચેલી મંથરાને શત્રુઘ્ને ક્રોધે ભરાઈને લાત મારી.

ભરતે કૌશલ્યા પાસે જઈને એની દયનીય દશાથી વધારે દુઃખી થઈને એને જેમતેમ કરીને સાંત્વન આપવાનો પ્રયાસ કર્યો. એણે જણાવ્યું કે જગતમાં કૈકેયી જન્મી જ શા માટે, અને જન્મી તો વાંઝણી શા માટે

ના રહી ? મારા જેવા પ્રિયજનદ્રોહી, અપયશ મેળવાનારા, કુળને કલંકિત કરનારા પુત્રને એણે જન્મ જ શા માટે આપ્યો ?

कैकइ कत जनमी जग माझा । जौं जनमि त भइ काहे न बाँझा ॥२॥
कुल कलंकु जेहिं जनमेउ मोही । अपजस भाजन प्रियजन द्रोही ॥

ભરતે શત્રુઘ્નની સંનિધિમાં કૌશલ્યાને કહ્યું કે રામના વનવાસમાં મારો જરાપણ હાથ નથી. મને એની લેશ પણ માહિતી ન હતી. જો મારો એમાં હાથ હોય તો માતાપિતાપુત્રને હણવાથી, સ્ત્રીબાળકનો વધ કરવાથી, જે પાપ લાગે છે તે પાપ મને ભલે લાગે. કપટી, કુટિલ, લોભી, લંપટ તથા પરધન અને પરસ્ત્રીની લાલસા રાખનારને જે દુર્ગતિની પ્રાપ્તિ થાય છે તે ઘોર દુર્ગતિ મને પણ પ્રાપ્ત થાય.

ભરતનું એ કથન એની સરળતાનું ને નિષ્કપટતાનું પરિચાયક હતું.

એટલામાં ગુરુ વસિષ્ઠ ત્યાં આવી પહોંચ્યા. એમના આદેશાનુસાર ભરતે દશરથનો અગ્નિસંસ્કાર કર્યો. દશરથના દેહને તેલથી ભરેલા નાવમાં સાચવી રાખેલો. ભરતે એની અંતિમ વિધિને પૂરી કરી. મહર્ષિ વસિષ્ઠે, સુમંત્રે અને અન્ય આદરણીય આપ્તજનોએ એને અયોધ્યાની રાજગાદી પર બેસીને સૂના રાજ્યશાસનને સંભાળવાની સ્નેહપૂર્ણ સૂચના કરી પરંતુ એણે એનો સ્વાભાવિક રીતે જ અસ્વીકાર કરતાં જણાવ્યું કે રાજ્ય પર તો રામનો જ અધિકાર છે, મારો નથી. રઘુકુળમાં ને સર્વત્ર મોટા ભાઈને જ રાજ્ય મળે એવી રીતિ છે. એ રીતિનો ભંગ મારાથી ના થઈ શકે. રામની પાસે પહોંચીને હું એમની મારી તથા કૈકેયી વતી ક્ષમા માગીશ અને એમને અયોધ્યામાં પાછા આવવા માટે પ્રાર્થના કરીશ.

એવા શબ્દો ભરત વિના બીજું કોણ કહી શકે ? સાચા પુરુષને સામ્રાજ્યની લાલસા કે સુખોપભોગભાવના પણ સત્યમાંથી ચળાવી શકતી નથી. ગમે તેવું પ્રલોભન પણ એના મનને ડગાવી શકતું નથી. ધન, વૈભવ, સત્તા કે સામ્રાજ્યને માટે માણસો સગા ભાઈ તથા પિતાને મારી નાખે છે કે કેદ કરે છે. ઈતિહાસમાં એવા દૃષ્ટાંતો નોંધાયેલા છે. ભરતને એવું કશું નહોતું કરવાનું. સામેથી આવીને રાજ્ય મળતું'તું. તોપણ એણે એને ના લીધું. એ એની મહાનતા તેમજ સત્યનિષ્ઠા બતાવે છે. જેના પર પોતાનો ન્યાયોચિત અધિકાર નથી તે સામેથી ચાલીને મળતું હોય તોપણ તેને શી રીતે સ્વીકારી શકાય ? ભરતના ચરિત્રનાં પ્રમુખ પાસાં બે છે : સત્યની નિર્મળ નિષ્ઠા અને રામ પ્રત્યેનો પ્રામાણિક પ્રબળ પ્રેમ. બીજી બધી વિશેષતાઓ તો એમાંથી આપોઆપ પ્રાદુર્ભાવ પામે છે.

ભરતના નિર્મળ ચરિત્રને જોઈને સૌને આનંદ થયો. શાંતિ સાંપડી. ભરતના મનાવવાથી રામ વનમાંથી પાછા ફરે તો કેટલો બધો આનંદ થાય ? એ વિચાર જ કેટલો બધો આનંદજનક હતો ?

ભરતે બીજે જ દિવસે સવારે રામ પાસે પહોંચવા માટે પ્રસ્થાન કર્યું. એણે કહ્યું કે મારો અપરાધ અસાધારણ છે. મારે લીધે જ બધી ઉપાધિ આવી પડી છે. એનો અંત આણવા મારે રામ પાસે પહોંચવું જ જોઈએ. રામ મને શરણે આવેલો જોઈને પોતાની વિશેષ કૃપા વરસાવીને ક્ષમા કરશે.

जद्यपि मैं अनभल अपराधी । भै मोहि कारन सकल उपाधी ॥
तदपि सरन सनमुख मोहि देखी । छमि सब करिहहिं कृपा बिसेषी ॥

ભરતની સાથે અયોધ્યાપુરીની પ્રજાનો મોટો ભાગ પણ ચાલી નિકળ્યો. માતાઓ પણ પાલખીમાં બેસીને ચાલી. વસિષ્ઠાદિ ગુરુજનો પણ ચાલ્યા. ભરતે કોઈપણ પ્રકારના વાહનનો ઉપયોગ કરવાને બદલે ખુલ્લા પગે જ ચાલવાનું પસંદ કર્યું. એ આખુંય દૃશ્ય અત્યંત કરુણ બની ગયું.

એ સૌ શ્રૃંગવેરપુર પાસે પહોંચ્યા એટલે સઘળા સમાચાર સાંભળીને ગુહને શંકાકુશંકા થવા લાગી. એને થયું કે રામની પાસે ભરત સેના સહિત શા માટે જાય છે ? એનું પ્રયોજન પવિત્ર નથી લાગતું. એનું મન મલિન છે. રામને મારીને એ સદાને માટે એકલો રાજ્ય કરવા માગે છે. એનો સશસ્ત્ર સામનો કરીને એને સફળ થવા દેવો ના જોઈએ. પરંતુ ત્યાં તો છીંક થઈ. રામાયણકાળમાં પણ શકુનનું શાસ્ત્ર પોતાનું કામ કરતું'તું. એ શાસ્ત્રના જાણનારે જણાવ્યું કે ભરત સાથે યુદ્ધ નહીં થાય. ભરત રામને મનાવવા જાય છે. માટે એની સાથે સંગ્રામનું સાહસ કરવાનું બરાબર નથી. એથી ગુહ ભરતના વિરોધના વિચારને માંડી વાળ્યો. એણે ભરતનું ને બીજા બધાનું આતિથ્ય કર્યું. ભરતના સરળ શુચિ સ્વભાવ અને ઉદાત્ત ભાવને જોઈને એને અસાધારણ આનંદ થયો. એનું હૃદય રાગમય બન્યું. મન બદલાઈ ગયું.

પ્રયાગરાજમાં પહોંચીને સૌએ ત્રિવેણીસંગમમાં સ્નાન કર્યું. ભરતના મનમાં રામના જ વિચારો ચાલી રહેલા. હૃદયમાં રામના રાગનો જ રાસ રમાતો એટલે પ્રયાગરાજ પાસે એણે પ્રાર્થના કરી કે ધર્મ, અર્થ, કામ, મોક્ષ કે સદગતિ કશાની મને રુચિ નથી. જનમોજનમ મારી રતિ રામચરણમાં રહે એજ વરદાન પ્રદાન કરો.

अरथ न धरम न काम रुचि गति न चहउँ निरबान ।
जनम जनम रति राम पद यह बरदानु न आन ॥२०४॥

**ભરદ્વાજ મુનિની સિદ્ધિ**

પ્રયાગરાજમાં પ્રત્યક્ષ તીર્થરાજ જેવા ભરદ્વાજ મુનિના દર્શનનો લાભ મેળવીને ભરતની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. ભરદ્વાજ મુનિએ એનો ભારે ભાવપૂર્વક સત્કાર કર્યો. એની ભાવનાને જોઈને એને અભિનંદન આપ્યાં. પોતાની યોગસાધનાથી સાંપડેલી રિદ્ધિસિદ્ધિની મદદથી સૌનું સુંદર સ્વાગત કર્યું. એ સ્વાગતનું વર્ણન વાલ્મીકિ રામાયણના અયોધ્યાકાંડના ૯૧મા સર્ગમાં વિસ્તારથી કરેલું છે. એનો અંશભંગ આ રહ્યો :

मनसा ध्यायतस्तस्य प्राङ्मुखस्य कृताञ्जलेः ।
आजग्मुस्तानि सर्वाणि दैवतानि पृथक्पृथक् ॥९१.२३॥
मलयं दर्दुरं चैव ततः स्वेदनुदऽ ऽनिलः ।
उपस्पृश्य ववौ युक्त्या सुप्रियात्मा सुखः शिवः ॥९१.२४॥

"એવી રીતે આવાહન કરીને મુનિ પૂર્વાભિમુખ બનીને ધ્યાન કરવા લાગ્યા. એમના સ્મરણમાત્રથી સઘળા દેવતા ત્યાં આવી પહોંચ્યા. મલય તથા દર્દુર નામના પર્વતોના સ્પર્શપૂર્વક વહેનારો અત્યંત પ્રિય સુખદાયક વાયુ ધીરેધીરે વહેવા લાગ્યો. એ સ્પર્શમાત્રથી પરસેવાને સૂકવી દેતો."

बभूव हि समा भूमिः समन्तात्पञ्चयोजना ।
शाद्वलैर्बहुभिश्छन्ना नीलवैडूर्य्यसन्निभैः ॥९१.२९॥
तस्मिन् बिल्वाः कपित्थाश्च पनसा बीजपूरकाः ।

आमलक्यो बभूवुश्च चूताश्च फलभूषणाः ॥९१.३०॥

"આજુબાજુની પાંચ યોજન સુધીની પૃથ્વી સરખી બની ગઈ. એની ઉપર નીલમ અને વૈદૂર્ય મણિ જેવું જુદુંજુદું ઘાસ છવાઈ ગયું. સ્થળે સ્થળે સ્વાદિષ્ટ ફળોથી સુશોભિત વૃક્ષો દેખાયાં." (૨૯-૩૦)

चतुःशालानि शुभ्राणि शालाश्च गजवाजिनाम् ।
हर्म्यप्रासादसम्बाधास्तोरणानि शुभानि च ॥९१.३२॥

"ઉજ્જવળ, ચાર ચાર ખંડવાળા મકાનોનું નિમીષમાત્રમાં જ નિર્માણ થયું. હાથી અને ઘોડાઓને માટેનાં સુંદર સાનુકૂળ સ્થાનો તૈયાર થયાં. સાત માળવાળા મહેલો અને અટારીઓથી અલંકૃત સુંદર નગરદ્વાર પણ બની ગયાં." (૩૨)

चतुरश्रमसम्बाधं शयनासनयानवत् ।
दिव्यैः सर्वरसैर्युक्तं दिव्यभोजनवस्त्रवत् ॥९१.३४॥
उपकल्पितसर्वान्नं धौतनिर्मलभाजनम् ।
क्लृप्तसर्वासनं श्रीमत् स्वास्तीर्णशयनोत्तमम् ॥९१.३५॥

"રાજપરિવાર માટેનો દિવ્ય રમણીય રાજપ્રાસાદ ચોરસ અને મોટો હતો. એમાં સહેજ પણ સંકડામણ અનુભવાતી નહોતી. એમાં સુવાની, બેસવાની અને વાહનોને રાખવાની વિભિન્ન વ્યવસ્થા હતી. ત્યાં બધી જાતના દિવ્ય રસ, દિવ્ય ભોજન, દિવ્ય વસ્ત્રોનું દર્શન થતું. બધી જાતનાં અન્ન અને ધોયેલાં પવિત્ર પાત્રો રાખવામાં આવેલાં. એ સુંદર ભવનમાં ઈચ્છાનુસાર બેસવાનાં આસનો હતાં અને સુવા માટે સરસ શય્યાઓ રાખેલી." (૩૪-૩૫)

संवाहन्त्यः समापेतुर्नार्यो रुचिरलोचनाः ।
परिमृज्य तथान्योन्यं पाययन्ति वराङ्गनाः ॥९१.५४॥

"વિશાળ લલિત લોચનવાળી સુંદરીઓ અતિથિઓના પગ દબાવવા માટે આવી પહોંચી. સૌનાં ભીનાં શરીરોને લૂછીને શુદ્ધ વસ્ત્રો પહેરાવીને એમને દૂધ જેવા સ્વાદિષ્ટ પદાર્થો પીવડાવવા લાગી." (૫૪)

ततो भुक्तवतां तेषां तदन्नममृतोपमम् ।
दिव्यानुद्वीक्ष्य भक्ष्यांस्तानभवद्भक्षणे मतिः ॥९१.६३॥

"અમૃત જેવા આહલાદક અન્નના આસ્વાદ પછી પણ એ દિવ્ય ભક્ષ્ય પદાર્થોને પેખીને એમને ફરીવાર આરોગવાની આકાંક્ષા થતી." (૬૩)

बभूवुर्वनपार्श्वेषु कूपाः पायसकर्दमाः ।
ताश्च कामदुघा गावो द्रुमाश्चासन् मधुस्रुतः ॥९१.६९॥

"અરણ્યની અંદરના બધા કૂવાઓ ગાઢી સ્વાદિષ્ટ ખીરથી ભરાઈ ગયેલા. ત્યાંની સઘળી ગાયો કામધેનુ થયેલી. વનનાં બધાં વૃક્ષો મધ વરસાવતાં." (૬૯)

पात्रीणां च सहस्राणि स्थालीनां नियुतानि च ।
न्यर्बुदानि च पात्राणि शातकुम्भमयानि च ॥९१.७१॥

"ત્યાં સોનાનાં હજારો વાસણો, લાખો વ્યંજનપાત્રો અને આશરે એક અબજ થાળીઓ હતી." (૭૧)

व्यस्मयन्त मनुष्यास्ते स्वप्नकल्पं तदद्भुतम् ।
दृष्ट्वातिथ्यं कृतं तादृक् भरतस्य महर्षिणा ॥९१.८०॥

"મહર્ષિ ભરદ્વાજ દ્વારા થયેલો સેનાસહિત ભરતનો એ અનિવર્ચનીય આતિથ્યસત્કાર અદભુત અને સ્વપ્નસમાન હતો. એને જોઈને સૌ કોઈ અતિશય આશ્ચર્યચકિત બની ગયા." (શ્લોક ૮૦)

એ વર્ણન સૂચવે છે કે યોગસિદ્ધ તપસ્વી કે ભક્તપુરુષની શક્તિ અસીમ હોય છે. એ ધારે તો અવનવી આશ્ચર્યકારક સામગ્રીનું સર્જન સહેલાઈથી કરી શકે છે. પ્રત્યેક પુરુષમાં એ શક્તિ છે. પરંતુ સુપ્તાવસ્થામાં છે. એને જગાડવામાં ને વધારવામાં આવે તો સર્વકાંઈ સિદ્ધ થાય છે. છતાંપણ માનવે શક્તિની લાલસામાં ના પડવું જોઈએ. જીવનનું સાચું કલ્યાણ શક્તિની પાછળ પડવામાં નથી પરંતુ સર્વશક્તિમાન પરમાત્માને પ્રેમ કરવામાં અને પામવામાં છે.

**રામનો સમાગમ**

ભરતના હૃદયમાં રામનો પ્રેમ ઉછાળા મારી રહેલો. રામના દર્શનની એને લગન લાગેલી. એ લગનને શિવને મળવા માટેની જીવની લગન સાથે સરખાવી શકાય. જીવને એવી લગન લાગે તો ભગવદ્ દર્શન એનાથી દૂર રહી શકે નહીં. એ સર્વ પ્રકારે કૃતકૃત્ય ને સુખી બની જાય. ભરતનો એ પવિત્ર પ્રબળ રામપ્રેમ લક્ષ્મણના સમજવામાં ના આવ્યો. એની કલ્પના પણ કરી ના શકવાથી ભરતના વિશાળ સેના સાથેના આગમનના સમાચારે એના મનમાં શંકાકુશંકા પેદા કરી. એણે એ શંકાઓ રામની આગળ રજૂ પણ કરી. ભરતની ભાવના શુભ હોય તો એ સેના સાથે શા માટે આવે ? ભરતનું જીવન જણાવે છે કે વિષયી જીવ પ્રભુતા પામીને મોહવશ કે મૂઢ બની જાય છે. એણે ભરતનો સશસ્ત્ર સામનો કરવાની ઈચ્છા પ્રદર્શિત કરી. પરંતુ રામે એને શાંતિ રાખવાની ને ભરતની ભાવનાને ખોટી રીતે ના સમજવાની સલાહ આપી.

मन्येऽहमागतोऽयोध्यां भरतो भ्रातृवत्सलः ।
मम प्राणात् प्रियतरः कुलधर्ममनुस्मरन् ॥९७.०९॥
श्रुत्वा प्रव्राजितं मां हि जटावल्कलधारिणम् ।
जानक्या सहितं वीर त्वया च पुरुषर्षभ ॥९७.१०॥
स्नेहेनाक्रान्तहृदयः शोकेनाकुलितेन्द्रियः ।
द्रष्टुमभ्यागतो ह्येष भरतो नान्यथा गतः ॥९७.११॥
अम्बां च कैकयीं रुष्य परुषं चाप्रियं वदन् ।
प्रसाद्य पितरं श्रीमान् राज्यं मे दातुमागतः ॥९७.१२॥

એમણે શ્રદ્ધાપૂર્વક જણાવ્યું : "વીર ! પુરુષપ્રવર ! ભરત મહાન ભ્રાતૃભક્ત છે. એ મને પ્રાણથી પણ વધારે પ્રિય છે. મને તો લાગે છે કે એણે અયોધ્યામાં આવીને જાણ્યું કે હું તારી તથા જાનકીની સાથે જટા-વલ્કલ ધારીને વનમાં આવ્યો છું ત્યારથી એની ઈન્દ્રિયો શોકથી વ્યાકુળ બની ગઈ છે અને એ કુળધર્મને વિચારીને સ્નેહાળ હૃદયથી આપણને મળવા આવ્યો છે. એના આગમનનું એ સિવાય બીજું કોઈ જ પ્રયોજન

ના હોઈ શકે. માતા કૈકેયી પ્રત્યે ક્રોધ ભરાઈ, એને કઠોર વચનો કહી, પિતાજીને પ્રસન્ન કરીને ભરત મને રાજ્ય આપવા જ આવ્યો છે." (વાલ્મીકિ રામાયણ, અયોધ્યાકાંડ, સર્ગ ૯૭, શ્લોક ૯ થી ૧૨)

રામનું નિદાન સંપૂર્ણ સાચું હતું. ભરતની સદભાવનાને એ સારી પેઠે સમજી શકેલા. પરમાત્માના પ્રેમી શરણાગત આત્માને સમજવામાં બીજા જીવો કદાચ ભૂલ કરે તોપણ પરમાત્મા પોતે એવી ભૂલ કેવી રીતે કરે ? પરમાત્મા તો જીવાત્માને બરાબર જાણે છે. એને ઓળખવામાં ગેરસમજ કરતા નથી. ભક્તને એટલાથી સંતોષ અને આનંદ છે.

नहि ते निष्ठुरं वाच्यो भरतो नाप्रियं वचः ।
अहं ह्यप्रियमुक्तः स्यां भरतस्याप्रिये कृते ॥९७.१५॥
यदि राज्यस्य हेतोस्त्वमिमां वाचं प्रभाषसे ।
वक्ष्यामि भरतं दृष्ट्वा राज्यमस्मै प्रदीयताम् ॥९७.१७॥
उच्यमानोऽपि भरतो मया लक्ष्मण तत्त्वतः ।
राज्यमस्मै प्रयच्छेति बाढमित्येव वक्ष्यति ॥९७.१८॥

રામે ભરત પ્રત્યેના વિશ્વાસને વ્યક્ત કરતાં એના અનુસંધાનમાં કહ્યું : "ભરત આવે ત્યારે એને કોઈ કઠોર કે અપ્રિય વચનો કહેતો નહીં. એને કોઈ વિરોધી વાત કહીશ તો તે મને જ કહી એવું મનાશે. જો તું રાજ્યને માટે એવી કઠોર વાત કહેતો હોય તો ભરતને મળશે ત્યારે કહીશ કે અયોધ્યાનું રાજ્ય લક્ષ્મણને આપી દે. લક્ષ્મણ ! હું ભરતને કહું કે રાજ્ય તને આપી દે તો ઘણું સારું કહીને એ મારી વાતને માની લેશે."

(શ્લોક ૧૫, ૧૭, ૧૮)

*

સમસ્ત સેનાને ને પ્રજાજનોને પર્વતની તળેટીના પ્રદેશમાં રાખીને ભરત, શત્રુઘ્ન, સુમંત્ર અને ગુહાદિ સાથે એકાંત અરણ્યમાં શોધ કરતો રામના આશ્રમ આગળ આવી પહોંચ્યો. રામ, લક્ષ્મણ, સીતાને જોઈને એનું હૈયું હાથમાં રહી શક્યું નહીં. એ અતિશય આર્ત અને ભાવવિભોર બનીને ધરતી પર ઢળી પડ્યો. રામ એને ભાવપૂર્વક ભેટ્યા ત્યારે એમની આંખ અશ્રુબિંદુથી છવાઈ ગઈ. સૌ સ્નેહીજનો પરસ્પર પ્રેમથી મળવા માંડ્યા.

કુલગુરુ મહર્ષિ વસિષ્ઠને તથા બીજાં બધાંને આવેલાં જાણીને રામ એમને મળવા માટે ચાલી નીકળ્યા. વસિષ્ઠના પદમાં એમણે પ્રણામ કર્યાં. દુઃખી માતાઓને જોઈને એમને દુઃખ થયું. રામના નિષ્કપટ નિર્વૈરભાવનું દર્શન તો કરો. એ દર્શન અત્યંત આનંદદાયક અને પ્રેરણાદાયક છે. તુલસીદાસજી જણાવે છે કે રામ પ્રથમ કૈકેયીને મળ્યા. એને પ્રણામ કરીને અનેક રીતે આશ્વાસન આપ્યું. બધું કાળનું, કર્મનું, પ્રારબ્ધનું પરિણામ છે. કોઈપણ દોષપાત્ર નથી.

प्रथम राम भेंटी कैकेई । सरल सुभायँ भगति मति भेई ॥
पग परि कीन्ह प्रबोधु बहोरी । काल करम बिधि सिर धरि खोरी ॥

રામનું હૃદય કેટલું બધું ઉદાર અથવા વિશાળ છે ? કૈકેયી વરદાન માગીને એમના વનવાસમાં નિમિત્ત બની છે તોપણ એમને એમના પ્રત્યે ક્રોધ કે દ્વેષ નથી. અયોધ્યામાં જ ન હતો તો અત્યારે ક્યાંથી

હોય ? એમનું અંતર શુભેચ્છાથી તથા સમભાવથી ભરેલું છે. પવિત્ર પ્રેમથી પરિપ્લાવિત છે. આજે તો કોઈ કોઈનું જરાક બગાડે તો ભક્ત હોય તો એ પણ લાંબા વખત સુધી અબોલા લે છે ને બીજાનું બૂરું તાકે છે. એ સંદર્ભમાં રામનો વિમળ વ્યવહાર વિચારવા અને ધડો લેવા જેવો છે.

**ચરણપાદુકાની પ્રાપ્તિ**

પિતા દશરથના સ્વર્ગવાસના સમાચાર સાંભળીને રામ, સીતા, અને લક્ષ્મણને ખૂબ જ દુઃખ થયું. રામે એમને વિધિપૂર્વક શ્રધ્ધાંજલિ આપી.

કૈકેયીને રામ, લક્ષ્મણ, સીતાની સરળતા જોઈને પોતાની કુટિલતા માટે પુષ્કળ પશ્ચાતાપ થયો.

लखि सिय सहित सरल दोउ भाई । कुटिल रानि पछितानि अघाई ॥

ગમે તેવા કુટિલ મનના માનવને પણ પોતાના કુકર્મને કાજે કાલાંતરે લાગી આવે છે ને પશ્ચાતાપ થાય છે. માનવના આત્માની અલૌકિકતામાં એટલો વિશ્વાસ રાખીએ અને કોઈને કાયમ માટે કામચલાઉ પણ ના તિરસ્કારીએ.

ભરતની પ્રાર્થનાને અનુસરીને મહર્ષિ વસિષ્ઠે રામને સૌની ઈચ્છાને માન આપીને અયોધ્યામાં આવવા અને રાજ્ય કરવા જણાવ્યું. ભરત તથા શત્રુઘ્ને પણ આગ્રહ કર્યો. પુરજનોએ અને બીજા બધાએ એમાં સાથ આપ્યો. પરંતુ રામ એવી રીતે આગ્રહને વશ થાય એમ નહોતા. ભરતની પેઠે એ પણ પોતાના કર્તવ્યનો વિચાર કરી ચૂકેલા. ભરતની પેઠે એ પણ કર્તવ્યરત હતા. ભરતનો ધર્મ એમને મનાવવાનો હતો તો એમનો ધર્મ એમની સત્યનિષ્ઠાને વળગી રહેવાનો. એમના અંતરને જે ના ગમે તે કરવાની એમની લેશ પણ તૈયારી ન હતી. એટલે એમણે એમના વિચારને ના બદલ્યો.

लक्ष्मीश्चन्द्रादपेयाद्वा हिमवान् वा हिमं त्यजेत् ।
अतीयात् सागरो वेलां न प्रतिज्ञामहं पितुः ॥११२.१८॥
कामाद्वा तात लोभाद्वा मात्रा तुभ्यमिदं कृतम् ।
न तन्मनसि कर्त्तव्यं वर्त्तितव्यं च मातृवत् ॥११२.१९॥

સઘળા અનુનય-વિનય અથવા આગ્રહથી અલિપ્ત રહીને એમણે સ્પષ્ટ શબ્દોમાં ઝણાવ્યું કે "ચંદ્રથી એની ચાંદની છૂટી પડી જાય, હિમાલય હિમને ત્યાગી દે, અથવા સાગર એની સીમાને ઓળંગીને આગળ વધે તો પણ હું, પિતાના વચનપાલનમાંથી પાછો વળી શકીશ નહીં. ભરત ! માતા કૈકેયીએ કામનાથી પ્રેરાઈને કે લોભને લીધે તારે માટે જે કાંઈ કર્યું છે તેને મનમાં લાવીશ નહીં અને પોતાની પૂજનીય માતા પ્રત્યે કરવો ઘટે એવો જ આદર્શ વ્યવહાર એના પ્રત્યે સદા કરતો રહેજે." (સર્ગ ૧૧૨, શ્લોક ૧૮-૧૯)

ભરતની અને અન્ય પ્રજાજનોની આગળ બીજો કોઈ વિકલ્પ રહ્યો નહીં. ભરતે રામ પાસે બે સુવર્ણભૂષિત પાદુકાઓ રાખીને એમને એમના ચરણસ્પર્શથી પાવન કરવાની પ્રાર્થના કરી. રામે એ પ્રાર્થનાને સપ્રેમ સ્વીકારી લીધી. ભરતે એ પાદુકાઓને પ્રણામ કરીને કહ્યું :

स पादुके सम्प्रणम्य रामं वचनमब्रवीत् ।
चतुर्दश हि वर्षाणि जटाचीरधरो ह्यहम् ॥११२.२३॥

फलमूलाशनो वीर भवेयं रघुनन्दन ।
तवागमनमाकांक्षन् वसन् वै नगराद्बहिः ॥११२.२४॥
तव पादुकयोर्न्यस्तराज्यतन्त्रः परन्तप ।
चतुर्दशे हि सम्पूर्णे वर्षे ऽहनि रघूतम ।
न द्रक्ष्यामि यदि त्वां तु प्रवेक्ष्यामि हुताशनम् ॥११२.२५॥

"હું પણ ચૌદ વરસો સુધી જટા અને ચીર ધારણ કરી, ફળમૂળને આરોગીને આપના આગમનની પ્રતીક્ષામાં નગર બહાર વાસ કરીશ. એટલા દિવસો સુધી રાજ્યનો બધો જ ભાર આ પાદુકાઓ પર રાખીને હું તમારી પ્રતીક્ષા કરીશ. ચૌદમું વર્ષ પૂરું થયા પછી નૂતન વર્ષના પ્રથમ દિવસે મને તમારું દર્શન નહીં થાય તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ." (શ્લોક ૨૩ થી ૨૫)

ભરતનો એવો અપાર્થિવ અનુરાગ જોઈને સૌ મંત્રમુગ્ધ બની ગયા. રામનું હૃદય પણ હાલી ઊઠ્યું.

ભરતે પાદુકાઓને લઈને રામની પ્રદક્ષિણા કરી અને એમને રાજાના ઉપયોગમાં આવનારા શ્રેષ્ઠ હાથીના મસ્તક પર સ્થાપિત કરી.

*

અયોધ્યામાં આવ્યા પછી મહર્ષિ વસિષ્ઠની, ને માતાઓની અનુમતિ લઈને ભરતે નંદિગ્રામમાં નિવાસ કર્યો. ચરણપાદુકાઓને રામનું પ્રતીક સમજી, એમને આત્મનિવેદન કરીને, મંત્રીઓની મદદથી એણે રાજ્યનું કામ કરવા માંડ્યું. એનું તન નંદિગ્રામમાં પરંતુ મન રામ સાથે હતું. નંદિગ્રામમાં રહીને એણે તપસ્વીનું જીવન જીવવાનો પ્રારંભ કર્યો. રામ, લક્ષ્મણ, સીતા વનમાં રહેતાં અને એ વસતિમાં વસતો એટલો જ ફેર હતો. એની તપઃપૂત વિમલ વૃત્તિને વિલોકીને સૌ એની પ્રશંસા કરતાં.

તુલસીદાસજીએ કહ્યું છે :

लखन राम सिय कानन बसहीं । भरतु भवन बसि तप तनु कसहीं ॥
दोउ दिसि समुझि कहत सबु लोगू । सब बिधि भरत सराहन जोगू ॥

ભરતનું એ નિર્મળ સુંદર ચરિત્ર રામચરણની પ્રીતિને વધારનારું, નિર્મોહ તથા નિર્મળ કરનારું, ને કલિકાળના દોષો કે ક્લેશોમાંથી મુક્તિ આપનારું છે. એનો જેટલો પણ લાભ લઈએ એટલો ઓછો છે. એ સર્વ કાળને માટે સર્વ સ્થળે, સર્વ પ્રકારે કલ્યાણકારક છે. એ ઉત્તમ ચરિત્રમાંથી સ્વાર્થરહિતતાના ગુણને ગ્રહણ કરાય તોપણ ઘણું.

* * *

## ૭. સીતાનું હરણ

### અત્રિ અને અનસૂયાનો સમાગમ

પરમાત્માના પરમ કૃપાપાત્ર પ્રાતઃસ્મરણીય પવિત્ર સત્પુરુષોનો સમાગમ સાચેસાચ સુખદ હોય છે. એના અનંત અવર્ણનીય આનંદનું આલેખન કોણ કરી શકે ? એ આલેખન કરતાં અનુભવનો વિષય વધારે છે. જ્યારે જ્યારે નિર્મળ મનના વીતરાગ સત્પુરુષોની સંનિધિમાં બેસવાનું સદભાગ્ય સાંપડે છે ત્યારે ત્યારે અંતર અવનવો આનંદ અનુભવે છે ને પ્રેરણા પામે છે.

રામ, લક્ષ્મણ તથા સીતાની સાથે અત્રિ ઋષિના આશ્રમમાં પહોંચ્યા ત્યારે એમને પણ અતિશય આનંદ થયો. ઋષિ સાથેના એમના સુખદ સમાગમનું વર્ણન વાલ્મીકિ રામાયણમાં અયોધ્યાકાંડના ઉપસંહારમાં અને તુલસીકૃત રામાયણમાં અરણ્યકાંડના આરંભમાં કરવામાં આવ્યું છે.

રામ, લક્ષ્મણ અને સીતા મહર્ષિ અત્રિ અને અનસૂયાના દર્શનથી ધન્ય બન્યાં. અત્રિ અને અનસૂયાએ એમનું અત્યંત આદરપૂર્વક આતિથ્ય કર્યું. અનસૂયા પણ એક મહાન તપસ્વિની હતી. વાલ્મીકિ રામાયણમાં અયોધ્યાકાંડમાં જણાવ્યા પ્રમાણે

दशवर्षाण्यनावृष्ट्या दग्धे लोके निरन्तरम् ।
यया मूलफले सृष्टे जाह्नवी च प्रवर्त्तिता ॥११७.०९॥
उग्रेण तपसा युक्ता नियमैश्चाप्यलङ्कृता ।
दशवर्षसहस्राणि यया तप्तं महत्तपः ॥११७.१०॥
अनसूया व्रतैः स्नाता प्रत्यूहाश्च निवर्त्तिताः ।
देवकार्यनिमित्तं च यया संत्वरमाणया ॥११७.११॥

"એક વખત દસ વરસ સુધી વરસાદ નહિ પડવાથી પૃથ્વી તાપથી સંતપ્ત બની ગઈ ત્યારે સતી સાધ્વી અનસૂયાએ પ્રખર તપ કરીને તથા કઠોર નિયમો પાળીને તપના પ્રભાવથી ફળમૂળ ઉત્તપન્ન કર્યાં અને મંદાકિનીની પવિત્ર ધારા પ્રકટાવી. પોતાની સુદીર્ઘ સમયની તીવ્ર તપશ્ચર્યાથી ઋષિઓનાં સઘળાં સંકટોનું નિવારણ કર્યું." (સર્ગ ૧૧૭, શ્લોક ૯ થી ૧૧)

शिथिलां वलितां वृद्धां जरापाण्डरमूर्द्धजाम् ।
सततं वेपमानाङ्गी प्रवाते कदली यथा ॥११७.१८॥
तां तु सीता महाभागामनसूयां पतिव्रताम् ।
अभ्यवादयदव्यग्रा स्वनाम समुदाहरत् ॥११७.१९॥

અનસૂયા વૃદ્ધાવસ્થાને લીધે શિથિલ બની ગયેલી. એની કાયા પર કરચલી દેખાતી. એના કેશ સફેદ થઈ ગયેલા. વધારે વાયુના સ્પર્શથી હાલતા કેળના છોડની પેઠે એનાં સઘળાં અંગોમાં કંપ થતો. રામના સૂચન પ્રમાણે સીતાએ એને પોતાની ઓળખાણ આપી પ્રણામ કર્યાં. (શ્લોક ૧૮-૧૯)

અનસૂયાએ એને આશીર્વાદ આપ્યા. એને અલૌકિક વસ્ત્રો અને આભૂષણો આપ્યાં. સ્ત્રીધર્મનો સુંદર સર્વોપયોગી સંદેશ પણ સંભળાવ્યો.

વાલ્મીકિ રામાયણના અયોધ્યાકાંડના સર્ગ ૩૯ માં કૌશલ્યા સીતાને સ્ત્રીધર્મ સંબંધી ઉપદેશ આપે છે એ આ સંદેશ સાથે અને તુલસીકૃત રામાયણના સંદેશ સાથે સરખાવવા જેવો છે. એમાં એકવાક્યતા દેખાય છે. એમાં કહ્યું છે કે "પિતા, ભ્રાતા તથા પુત્ર પરિમિત સુખ પ્રદાન કરે છે પરંતુ પતિ અપરિમિત સુખ આપે છે." તુલસીકૃત રામાયણમાં એ જ વાત કહેવામાં આવી છે.

मातु पिता भ्राता हितकारी । मितप्रद सब सुनु राजकुमारी ॥
अमित दानि भर्ता बयदेही । अधम सो नारि जो सेव न तेही ॥
धीरज धर्म मित्र अरु नारी । आपद काल परिखिअहिं चारी ॥

ભારતીય સંસ્કૃતિ પ્રમાણે પતિપત્નીનો સંબંધ કેવળ શરીરનો સંબંધ નથી પરંતુ એથી આગળ વધીને મન, અંતર અને આત્માનો સંબંધ છે. એ સંબંધ ખૂબ જ પવિત્ર અને જીવનભરનો મનાય છે. એની અસર જન્માંતરમાં પણ પહોંચે છે. માટે પતિને વફાદાર રહેવું ને પતિની સદા સંભાળ રાખવી એ સ્ત્રીનું કર્તવ્ય છે. એ કર્તવ્યનો અનાદર કરવો નકામો છે. દુઃખ, રોગ, પ્રતિકૂળતા, પીડા કે પતનના પ્રસંગે પણ પતિ પ્રત્યે પ્રેમ રાખીને એને વળગી રહેવું અને સાથ આપવાનું આવશ્યક છે.

તુલસીદાસજી પતિવ્રતા સ્ત્રીના ચાર પ્રકાર ગણાવે છે - ઉત્તમ, મધ્યમ, નિકૃષ્ટ અને અધમ. ઉત્તમ સ્ત્રી સ્વપ્નમાં પણ બીજા પુરુષનું અવનીમાં અસ્તિત્વ છે એવું નથી માનતી. એ સર્વકાળે સર્વત્ર પોતાના પતિને જ પેખે છે. એનું મન બીજે ક્યાંય નથી જતું. મધ્યમ સ્ત્રી પરપુરુષને પિતા, પુત્ર કે બંધુ બરાબર માને છે. નિકૃષ્ટ સ્ત્રી કુળનો, કર્તવ્યનો કે ધર્મનો વિચાર કરીને પોતાના મનને જેમતેમ કરીને સંયમમાં રાખીને રહેતી હોય છે. અને અધમ સ્ત્રી મનમાં બીજાના વિચારો કર્યા કરે છે. બીજામાં રતિ રાખે છે, બીજાની સાથે અનુચિત સંબંધ બાંધે છે, ને નીતિ તથા સદાચારના સઘળા સિદ્ધાંતોથી સંબંધવિચ્છેદ કરીને સ્વછંદી બનીને શ્વાસ લે છે. સ્ત્રીને ઉત્તરોત્તર આગળ વધવા અથવા આદર્શ બનવા પ્રયાસ કરવો જોઈએ.

એની સાથે પુરુષે પણ પોતાના ધર્મને સમજવાનો છે. એણે પણ કર્તવ્યપરાયણ અને આદર્શ બનવાનું છે. સઘળા ઉપદેશો સ્ત્રીને જ આપવામાં આવે અને પુરુષની કશી જ જવાબદારી નથી એવું સમજવા-સમજાવવામાં આવે એ પણ બરાબર નથી. ઉત્તમ ગૃહસ્થાશ્રમને માટે સ્ત્રી તથા પુરુષ બંનેએ પારસ્પરિક પ્રેમભાવ કેળવવો જોઈએ. સ્ત્રીને પતિસેવા કરવાનો આદેશ આપવામાં આવે છે એમ, પુરુષે પણ વ્યસનરહિત બનવાનું, કુટેવોને છોડવાનું, પરસ્ત્રીને પવિત્ર નજરે નિહાળવાનું, સ્ત્રીની સર્વે સંજોગોમાં સેવા કરવાનું ને સંભાળ રાખવાનું આવશ્યક છે. સ્ત્રીને સીતા થવાનું કહેવામાં આવે તો પુરુષે પણ રામ બનવાનો ખ્યાલ રાખવાનો છે. પુરુષે પણ પોતાની જવાબદારી સમજવાની છે.

અમે ગયે વરસે મુંબાઈમાં હતા ત્યારે એક સ્ત્રી અમારું કામ કરવા આવતી. એ આમ તો આનંદી હતી પરંતુ કોઈવાર આંખમાં આંસુ સાથે આવતી. એને પૂછવાથી ખુલાસો કરતી કે મારા પતિ રોજ દારૂ પીએ છે ને જુગાર રમે છે. કશું કમાતા નથી. હું એકલી જ જુદાંજુદાં ઘરોમાં કામ કરીને કમાઉં છું. એ બધું વેડફી નાખે છે. વચ્ચેવચ્ચે મને મારે છે પણ ખરા. નાના છોકરાની દયા પણ નથી રાખતા. હું હવે ક્યાં જઉં ? હું એને કહેતો કે ભગવાન પાસે. ભગવાનનું સાચા દિલથી શરણ લે કે સ્મરણ કર તો તે સઘળું સારું કરશે. તારા પતિને સુધારશે.

એવા પુરુષો આપણે ત્યાં અનેક છે. એમણે એમના કર્તવ્યનો ખ્યાલ રાખીને સુધરવાનું છે. પતિ અને પત્ની બંને આદર્શ બનવાની કોશિશ કરે તો ગૃહસંસાર સુખી અથવા સ્વર્ગીય બને. આપણે એવા આદર્શ ગૃહસંસારની આવશ્યકતા છે.

**મહર્ષિ અગસ્ત્યનો સમાગમ**

અત્રિ અને અનસૂયાની અનુમતિ લઈને રામ સીતા તથા લક્ષ્મણ સાથે આગળ વધ્યા. માર્ગમાં એમને વિરાધ નામનો મહાભયંકર રાક્ષસ મળ્યો. એણે કોઈને ખબર ના પડે તેમ દોડીને સીતાને પકડી લીધી અને રામલક્ષ્મણને ઉદ્દેશીને જણાવ્યું કે

युवां जटाचीरधरौ सभार्यौ क्षीणजीवितौ ।
प्रविष्टौ दण्डकारण्यं शरचापासिधारिणौ ॥२.१०॥
अहं वनमिदं दुर्गं विराधो नाम राक्षसः ।
चरामि सायुधो नित्यमृषिमांसानि भक्षयन् ॥२.१२॥
इयं नारी वरारोहा मम भार्या भविष्यति ।
युवयोः पापयोश्चाहं पास्यामि रुधिरं मृधे ॥२.१३॥

"તમે બંને જટા અને ચીર ધારણ કરીને પણ સ્ત્રીની સાથે રહો છો, અને ધનુષ્યબાણ તથા તલવાર સાથે દંડકારણ્યમાં પેસી ગયા છો, તેથી જણાય છે કે તમારા જીવનનો ક્ષય થયો છે. હું વિરાધ નામનો રાક્ષસ છું. પ્રતિદિન ઋષિમુનિઓના માંસનું ભક્ષણ કરતાં શસ્ત્રાસ્ત્રથી સજ્જ બનીને આ ભયંકર વનમાં વિચરું છું. આ સ્ત્રી અતિશય સુંદર છે. એ મારી પત્ની બનશે. યુદ્ધસ્થળમાં હું તમારા બંને પાપીઓનું રક્તપાન કરીશ." (વાલ્મીકિ રામાયણ, અરણ્યકાંડ, સર્ગ ૨, શ્લોક ૧૦,૧૨ અને ૧૩)

રામે પોતાના પ્રખર પરાક્રમથી વિરાધ રાક્ષસનો વધ કરીને સીતાને મુક્ત કરી. એ પછી એ શરભંગ મુનિના આશ્રમ પર જઈ પહોંચ્યા. મુનિ પોતાની તપશ્ચર્યાના પ્રભાવથી બ્રહ્મલોકમાં જવાની ઈચ્છા રાખતા'તા. ઈન્દ્રે એમને ત્યાં લઈ જવાની તૈયારી પણ કરેલી. પરંતુ રામના શુભાગમનની મંગલ માહિતી મળવાથી એમણે ત્યાં જવાનું મુલતવી રાખ્યું.

રામના દૈવી દર્શનથી પરમ સંતુષ્ટ અને પ્રસન્ન થઈને શરભંગ મુનિએ વિધિવત્ અગ્નિની સ્થાપના કરીને એને પ્રજ્વલિત કર્યો અને પવિત્ર મંત્રોચ્ચારપૂર્વક ઘીની આહુતિ આપીને એમણે પોતે પણ એ અગ્નિજ્વાળામાં પ્રવેશ કર્યો. દિવ્યરૂપને ધારણ કરીને એ ઈચ્છાનુસાર બ્રહ્મલોકમાં જઈ પહોંચ્યા.

પોતાના સ્થૂળ શરીરના પરિત્યાગ પહેલાં રામને એમણે સુતીક્ષ્ણ મુનિની મુલાકાત લેવાની સૂચના આપેલી. એ સૂચનાને અનુસરીને સૌ સુતીક્ષ્ણ મુનિના એકાંત આશ્રમ તરફ આગળ વધ્યાં. એ પહેલાં શરભંગ મુનિના આશ્રમમાં અસંખ્ય ઋષિમુનિઓ અને તપસ્વીઓએ રામને એમનું દુઃખ જણાવ્યું. એમણે કહ્યું : "રામ ! આ વનમાં વસનારા મહાત્માઓનો વિશાળ સમુદાય, જેમાં બ્રાહ્મણોની સંખ્યા વધારે છે ને જેમના રક્ષક તમે જ છો, રાક્ષસો દ્વારા અનાથ બની ગયો છે. રાક્ષસોએ એનો નાશ કર્યો છે. એમનો સંહાર હજુ પણ ચાલુ છે."

(સર્ગ ૬, શ્લોક ૫)

રામે એમને આશ્વાસન આપ્યું. માર્ગમાં પડેલા ઋષિમુનિનાં અસ્થિપીંજરોને પેખીને એમને રાક્ષસોના અત્યાચારોનો ખ્યાલ આવ્યો. એમની આંખ ભીની થઈ. એમણે ધરતીને રાક્ષસ વગર કરવાની ને ઋષિમુનિની રક્ષાની પ્રતિજ્ઞા લીધી. ઋષિમુનિઓની પાસે પહોંચીને સૌને શાંતિ આપી.

निसिचर हीन करउँ महि भुज उठाइ पन कीन्ह ।
सकल मुनिन्ह के आश्रमन्हि जाइ जाइ सुख दीन्ह ॥९॥

દંડકારણ્યના એકાંત આશ્રમમાં ધ્યાનાવસ્થામાં વિરાજેલા સુતીક્ષ્ણ મુનિને મળીને રામ, લક્ષ્મણ, સીતાને અતિશય આનંદ થયો. સુતીક્ષ્ણ મુનિ પણ એમને મળીને જીવનની પરમ ધન્યતાનો અનુભવ કરવા લાગ્યા. એમણે એમનું આતિથ્ય કર્યું. એમના અંતરમાં ભગવાનની પવિત્રતમ કલ્યાણકારિણી ભક્તિ વિના બીજા કોઈપણ પદાર્થની કામના શેષ નહોતી રહી. ભક્તિ જ જીવનું સર્વપ્રકારે કલ્યાણ કરે છે. જીવ એને પામીને પરમ ધન્યતાને અનુભવે છે.

એમના પથપ્રદર્શન પ્રમાણે રામે અગસ્ત્ય મુનિના આશ્રમ તરફ જવા પ્રયાણ કર્યું. અગસ્ત્ય મુનિ એ જમાનાના મહામુનિ હોવાથી એમના દર્શન અને સુખદ સમાગમની ઈચ્છા સૌ કોઈને થતી. રામ તો પ્રાતઃસ્મરણીય સ્વનામધન્ય વીતરાગ ઋષિમુનિઓ પ્રત્યે પરમ પ્રેમભાવ રાખતા. એ એમના દર્શનથી વંચિત રહેવાનું કેવી રીતે પસંદ કરે ?

અગસ્ત્ય મુનિને માટે એ અવસર અતિશય આનંદજનક થઈ પડ્યો. એમના આશ્રમમાં રામ, લક્ષ્મણ, તથા સીતાનું શુભાગમન થયું એ પ્રસંગ એમને માટે ઉત્સવ જેવો ઉત્સાહપ્રેરક બની રહ્યો. તુલસીકૃત રામાયણમાં કહ્યું છે :

सादर कुसल पूछि मुनि ग्यानी । आसन बर बैठारे आनी ॥
पुनि करि बहु प्रकार प्रभु पूजा । मोहि सम भाग्यवंत नहिं दूजा ॥

તુલસીદાસજી રામાયણમાં મોટા ભાગના પ્રસંગોને એવી રીતે આલેખે છે. એમના મુખ્ય આરાધ્યદેવ શ્રીરામ હોવાથી એ બધા પ્રસંગોમાં એક અથવા બીજી રીતે રામની આરાધના અથવા ભક્તિભાવનાનો સમાવેશ કરાયો છે. એ સમાવેશ આનંદદાયક છે. મુનિ શરભંગ, સુતીક્ષ્ણ, અગસ્ત્ય સૌ એમની સ્તુતિ કરે છે. સૌનું કેન્દ્ર ધ્રુવપદ રામ છે. વાલ્મીકિ રામાયણમાં રામની એ એકનિષ્ઠ આરાધનાનો અંશ અવારનવાર એટલા પ્રમાણમાં નથી દેખાતો.

इदं दिव्यं महच्चापं हेमरत्नविभूषितम् ।
वैष्णवं पुरुषव्याघ्र निर्मितं विश्वकर्मणा ॥१२.३२॥
अमोघः सूर्यसङ्काशो ब्रह्मदत्तः शरोत्तमः ।
दत्तौ मम महेन्द्रेण तूणी चाक्षयसायकौ ॥१२.३३॥
सम्पूर्णौ निशितैर्बाणैर्ज्वलद्भिरिव पावकैः ।
महारजत कोशो ऽयमसिर्हेमविभूषितः ॥१२.३४॥
अनेन धनुषा राम हत्वा सङ्ख्ये महासुरान् ।
आजहार श्रियं दीप्तां पुरा विष्णुर्दिवौकसाम् ॥१२.३५॥

तद्धनुस्तौ च तूणीरौ शरं खड्गं च मानद ।
जयाय प्रतिगृह्णीष्व वज्रं वज्रधरो यथा ॥१२.३६॥

મહર્ષિ અગસ્ત્યે રામને જણાવ્યું : "પુરુષસિંહ ! આ મહાન દિવ્ય ધનુષ્ય વિશ્વકર્માએ બનાવ્યું છે અને આ સૂર્ય સમાન દૈદીપ્યમાન અમોઘ ઉત્તમ બાણ બ્રહ્માએ પ્રદાન કર્યું છે. એ ઉપરાંત ઈન્દ્રે આપેલા આ બે ભાથાં તીક્ષ્ણ પ્રજ્વલિત અગ્નિ સમાન તેજસ્વી બાણોથી ભરેલાં રહે છે ને કદી ખાલી થતાં નથી. સોને જડેલી મૂઢવાળી આ તલવાર સોનાની મ્યાનવાળી છે. પૂર્વકાળમાં વિષ્ણુ ભગવાને આજ ધનુષ્યથી સંગ્રામમાં મોટામોટા અસુરોનો સંહાર કરીને દેવતાઓની અલૌકિક લક્ષ્મીને એમની પાસેથી પાછી મેળવેલી. તમે આ ધનુષ્ય, બંને ભાથાં, આ બાણ તથા તલવારને રાક્ષસો પર વિજય મેળવવા માટે ગ્રહણ કરો. વજ્રધારી ઈન્દ્ર વજ્રને ગ્રહણ કરે છે તેવી રીતે." (અરણ્યકાંડ સર્ગ ૧૨, શ્લોક ૩૨ થી ૩૬)

મહર્ષિ અગસ્ત્યે એ અલૌકિક આયુધો રામને અર્પણ કર્યાં. રામના પૂછવાથી એમણે એમને બે યોજન જેટલે અંતરે આવેલા પંચવટી નામના સુંદર શાંત સ્થળમાં રહેવાની સૂચના કરી.

પંચવટી તરફ જતાં માર્ગમાં જટાયુનો મેળાપ થયો.

**શૂર્પણખા**

પંચવટીના નિવાસ દરમ્યાન લક્ષ્મણની જિજ્ઞાસાના જવાબમાં રામે એક દિવસ જણાવ્યું કે હું, મારું અને તારું એ માયાનું સ્વરૂપ છે. એથી સઘળા જીવો ઘેરાયેલા છે. મન ઈન્દ્રિયો સાથે જ્યાં પણ જાય છે ને જે પણ અનુભવે છે એ બધું જ માયા છે.

मैं अरु मोर तोर तैं माया । जेहिं बस कीन्हे जीव निकाया ॥
गो गोचर जहँ लगि मन जाई । सो सब माया जानेहु भाई ॥

એ માયાના અવિદ્યા માયા અને વિદ્યા માયા એવા બે પ્રકાર છે. એ માયામાં પડેલો કે બંધાયેલો જીવ દુઃખી થાય છે. જ્યારે એ માયાપતિ પરમાત્માનું શરણ લે છે ને પરમાત્માને ભજે છે ત્યારે એના સુખનો અને એની પ્રસન્નતાનો પાર નથી રહેતો. ભગવાનની ભક્તિ સર્વપ્રકારે સુખદાયક અને કલ્યાણકારક છે. એ ભક્તિ સંતોના સમાગમથી પ્રકટી શકે છે.

*

પંચવટીનો નિવાસ રામ, લક્ષ્મણ તથા સીતાના જીવનમાં શકવર્તી બન્યો. એ નિવાસ દરમ્યાન બનેલા બનાવો ચિરસ્મરણીય જેવા બન્યા અને એમના સમસ્ત જીવન પર પ્રબળ પ્રભાવ પાડી ગયા. એ બનાવોએ એમના જીવન પર ઊંડી છાપ પાડીને એમના જીવનપ્રવાહને પલટાવી દીધો. એજ પ્રદેશમાં રાવણે ભિક્ષુના વેશે પ્રવેશ કર્યો, સીતાનું હરણ કર્યું ને રામસીતાના વિયોગવહ્નિને જગાવી તથા વધારીને પોતાના વિનાશનો પ્રારંભ કરી દીધો. પંચવટીની એ ઐતિહાસિક ભૂમિ આજે પણ એટલી જ આકર્ષક, આહ્લાદક, અલૌકિક અને પવિત્ર મનાય છે. એના અને એની આસપાસના ગોદાવરી તટવર્તી પવિત્ર પ્રદેશના દર્શન માટે દર વરસે કેટલાય ભાવિક ભક્તો એકઠા થાય છે.

*

પંચવટીના એ સુંદર સ્થાનમાં એકવાર શૂર્પણખા નામની રાક્ષસી આવી પહોંચી. એ રાવણની બેન હતી.

सूपनखा रावन कै बहिनी । दुष्ट हृदय दारुन जस अहिनी ॥
पंचबटी सो गइ एक बारा । देखि बिकल भइ जुगल कुमारा ॥

મહર્ષિ વાલ્મીકિ પોતાના રામાયણમાં એ પ્રસંગનું આલેખન કરતાં જણાવે છે કે રામને જોતાંવેંત જ એ રાક્ષસી કામમોહિત થઈ ગઈ. રામની પાસે પહોંચીને એણે એમનો પરિચય પૂછ્યો. રામે સંક્ષેપમાં સઘળી હકીકત કહી સંભળાવી એટલે શૂર્પણખા બોલી કે

तानहं समतिक्रान्ता राम त्वापूर्वदर्शनात् ।
समुपेतास्मि भावेन भर्तारं पुरुषोत्तमम् ॥१७.२४॥

"તમારા પ્રથમ દર્શને જ મારું મન તમારામાં આસક્ત થયું છે. તમારું રૂપ અપૂર્વ છે. અત્યાર સુધી કોઈ દેવતામાં પણ મેં આવું અદભૂત રૂપ નથી જોયું. હું તમારા પ્રત્યે આકર્ષાઈ છું. એટલા માટે જ તમારા જેવા પુરુષોત્તમને માટે પતિની ભાવના રાખીને ખૂબ જ પ્રેમપૂર્વક આવી પહોંચી છું." (સર્ગ ૧૭, શ્લોક ૨૪)

इमां विरूपामसतीं करालां निर्णतोदरीम् ।
अनेन ते सह भ्रात्रा भक्षयिष्यामि मानुषीम् ॥१७.२७॥
ततः पर्वतशृङ्गाणि वनानि विविधानि च ।
पश्यन् सह मया कान्त दण्डकान् विचरिष्यसि ॥१७.२८॥

"સીતા મારી દૃષ્ટિમાં કુરૂપ, ફીકી, વિકૃત, બેસી ગયેલા ઉદરવાળી માનુની છે. એનું હું તમારા ભાઈ સાથે ભક્ષણ કરી જઈશ. પછી તમે કામભાવથી ભરપુર બનીને મારી સાથે પર્વતીય શિખરોની ને વનોની શોભા જોતાં દંડક વનમાં વિહાર કરજો." (શ્લોક ૨૭-૨૮)

શૂર્પણખાનું પ્રેમનિવેદન એની આસુરીવૃત્તિ અને સ્વલ્પ સંસ્કારિતા પ્રમાણે બરાબર હતું. પરંતુ દૈવી વૃત્તિવાળા શીલસંસ્કારસાગર રામ એને સ્વીકારી શકે તેમ નહતા. એમના કહેવાથી એ લક્ષ્મણ પાસે પહોંચી ગઈ. લક્ષ્મણે એનો પરિહાસ કરીને એને રામ પાસે મોકલી એટલે પરિહાસભાવને નહિ સમજનારી શૂર્પણખાએ રામને કહ્યું : "હું તમારા દેખતાં દેખતાં આ સ્ત્રીને ખાઈ જઈશ અને એ શોક્યની અનુપસ્થિતિમાં તમારી સાથે સુખપૂર્વક વિચરણ કરીશ." (સર્ગ ૧૮, શ્લોક ૧૬)

अद्येमां भक्षयिष्यामि पश्यतः तव मानुषीम् ।
त्वया सह चरिष्यामि निःसपत्ना यथा सुखम् ॥१८.१६॥

રામે લક્ષ્મણને પરિસ્થિતિની ગંભીરતા બતાવીને એની સાથે ઉપહાસ કરવાને બદલે વીરતાપૂર્વક કામ લેવા જણાવ્યું એટલે સીતા તરફ ધસી આવનારી એ રાક્ષસીને દંડ દેવાના આશયથી લક્ષ્મણે તલવારને તાણીને એનાં નાકકાન કાપી લીધાં. રાક્ષસી બૂમો પાડતી વનમાં નાસી ગઈ. રાક્ષસોથી ઘેરાયેલા એના ભાઈ ખર પાસે પહોંચીને બેશુદ્ધ બની ગઈ.

એની પાસેથી એની ભયંકર દુર્દશાનો સઘળો વૃતાંત સાંભળીને ખરનો ક્રોધ પરાકાષ્ઠા પર પહોંચી ગયો. એણે રામની સાથે લડવા માટે ચૌદ મહાબળવાન રાક્ષસોને મોકલ્યા. રામે એમનો જોતજોતામાં નાશ

કરી નાખ્યો. એ જોઈને શૂર્પણખાના શોકનો પાર રહ્યો નહીં. એ શોકને શાંત કરવા માટે ખર પોતાના સેનાપતિ દૂષણ સાથે ચૌદ હજાર રાક્ષસોની સેના લઈને ચાલી નીકળ્યો.

રાક્ષસોની વિશાળ શસ્ત્રસજ્જ સેનાને નિહાળીને રામે સુરક્ષાની દૃષ્ટિથી લક્ષ્મણ સાથે સીતાને ગિરિગુફામાં મોકલી આપી.

એ પછી રામે પોતાના અસાધારણ સામર્થ્યથી રાક્ષસોની એ શક્તિશાળી સેનાનો ખર તથા દૂષણ સાથે સહેજવારમાં સંહાર કર્યો. એ સંહારથી ઋષિમુનિઓ સંતોષ પામ્યા. એમણે રામને આદરપૂર્વક અભિનંદન આપતાં જણાવ્યું કે મહર્ષિઓએ આજ કાર્યની સિદ્ધિ માટે તમને પંચવટીના આ પવિત્ર પ્રદેશમાં પહોંચાડેલા. ઋષિમુનિના શત્રુસરખા પાપાચારી રાક્ષસોના સંહાર માટે જ તમારું આગમન અહીં આવશ્યક માનવામાં આવેલું. એ પવિત્ર પ્રયોજનની પૂર્તિ થવાથી મોટામોટા ઋષિઓ નિર્ભયતાપૂર્વક ધર્માનુષ્ઠાન કરી શકશે.

**સીતાહરણ**

પરંતુ રામ, લક્ષ્મણ તથા સીતાનું જીવન હજુ નિર્ભય અથવા નિશ્ચિત નહોતું બનવાનું. હજુ તો એમને આકરામાં આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થવાનું હતું. પંચવટીના રાક્ષસવધના એ અસાધારણ પ્રસંગ દ્વારા એને માટેની પૂર્વભૂમિકા તૈયાર થઈ. જગતમાં જે બીજાને માટે જન્મે છે ને જીવે છે એમનો સાધનાપથ સદા સરળ અથવા એકસરખો નથી હોતો. એમને મોટામાં મોટી મુસીબતોનો, વિરોધોનો, પ્રતિકૂળતાઓનો ને સંઘર્ષોનો સામનો કરવો પડે છે. એમને સુખ કરતાં દુઃખમાંથી વધારે પ્રમાણમાં પસાર થવું પડે છે. રામ અને કૃષ્ણથી માંડીને મહાત્મા ગાંધી સુધીના મોટા ભાગના મહાપુરુષોના જીવનમાં એ હકીકતની ઝાંખી થાય છે. એવા મહાપુરુષો દુઃખમાં ડગતા નથી અને મુસીબતો, વિરોધો, પ્રતિકૂળતાઓ કે સંઘર્ષોમાં પણ સ્વસ્થ રહે છે.

શૂર્પણખાના દિલનો ડંખ કેમે કરીને મટ્યો નહીં. એ ડંખ સાથે એ લંકાની રાજ્યસભામાં એના ભાઈ રાવણ પાસે પહોંચીને વિલાપ કરવા લાગી. એણે રાવણને જણાવ્યું કે તું દિવસરાત સુરાપાન કરે છે ને સૂઈ જાય છે પણ માથા પર ભમનારા ભયનું તને લેશ પણ ભાન નથી એ જોઈને મને દુઃખ થાય છે.

करसि पान सोवसि दिनु राती । सुधि नहिं तव सिर पर आराती ॥

એ શબ્દો રાવણના ચરિત્ર પર પ્રકાશ પાડે છે. પુલસ્ત્ય મુનિના કુળમાં પેદા થયેલો રાવણ પંડિત હોવા છતાં પણ અધઃપતનના કેવા અમંગલ આરે જઈને ઊભેલો એનું સૂચન એમાંથી મળી રહે છે. રાજા પ્રમાદી અને દૂષણના દાસ હોય તો પ્રજાને મુસીબતમાં મૂકી દે છે. પ્રજાપાલનનું સત્કર્મ નથી કરી શકતા.

શૂર્પણખાએ રાવણને પોતાની આપવીતી કહી સંભળાવી. એણે એને સંમોહિત કરવા માટે સીતાની પ્રસંશા કરીને કહ્યું કે

नैव दैवी न गन्धर्वी न यक्षी न च किन्नरी ।
नैवंरूपा मया नारी दृष्टपूर्वा महीतले ॥३४.१८॥
भार्यार्थे च तवानेतुमुद्यताहं वरानानाम् ।
विरूपिता ऽस्मि क्रूरेण लक्ष्मणेन महाभुज ॥३४.२१॥

यदि तस्यामभिप्रायो भार्यार्थे तव जायते ।
शीघ्रमुद्ध्रियतां पादो जयार्थमिह दक्षिणः ॥३४.२३॥

"દેવતાઓ, ગંધર્વો, યક્ષો અને કિન્નરોની સ્ત્રીઓમાં પણ એના સમાન સુંદરી બીજી કોઈ જ નથી. એવી સૌંદર્યવતી સ્ત્રીને પૃથ્વી પર પહેલાં મેં કદીપણ નહોતી જોઈ. એ સુંદર સ્ત્રીને તારી પત્ની બનાવવાનો મેં પ્રયત્ન કર્યો એટલે લક્ષ્મણે મારી આવી દશા કરી. સીતાને તારી ભાર્યા બનાવવાની ભાવના હોય તો રામને જીતવા માટે તૈયાર થા." (અરણ્યકાંડ, સર્ગ ૩૪, શ્લોક ૧૮, ૨૧, ૨૩)

સીતાવિષયક વર્ણનને સાંભળીને રાવણની વૃત્તિ સળવળી ઊઠી. ગીતામાં કહ્યું છે કે કામ, ક્રોધ, લોભ ત્રણ નરકનાં દ્વાર છે એ સાચું છે. એ માનવના પોતાના જીવનમાં તો નરકનું નિર્માણ કરે છે જ પરંતુ સાથેસાથે બીજાના જીવનને પણ નરકની નિશાની અને યાતનાથી ભરે છે. એ ત્રણમાંથી એક વૃત્તિ પણ દુઃખરૂપ થઈ પડે છે તો ત્રણેનો સંગમ થાય તો તો કહેવું જ શું ? રાવણમાં એ ત્રણેયનું અસ્તિત્વ હતું. જો એ ના હોત તો રામાયણનો કથાપ્રવાહ જુદી જ દિશામાંથી આગળ વધત. સીતાનું હરણ ના થાત, રામ-રાવણનું યુદ્ધ પણ ના થાત, અને આગળની અનેક ઘટનાઓ જુદી રીતે આકાર લેત. પરંતુ રાવણે એ કથાને વળાંક આપવામાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવી બતાવ્યો. સ્ત્રીને માટેની કામવૃત્તિએ અને બીજાં કેટલાંક કારણોએ રામાયણ અને મહાભારતના બે સર્વસંહારક સંગ્રામોનું સર્જન કર્યું. એ પછી અને આજે પણ એ વૃત્તિ કેટલી બધી વિનાશકારક અને દુઃખદાયક થઈ પડી છે ને થઈ રહી છે એ સર્વવિદિત છે. એણે કેટલાંય નાનાંમોટાં રામાયણ અને મહાભારત રચ્યાં છે. માનવે કામ ક્રોધ, લોભની વિનાશક વૃત્તિમાંથી છૂટવું જ રહ્યું. રામાયણનો એ પણ એક સંદેશ છે. કૈકેયીને ભરતને રાજ્ય સિંહાસન પર બેસાડવાનો લોભ લાગ્યો માટે તો એણે રામનો વનવાસ માગ્યો અને અયોધ્યાનો આખો ઈતિહાસ પલટી નાખ્યો.

સ્ત્રી પુરુષને ને પુરુષ સ્ત્રીને પવિત્ર નિર્વિકાર નજરથી નિહાળે અને વિચારે તો દુનિયાના કેટલાંય દુઃખો ઓછાં થાય. કેટલાંય કુટુંબો સુખી બની જાય. પરપુરુષને અને પરસ્ત્રીને નિર્મળતાથી નિહાળાય તો પણ ઘણો મોટો ફેર પડી જાય. રાવણ અને રામના અપવિત્ર અને પવિત્ર પાત્રો દ્વારા રામાયણ સૂચવે છે કે વ્યક્તિગત અને સમષ્ટિગત જીવનની સમુન્નતિ, સુખાકારી તથા શાંતિ માટે માનવે રાવણ જેવા અપવિત્ર અને અધર્મરત બનવાને બદલે રામ જેવા પવિત્ર અને ધર્મરત બનવાનું છે. સઘળા સંજોગોમાં સત્યને વળગી રહેવાનું છે. રામ તથા રાવણના પાત્રાલેખનો ધર્મ તથા અધર્મનાં, સત્ય અને અસત્યનાં, નીતિ અને અનીતિનાં, સંયમ અને વિલાસનાં, આચાર અને અનાચારનાં, દૈવી અને આસુરી સંપત્તિનાં, એના અંતિમ પરિણામોને દર્શાવતાં પાત્રાલેખનો છે. માનવે એમાંથી પ્રેરણા મેળવવાની છે.

*

'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' ની ઉક્તિ પ્રમાણે રાવણનો સર્વનાશ સમીપ હતો. એના આરંભનો અવસર આવી પહોંચેલો એટલે એણે સીતાહરણની યોજના બનાવી. એ યોજનાની સફળતા માટે એણે મારીચનો સાથ શોધ્યો. મારીચ પહેલાં તો તૈયાર ના થયો. એ રામના પ્રભાવને જાણતો'તો. વિશ્વામિત્ર મુનિના યજ્ઞની રક્ષા માટે રહેલા રામના અસાધારણ પરાક્રમનો પરચો એને મળી ચૂકેલો. એણે એનો અનુભવ કહી બતાવીને રાવણને સમજાવવાનો પૂરતો પ્રયત્ન કરી જોયો.

जीवितं च सुखं चैव राज्यं चैव सुदुर्लभम् ।
यदीच्छसि चिरं भोक्तुं मा कृथा रामविप्रियम् ॥३७.२२॥

"તને તારા જીવનના, સુખના અને પરમદુર્લભ રાજ્યના ચિરકાળ સુધીના ઉપભોગની આકાંક્ષા હોય તો તું શ્રીરામનો અપરાધ ના કરતો." (અરણ્યકાંડ, સર્ગ ૩૭, શ્લોક ૨૨)

परदाराभिमर्शात्तु नान्यत् पापतरं महत् ।
प्रमदानां सहस्राणि तव राजन् परिग्रहः ॥३८.३०॥
भव स्वदारनिरतः स्वकुलं रक्ष राक्षस ।
मानमृद्धिं च राज्यं च जीवितं चेष्टमात्मनः ॥३८.३१॥
निवार्यमाणः सुहृदा मया भृशं प्रसह्य सीतां यदि धर्षयिष्यसि ।
गमिष्यसि क्षीणबलः सबान्धवो यमक्षयं रामशरात्तजीवितः ॥३८.३३॥

"પરસ્ત્રીના સંસર્ગ કરતાં વધારે મોટું બીજું કોઈ પાપ નથી. તારા અંતઃપૂરમાં હજારો યુવતીઓ છે. એમની અંદર અનુરાગ રાખ. કુળની રક્ષા કર, રાક્ષસોના પ્રાણને બચાવી લે, અને તારી પ્રતિષ્ઠા, ઉન્નતિ, રાજ્યશ્રી તથા પ્રિય જિંદગીનો નાશ ના થવા દે. હું તારો હિતેચ્છુ સુહૃદ છું. મારા વારંવાર મના કરવા છતાં પણ તું સીતાનું હઠપૂર્વક હરણ કરીશ તો તારી સમસ્ત સેનાનો સંહાર થશે અને રામના બાણથી તારા પ્રાણને ખોઈ બેસીને બંધુ બાંધવ સાથે તું યમલોકની યાત્રા કરશે." (સર્ગ ૩૮, શ્લોક ૩૦-૩૧-૩૩)

રાવણને સમજાવવાનો સઘળો પ્રયત્ન વ્યર્થ ગયો. 'સત્તા આગળ શાણપણ નકામું' એ ન્યાયે રાવણ આગળ મારીચનું શાણપણ ટક્યું નહીં. રાવણનો વિરોધ કરી, ખોફ વહોરીને, અધર્મમાં સાથ આપવાને બદલે એણે ધર્મને વળગી રહીને મરવાનું પસંદ કર્યું હોત. રામની પાસે પહોંચીને પણ એને મરવાનું તો હતું જ. તો પછી ધર્મને આચરતાં મળેલું મરણ એને માટે મંગલ થાત અને ઉત્તમ મનાત. પરંતુ એણે રાવણની ધાકધમકીને વશ થઈને રામના હાથે મરવાનું વિચાર્યું, અને એની આસુરી માયાથી સુવર્ણમૃગ બનવાનું સ્વીકાર્યું.

*

જગજ્જનની શક્તિસ્વરૂપા સીતાનું હરણ થાય અથવા એના શરીરને કોઈ પરપુરુષ સ્પર્શે એ વાત તુલસીદાસ જેવા ભક્તશિરોમણિને કેવી રીતે રુચે ? એટલે એમણે એમના રામચરિતમાનસમાં વાલ્મીકિ રામાયણ કરતાં વિશિષ્ટ એવી એક વાત ઉમેરી છે. એથી એમણે આત્મસંતોષ અનુભવ્યો છે. એમણે જણાવ્યું કે લક્ષ્મણ વનમાં ફળ અને કંદમૂળ લેવા ગયો ત્યારે રામે સીતાને કહ્યું કે મારા હાથે નિશાચરોનો નાશ થાય ત્યાં સુધી તું પાવકમાં પ્રવેશ કર. રામના આદેશનુસાર સીતાએ પાવકમાં પ્રવેશીને પોતાના પૂર્વવત્ સ્વરૂપના પ્રતિબિંબને બહાર રાખ્યું. લક્ષ્મણને એની ખબર ના પડી.

*

મારીચને એના ધારેલા કાર્યમાં પ્રથમ દૃષ્ટિએ જ સફળતા સાંપડી. એના મણિ મઢેલા સુવર્ણ શરીરવાળા મૃગરૂપને જોઈને સીતાએ સંમોહિત બનીને એને પકડી લાવવાની અથવા છેવટે મારીને એનું સુંદર ચર્મ મેળવવાની રામને પ્રાર્થના કરી. એવું અદભુત કનકમૃગ એણે કદાપિ નહોતું જોયું.

લક્ષ્મણે પોતાના સંદેહને રજૂ કરતાં કહ્યું : "મને તો લાગે છે કે આ મૃગના રૂપમાં પેલો મારીચ નામનો રાક્ષસ જ આવ્યો છે. રઘુનંદન ! પૃથ્વીનાથ ! આ ભૂતળ પર ક્યાંય આવું વિચિત્ર રત્નમય મૃગ નથી દેખાતું. એટલે આ ખરેખર માયા જ છે." (સર્ગ ૪૩, શ્લોક ૫ અને ૮)

शङ्कमानस्तु तं दृष्ट्वा लक्ष्मणो राममब्रवीत् ।
तमेवैनमहं मन्ये मारीचं राक्षसं मृगम् ॥४३.५॥
मृगो ह्येवंविधो रत्नविचित्रो नास्ति राघव ।
जगत्यां जगतीनाथ मायैषा हि न संशयः ॥४३.८॥

પરંતુ આખરે જે થવાનું હતું તેજ થયું. રામ સીતાના આગ્રહને અધીન બનીને માયાવી સુવર્ણમૃગ પાછળ ચાલી નીકળ્યા. મૃગ એમને અરણ્યમાં દૂર-સુદૂર લઈ ગયું. જતાં પહેલાં રામે લક્ષ્મણને સીતાની સુરક્ષા સોંપી.

મૃગ હાથમાં આવ્યું નહીં ત્યારે રામે એને બાણ માર્યું. એથી મરતી વખતે લક્ષ્મણના નામને પોકારીને મનમાં ધીમેથી રામનામ બોલીને મારીચે પોતાના શરીરને પ્રકટ કર્યું. એણે સીતાના નામને પણ પોકાર્યું.

મારીચને મરેલો જોઈને રામને લક્ષ્મણના શબ્દોનું સ્મરણ થયું ને સીતાની ચિંતા થવા લાગી. એ ઉતાવળે પગલે આશ્રમ તરફ આગળ વધ્યા. રામની સુરક્ષા સંબંધી શંકિત બનેલી સીતાએ લક્ષ્મણને કેટલાંક ના કહેવા જેવાં કઠોર વચનો કહ્યાં એટલે એથી બાધ્ય બનીને લક્ષ્મણે નાછૂટકે રામની દિશામાં પ્રયાણ કર્યું. એટલે એ અનુકૂળ અવસરનો અને સીતાની એકલતાનો લાભ લઈને સમીપવર્તી વનમાં સંન્યાસીના વેશમાં છૂપાયેલો રાવણ બહાર નીકળ્યો. પહેલાં તો એણે સીતાને ભોળવવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ પ્રયાસ સફળ થયો નહીં ત્યારે પોતાની ઓળખાણ આપી, પોતાનું મૂળ રૂપ ધારણ કરીને એનું બળજબરી હરણ કર્યું. એને લઈને રાવણનો ગગનગામી રથ આગળ વધ્યો ત્યારે એના શોકનો, વિલાપનો ને પશ્ચાતાપનો પાર રહ્યો નહીં.

સીતાહરણની એ ઘટના બતાવે છે કે રાવણ અતિશય કઠોર હતો. છળકપટથી ભરેલો, અસત્યમાં રમનારો. એના દિલમાં દયાનો અંશ નહતો. પરસ્ત્રીને પવિત્ર દૃષ્ટિથી જોવાનું ને માતા માનવાનું તો એ શીખ્યો જ નહોતો. નહિ તો સીતાના હરણની કલ્પના પણ એ કરત નહીં. એથી રાવણના મલિન, અતિમલિન મનનો પરિચય થાય છે. સ્ત્રીના હરણનો પ્રસંગ એના જીવનમાં એ પહેલો જ હતો એવું નથી સમજવાનું. શરીરસુખની લાલસાથી લલચાઈને એણે આજ સુધી એવી તો અસંખ્ય સ્ત્રીઓનું હરણ કરેલું અને એમને એના અંતઃપુરમાં રાખેલી.

સુવર્ણમૃગની ઘટના સૂચવે છે કે માનવ માયાથી મોહિત બને છે ને કેટલીકવાર ભાન ભૂલે છે. સીતાનો સંમોહ એને અને બીજા બધાને ખૂબ જ ભારે પડ્યો, કષ્ટપ્રદાયક થયો. રામે અને સીતાએ લક્ષ્મણની વાત માનીને કપટમૃગ પાછળ પડવાનું મોકુફ રાખ્યું હોત તો પરિસ્થિતિ તદ્દન જુદી જ હોત. પરંતુ ધાર્યું ધરણીધરનું જ થયા કરે છે. સીતાએ કનકમૃગની કામના કરી તો આપત્તિ આવી. કામના ક્લેશનું, અશાંતિનું, દુઃખનું, બંધનનું કારણ છે. એનો ત્યાગ કરવો જોઈએ.

અણીના વખતે સીતાનો વિશ્વાસ ડગી ગયો. એ લક્ષ્મણને અયોગ્ય શબ્દો કહી બેઠી, એથી પ્રેરાઈને લક્ષ્મણને અનિચ્છાએ એને એકલી મૂકીને જવું પડ્યું, તો એનું પ્રાયશ્ચિત એને કરવું પડ્યું. કેટલું કઠોર પ્રાયશ્ચિત ? સુવર્ણમૃગના ક્ષણિક છતાં સુદૃઢ સંમોહમાં પડીને સીતાએ લક્ષ્મણ પર કરેલો આક્ષેપ અત્યંત આશ્ચર્યકારક અને અસહ્ય હતો. એણે કહેલું : "અનાર્ય ! નિર્દય ! ક્રૂરકર્મી ! કુલાંગાર ! હું તને સારી પેઠે સમજું છું. શ્રીરામ પર કોઈ અસાધારણ આપત્તિ આવી પડે એ તને ગમે છે. એટલા માટે તો રામ પર સંકટ આવ્યું છે તો પણ તું આવી વાતો કહ્યા કરે છે. તું ખૂબ દુષ્ટ છે. રામને એકલા અરણ્યમાં આવતા જોઈને, તારા ભાવને છૂપાવીને, મને મેળવવા માટે જ તું એમની પાછળ એકલો આવી પહોંચ્યો છે. અથવા ભરતે તને મોકલ્યો હોય એવો પણ સંભવ છે." (સર્ગ ૪૫, શ્લોક ૨૧, ૨૨, ૨૪)

अनार्याकरुणारम्भ नृशंस कुलपांसन ।
अहं तव प्रियं मन्ये रामस्य व्यसनं महत् ॥४५.२१॥
रामस्य व्यसनं दृष्ट्वा तेनैतानि प्रभाषसे ॥४५.२२॥
सुदुष्टस्त्वं वने राममेकमेकोऽनुगच्छसि ।
मम हेतोः प्रतिच्छन्नः प्रयुक्तो भरतेन वा ॥४५.२४॥

એ શબ્દો બતાવે છે કે સીતાની બુદ્ધિ બદલાઈ ગયેલી. ભગવાનની માયા સૌને ભૂલાવે છે ને ભમાવે છે. એની ઓછીવત્તી અસર સૌને થાય છે. જે ભગવાનને સુદૃઢતાથી શ્રદ્ધાભક્તિપૂર્વક પકડી રાખે છે તેજ બચી શકે છે. સુવર્ણમૃગ જેવા અનાત્મ પદાર્થોનું આકર્ષણ માનવની બુદ્ધિને બગાડે છે અને એને બેચેન તેમજ બદ્ધ બનાવે છે. એ સારસંદેશને સૂચવતા પ્રસંગોને મહર્ષિ વાલ્મીકિએ માનવોચિત ખૂબીઓ અને ક્ષતિઓ દર્શાવતાં માનવીય રીતે આલેખ્યા છે. એથી એ અધિક આકર્ષક, આહ્લાદક, હૃદયંગમ, વાસ્તવિક અને બોધક બન્યા છે.

**અશોકવાટિકામાં**

સીતાનું હરણ કરી, એને રથમાં બેસાડીને આકાશમાર્ગે આગળ વધતા રાવણને માર્ગમાં જટાયુનો મેળાપ થયો. રામે સીતાની સુરક્ષાનો ભાર એને પણ સોંપેલો. એણે રાવણને ઓળખી, લલકારીને, બનતા બધા જ બળથી એનો સામનો કર્યો. રાવણને પોતાના પરાક્રમનો પૂરેપૂરો પરચો પણ બતાવ્યો. ભગવાનના કાર્ય માટે મરવું પડે તો હસતાં હસતાં મરવાની એની તૈયારી હતી. રાવણે એના પરમ પરાક્રમથી પ્રભાવિત થઈને તલવારથી એની પાંખને કાપી નાખીને એને મરણતોલ કરી નાખ્યો.

સીતાનો શોક પરાકાષ્ઠા પર પહોંચ્યો. એણે રાવણને કેટલાંય કઠોર વચનો કહેવા માંડ્યાં, પરંતુ એની ઉપર એની અલ્પ પણ અસર ના થઈ.

માર્ગમાં સીતાએ એક પર્વતના શિખર પર બિરાજેલા પાંચ વાનરોને વિલોકીને રામને યેનકેનપ્રકારેણ પોતાના સમાચાર પહોંચાડવાના પ્રયોજનથી પ્રેરાઈને, પોતાની સોનેરી રેશમી ચાદર ઊતારીને, એમાં વસ્ત્ર અને આભૂષણ રાખીને એમના તરફ નાખી દીધી. રાવણને એની ખબર ના પડી. એ પંપા સરોવરને ઓળંગીને લંકાની દિશામાં આગળ વધ્યો. લંકામાં પ્રવેશીને એણે સીતાને એના અંતઃપુરમાં રાખી. પરંતુ

સીતા એની અપેક્ષા પ્રમાણે એની પ્રિયતમા બનવા માટે તૈયાર ના થવાથી એણે એને રાક્ષસીઓના સંરક્ષણ નીચે, એને ડરાવવા, ધમકાવવા તથા મનાવવાની સૂચના સાથે, એકાંત અશોકવાટિકામાં રાખવાની વ્યવસ્થા કરી.

* * *

## ૮. પંપા સરોવરના પ્રદેશમાં

**જટાયુ**

સીતા રામના હૃદય જેવી, ફેફસા સમી, એક લોચન સરખી હતી. સાચા અર્થમાં અર્ધાંગિની હતી. આશ્રમમાં આવ્યા પછી એને જોઈ નહીં એથી એમને અતિશય દુઃખ થયું. લક્ષ્મણને અરણ્યમાં પોતાની પાછળ એકલો આવતો જોયેલો ત્યારથી જ એમને આશંકા થયેલી. આશ્રમમાં જાનકીને ના જોવાથી એ આશંકા સાર્થક ઠરી ને બળવાન બની. એમનું અંતર આર્ત બનીને આક્રંદ કરવા લાગ્યું.

રામે લક્ષ્મણને આશ્રમ તરફ પાછા ફરતાં રસ્તામાં જ સીતાને એકલી મૂકીને આશ્રમનો ત્યાગ કરવા માટે ઠપકો આપેલો. "ક્રોધાતુર નારીનાં કઠોર વચનોને સાંભળીને તું મિથિલેશકુમારીને મૂકીને અહીં આવ્યો એથી હું તારા પર સંતુષ્ટ નથી." (અરણ્યકાંડ, સર્ગ ૫૯, શ્લોક ૨૩)

न हि ते परितुष्यामि त्यक्त्वा यत् यासि मैथिलीम् ।
क्रुद्धायाः परुषम् श्रुत्वा स्त्रियाश्च त्वमिहागतः ॥५९.२३॥

રામની એ વાત સાચી હતી. એમણે લક્ષ્મણને સીતાની સુરક્ષા સોંપેલી એટલે લક્ષ્મણે સઘળા સંજોગોમાં એની સુરક્ષા કરવી જોઈતી'તી. કર્તવ્યના અનુષ્ઠાનના માર્ગમાં અનુકૂળતા અને પ્રતિકૂળતા બંને આવે છે. પ્રતિકૂળ પરિસ્થિતિથી જે ડરી કે ડગી જાય છે ને કર્તવ્યને ત્યાગી દે છે એ આદર્શ કર્મયોગી નથી થઈ શકતો. પ્રતિકૂળતામાં પણ માનવે કર્તવ્યના અનુષ્ઠાનને વળગી રહેવું જોઈએ.

પરંતુ એ તો જે થવાનું હતું તે થયું. હવે આગળ પર શું ? રામ મનુષ્યોચિત વ્યવહાર કરતા. સીતાને માટે શોકાતુર બનીને ક્રંદન કરવા લાગ્યા. સીતાને શોધવા માટે લક્ષ્મણ સાથે ગોદાવરીના પવિત્ર પ્રશાંત તટ પર પહોંચ્યા. એ એમને પ્રશાંતને બદલે અશાંત અને પીડાજનક દેખાયો. સીતા ત્યાં પણ ન હતી. આશ્રમની આસપાસના અરણ્યનું અવલોકન પણ નિષ્ફળ ગયું. ત્યાં પણ એનો પત્તો ના લાગ્યો. તો પછી એ ગઈ ક્યાં ? એને કોઈક અસુર જ ક્યાંક ઊપાડી ગયેલો. અસુર ? હા. અસુર જ. એ કલ્પના કેટલી બધી કઠોર, કરુણાજનક, કાળજાને કંપાવે તેવી, છતાં પણ સાચી છે ? આ અરણ્ય આખું અસુરોથી ભરેલું છે. મારીચના જ કોઈક સાથીએ એની સાથે મળીને સીતાના હરણનું ષડયંત્ર કર્યું હોય એ બનવાજોગ છે. નહિ તો મારીચને માયાવી મૃગ શા માટે બનવું પડે ? રામનું હૈયું હાલી ઊઠ્યું. અત્યંત સંવેદનશીલ બની ગયું. એ સામાન્ય માનવીની પેઠે પીડાને અનુભવવા લાગ્યા. તુલસીદાસજી લખે છે :

आश्रम देखि जानकी हीना । भए बिकल जस प्राकृत दीना ॥
हा गुन खानि जानकी सीता । रूप सील ब्रत नेम पुनीता ॥

લક્ષ્મણે એમને ખૂબ જ સાંત્વન આપ્યું અને સજાવ્યા તો પણ એ શાંત બની શક્યા નહીં. મહાન વિરહી અતિશય કામી પુરુષની પેઠે સીતાને શોધતાં શોધતાં વિલાપ કરવા લાગ્યા.

एहि बिधि खौजत बिलपत स्वामी । मनहुँ महा बिरही अति कामी ॥
पूरनकाम राम सुख रासी । मनुज चरित कर अज अबिनासी ॥

રામ જો માનવસહજ રીતે રડત કે શોધ અને શોક કરત નહિ તો પણ લોકો કહેત કે એ એટલા બધા કઠોર હતા કે પોતાની પ્રાણપ્યારી પત્નીનું હરણ થયું અથવા એનું આશ્રમમાં દર્શન ના થયું તોપણ એની વિરહવ્યથાથી વંચિત રહ્યા ? એમનું રુંવાડુંય હાલ્યું નહીં ? એટલે એમની એ અવસ્થા આદર્શ હતી. મહર્ષિ વાલ્મીકિએ એનું વર્ણન ખૂબ જ સુંદર, અદભૂત અને વિશદ રીતે કરેલું છે. મહર્ષિ એવા વિરહવર્ણન દ્વારા પ્રકારાંતરે સૂચવવા માગે છે કે પ્રિય વ્યક્તિ કે વસ્તુના વિરહની વેદનાત્મક પ્રતિક્રિયા સામાન્ય અને અસામાન્ય માનવો પર મૂળભૂત રીતે સરખા પ્રમાણમાં પડતી હોય છે. સ્નેહીના સંમિલનથી સૌને સુખ થાય છે અને વિયોગથી વ્યથા કે દુઃખ. પશુપંખી અને વનસ્પતિ અથવા પ્રકૃતિની ઉપર પણ એની સાનુકૂળ-પ્રતિકૂળ, શુભાશુભ પ્રતિક્રિયા પડતી હોય છે.

*

સીતાની શોધના માર્ગમાં આગળ ચાલતા રામે ધરતી પર કેટલાંક પુષ્પોને પડેલાં જોઈને જણાવ્યું, "લક્ષ્મણ ! આ પુષ્પોને હું ઓળખું છું. મેં વનમાં વિદેહનંદિનીને જે પુષ્પો આપેલાં, એમને એણે એના કેશમાં ધારણ કરેલાં. આ પૃથ્વી પર પડેલાં પુષ્પો એજ છે. મને લાગે છે કે સૂર્ય, વાયુ અને યશસ્વિની પૃથ્વીએ મારું પ્રિય કરવા માટે જ આ પુષ્પોને સુરક્ષિત રાખ્યાં છે." (સર્ગ ૬૪, શ્લોક ૨૬-૨૭)

अभिजानामि पुष्पाणि तानीमानीह लक्ष्मण ।
पिनद्धानीह वैदेह्या मया दत्तानि कानने ॥६४.२६॥
मन्ये सूर्यश्च वायुश्च मेदिनी च यशस्विनी ।
अभिरक्षन्ति पुष्पाणि प्रकुर्वन्तो मम प्रियम् ॥६४.२७॥

વાલ્મીકિ રામાયણના એ વર્ણન પરથી પ્રતીતિ થાય છે કે રામાયણકાળમાં શૃંગારના એક સાધન તરીકે કેશમાં ફૂલ રાખવાની અથવા વેણી પહેરવાની પ્રથા પ્રવર્તમાન હતી. એ પ્રથા ખૂબ જ પુરાણી છે.

એટલામાં પૃથ્વી પર કોઈક રાક્ષસનું વિશાળ ચરણચિહ્ન દેખાયું. એની પાસે સીતાનાં ચરણચિહ્નો પણ દેખાયાં. તૂટેલા ધનુષ્યને, બાણને અને તૂટેલા રથના અસંખ્ય ટૂકડાઓને જોઈને રામ લક્ષ્મણ વિવિધ વિચારો કરવા લાગ્યા.

આગળ જતાં એમને લોહીથી લથપથ થયેલા શરીરવાળો જટાયુનો મેળાપ થયો. એની અતિશય આર્ત અવસ્થાને અવલોકીને એમનાં અંતર આર્ત બન્યાં. એની પાસેથી એમને સીતાના હરણની માહિતી મળી. એણે સીતાની સુરક્ષા માટે રાવણ સાથે કરવા પડેલા સંગ્રામની સઘળી કથા કહી સંભળાવી. એના કઠોર કર્તવ્યપાલનને પેખીને રામને એને માટે માન પેદા થયું. એની પ્રખર પીડાની આગળ એ પોતાની પીડાને પળવાર ભૂલી ગયા. એમણે એને કહ્યું, 'જટાયુ ! તેં મારી ને સીતાની મહાન સેવા કરી છે. એને માટે તને અનેકાનેક અભિનંદન ઘટે છે. એ સેવાનો બદલો મારાથી નહીં વાળી શકાય.'

એમની આંખ અશ્રુથી છલકાઈ ગઈ.

જટાયુએ જણાવ્યું : "રાવણ સીતાને જે મુહૂર્તમાં લઈ ગયો છે તેમાં ખોવાયેલું ધન એના સ્વામીને સત્વર મળી જાય છે. કાકુત્સ્થ ! એ વિંદ નામનું મુહૂર્ત હતું કિન્તુ એ રાક્ષસને એની ખબર નહતી. માછલી

મરવા માટે જ માસપિંડને પકડે છે તેવી રીતે એ પણ સીતાને લઈ જવાથી શીઘ્ર નાશ પામશે." (સર્ગ ૬૮, શ્લોક ૧૨-૧૩)

येन यातो मुहूर्तेन सीतामादाय रावणः ।
विप्रनष्टं धनं क्षिप्रं तत्स्वामी प्रतिपद्यते ॥६८.१२॥
विन्दो नाम मूहूर्तोऽयं स च काकुत्स्थ नाबुधत् ।
त्वत्प्रियां जानकीं हृत्वा रावणो राक्षसेश्वरः ।
झषवद्बडिशं गृह्य क्षिप्रमेव विनश्यति ॥६८.१३॥

જટાયુના મુખમાં મૂકાયેલા એ શબ્દો એ જમાનામાં જ્યોતિષવિદ્યાની પ્રથા પણ પ્રચલિત હતી એની માહિતી પૂરી પાડે છે. એ વિદ્યાની મદદથી ચોક્કસ ફળાદેશ કહી શકાતો.

જટાયુએ રામના સુંદર સુધાસભર સ્વરૂપના દર્શનનો આનંદ અનુભવતાં છેવટે શરીરત્યાગ કર્યો. કર્તવ્યની વેદી પર અપાયેલી એની આહુતિ અમૂલખ અને અમર બની. રામે લક્ષ્મણની મદદથી એનો આદરપૂર્વક અગ્નિસંસ્કાર કર્યો.

જટાયુની સૂચનાનુસાર એ પછી એ બંને દક્ષિણ દિશા તરફ આગળ વધ્યા. માર્ગમાં એમને કબંધ રાક્ષસનો મેળાપ થયો. રામે લક્ષ્મણની મદદથી એના વિશાળ બાહુને કાપી નાખીને એની ઈચ્છા પ્રમાણે એની દાહક્રિયા કરી એટલે અલૌકિક રૂપને ધારણ કરીને એણે કૃતજ્ઞતાપૂર્વક કહ્યું : "વીર રઘુનાથ ! તમે અહીંથી સત્વર મહાશક્તિશાળી સુગ્રીવ પાસે પહોંચી જાવ. એની પાસે પહોંચીને એને તમારો મિત્ર બનાવો." (સર્ગ ૭૨, શ્લોક ૧૭)

गच्छ शीघ्रमितो राम सुग्रीवं तं महाबलम् ।
वयस्यं तं कुरु क्षिप्रमितो गत्वाद्य राघव ।
अद्रोहाय समागम्य दीप्यमाने विभावसौ ॥७२.१७॥

"રાઘવ ! એ તમારા વિયોગમાં શોક કરતી સીતાની શોધ માટે સઘળી દિશાઓમાં વિશાળકાય વાનરોને મોકલશે તથા રાવણને ત્યાંથી પણ સુંદર શરીરવાળી મિથિલેશકુમારીને શોધી કઢાવશે." (૨૫-૨૬)

वानरांश्च महाकायान् प्रेषयिष्यति राघव ।
दिशो विचेतुं तां सीतां त्वद्वियोगेन शोचतीम् ॥७२.२५॥
स ज्ञास्यति वरारोहां निर्मलां रावणालये ॥७२.२६॥

કબંધે એમને પંપા સરોવરની, શબરીની અને અન્ય મુનિઓની માહિતી આપીને જણાવ્યું :

राम तस्य तु शैलस्य महती शोभते गुहा ।
शिलापिधाना काकुत्स्थ दुःखं चास्याः प्रवेशनम् ॥७३.३९॥
तस्या गुहायाः प्राग्द्वारे महान् शीतोदको ह्रदः ।
फलमूलान्वितो रम्यो नानामृगसमावृतः ॥७३.४०॥
तस्यां वसति सुग्रीवश्चतुर्भिः सह वानरैः ।
कदाचिच्छिखरे तस्य पर्वतस्यावतिष्ठते ॥७३.४१॥

"ઋષ્યમૂક પર્વત પર એક મોટી ગુફા છે. એનું દ્વાર પથ્થરથી ઢંકાયેલું છે. એની અંદર પ્રવેશવામાં ખૂબ જ કષ્ટ પડે છે. એ ગુફાના પૂર્વ દ્વાર તરફ શીતળ પાણીથી ભરેલો મોટો કુંડ છે. એની આજુબાજુ અનેક ફળફૂલ તથા મૂળ છે. એ રમણીય સ્થળ વિવિધ વૃક્ષોથી વીંટળાયેલું છે. ધર્માત્મા સુગ્રીવ વાનરો સાથે એજ ગુફામાં વાસ કરે છે. કોઈકોઈવાર પર્વતના શિખર પર પણ રહે છે." (સર્ગ ૭૩, શ્લોક ૩૯ થી ૪૧)

**શબરીનો સમાગમ**

શબરીનું પાત્ર ભારતવર્ષનાં પ્રાતઃસ્મરણીય પરમ જાજ્વલ્યમાન પ્રેરક પૌરાણિક સ્ત્રીપાત્રોમાં અગ્રગણ્ય અને અમર પાત્ર છે. શબરી એક અસાધારણ સાધ્વી હતી. તપશ્ચર્યા, ગુરુભક્તિ અને ગુરુના અમોઘ આશીર્વાદથી પૂર્ણતાએ પહોંચેલી, પરમપવિત્ર, સિદ્ધ, જીવનમુક્ત, જીવનનું જીવતાં જ સાધના દ્વારા શ્રેય સાધી ચૂકેલી. રામ અને લક્ષ્મણને પોતાના પંપા સરોવર પાસેના એકાંત આશ્રમમાં આવેલા જોઈને એ ખૂબ જ પ્રસન્ન થઈ. પોતાના સદગુરુના ભવિષ્યસૂચક શબ્દોને સ્મરીને એણે એમને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા. એમનું વિધિપૂર્વક આતિથ્ય કરીને અરણ્યમાંથી એકઠાં કરેલાં ફળોને એમની આગળ રજૂ કર્યાં. રામે એમનો પરમ પ્રસન્નતાપૂર્વક વખાણી વખાણીને આસ્વાદ લીધો.

શબરીએ રામદર્શનથી જીવનની ધન્યતા માનીને પોતાના પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો.

તુલસીકૃત રામાયણમાં રામે શબરીની આગળ નવધા ભક્તિનું વર્ણન કર્યું છે એ અતિશય રસપ્રદ છે. એ વર્ણન પ્રમાણે પ્રથમ ભક્તિ સંતોનો સમાગમ, બીજી ભગવાનની કથામાં રતિ; ત્રીજી ભક્તિ નમ્રતા તથા ગુરુનાં ચરણકમળની સેવા, ચોથી કપટને છોડીને ભગવાનનાં ગુણગાન ગાવાં તે, પાંચમી ભક્તિ ભજન, મંત્રજપ અને ભગવાનમાં દૃઢ વિશ્વાસ; છઠ્ઠી સજ્જનોના ધર્મોને વળગી રહીને શીલ, વૈરાગ્ય તથા ઈન્દ્રિયનિગ્રહને વધારવો તે. સાતમી ભક્તિ જગતને ભગવાનમય જોવા અને સંતને ભગવાનથી અધિક ગણવા. આઠમી ભક્તિ સર્વે સ્થિતિમાં સંતોષ રાખવો ને બીજાના દોષોને સ્વપ્ને પણ ના જોવા, અને નવમી ભક્તિ સરળ અને છળરહિત બનવું ને પ્રસન્ન તથા અદીન રહીને હૃદયમાં ભગવાનનો વિશ્વાસ રાખવો. શબરીમાં એ નવે પ્રકારની ભક્તિ હતી. એણે એ ભક્તિના પ્રભાવથી રામને પંપા સરોવર તરફ પ્રયાણ કરવાની ને સુગ્રીવ સાથે મિત્રતા સ્થાપવાની સલાહ આપી. એ સલાહને સ્વીકારીને રામ લક્ષ્મણ સાથે પંપા સરોવર તરફ ચાલી નીકળ્યા. સુંદર સરોવરમાં સ્નાન કરીને એમણે આનંદ અનુભવ્યો. સીતાની સ્મૃતિ એમના અંતરને અધિકાધિક આર્ત બનાવી રહી.

* * *

## ૯. સુગ્રીવ અને હનુમાન

### સુગ્રીવનું સખ્ય

કિષ્કિંધાકાંડના આરંભમાં જ રામ તથા સુગ્રીવના સુખદ સમાગમ અને સખ્યની કથા કહેવામાં આવી છે. એ કથા ખૂબ જ રસમય અને આનંદકારક છે. રામ અને લક્ષ્મણને વીરના વેશમાં દૂરથી આવતા જોઈને ઋષ્યમૂક પર્વત પર બેઠેલા સુગ્રીવના મનમાં શંકા થઈ અને ભીતિની ભાવના જાગી. એને થયું કે આ વીરપુરુષોને વાલીએ તો નથી મોકલ્યા ? એમની સાચી સંપૂર્ણ માહિતી મેળવવા એણે હનુમાનજીને મોકલ્યા. હનુમાનજી સામાન્ય તપસ્વી અથવા ભિક્ષુનું રૂપ લઈને એમની પાસે પહોંચી ગયા. એમણે અભિવાદન કરી એમને સત્કારીને એમનો પરિચય પૂછતાં જણાવ્યું કે "વીરો ! આવી રીતે હું અવારનવાર તમારો પરિચય પૂછું છું. તમે ઉત્તર કેમ નથી આપતા ? અહીં સુગ્રીવ નામે એક શ્રેષ્ઠ વાનર રહે છે. એ મહાન ધર્માત્મા અને વીર છે. એમના ભાઈ વાલીએ એમને ઘરમાંથી કાઢી મૂક્યા હોવાથી એ અતિશય દુ:ખી બનીને બધે ફરી રહ્યા છે. વાનરશિરોમણિના રાજા મહાત્મા સુગ્રીવનાં મોકલવાથી હું અહીં આવ્યો છું. મારું નામ હનુમાન છે. હું પણ વાનરજાતિનો જ છું. ધર્માત્મા સુગ્રીવ તમારી બંનેની સાથે મિત્રતા કરવા માગે છે. મને એમનો મંત્રી માની લો. હું વાયુદેવનો વાનરજાતીય પુત્ર છું. મારી ઈચ્છાનુસાર રૂપ ધારવાની ને ઈચ્છાનુસાર સ્થળે જવાની શક્તિ ધરાવું છું. અત્યારે સુગ્રીવનું પ્રિય કરવા માટે હું ભિક્ષુનું રૂપ લઈને ઋષ્યમૂક પર્વત પરથી અહીં આવ્યો છું." (કિષ્કિન્ધા કાંડ, સર્ગ ૩, શ્લોક ૧૯ થી ૨૩)

एवं मां परिभाषन्तं कस्माद्वै नाभिभाषथः ॥३.१९॥
सुग्रीवो नाम धर्मात्मा कश्चिद्वानरयूथपः ।
वीरो विनिकृतो भ्रात्रा जगद्भ्रमति दुःखितः ॥३.२०॥
प्राप्तो ऽहं प्रेषितस्तेन सुग्रीवेण महात्मना ।
राज्ञा वानरमुख्यानां हनूमान्नाम वानरः ॥३.२१॥
युवाभ्यां सह धर्मात्मा सुग्रीवः सख्यमिच्छति ।
तस्य मां सचिवं वित्तं वानरं पवनात्मजम् ॥३.२२॥
भिक्षुरूपप्रतिच्छन्नं सुग्रीवप्रियकाम्यया ।
ऋश्यमूकादिह प्राप्तं कामगं कामरूपिणम् ॥३.२३॥

હનુમાનની વાત સાંભળીને રામ તથા લક્ષ્મણ ખૂબ જ સંતોષ પામ્યા ને પ્રસન્ન થયા. એમણે પોતાનો પરિચય કરાવ્યો. એ પરિચયથી હનુમાનજી જાણે કે કૃતાર્થ થઈને ભાવવિભોર બની ગયા. એમના પ્રાણની પુરાતન પ્રીતિ તાજી થઈ. ભગવાનની માયાથી મોહિત બનેલો ને ભાન ભૂલેલો જીવ ભગવાનને સહેલાઈથી નથી ઓળખી શકતો. ભગવાન એના પર કૃપા કરે તોજ ઓછાવત્તા પ્રમાણમાં ઓળખી શકે છે.

તુલસીકૃત રામાયણમાં હનુમાને કહ્યું છે :

तव माया बस फिरउँ भुलाना । ता ते मैं नहिं प्रभु पहिचाना ॥

*

હનુમાનજીના વિશુદ્ધ, વિનમ્ર વાર્તાલાપથી પ્રભાવિત થઈને રામે લક્ષ્મણને જણાવ્યું કે "જેને ઋગ્વેદનું શિક્ષણ નથી મળ્યું, જેણે યજુર્વેદનો અભ્યાસ નથી કર્યો, અને જેનામાં સામવેદની વિદ્વતા નથી, એનાથી આવી સુંદર ભાષામાં વાર્તાલાપ કરી શકાય નહીં. આ પુરુષે સંપૂર્ણ વ્યાકરણનું કેટલીયવાર અધ્યયન કર્યું લાગે છે. કારણ કે કેટલીય વાતચીત કરવા છતાં પણ એના મુખમાંથી કોઈ અશુદ્ધિ નથી નીકળી." (શ્લોક ૨૮, ૨૯)

तमभ्यभाष सौमित्रे सुग्रीवसचिवं कपिम् ।
वाक्यज्ञं मधुरैर्वाक्यैः स्नेहयुक्तमरिन्दम ॥३.२८॥
नानृग्वेदविनीतस्य नायजुर्वेदधारिणः ।
नासामवेदविदुषः शक्यमेवं प्रभाषितुम् ॥३.२९॥

હનુમાનજી વાનરરૂપ ધારીને એ બંનેને પોતાની પીઠ પર બેસાડીને સુગ્રીવ પાસે લઈ ગયા.

સુગ્રીવે રામના દેવદુર્લભ દૈવી દર્શનથી ધન્યતા અનુભવી. એમની વચ્ચે મૈત્રીસંબંધ સ્થપાતાં વાર લાગી નહીં. અગ્નિની સાક્ષીમાં એ બંને મિત્રો બન્યા.

સુગ્રીવે પોતાની આપવીતી કહી એટલે રામે એને આશ્વાસન આપીને જણાવ્યું કે મિત્ર સદા ઉપકારરૂપી ફળને આપે છે. તારી પત્નીનું અપહરણ કરનારા વાલીનો હું વધ કરીશ.

સુગ્રીવે પણ સીતાની શોધમાં રામને સર્વપ્રકારે સહાયતા કરવાનું વચન આપ્યું. બંનેના આર્ત અંતરમાં આશા અને સંતોષની અવનવી લહરી ફરી વળી.

સીતાએ એજ પર્વત પરથી પસાર થતી વખતે નીચે નાખેલી વસ્તુઓનું સુગ્રીવને સ્મરણ થયું. એણે રામને કહ્યું કે મને લાગે છે કે રાક્ષસ દ્વારા હરી જવાતી એ સ્ત્રી સીતા જ હોવી જોઈએ. એ અતિશય આક્રંદ કરતી શોકાતુર દશામાં તમારા અને લક્ષ્મણના નામના પોકારો પાડતી'તી. મારા ચાર મંત્રી સાથે હું આ પર્વત પર બેઠેલો ત્યારે એણે એની ચાદર અને એનાં આકર્ષક આભૂષણોને અમારી દિશામાં નાખેલાં. એ વસ્તુઓને મેં સાચવી રાખી છે.

એ શબ્દોને સાંભળીને રામની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. એમના કહેવાથી સુગ્રીવે એ આભૂષણોને વસ્ત્ર સાથે રજૂ કર્યાં. રામ એમને અવલોકીને ખૂબ જ ભાવવિભોર બની ગયા ને બોલ્યા કે આ વસ્ત્રાભૂષણ સીતાનાં જ છે. હું એમને સારી રીતે ઓળખું છું. લક્ષ્મણે જણાવ્યું કે હું આ કેયૂરને અને કુંડલને તો નથી ઓળખી શકતો પરંતુ સીતાના ચરણે પ્રતિદિન પ્રણામ કરવાની ટેવને લીધે આ બંને નૂપુરને તો અવશ્ય ઓળખું છું. એ શબ્દો લક્ષ્મણની સ્વભાવસહજ મર્યાદા તથા પવિત્રતાના સૂચક છે.

### વાલીના વિરોધનું કારણ

રામની જિજ્ઞાસાના જવાબમાં સુગ્રીવે પોતાના મોટાભાઈ વાલી સાથેના વિરોધ અથવા વેરની સઘળી હકીકત કહી સંભળાવી. એ હકીકત સંક્ષેપમાં આ પ્રમાણે છે :

पितर्युपरते ऽस्माकं ज्येष्ठो ऽयमिति मन्त्रिभिः ।
कपीनामीश्वरो राज्ये कृतः परमसम्मतः ॥९.२॥

"પિતાજીના મૃત્યુ પછી મંત્રીઓએ વાલીને વડીલ સમજીને વાનરોનો રાજા બનાવ્યો. એ સૌને ખૂબ જ પ્રિય હોવાથી એને કિષ્કિન્ધાના રાજ્ય પર પ્રતિષ્ઠિત કરવામાં આવ્યો."

स तु सुप्तजने रात्रै किष्किन्धाद्वारमागतः ।
नर्दति स्म सुसंरब्धो वालिनं चाह्वयद्रणे ॥९.५॥
प्रसुप्तस्तु मम भ्राता नर्दितं भैरवस्वनम् ।
श्रुत्वा न ममृषे वाली निष्पपात जवात्तदा ॥९.६॥

"એક દિવસ મધ્યરાત્રિના વખત દરમ્યાન, બધા લોકો સુઈ ગયા ત્યારે, મયદાનવનો પુત્ર માયાવી કિષ્કિન્ધાપુરીના દરવાજા આગળ આવીને ક્રોધે ભરાઈને ગર્જવા અને વાલીને લડવા માટે લલકારવા લાગ્યો. એ વખતે મારો ભાઈ ઊંઘી ગયેલો. એનો ભૈરવનાદ સાંભળીને એની ઊંઘ ઊડી ગઈ. એનાથી એ રાક્ષસનો લલકાર સહન ના થવાથી એ તત્કાલ વેગપૂર્વક ઘરની બહાર નીકળ્યો." (સર્ગ ૯, શ્લોક ૨-૫-૬)

तस्मिन् द्रवति सन्त्रस्ते ह्यावां द्रुततरं गतौ ।
प्रकाशश्च कृतो मार्गश्चन्द्रेणोद्गच्छता तदा ॥९.१०॥

"માયાવી ભયભીત બનીને ભાગ્યો એટલે અમે બંને ભાઈઓ ઝડપથી એની પાછળ પડ્યા. એ વખતે ઉગેલા ચંદ્રે અમારા પથને પ્રકાશિત કર્યો." (શ્લોક ૧૦)

तं प्रविष्टं रिपुं दृष्ट्वा बिलं रोषवशंगतः ।
मामुवाच तदा वाली वचनं क्षुभितेन्द्रियः ॥९.१२॥
इह त्वं तिष्ठ सुग्रीव बिलद्वारि समाहितः ।
यावत्तत्र प्रविश्याहं निहन्मि सहसा रिपुम् ॥९.१३॥

"શત્રુને પર્વતની ગુફામાં પડેલો જોઈને વાલીનો ક્રોધ પરાકાષ્ઠા પર પહોંચ્યો. એણે મને કહ્યું કે સુગ્રીવ, ગુફામાં પ્રવેશીને હું યુદ્ધમાં શત્રુનો સંહાર કરું ત્યાં સુધી આ ગુફાના દ્વાર પાસે ઊભો રહેજે." (શ્લોક ૧૨-૧૩)

तस्य प्रविष्टस्य बिलं साग्रः संवत्सरो गतः ।
स्थितस्य च मम द्वारि स कालो व्यत्यवर्तत ॥९.१५॥
अथ दीर्घस्य कालस्य बिलात्तस्माद्विनिस्सृतम् ।
सफेनं रुधिरं रक्तमहं दृष्ट्वा सुदुःखितः ॥९.१७॥
अहं त्ववगतो बुद्ध्या चिह्नैस्तैर्भ्रातरं हतम् ।
पिधाय च बिलद्वारं शिलया गिरिमात्रया ।
शोकार्तश्चोदकं कृत्वा किष्किन्धामागतः सखे ॥९.१९॥

"એને ગુફાની અંદર ગયે વરસથી વધારે વખત વીતી ગયો ત્યારે એમાંથી રક્તની ધારા નીકળી. એને દેખીને મને ઘણું દુઃખ થયું. એ અને એવાં બીજાં ચિન્હો પરથી મેં માન્યું કે વાલીનું મૃત્યુ થયું છે. ગુફાના દ્વાર પર મોટી શિલાને રાખીને એને બંધ કરીને હું કિષ્કિન્ધાપુરીમાં પહોંચ્યો. " (શ્લોક ૧૫, ૧૭, ૧૯)

गूहमानस्य मे तत्त्वं यत्नतो मन्त्रिभिः श्रुतम् ।
ततो ऽहं तैः समागम्य सम्मतैरभिषेचितः ॥९.२०॥
राज्यं प्रशासतस्तस्य न्यायतो मम राघव ।
आजगाम रिपुं हत्वा वाली तमसुरोत्तमम् ॥९.२१॥
अभिषिक्तं तु मां दृष्ट्वा वाली संरक्तलोचनः ।
मदीयान् मन्त्रिणो बद्ध्वा परुषं वाक्यमब्रवीत् ॥९.२२॥

"મંત્રીઓએ મળીને મને રાજગાદી પર બેસાડી દીધો. હું રાજ્યનું ન્યાયપૂર્વક સંચાલન કરવા લાગ્યો. એ દરમિયાન શત્રુને સંહારીને વાલી પાછો આવ્યો. મને રાજ્યનો સ્વામી બનેલો જોઈને એ અતિશય ક્રોધે ભરાયો." (શ્લોક ૨૦, ૨૧, ૨૨)

तेनाहमपविद्धश्च हृतदारश्च राघव ।
तद्भायाच्च मही क्रान्तेयं सवनार्णवा ॥१०.२७॥
ऋश्यमूकं गिरिवरं भार्याहरणदुःखितः ।
प्रविष्टो ऽस्मि दुराधर्षं वालिनः कारणान्तरे ॥१०.२८॥

"રઘુનંદન ! એણે મને ઘરમાંથી કાઢી મૂકીને મારી સ્ત્રીને છીનવી લીધી. એના ભયથી હું વનો તથા સમુદ્રો સહિત સમસ્ત પૃથ્વીમાં પીડિત બનીને ફરતો રહ્યો. છેવટે ભાર્યાહરણના દુઃખથી દુઃખી થઈને આ શ્રેષ્ઠ ઋષ્યમૂક પર્વત પર આવ્યો. એક વિશેષ કારણને લીધે વાલીને માટે આ સ્થળ પર આક્રમણ કરવાનું કઠિન છે." (સર્ગ ૧૦, શ્લોક ૨૭-૨૮)

સુગ્રીવની આપવીતી સાંભળીને રામે એને આશ્વાસન આપ્યું અને એને બનતી બધી મદદ કરવાની તૈયારી બતાવી. રામચરિતમાનસમાં જણાવ્યું છે કે

सुनु सुग्रीव मारिहउँ बालिहि एकहिं बान ।
ब्रम्ह रुद्र सरनागत गएँ न उबरिहिं प्रान ॥६॥

*

સુગ્રીવની આ કથાને એક વિશાળ સંદર્ભમાં સમજવા જેવી છે. રામાયણકાળમાં અયોધ્યા અને કિષ્કિન્ધાની બે સંસ્કૃતિ. એનાં રેખાચિત્રો કેવાં વિરોધાભાસી છે ? અયોધ્યાના ભાઈઓ અને કિષ્કિન્ધાના ભાઈઓ વચ્ચે કેટલો બધો મૂળગત ભેદ છે ? ભરતને રાજ્ય મળે છે તોપણ એ એનો સ્વીકાર કરીને રાજગાદી પર બેસવાને બદલે નંદિગ્રામમાં રહેવાનું ને તપવાનું પસંદ કરે છે. લક્ષ્મણ રામસીતાને વનવાસમાં સાથ આપે છે. કિષ્કિન્ધામાં મંત્રીઓ દ્વારા સુગ્રીવનો વિધિવત્ રાજ્યાભિષેક થયો છે તોપણ વાલી વિરોધપૂર્વક રાજ્ય લઈ લે છે, સુગ્રીવની સ્ત્રીને લઈ લે છે, અને સુગ્રીવને વનમાં વસતો કરે છે. એક સ્થળે લાલસાનો સર્વથા અભાવ છે અને બીજે સ્થળે લાલસા સિવાય બીજું કશું જ નથી. અયોધ્યામાં બંધુપ્રેમ છે અને કિષ્કિન્ધામાં બંધુઓમાં વેર છે. જગતમાં બધે જ રામ, લક્ષ્મણ, શત્રુઘ્ન અને ભરત જેવા આદર્શ ભાઈઓ થાય અને વાલીઓની સંખ્યા ઘટતી જાય તો જગત કેટલું સુખદ થાય ?

સુગ્રીવે વાલીને પાછો આવેલો જોઈને રાજ્યને સંભાળવાની પ્રાર્થના કરી તોપણ વાલીએ પૂર્વગ્રહથી પ્રેરાઈને વેરભાવથી એ પ્રાર્થનાને માની નહીં. પરિણામે સુગ્રીવને ઘણુંઘણું સોસવું પડ્યું. વાલીનું પણ વિનાશબીજ વવાયું.

**વાલીનો નાશ**

રામ અને સુગ્રીવની વચ્ચે મૈત્રી સ્થપાયેલી હોવાથી બંને એકમેકના સુખમાં સુખી અને દુઃખમાં દુઃખી બને એ સ્વાભાવિક હતું. આદર્શ મિત્રનું મહત્વનું લક્ષણ એજ છે. એ પોતાના મિત્રને માટે સર્વસમર્પણ કરવા તૈયાર રહે છે. એની મૈત્રી સમજપૂર્વકની ને નિઃસ્વાર્થ હોય છે એટલે સર્વ સ્થળે ને સઘળા સંજોગોમાં ટકી રહે છે. આદર્શ મિત્ર બીજાની સમુન્નતિ, સુખાકારી અને શાંતિ માટે બનતું બધું જ કરી છૂટે છે. એમનાં અંગ અલગ હોય છે પરંતુ અંતર અને અંતરાત્મા એક હોય છે. એમની અંદર કોઈ ભેદ હોતો નથી. એ પોતાના દુઃખ કરતાં બીજાના દુઃખને મોટું માને છે, અને એના નિવારણ માટે આતુર બને છે. આપત્તિકાળમાં અધિક સ્નેહ કરે છે કે ધ્યાન રાખે છે. રામે પોતાના દુઃખ કરતાં સુગ્રીવના દુઃખને સવિશેષ સમજીને એને દૂર કરવાનો સંકલ્પ કર્યો. સુગ્રીવની શ્રદ્ધાને બળવત્તર બનાવવા એના કહેવાથી એક જ બાણથી સાત સાલવૃક્ષોને ધરાશાયી કરી દીધાં. એ અદૃષ્ટપૂર્વક કલ્પનાતીત ઘટનાથી સુગ્રીવનો વિશ્વાસ વધ્યો એટલે એને વાલી સાથે લડવા મોકલ્યો.

પરંતુ વાલી સાથે લડવાનું એટલું સહેલું નહોતું. વાલીનો પ્રહાર સહીને પાછા ફરેલા સુગ્રીવે પોતાની મુસીબત જણાવી એટલે રામે એનામાં ઉત્સાહ તથા શક્તિનો સંચાર કર્યો. એના શરીર પર હાથ ફેરવીને એને વજ્ર સમાન સુદ્રઢ બનાવી દીધો, એના ગળામાં પુષ્પમાળા પણ પહેરાવી જેથી એના જેવી જ આકૃતિવાળા વાલીથી એ જુદો પડી આવે. એ પછી એ એની અને લક્ષ્મણની સાથે કિષ્કિન્ધાપુરીમાં પહોંચીને વિશાળ વનમાં વૃક્ષોની વચ્ચે ઊભા રહ્યા.

સુગ્રીવે વાલીને યુદ્ધ માટે પડકાર કર્યો. એ સાંભળીને વાલીના ક્રોધનો પાર રહ્યો નહીં. એ યુદ્ધ માટે બહાર નીકળવાની તૈયારી કરવા લાગ્યો. ત્યારે એની ધર્મપત્ની તારાએ આગળ આવીને એને શિખામણ આપી.

રામાયણમાં જે કેટલાંક સદગુણી સાત્વિક સર્વોત્તમ સ્ત્રીપાત્રો છે તેમાં તારાનું પાત્ર એક છે. એ કિષ્કિન્ધાની શોભા કે કિષ્કિન્ધાનું ગૌરવ છે. એણે એક આદર્શ પત્નીની ફરજ બજાવી. આદર્શ પત્ની પોતાના પતિને ન્યાય, નીતિ, સત્ય અને કલ્યાણના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે. હિતકર્મમાં યોજે છે. તારાએ વાલીના હિતવિચારથી જણાવ્યું :

नासहायमहं मन्ये सुग्रीवं तमिहागतम् ।
अवष्टब्धसहायश्च यमाश्रित्यैष गर्जति ॥१५.१३॥

"મને લાગે છે કે આ વખતનું સુગ્રીવનું આગમન કોઈક શક્તિશાળી સહાયક સિવાય નથી થયું. એ કોઈ સબળ સહાયક સાથે હોવાથી જ એના ભરોસે આવી રીતે ગર્જના કરે છે." (સર્ગ ૧૫, શ્લોક ૧૩)

अङ्गदस्तु कुमारऽ ऽयं वनान्तमुपनिर्गतः ।

प्रवृत्तिस्तेन कथिता चारैराप्तैर्निवेदिता ॥१५.१६॥
अयोध्याधिपतेः पुत्रौ शूरौ समरदुर्जयौ ।
इक्ष्वाकूणां कुले जातौ प्रथितौ रामलक्ष्मणौ ।
सुग्रीवप्रियकामार्थं प्राप्तौ तत्र दुरासदौ ॥१५.१७॥
तव भ्रातुर्हि विख्यातः सहायो रणकर्कशः ।
रामः परबलामर्दी युगान्ताग्निरिवोत्थितः ॥१५.१८॥
निवासवृक्षः साधूनामापन्नानां परा गतिः ।
आर्तानां संश्रयश्चैव यशसश्चैकभाजनम् ॥१५.१९॥

"એક દિવસ વનમાં ગયેલા કુમાર અંગદે ગુપ્તચરો દ્વારા જે સમાચાર સાંભળેલા તે મને કહી બતાવેલા. એ સમાચાર આ પ્રમાણે હતા : જેમને યુદ્ધમાં જીતવાનું ખૂબ જ કઠિન છે, જેમનો જન્મ ઈક્ષ્વાકુ કુળમાં થયો છે, અને જે શ્રીરામ તથા લક્ષ્મણના નામથી પ્રખ્યાત છે, એ અયોધ્યાનરેશના બે શુરવીર પુત્રો અહીં અરણ્યમાં આવ્યા છે. એ બંને દુર્જય વીરપુરુષો સુગ્રીવનું પ્રિય કરવા માટે એની પાસે પહોંચ્યા છે. એ બંનેમાંથી તમારા ભાઈના યુદ્ધકર્મમાં સહાયક કહેવામાં આવ્યા છે તે રામ, શત્રુસેનાને સંહારનારા અને પ્રલયકાળમાં પ્રજ્વલિત પાવક જેવા પરાક્રમી છે. સાધુપુરુષોના આશ્રયદાતા કલ્પવૃક્ષ છે અને આપત્તિમાં પડેલા આત્માઓ માટે અસાધારણ અમોઘ આશ્રય છે." (શ્લોક ૧૬ થી ૧૯)

तत्क्षमं न विरोधस्ते सह तेन महात्मना ।
दुर्जयेनाप्रमेयेन रामेण रणकर्मसु ॥१५.२१॥
शूर वक्ष्यामि ते किञ्चिन्न चेच्छाम्यभ्यसूयितुम् ।
श्रूयतां क्रियतां चैव तव वक्ष्यामि यद्धितम् ॥१५.२२॥
यौवराज्येन सुग्रीवं तूर्णं साध्वभिषेचय ।
विग्रहं मा कृथा वीर भ्रात्रा राजन् बलीयसा ॥१५.२३॥

"ગિરિરાજ હિમાલય જેવી રીતે વિવિધ ધાતુઓની ખાણ છે તેવી રીતે શ્રીરામ સદગુણોના અક્ષય મહાન ભંડાર છે. એમની સાથે તમારે વિરોધ કરવો ના જોઈએ. કારણ કે એ યુદ્ધકળામાં અજોડ છે. એમની ઉપર વિજય મેળવવાનું કામ ખૂબ જ કઠિન છે. સૌથી સારું તો એ છે કે તમે સુગ્રીવનો સત્વર યુવરાજપદ પર અભિષેક કરો. વીર વાનરરાજ, સુગ્રીવ તમારા નાના ભાઈ છે. એમની સાથે યુદ્ધ ના કરો." (૨૧ થી ૨૩)

लालनीयो हि ते भ्राता यवीयानेष वानरः ।
तत्र वा सन्निहस्थो वा सर्वथा बन्धुरेव ते ॥१५.२५॥
न हि तेन समं बन्धुं भुवि पश्यामि कञ्चन ।
दानमानादिसत्कारैः कुरुष्व प्रत्यनन्तरम् ॥१५.२६॥
वैरमेतत्समुत्सृज्य तव पार्श्वे स तिष्ठतु ।
सुग्रीवो विपुलग्रीवस्तव बन्धुः सदा मतः ॥१५.२७॥

"વાનર સુગ્રીવ તમારા નાના ભાઈ છે, એથી તમારા પ્રેમના અધિકારી છે. એ ઋષ્યમૂક પર રહે કે કિષ્કિન્ધામાં, છે તો તમારો ભાઈ જ. આ પૃથ્વી પર હું એમના સમાન બીજા કોઈ બંધુને નથી જોતી. દાન-માનાદિ સત્કારોથી તમે એમને તમારા આત્મીય બનાવી દો જેથી એ વેરભાવને છોડીને તમારી પાસે રહી શકે." (શ્લોક ૨૫ થી ૨૭)

તારાના શબ્દો હિતકારક અને સાચા હોવા છતાં વાલીને ગમ્યા નહીં. એની શિખામણ નિષ્ફળ ગઈ. વાલીએ એને યેનકેનપ્રકારેણ સમજાવીને સુગ્રીવ સાથે યુદ્ધ આદર્યું. એ અત્યંત ભીષણ દ્વંદ્વયુદ્ધમાં એણે સુગ્રીવને ઘાયલ કરી અને થકવી દીધો. એ યુદ્ધ એના જીવનનું છેલ્લું યુદ્ધ બની રહ્યું. સુગ્રીવને પુષ્કળ પીડા પામતો ને મદદ માટે પોતાની તરફ દૃષ્ટિપાત કરતો જોઈને રામે વાલી પર બાણનો પ્રહાર કર્યો. એ અમોઘ બાણ વાગવાથી વાલી ધરતી પર ઢળી પડ્યો. મરતાં પહેલાં એણે રામનો દોષ કાઢીને કેટલાંક કઠોર વચનો કહેવા માંડ્યાં, પરંતુ રામે એનો શાંતિપૂર્વક ઉત્તર આપ્યો અને ઉપસંહારમાં જણાવ્યું કે તું મહામના સુગ્રીવના જીવતાં જ તારી પુત્રવધુ જેવી એની પત્ની રુમાનો કામવશ ઉપભોગ કરે છે માટે પાપાચારી છે. તારા એ અપરાધને માટે તને દંડ દેવામાં આવ્યો છે. હું ક્ષાત્રધર્મને અનુલક્ષીને તારા પાપને માફ કરી શકતો નથી. જે પુરુષ પોતાની કન્યા, બેન અથવા નાના ભાઈની સ્ત્રી સાથે કામસંબંધ રાખે છે એનો વધ કરવામાં કશું ખોટું નથી."

વાલ્મીકિ રામાયણના એ અંતિમ શબ્દોનો સમાવેશ તુલસીકૃત રામાયણમાં મોટેભાગે એવો ને એવો જ થયેલો જોવા મળે છે.

अनुज बधू भगिनी सुत नारी । सुनु सठ कन्या सम ए चारी ॥
इन्हहि कुदृष्टि बिलोकइ जोई । ताहि बधें कछु पाप न होई ॥

વાલીનો નાશ થયેલો જોઈને પ્રજાજનોના ને તારાના શોકનો પાર રહ્યો નહીં. એના મૃત શરીર પાસે પહોંચીને તારા વિવિધ રીતે વિલાપ કરવા લાગી. વાલીની પાછળ શરીરનું બલિદાન દેવા કે સતી થવા પણ તૈયાર થઈ. એને સંસાર સ્વાભાવિક રીતે જ અસાર લાગ્યો. રામે એને અત્યંત લાગણીપૂર્વક જેમતેમ કરીને સમજાવીને શાંતિ આપી તથા જીવિત રાખી. એ વિશેષતયા અંગદના વિચારથી જીવતી રહી.

વાલીએ શરીરત્યાગ કરતાં પહેલાં સદબુદ્ધિથી સંપન્ન થઈને પોતાના વેરપૂર્ણ વ્યવહારને માટે સુગ્રીવની આગળ ખેદ પ્રકટ કર્યો. એને તારાનું અને અંગદનું સુચારુરૂપે ધ્યાન રાખવાની અને સદાચારપૂર્વક રાજ્ય કરવાની ભલામણ કરી. એને પોતાની અનંત લક્ષ્મીના વાસવાળી દિવ્ય સુવર્ણમાળા પહેરાવી. એથી સુગ્રીવ ગદગદ બની ગયો. અંત સમયે પણ જેને સદબુદ્ધિ સૂઝે છે એની સદગતિ નિશ્ચિત બને છે.

રામે અંગદ દ્વારા વાલીનું દાહકર્મ કરાવ્યું. એ પછી સાનુકૂળ સમયે રામના આદેશાનુસાર સુગ્રીવનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો અને અંગદની યુવરાજપદે પ્રતિષ્ઠા થઈ.

**વાનરો મનુષ્યો હતા**

સુગ્રીવને રામકૃપાથી સુખશાંતિ, સંપત્તિ, રાજ્યશ્રી સૌની પ્રાપ્તિ ફરી પાછી અને સહેલાઈથી થઈ શકી. ભગવાનનું સાચા દિલથી શરણ લેનારા જીવને શું નથી મળતું ? એનું કાયમ માટે કલ્યાણ થાય છે. એ

સર્વપ્રકારે દુઃખમુક્ત અને સુખી બને છે. છતાં પણ મોટા ભાગના જીવો ભગવાનનું સુખદ શરણ નથી લેતા એ આશ્ચર્ય છે. એને લીધે જ જીવો અશાંત અથવા દુઃખી થાય છે.

દુઃખમાં ભગવાનનું સ્મરણ કરનારો ને શરણ લેનારો માનવ સુખમાં ભગવાનને ભૂલી જાય છે. વિપત્તિમાં એમની પાસે પહોંચનારો માનવ સંપત્તિમાં એમનાથી વિમુખ બને છે. જગતમાં મોટેભાગે એવું જોવા મળે છે. સુગ્રીવનું વ્યક્તિત્વ એમાં અપવાદરૂપ નહોતું. નવી સુખસંપત્તિ, સુખસામગ્રી, રાજ્યશ્રી તથા સાનુકૂળ પરિસ્થિતિને પામીને એ એની અભિનવ અસાધારણ આસક્તિને લીધે ભગવાનના કાર્યને ભૂલી ગયો. ભગવાને કરેલા ઉપકારનો બદલો વાળવાની વાતનું એને વિસ્મરણ થયું. વિષયાસક્ત માનવની દશા એવી જ દુઃખદ હોય છે. એને પોતાના કર્તવ્યનો ખ્યાલ નથી રહેતો. વર્ષા વીતી અને શરદઋતુ શરૂ થઈ તોપણ સુગ્રીવની મોહનિંદ્રા મટી નહીં, પોતાની આપેલી બાંયધરી પ્રમાણે એ રામકાર્યમાં મદદરૂપ થવા તૈયાર ના થયો. ત્યારે હનુમાનજીએ એને સમજાવ્યો. એટલે એણે વાનરોને એકઠા કરવાની આજ્ઞા આપી. રામના આદેશનુસાર લક્ષ્મણે કિષ્કિન્ધાપુરીમાં પહોંચીને રોષપ્રદર્શન દ્વારા એની મોહનિંદ્રાને તોડવાનો પ્રયાસ કર્યો. સુગ્રીવની મોહનિદ્રા ત્યારે જ તૂટી શકી. એણે અંગદ, હનુમાનાદિ સાથે રામ પાસે પહોંચીને રામના ચરણમાં પડીને ક્ષમા માગી.

अतिसय प्रबल देव तब माया । छूटइ राम करहु जौं दाया ॥
बिषय बस्य सुर नर मुनि स्वामी । मैं पावँर पसु कपि अति कामी ॥

"પ્રભુ, તમારી પ્રબળ માયામાંથી તમે જેના પર કૃપા કરો તેજ છૂટી શકે છે. દેવો, મનુષ્યો, મુનિઓ પણ મોટેભાગે વિષયોમાં આસક્ત હોય છે તો હું તો એક અતિશય કામી, વાસનારત, સામાન્ય વાનર છું."

નારીનાં નયનબાણ જેને વાગ્યાં ના હોય, ક્રોધરૂપી અગ્નિના અંગારા જેને વાગ્યા ના હોય, લોભ તથા મોહે જેને બાંધ્યો ના હોય, એવો રામ જેવો મહામાનવ તો કોઈક જ હોઈ શકે.

સુગ્રીવના વિનયથી રામ પ્રસન્ન થયા. સુગ્રીવે એમની સેવા માટે વાનરોને દિશાપ્રદિશામાં મોકલવા માંડ્યા.

એ વાનરો કોણ હતા ? સુગ્રીવ, વાલી, હનુમાન, નલ, નીલ, અંગદાદિ વાનરો શું કેટલાક લોકો માને છે તેમ પશુ અથવા વાંદરા હતા ? ના, માનવો હતા. એ માનવો વાનરની વિશિષ્ટ જાતિના હોવાથી વાનર કહેવાતા. આજે પણ નાગ જાતિના, માંડક, મચ્છર જેવી અટકવાળા માનવો છે. એ કાંઈ પશુ, પ્રાણી કે જીવજંતુ નથી. રામાયણકાળના વાનરો પણ એવી જ રીતે માનવો હતા. એમની એક સ્વતંત્ર સંસ્કૃતિ હતી. એમનામાં અનેક વિદ્વાનો, પંડિતો, વીરો, ઈજનેરો, રાજપુરુષો અને સેવકો હતા. કિષ્કિન્ધા એમના સામ્રાજ્યનું સુંદર સુસમૃદ્ધ સર્વોચ્ચ સાંસ્કૃતિક નગર હતું. વાલ્મીકિ રામાયણના વર્ણન પરથી એ હકીકતની સ્પષ્ટતા તથા પ્રતીતિ થાય છે. કિષ્કિન્ધાકાંડના સર્ગ ૩૩ માં કરાયેલું એ વર્ણન સંક્ષેપમાં આ પ્રમાણે છે :

स तां रत्नमयीं श्रीमान् दिव्यां पुष्पितकाननाम् ।
रम्यां रत्नसमाकीर्णां ददर्श महतीं गुहाम् ॥३३.४॥
हर्म्यप्रासादसम्बाधां नानापण्योपशोभिताम् ।
सर्वकामफलैर्वृक्षैः पुष्पितैरुपशोभिताम् ॥३३.५॥

देवगन्धर्वपुत्रैश्च वानरैः कामरूपिभिः ।
दिव्यमाल्याम्बरधरैः शोभितां प्रियदर्शनैः ॥३३.६॥

"લક્ષ્મણે દરવાજાની અંદર પ્રવેશીને જોયું કે કિષ્કિન્ધાપુરી એક અત્યંત વિશાળ રમણીય ગુફાના આકારમાં વસેલી છે. એ રત્નમયી પુરી જુદાંજુદાં રત્નોથી ભરપુર હોવાથી દિવ્ય શોભાથી સંપન્ન દેખાઈ. ત્યાંના વન-ઉપવન સુમનથી સુશોભિત લાગ્યાં. શ્રીમંતોનાં સુંદર ભવનો, દેવમંદિરો તથા રાજભવનોને લીધે એ નગરી અતિશય આબાદીવાળી દેખાતી. જુદાંજુદાં રત્નો એની આકર્ષકતામાં અભિવૃદ્ધિ કરતાં. સંપૂર્ણ કામનાઓની પૂર્તિ કરનારાં ફળોથી ભરેલા વૃક્ષો એને સુશોભિત કરી રહેલાં. ત્યાં દેવો તથા ગંધર્વોના પુત્રો જેવા ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારા, દિવ્ય માળાને અને દિવ્ય વસ્ત્રોને પહેરનારા પરમસુંદર વાનરો વસતા. એમની ઉપસ્થિતિથી નગરની શોભાને વધારતા." (શ્લોક ૪ થી ૬)

मैरेयाणां मधूनां च सम्मोदितमहापथाम् ।
ददर्श गिरिनद्यश्च विमलास्तत्र राघवः ॥३३.८॥
अङ्गदस्य गृहं रम्यं मैन्दस्य द्विविदस्य च ।
गवयस्य गवाक्षस्य गजस्य शरभस्य च ॥३३.९॥
विद्युन्मालेश्च सम्पातेः सूर्याक्षस्य हनूमतः ।
वीरबाहोः सुबाहोश्च नलस्य च महात्मनः ॥३३.१०॥
कुमुदस्य सुषेणस्य तारजाम्बवतोस्तथा ।
दधिवक्त्रस्य नीलस्य सुपाटलसुनेत्रयोः ॥३३.११॥
एतेषां कपिमुख्यानां राजमार्गे महात्मनाम् ।
ददर्श गृहमुख्यानि महासाराणि लक्ष्मणः ॥३३.१२॥
पाण्डुराभ्रप्रकाशानि दिव्यमाल्ययुतानि च ।
प्रभूतधनाधान्यानि स्त्रीरत्नैः शोभितानि च ॥३३.१३॥

"એ પુરીમાં વિંધ્યાચલ અને મેરુ પર્વત જેવા ઊંચાઊંચા કેટલાય માળવાળા મહેલો હતા. લક્ષ્મણે એ ગુફાની પાસે જ પવિત્ર પાણીવાળી પર્વતીય નદીઓને નિહાળી. રાજમાર્ગ પર અંગદનું સુંદર ભવન જોયું. મૈન્દ, દ્વિવિદ, ગવય, ગવાક્ષ, ગજ, શરલ, વિધુન્માલી, સંપાતિ, સૂર્યાક્ષ, હનુમાન, વીરબાહુ, સુબાહુ, મહાત્મા, નલ, કુમુદ, સુષેણ, તાર, જામ્બવાન, દધિમુખ, નીલ, સુપાટલ, સુનેત્ર જેવા વાનરશિરોમણિનાં ખૂબ જ સુદૃઢ, સર્વોત્તમ ભવનોને પણ નિહાળ્યાં. એ બધા વિશાળ રાજમાર્ગ પર તૈયાર થયેલાં. એ સઘળાં ભવનો શ્વેત વાદળોની પેઠે પ્રકાશ પામતાં. એમને સુવાસિત સુમનમાળાથી સજાવેલાં. એ પ્રચુર ધનધાન્યથી ભરેલાં અને રત્નસ્વરૂપા રમણીઓથી સંપન્ન હતાં." (શ્લોક ૮ થી ૧૩)

हरिभिः संवृतद्वारं बलिभिः शस्त्रपाणिभिः ।
दिव्यमाल्यावृतं शुभ्रं तप्तकाञ्चनतोरणम् ॥३३.१७॥

"અસંખ્ય શક્તિશાળી વાનરો એમનાં પ્રવેશદ્વારો પર હાથમાં હથિયાર સાથે ચોકી કરતા. એ સુંદર મહેલોનાં બહારનાં દ્વારો સાચા સો ટચના સોનાનાં બનાવેલાં. એમાં જ્યાં ત્યાં સોનાચાંદીના અસંખ્ય પલંગો

અને આકર્ષક આસનો રાખવામાં આવેલાં. એમની ઉપર બહુમૂલ્ય બિછાનાં બિછાવેલાં. એ સઘળાથી અંતઃપુર સુસજ્જિત દેખાતું. (શ્લોક ૧૭)

प्रविशन्नेव सततं शुश्राव मधुरस्वरम् ।
तन्त्रीगीतसमाकीर्णं समगीतपदाक्षरम् ॥३३.२०॥
बह्वीश्च विविधाकारा रूपयौवनगर्विताः ।
स्त्रियः सुग्रीवभवने ददर्श स महाबलः ॥३३.२१॥
दृष्ट्वा ऽभिजनसम्पन्नाश्चित्रमाल्यकृतस्त्रजः ।
फलमाल्यकृतव्यग्रा भूषणोत्तमभूषिताः ॥३३.२२॥
नातृप्तान्नापि चाव्यग्रान्नानुदात्तपरिच्छदान् ।
सुग्रीवानुचरांश्चापि लक्षयामास लक्ष्मणः ॥३३.२३॥

એમાં પ્રવેશતાંવેંત જ લક્ષ્મણના કાનમાં નિરંતર ગૂંજતી સંગીતની સુમધુર સુરાવલિ પડી. કોઈક કોમળ કંઠે વીણા પર ગાઈ રહેલું. પ્રત્યેક પદ અને અક્ષરનું ઉચ્ચારણ સમતાલના પ્રદર્શન સાથે થયા કરતું. મહાબળવાન લક્ષ્મણે સુગ્રીવના અંતઃપુરમાં અસંખ્ય રૂપરંગવાળી અનેક સુંદર સ્ત્રીઓ નિહાળી. એ યૌવનના તથા રૂપના ગૌરવ અથવા ગર્વથી ભરેલી. એ સર્વે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી, ફૂલોના ગજરાથી સુશોભિત, ઉત્તમ ફૂલમાળાના નિર્માણમાં લાગેલી અને આકર્ષક આભૂષણોથી અલંકૃત હતી. એમને જોઈને લક્ષ્મણે સુગ્રીવના સેવકો પર પણ દૃષ્ટિપાત કર્યો. એ અતૃપ્ત અથવા અસંતુષ્ટ નહોતા દેખાતા. સ્વામીની કાર્યસિદ્ધિ માટે સ્ફૂર્તિથી ભરેલા એ સેવકોનાં વસ્ત્રો અને આભૂષણો ઉત્તમ પ્રકારનાં હતાં." (શ્લોક ૨૦-૨૩)

तारया चाभ्यनुज्ञातस्त्वरया चापि चोदितः ।
प्रविवेश महाबाहुरभ्यन्तरमरिन्दमः ॥३३.६२॥
ततः सुग्रवमासीनं काञ्चने परमासने ।
महार्हास्तरणोपेते ददर्शादित्यसन्निभम् ॥३३.६३॥
दिव्याभरणचित्राङ्गं दिव्यरूपं यशस्विनम् ।
दिव्यमाल्याम्बरधरं महेन्द्रमिव दुर्जयम् ॥३३.६४॥

"તારાના આગ્રહ અને કાર્યની ઉતાવળથી પ્રેરાઈને શત્રુદમન મહાબાહુ લક્ષ્મણે સુગ્રીવના મહેલમાં પ્રવેશીને જોયું તો એક સુવર્ણ સિંહાસન પર બહુમૂલ્ય બિછાનું બિછાવેલું. વાનરરાજ સુગ્રીવ સૂર્યસદૃશ તેજસ્વી રૂપ ધારીને એની ઉપર બિરાજેલો. દિવ્ય આભૂષણોને લીધે એના શરીરની શોભા વિચિત્ર લાગતી. એ દિવ્ય માળા અને દિવ્ય વસ્ત્રોને લીધે દેવરાજ ઈન્દ્રના જેવો દેખાતો." (શ્લોક ૬૨ થી ૬૪)

વાલ્મીકિ રામાયણનું એ વર્ણન ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત અગત્યનું હોવાની સાથે સાથે વાનરજાતિ પર પર્યાપ્ત પ્રકાશ પાડે છે. એ વર્ણનની વિવિધ સામગ્રી પરથી સહેલાઈથી ને સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે એ વર્ણન માનવોનું છે અને વાનરજાતિ માનવની જ જાતિ હતી. સુગ્રીવ, હનુમાન, અંગદ સર્વે વાનર નામની જાતિના મનુષ્યો જ હતા.

*

**સંપાતિનો સમાગમ**

સુગ્રીવના આદેશને અનુસરીને વાનરો રામનું કાર્ય કરવા માટે જુદીજુદી દિશામાં ઉત્સાહપૂર્વક રવાના થયા. સુગ્રીવે એમને સીતાની માહિતી મેળવીને એક મહિનામાં પાછા ફરવાનો આદેશ આપ્યો અને જણાવ્યું કે એક મહિના સુધીમાં જે સીતાની શોધ વિના પાછા ફરશે તેમને દેહાંતદંડ કરવામાં આવશે. સુગ્રીવને હનુમાનમાં પરમ વિશ્વાસ હતો. સીતાને શોધવાનું સત્કાર્ય હનુમાનજી જ કરી શકશે એ સંબંધી શંકાને એના મનમાં સ્થાન નહોતું. રામને પણ હનુમાનમાં એટલો જ ગાઢ વિશ્વાસ હતો. એમણે હનુમાનને પોતાની પાસે બોલાવીને પોતાના નામથી અલંકૃત એક વીંટી આપી. એ વીંટી સીતાને ઓળખાણને માટે આપવાની હતી. વીંટી આપીને રામે જણાવ્યું :

अनेन त्वां हरिश्रेष्ठ चिह्नेन जनकात्मजा ।
मत्सकाशादनुप्राप्तमनुद्विग्नाऽनुपश्यति ॥४४.१३॥
व्यवसायश्च ते वीर सत्त्वयुक्तश्च विक्रमः ।
सुग्रीवस्य च सन्देशः सिद्धिं कथयतीव मे ॥४४.१४॥

"કપિશ્રેષ્ઠ, આ નિશાનીને નિહાળીને જનકકિશોરી સીતાને વિશ્વાસ થશે કે તમે મારી પાસેથી જ વિદાય થયા છો. એ ભીતિને ત્યાગીને તમારી તરફ જોઈ શકશે. વીરવર, તમારું ધૈર્ય, સામર્થ્ય, તમારો પુરુષાર્થ અને સુગ્રીવનો સંદેશ એ સર્વ તરફથી સૂચના મળે છે કે તમારી દ્વારા કાર્યસિદ્ધિ જરૂર થશે." (સર્ગ ૪૪, શ્લોક ૧૩-૧૪)

હનુમાને પોતાને પરમ સૌભાગ્યશાળી સમજીને રામની એ મંગલમય મુદ્રિકાને મસ્તક પર મૂકી. પછી એમને પ્રણામ કરીને વાનરોની વિશાળ સેના સાથે સુગ્રીવના આદેશાનુસાર દક્ષિણ દિશા પ્રતિ પ્રયાણ કર્યું.

हनुमत जन्म सुफल करि माना । चलेउ हृदयँ धरि कृपानिधाना ॥

એની પહેલાં તુલસીદાસજીએ જણાવ્યું છે :

परसा सीस सरोरुह पानी । करमुद्रिका दीन्हि जन जानी ॥

રામે કમળ જેવા કોમળ કરને હનુમાનના મસ્તક પર મૂકીને એમને પોતાના સમજીને મુદ્રિકા આપી. એમાં 'જન જાની' શબ્દપ્રયોગ દ્વારા કવિએ ગાગરમાં સાગર સમાવી લીધો છે. જેને ભગવાન પોતાના આત્મીય તરીકે માને કે જાણે એના સદભાગ્યની કલ્પના કોણ કરી શકે ? કવિના એ શબ્દપ્રયોગ પરથી શબ્દની અસાધારણ શક્તિનો ખ્યાલ આવે છે.

દક્ષિણ દિશામાં ગયેલા વાનરો અત્યંત ઉત્સાહિત બનીને સીતાની શોધ કરવા લાગ્યા. એમના જીવનનો એક જ ઉદ્દેશ્ય, એક જ રસ, આનંદ રામનું કાર્ય કરવાનો ને રામને ભજવાનો હતો. માનવજીવનનો એકમાત્ર વાસ્તવિક આનંદ એમાં જ છે. એમાં જ એનું સાફલ્ય કે સાર્થક્ય છે. એ જ ભાગ્યશાળી અને ગુણવાન છે જે ભગવાનના ચરણાનુરાગી છે.

देह धरे कर यह फलु भाई । भजिअ राम सब काम बिहाई ॥३॥
सोइ गुनग्य सोई बड़भागी । जो रघुबीर चरन अनुरागी ॥

દક્ષિણ દિશામાં વિચરતા વાનરોને એક અલૌકિક ગુફા દેખાઈ. એમાં પ્રચુર ભોગસામગ્રી, સંપત્તિ અને એની રક્ષા કરનારી વૃદ્ધા તપસ્વિની હતી. એણે તૃષાર્ત તથા ક્ષુધાર્ત વાનરોને અનુકંપાપૂર્વક ક્ષુધાતૃષામાંથી મુક્તિ મેળવવા જણાવ્યું. વાનરોએ એના આદેશનું અનુસરણ કર્યું. એ પછી એ સર્વે વિશાળ સમુદ્રતટ પર આવી પહોંચ્યા. એના અવલોકનથી એમને અતિશય આનંદ થયો. અર્ણવનું અવલોકન હોય છે જ આનંદમય. એથી અંતર અને અણુએ અણુ ઊછળવા માંડે છે. જીવનમાં પ્રથમવાર સમુદ્રદર્શન કરનાર અવર્ણનીય અનુપમ આનંદનો અનુભવ કરે છે. એની પ્રતિક્રિયા અત્યંત સુખદ અને અસાધારણ હોય છે.

એમને યાદ આવ્યું કે સુગ્રીવે આપેલી એક માસની અવધિ તો પૂરી થવા આવી. છતાં પણ સીતાની માહિતી ના મળી. એમનો આનંદ શોકમાં ફેરવાઈ ગયો. સુગ્રીવની પાસે પહોંચીને દેહાંતદંડ ભોગવવા કરતાં અંગદાદિ વાનરોએ ઉપવાસ દ્વારા શરીરત્યાગનો સંકલ્પ કર્યો. એ સઘળા સમુદ્રતટ પર બેસીને વાર્તાલાપ કરવા લાગ્યા. એ વખતે ત્યાં ચિરંજીવી ગૃધ્રરાજ સંપાતિનું શુભાગમન થયું. એ જટાયુનો ભાઈ હતો. એનું અસાધારણ સામર્થ્ય સર્વત્ર પ્રસિદ્ધ પામેલું. વાનરોને જોઈને કુદરતે પોતાને માટે અનોખો આહાર મોકલ્યો છે એવું સમજીને એ આનંદમાં આવી ગયો. એણે એ આનંદની અભિવ્યક્તિ કરતા ઉદગારો પણ કાઢ્યા. એ ઉદગારોને સાંભળીને વાનરો ચિંતા તેમજ શોકમાં ડૂબી ગયા. એમણે રામના વનવાસની, સીતાના હરણની, અને રામની સેવા માટે સર્વસમર્પણ કરીને સ્વર્ગવાસી બનેલા જટાયુની અંદર અંદર વાતો કરવા માંડી.

જટાયુના સ્વર્ગવાસના સમાચાર સાંભળીને સંપાતિ સંવેદનશીલ બની ગયો. એનું હૈયું હાલી ઊઠ્યું. હૃદય રડવા લાગ્યું. અંતર અતિશય આર્ત બન્યું. કાળજું કંપવા માંડ્યું. એણે જટાયુના સવિસ્તર સમાચાર સાંભળવાની ઈચ્છા બતાવી. પ્રિયજનનો વિયોગ અથવા સ્વર્ગવાસ કોઈને લેશ પણ સુખદ નથી લાગતો.

જટાયુના સીતાની રક્ષા માટેના પ્રખર પરાક્રમની કથા સાંભળીને સંપાતિને સંતોષ થયો. એણે એને સમુદ્રતટ પર જઈને સ્નેહપૂર્ણ સમુચિત શ્રદ્ધાંજલિ આપી.

વાનરોની વાત સાંભળીને અને એમને સુગ્રીવ તથા રામના સેવકો જાણીને સંપાતિની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. એની આંખમાં આંસુ આવ્યા. એણે એની આત્મકથા સંભળાવતાં સૌને કહ્યું કે તરુણાવસ્થામાં અમે બંને ભાઈઓ સૂર્યની દિશામાં ઊડવા લાગ્યા ત્યારે સૂર્યપ્રકાશને સહી ના શકવાથી જટાયુ પાછો ફર્યો અને હું અભિમાનપૂર્વક આગળ વધતો જ રહ્યો, તો છેવટે મારી પાંખ બળી ગઈ. હું ભયંકર ચિત્કાર સાથે ધરતી પર ઢળી પડ્યો. ચંદ્રમા નામના મહાન મુનિએ એ વખતે કરુણાથી પ્રેરાઈને મારી સેવા કરી, જ્ઞાનના પવિત્ર ઉપદેશથી મારા દેહાધ્યાસને દૂર કર્યો, ને મને જણાવ્યું કે ઈક્ષ્વાકુવંશની કીર્તિને વધારનારા રાજા દશરથના પુત્ર રામ પોતાની પત્ની સીતા તથા ભાઈ લક્ષ્મણ સાથે વનમાં જશે. એમની પત્ની સીતાને રાવણ હરી જશે. રામના દૂતો કે સેવકો સીતાની શોધ કરતા અહીં આવે ત્યારે તું એમને સીતાની માહિતી પૂરી પાડજે. દેશ તથા કાળની પ્રતીક્ષા કરજે. તને નવી પાંખની પ્રાપ્તિ થશે.

સંપાતિએ પોતાની સવિશેષ શક્તિનો પરિચય કરાવતાં આગળ કહ્યું કે "અહીંથી પૂરા ચારસો ગાઉના અંતરે સમુદ્રમાં એક દ્વીપ છે. ત્યાં વિશ્વકર્માએ અતિશય આકર્ષક લંકાપુરીનું નિર્માણ કર્યું છે. એ નગરીની આજુબાજુનો કિલ્લો ખૂબ જ મોટો છે ને સૂર્યની પેઠે ચમકે છે. એની અંદર વિદેહકુમારી સીતા પીળા રંગની રેશમી સાડી પહેરીને અતિશય દુઃખપૂર્વક રહે છે. લંકા ચારે તરફથી સમુદ્ર દ્વારા સુરક્ષિત છે. પૂરા સો યોજન

સમુદ્રને પાર કરીને એના દક્ષિણતટ પર પહોંચવાથી રાવણને જોઈ શકાશે. માટે વાનરો ! તમારા પરાક્રમનો પરચો સમુદ્રને સત્વર પાર કરવાનો, પુરુષાર્થ કરીને આપવા માંડો." (સર્ગ ૫૮, શ્લોક ૨૦, ૨૨, ૨૪, ૨૫)

એજ વખતે સંપાતિને નવી પાંખો ફૂટી નીકળી. એથી એને આનંદ થયો. વાનરોને ઉત્સાહ, હિંમત તથા ધીરજ આપીને એ વિદાય થયો.

**હનુમાનની તૈયારી**

સંપાતિના શબ્દોથી ઉત્સાહિત બનીને વાનરો સમુદ્રના પ્રશાંત વિશાળ તટ પર પહોંચ્યાં. સમુદ્રના ઉત્તુંગ તરંગો ઉછાળા પર ઉછાળા મારી રહેલાં. એ સમુદ્રને પાર કેવી રીતે કરવો ? વાનરો એની વિચારણામાં પડ્યા. અંગદે સૌને પોતપોતાના સામર્થ્યનો ખ્યાલ આપવા માટે જણાવ્યું ને સૌમાં ઉત્સાહનો સંચાર કર્યો. જુદાજુદા વાનરવીરોએ પોતાની સીમિત શક્તિનો ખ્યાલ આપ્યો. કોઈ વીસ યોજન, કોઈ ત્રીસ યોજન, તો કોઈ એથી વધારે યોજન સુધી કૂદવાની શક્તિવાળા હતા. સેનાપતિ જામ્બવાને જણાવ્યું કે પૂર્વકાલમાં રાજા બલિના યજ્ઞમાં ભગવાન વિષ્ણુએ ત્રણ ડગલાં જમીનને માપવા માટે પોતાના સ્વરૂપને વધારવા માંડ્યું ત્યારે મેં એમના એ વિરાટ સ્વરૂપની સ્વલ્પ સમયમાં જ પરિકમ્મા કરેલી. હવે તો હું વૃદ્ધાવસ્થાને લીધે નેવું યોજન સુધી જઈ શકું.

અંગદની અંદર સો યોજનનું પૂરું અંતર કાપવાની શક્તિ તો હતી જ પરંતુ એટલું અંતર કાપ્યા પછી પાછા ફરવા સંબંધી શંકા હતી. જામ્બવાન અને બીજા વાનરવીરોને એ શંકા નિરાધાર લાગતી'તી. તોપણ અંગદ સૌનો અધિનાયક હોવાથી એ એને એવા સેવાકાર્ય માટે મોકલવા માગતા નહોતા.

તો પછી અર્ણવને ઓળંગવાનું અગત્યનું કલ્યાણકાર્ય કોણ કરશે ? વાનરોને નિરાશ વદને પાછા વળી જવું પડશે ? ના. જામ્બવાનની દૃષ્ટિ બાજુ પર બેઠેલા હનુમાનજી પર પડી. રામના કાર્ય માટે એમનાથી અધિક યોગ્ય બીજું કોણ હોય ? એમણે એમને ઉત્સાહિત કરતાં કહ્યું :

वीर वानरलोकस्य सर्वशास्त्रविशारद ।
तूष्णीमेकान्तमाश्रित्य हनुमान् किं न जल्पसि ॥६६.२॥
हनुमन् हरिराजस्य सुग्रीवस्य समो ह्यसि ।
रामलक्ष्मणयोश्चापि तेजसा च बलेन च ॥६६.३॥
बलं बुद्धिश्च तेजश्च सत्त्वं च हरिपुङ्गव ।
विशिष्टं सर्वभूतेषु किमात्मानं न बुध्यसे ॥६६.७॥

"વાનરજગતના વીર ! સંપૂર્ણ શાસ્ત્રવેત્તાઓમાં શ્રેષ્ઠ હનુમાન ! તમે એકાંતમાં આવીને મૂંગા કેમ બેઠા છો ? બોલતા કેમ નથી ? તમે તો વાનરરાજ સુગ્રીવ સમાન સામર્થ્યશાળી છો તથા તેજ અને બળમાં રામલક્ષ્મણ જેવા છો. વાનરશિરોમણી ! તમારી શક્તિ, બુદ્ધિ, તેજસ્વિતા તથા ધીરજ સઘળા પ્રાણીમાં સૌથી વધારે છે. તો પણ તમારી જાતને અર્ણવને ઓળંગવા માટે તૈયાર કેમ નથી કરતા ?" (શ્લોક ૨-૩-૭).

જામ્બવાનની પ્રેરણા પામીને હનુમાન જાગ્રત થયા.

विषण्णा हरयः सर्वे हनूमन् किमुपेक्षसे ।

विक्रमस्व महावेगो विष्णुस्त्रीन् विक्रमानिव ॥६६.३६॥
ततस्तु वै जाम्बवता प्रचोदितः प्रतीतवेगः पवनात्मजः कपिः ।
प्रहर्षयंस्तां हरिवीरवाहिनीं चकार रूपं महदात्मनस्तदा ॥६६.३७॥

"વાનરશ્રેષ્ઠ હનુમાન, ઊઠો, આ અસીમ અર્ણવને ઓળંગી જાવ. તમારી ગતિ સૌથી વધારે છે. સર્વે વાનરો ચિંતાતુર છે. તમે શા માટે એમની ઉપેક્ષા કરો છો ? મહાન વેગવાળા વીર ! ભગવાન વિષ્ણુએ ત્રિલોકને માપવા માટે ત્રણ પગલાં ભરેલાં તેમ તમારા ચરણને આગળ વધારો." (શ્લોક ૩૬-૩૭)

હનુમાનને રામના કલ્યાણકાર્યને માટે પોતાનું વિરાટ સ્વરૂપ પ્રકટ કરતા જોઈને સૌના સંતોષનો અને આનંદનો અંત રહ્યો નહીં. સૌએ એમનો જયજયકાર કર્યો.

માનવની શાંતિ પણ એવી રીતે હરાઈ ગઈ છે. આજે માનવ શાશ્વત શાંતિની શોધમાં છે. એને એ કેવી રીતે મેળવે ? અંતઃકરણની અશોકવાટિકામાં જગજ્જનની જગદંબા, પરમાત્માની પરમચેતના, સીતા છે. એનો સાક્ષાત્કાર શી રીતે કરાય ? અવિદ્યાના અર્ણવને ઓળંગ્યા વિના એનો મેળાપ શી રીતે થાય ? અવિદ્યાના એ અર્ણવને ઓળંગવાનું કાર્ય કઠિન છે. એને માટે માનવે વામનમાંથી વિરાટ થવાનું છે. મૃતપ્રાય થયેલા મનોબળને જગાડીને વધારવાનું છે. અભિનવ આશા અને ઉલ્લાસથી અલંકૃત બનવાનું છે. હનુમાન થવાનું છે. મનોજવ, મારુતતુલ્યવેગ, જીતેન્દ્રિય, બુદ્ધિમતાં વરિષ્ટ, પરમાત્માના પ્રતિનિધિ કે પાર્ષદ થવાનું છે. જીવનને ભગવાનનું કરીને ભગવાનના કાર્યને માટે સમર્પિત કરવાનું છે. નબળા ભાવોને ને વિચારોને કાઢી નાખી, પ્રમાદને પરિત્યાગી, પોતાની અંદરની સુષુપ્ત આત્મશક્તિને જાગ્રત કરવાની છે. ભગવાનમાં વિશ્વાસ રાખીને આગળ વધવાનું છે. તો આ કઠિન કાર્ય સરળ બનશે.

હનુમાનજીની કથા વખતે મને સ્વામી વિવેકાનંદની વાત યાદ આવે છે. સ્વામી વિવેકાનંદ સર્વધર્મ પરિષદમાં ગયા ત્યારે પરિષદના પ્રમુખના પ્રવચન માટેના આમંત્રણને સંકોચપૂર્વક ટાળતા રહ્યા. આમ તો એ નિર્ભય, સાહસિક અને વીર હતા. તો પણ સંકોચમાં પડ્યા. છેવટે પ્રમુખના અંતિમ આહ્વાનને માન આપીને એ ઊભા થયા ને વ્યાસપીઠ પર પહોંચ્યા, પોતાના પરમપૂજ્ય ગુરુ રામકૃષ્ણદેવનું સ્મરણ કરીને એમણે સૌને સંબોધવાનું શરૂ કર્યું : મારા અમેરિકાવાસી ભાઈઓ અને બેનો ! અત્યાર સુધી સન્નારીઓ અને સદગૃહસ્થોના રૂઢ સંબોધનને સાંભળવા ટેવાયેલા શ્રોતામંડળે એ અભિનવ આત્મીયતાસૂચક સંબોધનથી આનંદની અભિવ્યક્તિ કરતાં તાળીઓ પાડી. એથી વિવેકાનંદનો ઉત્સાહ વધ્યો. અને પછી તો એમના વદનમાંથી જે વિશદ વાક્ ધારા વહેવા માંડી એણે સૌને મંત્રમુગ્ધ કરી દીધા. એ અમર બની ગઈ. માનવની અંદર એવી રીતે શક્તિનો અનંત ભંડાર પડેલો છે. એનાથી એ અજ્ઞાત છે. એને જો જરાક પ્રોત્સાહન મળે, કોઈક નિમિત્ત બને, તો ભગીરથ કલ્યાણકાર્ય દ્વારા પોતાને ને બીજાને આશ્ચર્યચકિત કરી દે. હનુમાનજીની કથામાં એવી અક્ષય પ્રખર પ્રેરણા રહેલી છે.

* * *

## ૧૦. લંકાદહન

### હનુમાનજીનો લંકાપ્રવેશ

રામાયણનો સુંદરકાંડ એના સ્થૂળ શબ્દાર્થ પ્રમાણે સાચેસાચ સુંદર છે. એના પરમારાધ્ય મુખ્યદેવ દેવોના દેવ રઘુનંદન રામના શ્રદ્ધાપ્રેમપરિભાવિત, પરમભક્ત, ભક્તશિરોમણિ હનુમાનજી છે. એમાં એ અતુલિતબલધામ, સ્વર્ણશૈલાભદેહ, દનુજવનકૃશાનુ, જ્ઞાનમાં અગ્રગણ્ય, સકળગુણનિધાન, વાનરાધીશ, રઘુપતિના શ્રેષ્ઠ દૂત પવનસુત હનુમાનના પ્રખર પરાક્રમની પુણ્યગાથા છે. એ અંજનીપુત્રનું જ્યોતિર્મય જયગાન છે. એનો પાઠ ઠેરઠેર કરવામાં આવે છે તે યોગ્ય જ છે. કેવળ સુંદરકાંડનું પારાયણ કરીને ઈચ્છાનુસાર પદાર્થની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવાની પ્રથા પણ પ્રચલિત છે. હનુમાનભક્તોને માટે તો આ કાંડ અમોઘ આલંબનરૂપ અથવા અમુલખ આશીર્વાદરૂપ છે. હનુમાનજીને પ્રણમી, એમની પ્રશસ્તિ કરીને એના આસ્વાદને આરંભીએ.

રામચરિતમાનસની રચના પહેલાં સંતશિરોમણી તુલસીદાસ વાલ્મીકિ રામાયણના પ્રેમી હતા. વાલ્મીકિ રામાયણની કથા પણ કરતા. સંસ્કૃતના પ્રકાંડ પંડિત હોવાથી એમનો સંસ્કૃતપ્રેમ પણ પુષ્કળ હતો. એ સંસ્કૃતપ્રેમનું દર્શન એમના રામચરિતમાનસમાં અનાયાસે થઈ રહે છે. એમણે પ્રાકૃત કે લોકભાષામાં રામાયણ રચ્યું હોવા છતાં એ સંસ્કૃતપ્રેમને લીધે પ્રત્યેક કાંડના પ્રારંભમાં, અને કેટલીકવાર વચ્ચે વચ્ચે પણ, સંસ્કૃત શ્લોકોની કે સ્તુતિઓની રચના કરી છે. એથી એમના રામાયણની રોચકતા વધી છે. એનું ભાષાવૈવિધ્ય અને ભાષાલાલિત્ય પણ વધ્યું છે. સુંદરકાંડના આરંભમાં જ એમણે પણ સુંદર શ્લોકોમાં રામની ને હનુમાનજીની સ્તુતિ કરી છે. રામને સરસ શબ્દોમાં જણાવ્યું છે કે "મારા હૃદયમાં હે રામ, બીજી કોઈ પણ સ્પૃહા નથી. તમે અખિલ વિશ્વના અંતરાત્મા છો. તમને સાચું કહું છું અને મને તમારી એકનિષ્ઠ ભક્તિ આપો. મારા મનને કામાદિ દોષથી રહિત કરો."

नान्या स्पृहा रघुपते हृदयेऽस्मदीये
सत्यं वदामि च भवानखिलान्तरात्मा ।
भक्तिं प्रयच्छ रघुपुङ्गव निर्भरां मे
कामादि दोषरहितं कुरु मानसं च ॥

*

હનુમાનજી હૃદયમાં રામને રાખીને રામના કલ્યાણકાર્યને માટે તૈયાર થયા.

કેટલાક વિદ્વાનો માને છે કે હનુમાનજી અગાધ અર્ણવને ઓળંગવાને બદલે તરી ગયા હતા. પરંતુ વાલ્મીકિ રામાયણમાં અવારનવાર આવતા વિશદ વર્ણન પરથી પ્રતીત થાય છે કે હનુમાનજી તર્યા નહોતા. પરંતુ ઓળંગી ગયેલા. એમનું કાર્ય કઠિન તો હતું જ. કોઈપણ કલ્યાણકાર્ય આરંભે કઠિન જ હોય છે. આરંભે એમાં અવરોધો, અપમાનો, વિરોધો, વિસંવાદો, વિષાદો, વેદનાઓનો સામનો કરવો પડે છે. પહેલાં વિષ અને પછી અમૃત એવો એનો ક્રમ હોય છે. હનુમાનજીનો માર્ગ પણ નિષ્કંટક નહોતો. તોપણ એ માર્ગે એ આગળ વધ્યા. મહર્ષિ વાલ્મિકીએ લખ્યું છે :

निष्प्रमाणशरीरस्सन् लिलङ्घयिषुरर्णवम् ।
बाहुभ्यां पीडयामास चरणाभ्यां च पर्वतम् ॥१.११॥

"સમુદ્રને ઓળંગવા માટે એમણે એમના અંગને અતિશય મોટું કર્યું અને બંને બાહુ તથા ચરણથી એ પર્વતને દબાવ્યો." (સુંદરકાંડ સર્ગ ૧, શ્લોક ૧૧)

तस्याम्बरगतौ बाहू दद्दशाते प्रसारितौ ।
पर्वताग्राद्विनिष्क्रान्तौ पञ्चास्याविव पन्नगौ ॥१.५६॥

"આકાશમાં ફેલાવેલી એમની બંને ભુજાઓ કોઈક પર્વતના શિખર પરથી પાંચ ફણાવાળા બે નાગ નીકળ્યા હોય એવી દેખાતી." (શ્લોક ૫૬)

प्लवमानं समीक्ष्याथ भुजङ्गाः सागरालयाः ।
व्योम्नि तं कपिशार्दूलं सुपर्ण इति मेनिरे ॥१.७५॥

"સમુદ્રમાં વિચરનારા સાપ આકાશમાં આગળ વધતા કપિશ્રેષ્ઠ હનુમાનને નિહાળીને એમને ગરુડ જેવા સમજવા લાગ્યા." (શ્લોક ૭૫)

शुशुभे स महातेजा महाकायो महाकपिः ।
वायुमार्गे निरालम्बे पक्षवानिव पर्वतः ॥१.७८॥

"એ પરમ તેજસ્વી મહાકાય મહાકપિ હનુમાન આલંબનરહિત આકાશમાં પાંખધારી પર્વત જેવા દેખાતા." (શ્લોક ૭૮)

એમને સમુદ્ર પરથી પસાર થતી વખતે માર્ગમાં સુરસા મળી. એ નાગમાતા હતી. દેવોના કહેવાથી એણે હનુમાનજીના બુદ્ધિબળની કસોટી કરવા માટે રાક્ષસીનું રૂપ ધારણ કરેલું. એણે કહ્યું કે મારા મુખમાં પ્રવેશ્યા પછી જ તમે આગળ જઈ શકશો. પૂર્વકાળમાં મને વિધાતાએ એવું વરદાન આપ્યું છે.

એણે એના વદનને વિશાળ બનાવ્યું તો હનુમાન એથી પણ વિશાળ બન્યા. બંનેની વચ્ચે વદનને અને શરીરને વધારવાની હરિફાઈ ચાલી.

છેવટે સુરસાએ વદનને સો યોજન જેટલું મોટું કર્યું એટલે અસાધારણ બુદ્ધિબળનો આધાર લઈને હનુમાને શરીરને અંગુઠા જેટલું નાનું કરી દીધું. એટલા નાના રૂપથી સુરસાના મુખમાં પ્રવેશીને એ તરત જ બહાર નીકળ્યા ને બોલ્યા કે મેં તારા મુખમાં પ્રવેશ કરી લીધો એટલે તારું વરદાન સાચું થયું. હવે તારી વિદાય માગું છું.

સુરસાએ પ્રસન્ન થઈને પોતાના મૂળ રૂપને ધારીને જણાવ્યું કે તમે ભગવાન રામના કાર્યને માટે જઈ શકો છો. વિદેહનંદિની સીતાનો રામ સાથે મેળાપ કરાવો એવો આશીર્વાદ આપું છું.

આગળ જતાં ઈચ્છાનુસાર રૂપ ધારવાની શક્તિવાળી સિંહિકા નામની રાક્ષસીએ એમની છાયાને પકડી. આકાશમાં ઊડનારા જીવોની પાણીમાં પડનારી છાયાને એ પકડતી એટલે એ જીવોથી ઊડી શકાતું નહીં. રાક્ષસી એમનો નાશ કરતી. હનુમાનનો એ એવી જ રીતે નાશ કરવા માગતી'તી.

હનુમાને એના કપટને સમજીને એનો નાશ કર્યો.

એ પછી એ સમુદ્રના સામેના તટ પર જઈ પહોંચ્યા. લંબ પર્વતના શિખર પર વસેલી લંકાપુરીનું એમણે અવલોકન કર્યું. એ એની પાસે પહોંચ્યા.

લંકાપુરીની નિરંતર રક્ષા કરનારા રાક્ષસોથી ગુપ્ત રહીને સીતાની શોધનું કલ્યાણકાર્ય કરવા માટે ઈચ્છાનુસાર રૂપને ધારવાની કળામાં કુશળ હનુમાને અત્યંત નાનું સ્વરૂપ લઈને લંકાપુરીમાં રાતે પ્રવેશ કર્યો. વાલ્મીકિ રામાયણમાં કહ્યું છે કે "સૂર્યાસ્ત પછી રાતને વખતે પવનકુમારે પોતાના શરીરને નાનું બનાવી દીધું. બિલાડી બરાબર બનીને એ એકદમ અદભુત દેખાવા લાગ્યા." (સર્ગ ૨, શ્લોક ૪૯)

सूर्ये चास्तं गते रात्रौ देहं संक्षिप्य मारुतिः ।
वृषदंशकमात्रः सन् बभूवाद्भुतदर्शनः ॥२.४९॥

રામચરિતમાનસમાં એમની એ લોકોત્તર સિદ્ધિને બિરદાવતાં જણાવ્યું છે :

मसक समान रूप कपि धरी । लंकहि चलेउ सुमिरि नरहरी ॥

લંકામાં પ્રવેશતાં વેંત જ લંકાપુરીનું રક્ષણ કરનારી લંકા નામની રાક્ષસી મળી. એણે હનુમાનને પડકાર્યા અને એમના પ્રહાર કર્યો. વીર હનુમાને એને મુક્કો માર્યો એટલે એ અતિશય વ્યાકુળ બનીને નીચે ઢળી પડી અને પ્રાણદાન માટે પ્રાર્થવા લાગી. એણે જણાવ્યું કે બ્રહ્માએ મને વરદાન આપ્યું છે કે તને કોઈ પોતાના પરાક્રમથી વશ કરી લે ત્યારે રાક્ષસો પર મહાન ભય આવ્યો છે એવું સમજી લેજે. તમારા દર્શનથી એ સમય આવી પહોંચ્યો છે એવું લાગે છે. સીતાને લીધે દુરાત્મા રાજા રાવણનો અને રાક્ષસોનો નાશ પાસે આવ્યો છે. તમે લંકાપુરીમાં પ્રસન્નતાપૂર્વક પ્રવેશ કરો. તમારા જેવા દૈવી રામદૂતના દર્શનથી મારી જાતને સૌભાગ્યશાળી સમજું છું. સ્વલ્પ સત્સંગનું સુખ સ્વર્ગ અને અપવર્ગના સંમિલિત સુખથી ઘણું વધી જાય છે.

तात स्वर्ग अपबर्ग सुख धरिअ तुला एक अंग ।
तूल न ताहि सकल मिलि जो सुख लव सतसंग ॥४॥

હનુમાનજી આગળ વધ્યા. લંકાનું નિરીક્ષણ કરતા એ આજુબાજુ બધે જ ફરી વળ્યા અને આખરે રાવણના રાજપ્રાસાદમાં પણ પહોંચી ગયા પરંતુ ક્યાંય સીતાનું દર્શન ના થયું ત્યારે વિચારમાં પડી ગયા અને થોડાક નિરાશ થયા. એમણે તરત જ નિરાશાને ખંખેરી કાઢી. કર્તવ્યના અનુષ્ઠાનમાં વળી નિરાશા કેવી ? પુરુષાર્થપરાયણ પુરુષને માટે વિષાદ વિષ બરાબર છે.

સીતાની શોધમાં નીકળેલા હનુમાને રાવણના મહેલ પરથી કૂદીને અશોકવાટિકાની દિવાલ પર પગ મૂક્યો.

### સીતાનો સમાગમ

વાલ્મીકિ રામાયણમાં તથા તુલસીકૃત રામાયણમાં અહીં કથાપ્રવાહમાં થોડોક ફેર પડે છે. વાલ્મીકિ રામાયણમાં હનુમાને અશોકવાટિકામાં સીધો પ્રવેશ કર્યો એવું વર્ણન છે. પરંતુ તુલસીકૃત રામાયણમાં હનુમાનના અશોકવાટિકાના પ્રવેશ પહેલાં વિભીષણના મેળાપનો પ્રસંગ આલેખાયેલો છે. વાલ્મીકિ રામાયણ પ્રમાણે હનુમાનજીને વિભીષણનો સમાગમ લંકામાં એમના એ પુણ્યપ્રવાસ પ્રસંગે સ્વતંત્ર રીતે નથી થતો. વિભીષણનો ઉલ્લેખ સુંદરકાંડના છઠ્ઠા સર્ગના અઢારમા શ્લોકમાં આવે છે અને એ પણ નામમાત્ર પૂરતો કે

હનુમાન સીતાની શોધ માટે કુંભકર્ણના ભવનમાં અને ત્યાંથી વિભીષણના મહેલમાં જઈ ચઢ્યા. એમના વ્યક્તિત્વનો બીજો વિશદ ઉલ્લેખ સુંદરકાંડના બાવનમા સર્ગમાં કરેલો છે. એ સર્ગમાં વિભીષણ દૂતના વધને અનુચિત જણાવીને હનુમાને કોઈક બીજો દંડ દેવાની રાવણને સલાહ આપે છે. એટલે તુલસીદાસજીએ હનુમાનના અને વિભીષણના મેળાપનું આગવું આલેખન કરી બતાવ્યું છે. એ આલેખન આનંદજનક, આકર્ષક, રસમય અને કાવ્યોચિત છે.

એ આલેખનાનુસાર રાવણના રાજપ્રાસાદથી પાછા ફરતી વખતે હનુમાને હરિમંદિરવાળું, રામાયુધથી અંકિત, તુલસીવૃંદવાળા આંગણવાળું એક ભવન જોયું. એમને થયું કે રાક્ષસોના સમૂહથી ભરેલી લંકામાં સજ્જન અથવા પ્રભુભક્તનો વાસ ક્યાંથી હોય ?

लंका निसिचर निकर निवासा । इहाँ कहाँ सज्जन कर बासा ॥

રામના સુમધુર શબ્દોચ્ચાર સાથે વિભીષણ જાગ્યો. વિપ્રરૂપવાળા હનુમાન પાસે પહોંચીને એણે પ્રણામ કરીને એમના શુભાગમનનું પ્રયોજન પૂછ્યું એટલે હનુમાને સઘળી કથા સંક્ષેપમાં કહી સંભળાવી. વિભીષણે આનંદની અભિવ્યક્તિ કરતાં કહ્યું કે હવે મને સમજાયું કે પરમાત્માની પરમકૃપા સિવાય સંતપુરુષોનો સુખદ સમાગમ નથી થઈ શકતો.

अब मोहि भा भरोस हनुमंता । बिनु हरि कृपा मिलहिं नहिं संता ॥

વિભીષણ લંકાના વિપરીત વાતાવરણમાં દાંતની વચ્ચે જીભ રહે છે તેમ, ખૂબ જ સંભાળપૂર્વક રહેતો. માનવે સંસારના વિષમ વિરોધાભાસી વાતાવરણમાં એવી રીતે અલિપ્ત ભાવે, પરમાત્મામાં મનને પરોવીને રહેતાં શીખવાનું છે.

વિભીષણનું જીવન બતાવે છે કે માનવ વિરોધી વાયુમંડળમાં વસીને પણ સત્યનિષ્ઠ રહી શકે, નીતિમાન બની શકે, અને પરમાત્મપરાયણ જીવન જીવી શકે.

*

વિભીષણના નિર્દેશાનુસાર હનુમાન અશોકવાટિકામાં ગયા. રામકાર્યને કાજે એમના અંતરમાં અનેરો ઉત્સાહ ઊછળતો'તો. અશોકવાટિકામાં એમને સીતાના દેવદુર્લભ દિવ્ય દર્શનનો લાભ મળ્યો. એથી એમનાં લોચન કૃતાર્થ થયાં. એમનો પ્રાણ પ્રસન્ન અથવા પુલકિત બન્યો. શ્રમ સાર્થક થયો. એમણે સીતાને મનોમન પરમ પૂજ્યભાવપૂર્વક પ્રણામ કર્યાં. સીતા અતિશય દુઃખી દેખાઈ. પીડાના પારાવારમાં પડેલી, એનું શરીર રામના વિરહની વ્યથામાં સૂકાઈ ગયેલું. એણે એક પીળું વસ્ત્ર પહેરેલું. મસ્તક પર જટા તથા એક કેશલટ દેખાતી. એનું મન રામ વિના બીજે ક્યાંય નહોતું. એના હૃદયમાં રામનો જ રાગ જણાતો.

कृस तनु सीस जटा एक बेनी । जपति हृदयँ रघुपति गुन श्रेनी ॥

આદર્શ વિરહવેદનાને જોવી હોય તો સીતાના જીવનને જુઓ. આદર્શ પવિત્રતા, વીરતા તથા કર્તવ્યપરતાને જોવી હોય તો હનુમાનજીને જુઓ. આદર્શ સખ્ય સુગ્રીવનું, આદર્શ ભ્રાતૃભાવ લક્ષ્મણનો, આદર્શ પ્રેમ તથા ત્યાગ ભરતનો, સમર્પણભાવ ઊર્મિલાનો, વિરોધ કે વિદ્વેષ રાવણનો.

સુંદરકાંડના અઢારમા સર્ગનો બીજો શ્લોક જણાવે છે કે રાતના પાછલા પહોરમાં છ અંગો સાથે સર્વ વેદોના વિદ્વાન તથા શ્રેષ્ઠ યજ્ઞો દ્વારા યજન કરનારા બ્રહ્મરાક્ષસોના ઘરોમાં વેદપાઠના ધ્વનિ થવા માંડ્યા.

હનુમાને એ સરસ વેદસ્વરોને સાંભળ્યા. એ વેધક વર્ણન બતાવે છે કે લંકામાં વેદપાઠી વિદ્વાનોનો વાસ હોવા છતાં એમની વૃત્તિ વિકૃત હતી. એમનો વ્યવહાર વિપરીત હતો. ચારિત્ર્યની દૃષ્ટિએ એ પંગુ હતા.

હનુમાનજી વૃક્ષની ઉપર ગુપ્ત રીતે રહીને વિચારવા લાગ્યા કે રૌદ્રરૂપવાળી રાક્ષસીઓથી ઘેરાયેલી સીતાને મળવા માટે શું કરવું. એટલામાં તો સુંદરી સ્ત્રીઓથી સુશોભિત રાવણે એ વિશાળ વાટિકામાં પ્રવેશ કર્યો. સીતા એને દેખીને વધારે દુઃખી થઈ. મહર્ષિ વાલ્મીકિ કહે છે :

शुष्यन्तीम् रुदतीमेकां ध्यानशोकपरायणाम् ।
दुःखस्यान्तमपश्यन्तीं रामां राममनुव्रताम् ॥१९.८॥

"એનું શરીર સુકાઈ ગયેલું. એ એકલી બેસીને રડતી તથા રામના ધ્યાનમાં અને વિયોગના વિષાદમાં ડૂબેલી રહેતી. એને એની આપત્તિનો અંત નહોતો દેખાતો. એ રામની અનુરાગિણી એમની સુંદર સ્ત્રી હતી." (સર્ગ ૧૯, શ્લોક ૮)

पतिशोकातुरां शुष्कां नदीं विस्राविताम्रिव ।
परया मृजया हीनाम् कृष्णपक्षनिशामिव ॥१९.१६॥

"પતિની વિરહવેદનાએ એના હૃદયને વ્યાકુળ કરેલું. જેના પાણીને નહેરો દ્વારા આમતેમ કાઢી નાખવામાં આવ્યું હોય એવી સરિતા સમાન એ સુકાઈ ગયેલી, તથા ઉત્તમ અંગરાગના અભાવમાં કૃષ્ણપક્ષની રાત્રીની પેઠે મલિન લાગતી'તી." (શ્લોક ૧૬)

એ વર્ણન સૂચવે છે કે વાલ્મીકિ રામાયણના રચનાકાળમાં નદીમાંથી નહેરોનું નિર્માણ કરવાની પ્રથા પ્રવર્તમાન હતી. નહિ તો કવિને એવી કલ્પના ના સ્ફુરી શકે.

*

રાવણે સીતાને ભાતભાતનાં પ્રલોભનો બતાવ્યાં ને પોતાની પટરાણી બનવા સમજાવી. એકવાર પોતાની તરફ દૃષ્ટિપાત કરવા કહ્યું. પરંતુ સીતાએ એની વાત માની નહીં. એણે એને સન્માર્ગગામી બનવાનો, પોતાને મુક્ત કરવાનો, રામ પાસે પહોંચાડવાનો, ને રામની ક્ષમા માગવાનો આદેશ આપ્યો. રાવણ ક્રોધે ભરાઈને સીતાને મારવા ચાલ્યો ત્યારે મંદોદરી અને અન્ય સ્ત્રીઓ એને શાંત પાડવાનો પ્રયાસ કરવા લાગી. રાવણે સીતાને બે માસની (તુલસીકૃત રામાયણ પ્રમાણે એક માસની) અવધિ આપીને જણાવ્યું કે એટલા સમયમાં મારી નહિ થાય તો તને તલવારથી મારી નાખીશ. એ પછી રાક્ષસીઓને ડરાવવા-ધમકાવવાની સૂચના આપીને એ ચાલી નીકળ્યો.

સીતા એકલી હતી. એની આસપાસ આસુરી સંપત્તિ હતી. તોપણ એ અચળ રહી. એ એની આદર્શનિષ્ઠા, ધર્મપરાયણતા, પવિત્રતા અને રામપ્રીતિ બતાવે છે. જેનામાં સત્ય તથા પવિત્રતા છે તેને કોઈ જ ડરાવી કે ડગાવી શકતું નથી. સીતાની આગળ રાવણની સમગ્ર શક્તિ નિષ્ફળ બની. નિરર્થક ઠરી, રામમાં અને રામની રક્ષામાં એને શ્રદ્ધા હતી. હનુમાનને એને અવલોકીને અતિશય આદરભાવ થયો.

રાવણના ગયા પછી રાક્ષસીઓ સીતાને સમજાવવા તથા ધમકાવવા લાગી ત્યારે ત્રિજટા રાક્ષસીએ એને શાંતિ આપી. એણે સૌને પોતાનો સ્વપ્નવૃતાંત વર્ણવીને જણાવ્યું કે એ સ્વપ્નાનુસાર રાવણનો નાશ

થશે, વિભીષણને લંકાનું રાજ્ય મળશે, ને રામ સીતાને એમની સાથે લઈ જશે. રાક્ષસીઓ એ સાંભળીને ડરી ગઈ.

વૃક્ષ પર વિરાજીને રામની જ્વલંત જીવનગાથાને ગાનાર હનુમાનજી સીતાની ઈચ્છાનુસાર એની આગળ પ્રત્યક્ષ થયા ત્યારે એમને નિહાળીને એ સંમિશ્રિત ભાવોને અનુભવવા લાગી. હનુમાને રામના મધુમય મેળાપની અને એ પછીની બીજી બધી કથા કહી સંભળાવી અને રામની મંગલ મુદ્રિકા અર્પણ કરી ત્યારે એની સઘળી શંકા શમી ગઈ અને એને પ્રતીતિ થઈ. એની પ્રસન્નતા પરાકાષ્ઠા પર પહોંચી. હનુમાનજીને એમના અદભુત અમુલખ પરાક્રમ બદલ એણે આત્મિક અભિનંદન આપ્યાં.

હનુમાનને લાંબે વખતે માતાનો મેળાપ થયો હોય એવું લાગ્યું. એમણે સીતાને અનેક પ્રકારે આશ્વાસન આપ્યું. રામ એની મુક્તિ માટે સદ્યાતિસદ્ય આવી પહોંચશે એવો વિશ્વાસ પ્રગટાવ્યો.

મુદ્રિકાને નિહાળીને સીતા પરમભાવમયી બનીને ક્રંદન કરવા લાગી. હનુમાને ગદગદ સ્વરે કહ્યું કે માતા, તમારા કરતાં રામનો પ્રેમ લેશ પણ ઓછો નથી. સાચું કહું તો બમણો છે.

जनि जननी मानहु जियँ ऊना । तुम्ह ते प्रेमु राम कें दूना ॥

હનુમાનજીએ રામનો સંદેશ સંભળાવતાં કહ્યું કે રામે જણાવ્યું છે કે તારા વિયોગથી સીતા, મારે માટે બધું વિપરીત, વિષમ, વેદનામય બન્યું છે. મારા તથા તારા પ્રેમતત્વને કેવળ મારું મન જાણે છે. તે મન તો તારી પાસે છે. આપણા પ્રેમને એટલા શબ્દોથી સમજી લેજે.

तत्व प्रेम कर मम अरु तोरा । जानत प्रिया एकु मनु मोरा ॥
सो मनु सदा रहत तोहि पाहीं । जानु प्रीति रसु एतनेहि माहीं ॥

*

હનુમાને સીતાને કહ્યું કે રામ તમારી માહિતી મળતાં જ વાનરોની સેના સાથે આવીને તમને લઈ જશે. મારા પ્રખર પરાક્રમના પ્રભાવથી તમને અત્યારે જ મારી પીઠ પર બેસાડીને લઈ જઈ શકું તેમ છું, પરંતુ મને તમારી માહિતી મેળવીને પાછા ફરવાનો આદેશ આપવામાં આવ્યો છે. રામનું કાર્ય હવે રામ જ કરશે.

अनिद्रः सततं रामः सुप्तोऽपि च नरोत्तमः ।
सीतेति मधुरां वाणीं व्याहरन् प्रतिबुद्ध्यते ॥३६.४४॥

"માનવોત્તમ રામને તમારી ચિંતાને લીધે ઊંઘ પણ આવતી નથી. કોઈકવાર આંખ મળે છે તો સીતા, સીતા એવી વહાલભરેલી વેદનામયી વાણી સાથે એ જલદી જાગી જાય છે." (સર્ગ ૩૬, શ્લોક ૪૪)

સીતાએ હનુમાનને જણાવ્યું કે રામને કહેજો કે રાવણે આપેલી સમયમર્યાદા પહેલાં નહીં આવો તો હું જીવતી નહીં રહું.

ततो वस्त्रगतं मुक्त्वा दिव्यं चूडामणिं शुभम् ।
प्रदेयो राघवायेति सीता हनुमते ददौ ॥३८.६६॥

"સીતાએ કપડામાં બાંધેલા સુંદર દિવ્ય ચૂડામણિને કાઢીને આ રામને અર્પણ કરજો એવું જણાવીને હનુમાનના હાથમાં મૂક્યો." (સર્ગ ૩૮, શ્લોક ૬૬).

હનુમાને એને મેળવીને પોતાની જાતને કૃતકૃત્ય માની. વાનરોની સીમિત શક્તિના સંબંધમાં સીતાએ દર્શાવેલી શંકાનું સુખદ સમાધાન કરવા એને પોતાનું વિરાટ રૂપ બતાવીને અભિનવ વિશ્વાસ જગાવીને સીતાની રજા માગી. સીતાએ એમને અંતઃકરણપૂર્વકના આશીર્વાદ આપ્યા.

**રાવણની સભામાં**

સીતાના મંગલ મેળાપથી સંતોષ પામેલા હનુમાનજીએ રાક્ષસોની શક્તિની કસોટી કરવાનો ને બને તો થોડાક રાક્ષસોનો અંત આણવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પથી પ્રેરાઈને એ અશોકવાટિકાનો વિધ્વંસ કરવા લાગ્યા. જોતજોતામાં તો એ આખીય વાટિકા વેરવિખેર બની ગઈ.

રાક્ષસીઓએ એ સમાચાર રાક્ષસરાજ રાવણને પહોંચાડ્યા એટલે એણે ક્રોધે ભરાઈને કિંકર નામના રાક્ષસોને મોકલ્યા. હનુમાને એમનો નાશ કર્યો એટલે અક્ષયકુમારને વિશાળ સેના સાથે મોકલ્યો. હનુમાને એનો અને એની સેનાના સઘળા રાક્ષસોનો નાશ કર્યો. પુત્રનાશથી શોકિત, આશ્ચર્યચકિત અને ક્રોધાતુર બનેલા રાવણે મેઘનાદને મોકલ્યો.

મેઘનાદને જોતાં જ હનુમાનજીએ ભયંકર ગર્જના કરીને એક વિશાળ વૃક્ષપ્રહાર દ્વારા એના રથનો ધ્વંસ કરી નાખ્યો.

આખરે એણે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો એટલે હનુમાને એ અલૌકિક અસ્ત્રની આમન્યા રાખી. હનુમાન અચેતાવસ્થામાં ધરતી પર ઢળી પડ્યા. એટલે મેઘનાદ એમને નાગપાશમાં બાંધીને રાવણ પાસે લઈ ગયો. પરમશક્તિશાળી હનુમાનને કોઈ હરાવી કે બાંધી શકે તેમ નહોતું. છતાંપણ રાક્ષસોની માયાને માપવા અને રાક્ષસરાજ રાવણને મળવા માટે એ અભિનય કરવા ખાતર સ્વેચ્છાથી બંધાયા.

રાવણની રાજ્યસભામાં પહોંચીને રાવણની જિજ્ઞાસાના જવાબમાં હનુમાને રામના દૂત તરીકે પોતાનો પરિચય આપ્યો અને રાવણના દુર્વ્યવહાર તથા તિરસ્કારની પરવા કર્યા વિના એને થોડીક શિખામણ આપી.

तद्भवान् दृष्टधर्मार्थस्तपः कृतपरिग्रहः ।
परदारान् महाप्राज्ञ नोपरोद्धुं त्वमर्हसि ॥५१.१७॥
न हि धर्मविरुद्धेषु बह्वपायेषु कर्मसु ।
मूलघातिषु सज्जन्ते बुद्धिमन्तो भवद्विधाः ॥५१.१८॥

"મહાબુદ્ધિમાન ! તમે ધર્મના અને અર્થના રહસ્યને જાણો છો. તમે ખૂબ જ પ્રખર તપનો સંગ્રહ કર્યો છે. એટલે પરસ્ત્રીને ઘરમાં રાખવાનું તમારે માટે જરાપણ ઉચિત નથી. ધર્મવિરુદ્ધ કર્મ અનેકવિધ અનર્થનું કારણ બને છે. કર્તાનો આમૂલ નાશ કરી નાખે છે. એટલા માટે તમારા જેવા બુદ્ધિમાન પુરુષે એવા કુકર્મમાં પ્રવૃત્ત ના થવું જોઈએ." (સર્ગ ૫૧, શ્લોક ૧૭-૧૮)

सर्वलोकेश्वरस्यैवं कृत्वा विप्रियमुत्तमम् ।
रामस्य राजसिंहस्य दुर्लभं तव जीवितम् ॥५१.४२॥

"સમસ્ત સંસારના સર્વેશ્વર રાજસિંહ રામનો આવો અક્ષમ્ય અસાધારણ અપરાધ કરીને તમારું જીવિત રહેવાનું કઠિન છે." (શ્લોક ૪૨)

હનુમાનની સાચી શિખામણ રાવણને કડવી લાગી. એણે એમનો વધ કરવાનો આદેશ આપ્યો. એ આદેશ સાંભળવા છતાં હનુમાન નિશ્ચિંત અને સ્વસ્થ રહ્યા. જેણે ભગવાનનું શરણ લીધું હોય તેને કોનો ભય અને શેની ચિંતા ? હનુમાનને રામની અલૌકિક રક્ષામાં વિશ્વાસ હતો.

વિભીષણે રાવણનો આદેશ સાંભળીને જણાવ્યું : "રાક્ષસરાજ, ક્ષમા કરો, ક્રોધને ત્યાગો. પ્રસન્ન થઈને મારી વાત સાંભળો. ઉચ્ચનીચના જ્ઞાનવાળા શ્રેષ્ઠ રાજાઓ દૂતનો વધ નથી કરતા." (સર્ગ પ૨, શ્લોક ૫)

क्षमस्व रोषं त्यज राक्षसेन्द्र प्रसीद मद्वाक्यमिदं शृणुष्व ।
वधं न कुर्वन्ति परावरज्ञा दूतस्य सन्तो वसुधाधिपेन्द्राः ॥५२.५॥

રાવણને પહેલાં તો એ વાત જરાપણ ના ગમી, પરંતુ પાછળથી એ માની ગયો. એણે કહ્યું કે વાનરને પોતાના પુચ્છ પર પુષ્કળ પ્રેમ હોય છે. એજ એનું આભૂષણ હોય છે. એટલે એને વહેલી તકે સળગાવી દો. સળગેલા પૂચ્છ સાથે એ ભલે અહીંથી વિદાય થાય.

હનુમાનજીને તો એટલું જ જોઈતું'તું. એમણે એમના અંગને અત્યંત વિશાળ બનાવી દીધું. રાક્ષસોએ એમના અંગવિશેષ પર વસ્ત્રો વીંટી, તેલ નાખી, જ્વાળા જગાવી. રાક્ષસોનાં બધાં જ બંધનોને તોડીને હનુમાનજી લંકા પર કૂદવા લાગ્યા. અગ્નિદેવના અનંત અનુગ્રહથી એમને પાવક જ્વાળાની જરાપણ પીડા ના થઈ. પવનની મદદથી પ્રબળ બનેલી જ્વાળા લંકાના ભવ્ય ભવનોને જલાવવા લાગી.

લંકાપુરીનો મોટો ભાગ બળી ગયો તોપણ સીતાને આંચ ના આવી. સત્યનો, પ્રેમનો, પવિત્રતાનો નાશ કોણ કરી શકે તેમ છે ? સીતા સત્યની, પ્રેમની, પવિત્રતાની પ્રતિમા હતી એટલે સુરક્ષિત રહી. એની પાસે પહોંચીને હનુમાને સઘળી કથા કહીને એને પ્રણામ કર્યા. સીતા એમના પરાક્રમથી પ્રસન્ન થઈ એટલે એમણે જણાવ્યું :

क्षिप्रमेष्यति काकुत्स्थो हर्यृक्षप्रवरैर्वृतः ।
यस्ते युधि विजित्यारीन् शोकं व्यपनयिष्यति ॥५६.७॥

"વિદેહનંદિની ! વાનરરાજ સુગ્રીવ સહસ્ત્ર કોટિ વાનરો સાથે થોડા જ વખતમાં અહીં આવી પહોંચશે. એમની સાથે રામલક્ષ્મણ બંને વીર નરશ્રેષ્ઠ પણ આવશે અને એમનાં તીખાં તમતમતાં બાણોથી લંકાપુરીનો વિધ્વંસ કરી નાખશે. એટલા માટે ધૈર્ય ધારો. સમયની પ્રતીક્ષા કરો. તમારું મંગલ હો. રાવણ રામના હાથે રણમેદાનમાં સત્વર માર્યો જશે. તમે એ બધું જોઈ શકશો." (સર્ગ ૫૬, શ્લોક ૭)

*

રામે તથા સુગ્રીવે સોંપેલા સત્કર્મને સફળતાપૂર્વક પૂરું કરીને હનુમાન સમુદ્ર પરથી પસાર થઈને અંગદાદિ વાનરો પાસે પહોંચી ગયા. વાનરો એમની પરાક્રમગાથાના શ્રવણથી અસાધારણ આનંદ પામ્યા.

સુગ્રીવ, લક્ષ્મણ તથા રામની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. સૌએ હનુમાનને અનંત અભિનંદન આપ્યા. રામે કહ્યું કે હનુમાન, તમે ખૂબ જ દુષ્કર કાર્યને સિદ્ધ કર્યું છે. તમારા ઉપકારનો બદલો મારાથી કોઈ રીતે વાળી શકાશે નહીં.

હનુમાનજીએ જણાવ્યું કે પ્રભુ ! જે કાંઈ થયું છે તે તમારી જ ઈચ્છાશક્તિથી થઈ શક્યું છે. હું તો કેવળ નિમિત્ત છું. અને મારા જેવાં તો કેટલાંય નિતનવાં નિમિત્તો તમે તૈયાર કરી શકો છો. એમાં મને અભિનંદન આપવાનાં કે મારો ઉપકાર માનવાનો ના હોય.

ભગવાનની એ વિશેષતા છે કે એ પોતે પડદા પાછળ રહીને કામ કરે છે અને જીવનો મહિમા વધારે છે. જીવને યશસ્વી કરે છે કે ગૌરવાન્વિત બનાવે છે.

*   *   *

## ૧૧. વિભીષણ અને અંગદ

વાલ્મીકિ રામાયણમાં આ કાંડને યુદ્ધકાંડના નામથી ઓળખવામાં આવ્યો છે અને તુલસીકૃત રામાયણમાં લંકાકાંડ તરીકે એનું વર્ણન કરાયું છે.

હનુમાનજીએ લંકાપુરીમાં પ્રદર્શાવેલું પરાક્રમ અત્યંત અસાધારણ, આશ્ચર્યકારક અને એમને અનુરૂપ હતું. એના વિચારથી રાવણના વિસ્મયનો પાર ના રહ્યો. એણે ભવિષ્યને માટે રાક્ષસોની સલાહ લીધી. રાક્ષસોની બુદ્ધિ બરાબર ના હોવાથી એમણે એની અદભુત શક્તિની અને અજેયતાની પ્રશંસા કરી. પોતપોતાના પ્રતાપને અતિશયોક્તિભરી ભાષામાં વર્ણવી બતાવ્યો. એક વિભીષણે રાવણને સાચી વાત કહી બતાવી. રાજ્યસભામાં પોતાના સુનિશ્ચિત અભિપ્રાયની અભિવ્યક્તિ કરતાં એણે સીતાને સન્માનસહિત પાછી સોંપીને રામ સાથે સ્નેહસંબંધ બાંધવાની સલાહ આપી. એણે જણાવ્યું કે : "હું તો રાક્ષસો સાથે આ આખા નગરના અને સુહૃદો સાથે સ્વયં મહારાજાના મંગલને માટે મારો ઉત્તમ અભિપ્રાય આપું છું કે રાજકુમાર રામના હાથમાં મિથિલેશકુમારી સીતાને સુપ્રત કરવી જોઈએ." (યુદ્ધકાંડ, સર્ગ ૧૪, શ્લોક ૨૧)

इदं पुरस्यास्य सराक्षसस्य राज्ञश्च पथ्यं ससुहृज्जनस्य ।
सम्यग्घि वाक्यं स्वमतं ब्रवीमि नरैन्द्रपुत्राय ददाम पत्नीम् ॥१४.२१॥

વિભીષણે રાવણના અને અન્ય સૌના હિતની કામનાથી સાચી સલાહ આપી, પરંતુ રાવણને એ સલાહ રુચી નહીં. જેના દુઃખનો ને સર્વનાશનો સમય સમીપ હોય છે તેને સાચી સલાહ નથી ગમતી. એ હિતને બદલે અહિતના માર્ગે જ આગળ વધે છે. રાવણે વિભીષણનું ઘોર અપમાન કર્યું, એને અનેક અનુચિત વચનો કહ્યાં, એટલે વિભીષણે એનો અને લંકાનો ત્યાગ કરીને રામની પાસે પહોંચવાનો નિર્ણય કર્યો.

માણસે બને ત્યાં સુધી કોઈ કુકર્મ કરવું નહીં એ તો બરાબર છે પરંતુ કોઈ બીજું કુકર્મ કરતું હોય તો એને સાથ ના આપવો. કુકર્મ કરનારને એમાંથી પાછા વાળવાનો પ્રયત્ન કરવો. અને એવો પ્રયત્ન સફળ થાય જ નહીં તો એનાથી અલગ થઈ જવું. એ સામાન્ય નીતિ છે. વિભીષણે એ નીતિને અનુસરીને રાવણને ખૂબખૂબ સમજાવ્યો.

सुमति कुमति सब कें उर रहहीं । नाथ पुरान निगम अस कहहीं ॥
जहाँ सुमति तहँ संपति नाना । जहाँ कुमति तहँ बिपति निदाना ॥

સન્મતિ સદા સુખકારક હોય છે અને દુર્મતિ દુઃખદાયક. સન્માર્ગે ચાલવાનું ને સત્પુરુષના શબ્દોને સાંભળવાનું મન થાય તો સન્મતિનો સમુદય થયો છે એવું સમજવું. નહિ તો દુર્મતિનો દાવાનળ જાગ્યો છે એવું માની લેવું. સત્પુરુષ જેનો સાથ છોડે છે તે દુઃખની અને વિનાશની ગર્તામાં ધકેલાઈ જાય છે.

વિભીષણને પોતાની દિશામાં આવતો જોઈને સુગ્રીવ અને અન્ય વાનરોને શંકા થઈ. પરંતુ રામ શરણાગતપ્રતિપાલક હતા. વિભીષણે પોતાની ઓળખાણ આપી, જે સંજોગોમાં લંકાત્યાગ કરવો પડ્યો તે સંજોગોનું વર્ણન કર્યું, અને એના આગમનનું કારણ કહ્યું, એટલે રામને એના પ્રત્યે પ્રેમ થયો. જે જીવ ભગવાનને શરણે જાય છે તેનો ભગવાન અનાદર નથી કરી શકતા. ભગવાન એને અપનાવે છે અને એમનો

કરે છે. જીવ ભગવાન પ્રત્યે અભિમુખ થાય એટલી જ વાર છે. અભિમુખ થવાથી એ એમના અલૌકિક અનુગ્રહથી અલંકૃત બને છે.

आर्तो वा यदि वा दृप्तः परेषां शरणागतः ।
अरिः प्राणान् परित्यज्य रक्षितव्यः कृतात्मना ॥१८.२७॥

રામે સૌને જણાવ્યું, "શત્રુ પણ શરણે આવે અને દીનભાવથી હાથ જોડીને દયાની યાચના કરે તો એના પર પ્રહાર કરવો ના જોઈએ." (સર્ગ ૧૮, શ્લોક ૨૭)

सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते ।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम ॥१८.३३॥

"જે એકવાર પણ શરણે આવીને હું તમારો છું એવું કહીને રક્ષા માટે પ્રાર્થના કરે છે એને સમસ્ત પ્રાણીથી અભય કરી દઉં છું. એ મારું સનાતન વ્રત છે." (સર્ગ ૧૮, શ્લોક ૩૩)

आनयैनं हरिश्रेष्ठ दत्तमस्याभयं मया ।
विभीषणो वा सुग्रीव यदि वा रावणः स्वयम् ॥१८.३४॥

"એટલા માટે કપિશ્રેષ્ઠ સુગ્રીવ ! એ વિભીષણ હોય કે રાવણ પોતે આવ્યો હોય, મેં એને અભયદાન આપ્યું છે. એને અહીં લાવો." (સર્ગ ૧૮, શ્લોક ૩૪)

*

વિભીષણની સાથે રામે કેટલો બધો સુંદર વ્યવહાર કર્યો ! એમણે એની પ્રશંસા કરીને એને લંકાનો રાજા બનાવવાની બાંયધરી આપી. એટલું જ નહીં, લક્ષ્મણ પાસે સમુદ્રનું પાણી મંગાવીને વિભીષણનો તિલક કરીને લંકાના રાજા તરીકે અભિષેક કર્યો.

વિભીષણને રામદર્શનથી ને રામશરણથી શાંતિ થઈ. એના આત્મામાં અલૌકિક આનંદનો આવિર્ભાવ થયો.

ભગવાનના સ્મરણ અને શરણ વિના કોઈપણ જીવને શાંતિ મળી શકતી નથી. કોઈ સ્વપ્ને પણ સનાતન સુખ પામતું નથી. કોઈ સાચા અર્થમાં કુશળ બની શકતું નથી.

તુલસીદાસજી જણાવે છે :

तब लगि कुसल न जीव कहुँ सपनेहुँ मन बिश्राम ।
जब लगि भजन न राम कहुँ सोकधाम तजि काम ॥४६॥

**સેતુરચના**

વાનરસેના સુગ્રીવના આદેશાનુસાર સમુદ્રના સુવિશાળ તટપ્રદેશ પર અસંખ્યની સંખ્યામાં એકઠી થઈ. સૌ સમુદ્રને પાર કરવા ઉત્સુક બન્યા. પરંતુ સમુદ્રને પાર કરવાનું કાર્ય કઠિન હતું. રામે સમુદ્રને પ્રસન્ન કરવાની ઉચ્ચ આકાંક્ષાથી પ્રેરાઈને ત્રણ દિવસ સુધી અનશનવ્રત આદર્યું. એવા કઠોર વ્રતારાધનથી પણ સમુદ્રે એમની ઉપર અનુગ્રહ ના કર્યો ત્યારે રામને રોષ થયો. એમણે એને દંડ દેવા માટે ધનુષ્યબાણને ધારણ કર્યાં. સંભવિત બાણપ્રહારથી સમુદ્ર ખળભળી ઊઠ્યો. રઘુનંદન રામે સમુદ્રને સંપૂર્ણપણે સૂકવી નાખવા

માટે મહાભયંકર બાણને હાથમાં લીધું ત્યારે અતિશય સંક્ષુબ્ધ બનેલો સાગર દૈવી સ્વરૂપ સાથે બહાર આવ્યો. એણે રામની ક્ષમાપ્રાર્થના દ્વારા એમને શાંત કર્યા. એ વખતે તુલસીદાસજીએ એના મુખમાં પેલા વિવાદાસ્પદ શબ્દો મૂક્યા છે :

ढोल गँवार सूद्र पसु नारी । सकल ताड़ना के अधिकारी ॥

એ શબ્દોની કોઈ ખાસ અનિવાર્ય આવશ્યકતા તો નહતી છતાં પણ એમનો પ્રયોગ કરાયો છે તો એમના પરથી વધારે પડતો વ્યર્થ ઉહાપોહ ના જગાવવો જોઈએ. તુલસીદાસે સ્ત્રીઓને અન્યાય કર્યો છે એવું પણ સમજવું ના જોઈએ. ભારતીય સંસ્કૃતિએ સ્ત્રીને આદ્યાશક્તિ જગજ્જનની જગદંબાની આવૃત્તિ માની છે. તુલસીદાસે પણ સીતાના રૂપમાં એનું જ કાવ્યાલેખન કર્યું છે. સીતાના પાત્રનિરૂપણ દ્વારા એમણે સ્ત્રી પ્રત્યેના પોતાના પવિત્રતમ પ્રેમને, સદભાવને અને આદરભાવને અંકિત કર્યો છે. એવા મહાપુરુષના મનમાં સ્ત્રીજાતિ પ્રત્યેના અપમાનનો, અન્યાયનો અને એની અવજ્ઞાનો વિચાર પણ કેવી રીતે ઊઠી શકે ? એમણે સઘળી સ્ત્રીઓની વાત નથી કરી પરંતુ શૂર્પણખા જેવી આતંકકારિણી, આક્રમક સ્વભાવની કુનારીઓની વાત કરી છે. જેમ બધાં જ પશુ તાડનને પાત્ર નથી હોતાં તેમ બધી સ્ત્રીઓ તાડનપાત્ર છે એવું એમણે નથી કહ્યું. બધા પુરુષો પણ દંડપાત્ર નથી હોતા. તુલસીદાસે સાગર દ્વારા મૂર્ખ તથા શૂદ્રની એટલે કે જડ, સંસ્કાર તથા શીલરહિત, કુકર્મી પુરુષોની જ વાત કરી છે. અને એ પણ એમના જમાનાને અનુલક્ષીને. હવે નવા જમાનામાં નવીન વિચારસરણી પ્રમાણે ગમે તેવા અપરાધી, આતંકકારી કે પાપીને પણ પ્રેમની ને સમજાવટથી પલટાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. રીઢામાં રીઢા ગુનેગારોને પણ બીજી રીતે સુધારવાની કોશિશો કરવામાં આવે છે. છતાં પણ દંડની પ્રથા હજુ સંપૂર્ણપણે ને સદાને માટે દૂર નથી થઈ ને થશે કે કેમ એ પણ ચોક્કસપણે નથી કહી શકાતું. એટલે તુલસીદાસને ખોટી રીતે સમજવાથી લાભ નહિ થાય. એમના શબ્દોને સનાતન સત્ય સમજવાને બદલે સમયાનુરૂપ, પ્રસંગાનુરૂપ અને સામાન્ય રીતે કરાયેલા ઊડતા ઉલ્લેખરૂપ જ માનવા જોઈએ.

*

સમુદ્રે પરમ પ્રસન્ન થઈને રામની આગળ રહસ્યોદઘાટન કરતાં કહ્યું : "તમારી સેનામાં નલ નામે પરમ પ્રતાપવાન વાનર છે તે સાક્ષાત વિશ્વકર્માનો પુત્ર છે. એને એના પિતાએ એમની જેમ સમસ્ત શિલ્પકળામાં સિદ્ધહસ્ત થવાનું વરદાન આપ્યું છે. તમે પોતે પણ આ સંસારના સૃષ્ટા વિશ્વકર્મા છો. એ મહાન ઉત્સાહી વાનર એના પિતાની પેઠે શિલ્પકર્મમાં સમર્થ છે. તમારે માટે એના હૃદયમાં પ્રેમ છે. એટલા માટે એ મારી ઉપર સેતુની રચના કરે એ સેતુને હું ધારણ કરીશ." (સર્ગ ૨૨, શ્લોક ૪૫-૪૬)

अयं सौम्य नलो नाम तनुजो विश्वकर्मणः ।
पित्रा दत्तवरः श्रीमान् प्रतिमो विश्वकर्मणा ॥२२.४५॥
एष सेतुं महोत्साहः करोतु मयि वानरः ।
तमहं धारिष्यामि तथा ह्येष यथा पिता ॥२२.४६॥

નલે પોતાની સવિશિષ્ટ શક્તિથી સેતુના નિર્માણનો આરંભ કર્યો. વાનરસેનાએ એને વૃક્ષો, શિલાઓ અને અન્ય આવશ્યક સામગ્રી લાવીને મદદ કરી. થોડાક દિવસોમાં તો એમના સંયુક્ત પુરુષાર્થથી ને

શ્રીરામના શુભાશીર્વાદથી સો યોજન લાંબો અને દસ યોજન પહોળો સેતુ તૈયાર થયો. વાલ્મીકિ રામાયણનું એ વર્ણન સૂચવે છે કે નલ એક મહાન ઈજનેર હતો. અને ભારતવાસીઓ ભૂતકાળના એ સાંસ્કૃતિક સ્વર્ણસમયમાં ભૌતિક વિકાસના ક્ષેત્રમાં પણ ઘણા આગળ હતા. એ સમુદ્ર પર સેતુરચના પણ કરી શકતા. એમને સર્વપ્રકારે ને મુખ્યત્વે ભૌતિક રીતે પછાત અથવા જંગલી કહેનારા આ વાતને વાંચશે-વિચારશે ખરા?

રામચરિતમાનસમાં જણાવ્યું છે કે સેતુના સુંદર સ્થાનની સમીપે રામે રામેશ્વરની સ્થાપના કરી. રામને ભગવાન શંકર પ્રત્યે પરમપ્રેમ અને પૂજ્યભાવ હતો. એનું દર્શન રામચરિતમાનસમાં ઠેરઠેર થાય છે. રામ કહે છેકે મને ભજે ને શંકરનો દ્રોહ કરે એ મારો અનુગ્રહ પામી શકતા નથી.

सिव द्रोही मम भगत कहावा । सो नर सपनेहुँ मोहि न पावा ॥

એ ભાવ તુલસીદાસના ઉદાર સ્વાનુભવસિદ્ધ મનોભાવનો પડઘો પાડે છે. એમના સમયમાં સમાજના અમુક વર્ગમાં વિષ્ણુ તથા શિવનો જે ભેદ પ્રચલિત હતો તેને મટાડીને ભક્તોની દૃષ્ટિને વિશદ અને વિશાળ બનાવવામાં રામાયણ દ્વારા એમણે ઘણો મોટો ફાળો આપ્યો છે. વિષ્ણુના કેટલાક ભક્તો શિવનું નામ લેવાનું ને શિવમંદિરમાં પ્રવેશવાનું પસંદ ના કરે એવા સંકુચિત સમયમાં એમણે સાચી ધર્મદૃષ્ટિને રજૂ કરતાં રામના મુખમાં શબ્દો મૂક્યા છે કે

संकर प्रिय मम द्रोही सिव द्रोही मम दास ।
ते नर करहि कलप भरि धोर नरक महुँ बास ॥२॥

શંકર છે તેજ વિષ્ણુ છે ને વિષ્ણુ છે તેજ શંકર છે. બંનેમાં તાત્વિક રીતે કશો જ ભેદ નથી.

जे रामेस्वर दरसनु करिहहिं । ते तनु तजि मम लोक सिधरिहहिं ॥

**રાવણ સમજ્યો નહીં**

જીવાત્માને ખબર પડી જાય, માહિતી મળી જાય, કે પોતાની શાશ્વતી શાંતિરૂપી સીતા અમુક ચોક્કસ સ્થળમાં વિરાજે છે તો પછી એ બેસી રહે છે ? એ શાંતિને મેળવવા એણે સાધનાના સુભગ સુદૃઢ સેતુનું નિર્માણ કરવું રહે છે. સાધનાના સેતુના નિર્માણનું કાર્ય કઠિન હોવા છતાં કરવા જેવું છે. એના સિવાય જીવાત્માની શ્રેયસાધના અધૂરી રહે છે.

સેતુરચના પૂરી થઈ એટલે વાનરો એના પરથી પસાર થઈને સમુદ્રના સામા કિનારા પર પહોંચી ગયા. વાનરોની સેના અપાર હતી.

સેતુરચનાના સમાચાર સાંભળીને રાવણને આશ્ચર્ય થયું.

લંકાના આસુરી વૃત્તિ તથા પ્રવૃત્તિવાળા વાતાવરણમાં કેટલીક દૈવી વૃત્તિ તથા પ્રવૃત્તિવાળી વ્યક્તિઓનો પણ વાસ હતો. એવી વિશુદ્ધ વિરલ વ્યક્તિઓમાં મંદોદરી એક હતી. એ એક સાચી સન્નારી હોવાથી એણે રાવણને રામ પ્રત્યેના વેરભાવને પરિત્યાગવા અને સીતાને પાછી સોંપવા માટે પ્રાર્થના કરી. એમ કરવાથી તમારું જીવન તો નિર્ભય, સુરક્ષિત અને સુખી બનશે જ પરંતુ સાથે સાથે મારું અને સમસ્ત લંકાનું સદભાગ્ય પણ સચવાશે એવું પણ જણાવ્યું. તોપણ રાવણ પર કશી અસર ના થઈ. એની બુદ્ધિ

બદલાઈ નહીં. એના અભિમાનનો અંશ પણ ઓછો ના થયો. એણે કહ્યું કે મારા બાહુબળની આગળ ટકી શકે એવો પુરુષ સંસારમાં છે જ કોણ ? મારો સફળતાસહિત સામનો કરવાનું સામર્થ્ય કોઈનામાં નથી.

સભાજનો અથવા મંત્રીઓ પણ મોટેભાગે એની અનીતિનું સમર્થન કરનારા હતા. એમણે એને આડકતરી રીતે ઉત્તેજન આપતાં જણાવ્યું કે સમુદ્ર પર સેતુની રચના થવાથી ચિંતીત કે ભયભીત થવા જેવું કશું જ નથી. વાનર તો અમારા આહાર જેવા છે.

રાવણપુત્ર પ્રહસ્ત સંસ્કારી અને સમજુ હતો. એણે રાવણને સાચી શિખામણ આપતાં જણાવ્યું કે મંત્રીઓની મતિ થોડી છે. સાચું કલ્યાણ સીતાને માટે પવિત્રભાવ સેવીને એને પાછી સોંપવામાં રહેલું છે. પરંતુ રાવણે એની શિખામણ માની નહીં. જેનો સર્વનાશ સમીપ હોય તેને સદબુદ્ધિ નથી સુઝતી. હિતનાં વચન એને અહિતનાં અને અહિતનાં હિતનાં લાગે છે.

રાવણે પોતાની માયાથી રામનું ધડથી અલગ કરાયેલું મસ્તક સીતાની આગળ રજૂ કર્યું અને રામાદિના નાશના સમાચાર સંભળાવ્યા. એથી સીતાનો શોક પરાકાષ્ઠાએ પહોંચ્યો ત્યારે અશોકવાટિકાની સરમા નામની સખી સમી રાક્ષસીએ રાવણની માયાનું રહસ્યોદઘાટન કરીને એને શાંતિ, ધીરજ અને હિંમત આપી. સરમાએ ઉપસંહારમાં જણાવ્યું :

तदेषा निश्चिता बुद्धिर्मृत्युलोभादुपस्थिता ।
भयान्न शक्तस्त्वां मोक्तुमनिरस्तस्तु संयुगे ।
राक्षसानां च सर्वेषामात्मनश्च वधेन हि ॥३४.२५॥
निहत्य रावणं सङ्ख्ये सर्वथा निशितैः शरैः ।
प्रतिनेष्यति रामस्त्वामयोध्यामसितेक्षणे ॥३४.२६॥

"રાવણના શિર પર કાળ નાચી રહ્યો છે. એટલા માટે મનમાં મૃત્યુની મોહિની પેદા થઈ છે, અને તને પાછી ના સોંપવાની હઠ પેદા થઈ છે. યુદ્ધમાં રાક્ષસોના સંહાર અને પોતાના વધ દ્વારા એ ખેદાનમેદાન થશે નહીં ત્યાંસુધી કેવળ ભય બતાવવાથી એ તને નહીં છોડે. એનું પરિણામ એ આવશે કે ભગવાન રામ સંગ્રામમાં પોતાના સુતીક્ષ્ણ બાણોથી રાવણનો નાશ કરીને તને અયોધ્યા લઈ જશે." (સર્ગ ૩૪, ૨૫-૨૬)

માલ્યવાને રાવણને સર્વનાશમાંથી બચવા માટે રામની સાથે સંધિ કરી લેવાની સલાહ આપી, પરંતુ એ સલાહ એને રુચી નહીં.

*

રાતે વાનરસેનાના કેટલાક યોદ્ધા સાથે સુવેલ પર્વત પર પહોંચીને રામે વીસ યોજન લાંબી ને દસ યોજન પહોળી લંકાપુરીનું નિરીક્ષણ કર્યું. રામચરિતમાનસમાં એ વખતનું વર્ણન કરતાં કહ્યું છે કે લંકાના પર્વતશિખર પર રાવણનો રસોત્સવ ચાલી રહેલો. રાવણના મસ્તક પરનું છત્ર વાદળની ઘટા જેવું દેખાતું. મંદોદરીના કંઠનાં, કાનનાં ને બીજા આભૂષણો ચપલાની પેઠે ચમકતાં. મૃદંગનો અને અન્ય વાદ્યોનો સ્વર સંભળાતો તે વાદળના ગડગડાટનો ભાસ કરાવતો. રામે રાવણનો અહંકાર શમાવવા એક જ બાણના પ્રયોગથી છત્ર, મુકુટ, કુંડળને ધરતી પર ઢાળી દીધાં. પોતાનું કાર્ય પૂરું કરીને બાણ પાછું ફર્યું. એ ઘટનાના રહસ્યની કોઈને ખબર ના પડી. ધરતીકંપ ના થયો. વાયુ પણ ના વાયો, અસ્ત્ર કે શસ્ત્રનો પ્રયોગ પણ

જણાયો નહીં, અને એ છતાં પણ એવી અશુભ ઘટના બનવાથી સૌને સ્વાભાવિક રીતે જ ચિંતા થઈ અને આશંકા જાગી. મંદોદરીએ મહેલમાં જઈને રાવણને ફરીવાર સમજાવી જોયો તોપણ એ સમજ્યો નહીં. એણે જણાવ્યું કે રામ કરતાં મારી યોગ્યતા ઘણી વધારે હોવાથી તારે કે મારે ડરવાનું કોઈ કારણ નથી. મંદોદરીએ રામનું વર્ણન કરતાં સુંદર શબ્દોમાં કહેલું : "રામના પગમાં પાતાળ, મસ્તકમાં બ્રહ્મલોક, અંગપ્રત્યંગમાં બીજા લોકો છે. એમની ભ્રુકુટિનો વિલાસ કાળ છે. નયનમાં સૂર્ય છે. એમનું નાક, અશ્વિનીકુમાર છે. નિમેષ દિવસરાત અને શ્રવણ દિશા છે. અહંકાર શિવ, બુદ્ધિ બ્રહ્મા અને મન ચંદ્ર છે. એ મનુષ્યરૂપે હોવા છતાં ચરાચરરૂપે સર્વત્ર વસેલા છે."

*

રામે અંગદને રાવણ પાસે દૂત તરીકે મોકલીને એને સર્વનાશમાંથી ઉગરવાનો એક અવસર આપ્યો. એમને યુદ્ધ દ્વારા કરવામાં આવનારો કોઈનોય નાશ પસંદ નહોતો. સ્નેહ, સમજાવટ, અને શાંતિથી ધારેલા હેતુની સિદ્ધિ કરવાની એમની અભિલાષા હતી. એટલા માટે જ એમણે અંગદને રાવણની સભામાં મોકલ્યો. અને શાંતિ માટે પ્રયાસ કરી જોયો. પરંતુ એક હાથે તાળી નથી વાગતી. રાવણ એ અવસરનો લાભ લઈ શક્યો નહીં. એણે એ અદભુત દેવદીધેલ અવસરને ખોઈ નાખ્યો. અંગદે આપેલી શિખામણ એને કડવી લાગી. એણે પોતાની ભૂલને સુધારવાને બદલે ઢાંકવા માંડી. એની ભયંકર ઉન્માદાવસ્થાનો અંત આવ્યો નહીં. પરિણામે યુદ્ધ એકદમ અનિવાર્ય આવશ્યક બન્યું.

અંગદ અને રાવણના સંવાદનું વર્ણન સંત તુલસીદાસે રામચરિતમાનસમાં ખૂબ જ વિસ્તારથી અને રોચક રીતે કરેલું છે.

અંગદે એ સંવાદમાં રાવણને પૂછ્યું કે સંસારમાં રાવણ કેટલા છે અને તું એમનામાંથી કયો છે ? એક રાવણ તો રાજા બલિને જીતવા પાતાળમાં ગયેલો ત્યારે બાળકોએ એને અશ્વશાળામાં બાંધી રાખેલો. બલિએ એને દયાને લીધે છોડાવેલો. બીજો રાવણ સહસ્ત્રાર્જુનને દેખીને જંતુવિશેષની જેમ નાસવા લાગેલો ત્યારે સહસ્ત્રાર્જુને એને પોતાના પ્રાસાદમાં પૂરી રાખેલો. પુલત્સ્યમુનિ છેવટે એને છોડાવી લાવેલા. ત્રીજા રાવણને વાલીએ પોતાના બાહુથી દબાવેલો.

અંગદે એને રામશરણ લેવાની સલાહ આપી. એને એ સલાહ ગમી નહીં. એણે અંગદને ને રામલક્ષ્મણ સાથે સઘળા વાનરવીરોને પકડવાની તથા મારી નાખવાની આજ્ઞા કરી.

રાવણની આ આજ્ઞા સાંભળીને સભાજનોમાંથી કોઈને પણ પોતાના પગને ખસેડવાની શક્તિ બતાવવા અંગદે આહ્વાન કર્યું. ઈન્દ્રજીત જેવા યોદ્ધાઓ ઘણો પ્રયત્ન કરવા છતાં પણ અંગદના પગને ખસેડી શક્યા નહીં ત્યારે રાવણ ઊઠ્યો, એટલે અંગદે જણાવ્યું કે મારો પગ પકડવાથી તારું કલ્યાણ નહિ થાય. તારો ઉદ્ધાર કરવો હોય તો રામના ચરણને પકડી લે. એ સાંભળીને ખિસિયાણો પડેલો રાવણ બેસી ગયો.

વાલ્મીકિ રામાયણ વર્ણવે છે :

ग्राहयामास तारेयः स्वयमात्मानमात्मवान् ।
बलं दर्शयितुं वीरो यातुधानगणे तदा ॥४१.८५॥

स तान् बाहुद्वये सक्तानादाय पतगानिव ।
प्रासादं शैलसङ्कासमुत्पपाताङ्गदस्तदा ॥४१.८६॥
तेऽन्तरिक्षाद्विनिर्धूतास्तस्य वेगेन राक्षसाः ।
भूमौ निपतिताः सर्वे राक्षसेन्द्रस्य पश्यतः ॥४१.८७॥

"આત્મશક્તિથી સંપન્ન તારાકુમાર અંગદે રાક્ષસોને પોતાનું પરાક્રમ બતાવવા માટે પોતાની મેળે જ પોતાની જાતને પકડાવી દીધી. પછી પોતાની બંને ભુજામાં પોતાને પકડનારા ચારે રાક્ષસોને ઝકડીને પક્ષીની પેઠે, પર્વતશિખર જેવી ઊંચી મહેલની અગાસી પર પહોંચી ગયો. એના ભયંકર ઊછાળાથી એ બધા રાક્ષસો ધ્રુજી ઉઠ્યા ને રાવણના દેખતાં દેખતાં જ ધરતી પર ઢળી પડ્યા." (સર્ગ ૪૧, શ્લોક ૮૫ થી ૮૭)

પોતાના પાદપ્રહારથી અંગદે રાવણના રાજપ્રાસાદની અગાસીને તોડી નાખી. પછી સિંહનાદ કરીને આકાશમાર્ગ દ્વારા રામને મળવા માટે પ્રયાણ કર્યું.

* * *

## ૧૨. રામનો રાજ્યાભિષેક

મિથ્યાભિમાન, મમત અને સ્ત્રીનો મોહ સર્વનાશના બીજ વાવે છે તથા મહાભીષણ સર્વસંહારક સંગ્રામનું સર્જન કરે છે. વ્યક્તિ તથા સમષ્ટિને દુઃખના દાવાનળમાં ધકેલી દે છે. એ સનાતન સર્વોપયોગી સંદેશ રામાયણમાંથી અને રાવણના જીવન દ્વારા સહેલાઈથી મળી રહે છે. મિથ્યાભિમાની રાવણ છેવટ સુધી સમજ્યો નહીં અને લડવા માટે તૈયાર થયો એટલે વાનરસેનાએ રામ અને લક્ષ્મણના મંગલ માર્ગદર્શન પ્રમાણે લંકાને ઘેરી લઈને એની ઉપર આક્રમણ કર્યું. વાનરોની સો અક્ષૌહિણી સેનાના સમાચારથી લંકાવાસીઓનો વિસ્મય અને ભય વધી ગયો.

રાક્ષસવીરો અને વાનરવીરોનો ભીષણ સંગ્રામ શરુ થયો.

વાનરોના અદૃષ્ટપૂર્વ પરાક્રમથી લંકાવાસીઓ રાવણને દોષ દેવા લાગ્યા.

हाहाकार भयउ पुर भारी । रोवहिं बालक आतुर नारी ॥

રાક્ષસોને રણમાંથી પાછા ફરતા જોઈને રાવણે એમને ઉત્સાહિત કર્યા ને ધમકાવીને જણાવ્યું કે જે રણમાંથી હારીને પાછા ફરશે તેમનો તલવારથી શિરચ્છેદ કરવામાં આવશે.

जो रन बिमुख सुना मैं काना । सो मैं हतब कराल कृपाना ॥

*

અડધા જેટલી સેનાનો સંહાર થયેલો જોઈને રાવણે મંત્રી માલ્યવાનની સલાહ લીધી. માલ્યવાન બોલ્યો કે જ્યારથી સીતાને હરી લાવવામાં આવી છે ત્યારથી અસંખ્ય અનર્થો થઈ રહ્યા છે. વેદ તથા પુરાણે જેમની પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરી છે તે રામથી વિમુખ થવાથી કોઈને પણ સુખ નથી મળી શક્યું. માટે વેર છોડીને સીતાને સોંપી દો ને રામની ભક્તિ કરો.

એની સલાહ રાવણને જરાપણ ના ગમી. એણે એનું અપમાન કર્યું. રાવણપુત્ર મેઘનાદ અથવા ઈન્દ્રજીત રાવણને હિંમત આપીને લડવા નીકળ્યો. એણે ભીષણ યુદ્ધ આદરીને રામ તથા લક્ષ્મણને નાગપાશથી બાંધી દીધા. એ દેખીને રાક્ષસોની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. છેવટે મહાબલી વિનતાનંદન ગરુડે આવીને એમને નાગપાશમાંથી મુક્ત કર્યા. ગરુડજી દિવ્ય પુષ્પોની માળા, દિવ્ય અંગરાગ, આભૂષણ અને બે પવિત્ર વસ્ત્રોથી અલંકૃત હતા.

वैनतेयेन संस्पृष्टास्तयोः संरुरुहुर्व्रणाः ।
सुवर्णे च तनू स्निग्धे तयोराशु बभूवतुः ॥५०.३९॥
तेजो वीर्यं बलं चौज उत्साहश्च महागुणः ।
प्रदर्शनं च बुद्धिश्च स्मृतिश्च द्विगुणं तयोः ॥५०.४०॥

"એમના સંજીવનસ્પર્શથી રામ તથા લક્ષ્મણના સઘળા ઘા પૂરાઈ ગયા અને એમના અંગ અવનવીન કાંતિથી યુક્ત અને કોમળ બન્યાં. એમનામાં તેજ, વીર્ય, બળ, ઓજસ, ઉત્સાહ, દૃષ્ટિ તથા સ્મરણશક્તિ અને બુદ્ધિ તેમજ બીજા મહાન ગુણો પહેલાં કરતાં બમણા બની ગયા." (સર્ગ ૫૦, ૩૯-૪૦)

**કુંભકર્ણનો નાશ**

રાક્ષસો સાથે યુદ્ધ કરવાનું કાર્ય સામાન્ય રીતે સહેલું નહોતું કારણ કે એમનામાં અસંખ્ય અસાધારણ આસુરી શક્તિઓ ભરેલી. એ શક્તિઓનો આશ્રય લઈને એ પ્રતિપક્ષીને મૂંઝવી નાખતા અને પરાજીત કરતા. તોપણ રામની કૃપાથી વાનરોએ એમનો સહેલાઈથી સંહાર કરવા માંડ્યો, એટલે અતિશય ચિંતાતુર બનેલો રાવણ કુંભકર્ણ પાસે પહોંચ્યો.

કુંભકર્ણને માંડમાંડ કરીને જગાડીને રાવણે સીતાહરણની, રામ સાથેના વેરની ને સંગ્રામની સઘળી કથા કહી સંભળાવી. કુંભકર્ણ એ સાંભળીને દુઃખી થયો. એણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે તેં જે કાંઈ કર્યું છે તે સારૂં નથી કર્યું. તેં હાથે કરીને નાશ નોંતર્યો છે. હજુ પણ અહંકારને છોડીને રામનું શરણે લે ને ભૂલને સુધારી લે તો તારું કલ્યાણ થશે.

भूल न कीन्ह तैं निसिचर नाहा । अब मोहि आइ जगाएहि काहा ॥
अजहूँ तात त्यागि अभिमाना । भजहु राम होइहि कल्याना ॥

કુંભકર્ણે રાવણના મસ્તક પર ભમતા કાળને કલ્પીને કહ્યું : "તને તારા પાપકર્મનું ફળ તરત જ મળી ગયું. કુકર્મી પુરુષોનો નરકવાસ નિશ્ચિત હોય છે તેવી રીતે તને પણ કુકર્મનું ફળ મળવાનું નક્કી હતું. બળના મિથ્યા ઘમંડને લીધે તેં પહેલાં પાપકર્મની પરવા કરી નહીં. એના પરિણામનો સહેજ પણ વિચાર ના કર્યો." (સર્ગ ૬૩, શ્લોક ૩-૪)

शीघ्रं खल्वभ्युपेतं त्वां फलं पापस्य कर्मणः ।
निरयेष्वेव पतनं यथा दुष्कृतकर्मणः ॥६३.३॥
प्रथमं वै महाराज कृत्यमेतदचिन्तितम् ।
केवलं वीर्यदर्पेण नानुबन्धो विचारितः ॥६३.४॥

રાવણે એને અનેક રીતે સમજાવ્યો એટલે એ યુદ્ધમાં મદદ કરવા તૈયાર થયો. એ બોલ્યો : "આજે યુદ્ધના મેદાનમાં મારી દ્વારા રામલક્ષ્મણ માર્યા ગયા પછી તું જોજે કે વાનરોની સેના કેવી રીતે નાસવા માંડે છે. આજે હું સંગ્રામભૂમિમાંથી રામનું મસ્તક કાપી લાવીશ. તેને દેખીને તને સુખ થશે ને સીતા દુઃખમાં ડૂબી જશે." (શ્લોક ૩૫-૩૬)

अद्य पश्य महाबाहो मया समरमूर्धनि ।
हते रामे सह भ्रात्रा द्रवन्तीं परवाहिनीम् ॥६३.३५॥
अद्य रामस्य तद् दृष्ट्वा मया ऽ ऽनीतं रणाच्छिरः ।
सुखी भव महाबाहो सीता भवतु दुःखिता ॥६३.३६॥

સમજુ માણસ પણ જો અધર્મ, અન્યાય, અનાચારને જાણવા છતાં પણ એના આચરનારાને છોડી દેવાને બદલે સાથ આપે તો સમજણનું મૂલ્ય શું ? વિભીષણ તથા કુંભકર્ણની વૃત્તિ અને પ્રવૃત્તિ વિરોધાભાસી છે. એ બંને રાવણના અનાચારને સમજતા હોવા છતાં પણ જુદાજુદા માર્ગે આગળ વધ્યા. એકે રાવણનો સંબંધવિચ્છેદ કરીને રામનું - સત્યનું ને સદાચારનું શરણ લીધું. તો બીજાએ રાવણનો - અસત્ય, અનીતિ અને અનાચારનો પક્ષ લઈને એના તરફથી યુદ્ધ આદર્યું. સમજુ માણસો અસત્યને છોડીને સત્યને ને

સત્યનિષ્ઠ પુરુષોને સાથ આપે તો સમાજનું સ્વરૂપ બદલાઈ જાય. કમનસીબે એવું નથી થતું. કુંભકર્ણમાં એટલી નૈતિક હિંમત ન હતી. પરિણામે એનો નાશ થયો. પાપપરાયણ વ્યક્તિનો તો છિદ્રવાળી નૌકાની પેઠે નાશ થાય છે જ, પરંતુ એને સાથ આપનારા પણ નૌકામાં બેઠેલી વ્યક્તિની પેઠે નાશ પામે છે. વિભીષણના વિષયમાં એથી ઉલટું થયું. રામની સાથે રહીને એ સુખ, શાંતિ, સંપત્તિ પામ્યો તથા કલ્યાણ કરી ગયો. માનવને રામભક્ત વિભીષણ થવું છે કે રાવણપ્રેમી કુંભકર્ણ બનવું છે તે નક્કી કરી લેવાનું છે.

યુદ્ધના મેદાનમાં કુંભકર્ણે માયા તો ઘણી કરી; વાનરોને મૂંઝવ્યા ને માર્યા પણ ખરા; પરંતુ છેવટે રામની આગળ એનું કશું ના ચાલ્યું. વિભીષણને જોઈને એને અભિનંદન આપતાં એણે કહ્યું કે તેં શ્રીરામનું શરણ લીધું છે તે સારું કર્યું છે. રાક્ષસોમાં એક તેં જ સત્યની ને ધર્મની રક્ષા કરી છે. રામની કૃપાથી તું રાજ્યપ્રાપ્તિ કરીને સર્વપ્રકારે સુખી થઈશ.

રામના બાણથી કુંભકર્ણનું મસ્તક ધડથી અલગ થઈને લંકાપુરીમાં પડ્યું. ધડ સમુદ્રમાં પડ્યું.

રાવણ એ જાણીને વિલાપ કરવા લાગ્યો.

**ઈન્દ્રજીતવધ**

પરંતુ કેવળ વિલાપ કરવાથી શું વળે ? વિલાપના કારણને વિચારીને એણે એના જીવનને સુધાર્યું હોત તો સારું હતું. હજુપણ વધારે મોડું નહોતું થયું. જેને સુધરવું હોય છે તે તો જીવનની છેલ્લી ક્ષણે પણ સુધરી શકે છે. પરંતુ રાવણને સુધરવું નહોતું. જીવનને બદલે મરવું હતું એટલે એને સન્માર્ગ ના સુઝ્યો. એને મોહમદિરા પાઈને પ્રમત્ત બનાવનારા સાથીઓ પણ મળેલા. એનો પુત્ર ઈન્દ્રજીત એવો જ હતો. એણે એને હિંમત આપતા જણાવ્યું :

न तात मोहं प्रतिगन्तुमर्हसि यत्रेन्द्रजिज्जीवति राक्षसेन्द्र ।
नेन्द्रारिबाणाभिहतो हि कश्चित् प्राणान् समर्थः समरे ऽभिपातुम् ॥७३.४॥
पश्याद्य रामं सह लक्ष्मणेन मद्वाणनिर्भिन्नविकीर्णदेहम् ।
गतायुषं भूमितले शयानं शितैः शरैराचितसर्वगात्रम् ॥७३.५॥

"તાત ! રાક્ષસરાજ ! ઈન્દ્રજીત જીવે છે ત્યાં સુધી ચિંતા ના કરો. મોહમાં ના પડો. આ ઈન્દ્રજીતના બાણોથી ઘાયલ બનીને સમરાંગણમાં કોઈપણ પોતાની પ્રાણરક્ષા નથી કરી શકે તેમ. આજે હું રામ અને લક્ષ્મણના શરીરને બાણોથી ભેદીને એમના અંગપ્રત્યંગને તીક્ષ્ણ બાણોથી ભરી દઈશ. એ બંને બંધુ નિર્જીવ બનીને આજે ધરતી પર ઢળી પડશે." (સર્ગ ૭૩, શ્લોક ૪-૫)

ઈન્દ્રજીતે યુદ્ધભૂમિમાં પ્રખર પરાક્રમ બતાવ્યું. એ પરાક્રમની પરાકાષ્ઠારૂપે બ્રહ્માસ્ત્રના પ્રયોગથી વાનરસેનાના મોટાભાગ સહિત રામ-લક્ષ્મણને અચેત કરી દીધા.

રામચરિતમાનસમાં જણાવ્યું છે કે ઈન્દ્રજીતની ભયંકર શક્તિના પ્રહારથી એકલો લક્ષ્મણ અચેત બન્યો. ઈન્દ્રજીતે અને અન્ય યોદ્ધાઓએ એના શરીરને ઉપાડવાનો પ્રયાસ કર્યો તોપણ એ ઉપાડી શકાયું નહીં. વાનરસેનામાં વિષાદ ફરી વળ્યો.

લંકામાંથી હનુમાનજી સુષેણ વૈદને લઈ આવ્યા. એમણે હિમાલય પર્વત પરથી અમોઘ અલૌકિક ઔષધિનો નિર્દેશ કર્યો. એ નિર્દેશને અનુસરીને હનુમાને રાતે ઔષધ લેવા માટે પ્રયાણ કર્યું.

સાચા સેવકની એ વિશેષતા છે. એ દિવસ કે રાતનો વિચાર નથી કરતો. સેવાને જ અગત્ય આપે છે. સેવામાં જ સુખ સમજે છે, શાંતિ અનુભવે છે, આરામ ગણે છે ને મેવા માને છે. બીજો કોઈક સામાન્ય નામધારી સેવક હોત તો અત્યારે રાતનો વખત છે, સુવાનો કે આરામ કરવાનો અવસર છે, સવારે અથવા થોડોક આરામ કરીને જઉં તો નહીં ચાલે ? બીજા કોઈને મોકલો તો ? એવી એવી દલીલો કરત. પરંતુ આ તો સેવાધર્મના સ્વામી, એકનિષ્ઠ આરાધક અથવા આચાર્ય હનુમાનજી હતા. એમને એવી દલીલો સુઝે જ કેવી રીતે ? રામકાર્યને પોતાનું કલ્યાણકાર્ય સમજીને એ ચાલી નીકળ્યા.

વાલ્મીકિ રામાયણમાં સુષેણ વૈદનો એવો ઉલ્લેખ નથી આવતો. તુલસીકૃત રામાયણમાં ઔષધિ માટે જતા હનુમાનને રસ્તામાં કાલનેમિ રાક્ષસ મળે છે એવી વાત આવે છે. તે વાત પણ વાલ્મીકિ રામાયણમાં નથી આવતી. રાવણની આજ્ઞાનુસાર કાલનેમિ રાક્ષસે ઈચ્છા ના હોવા છતાં માર્ગમાં માયાથી મુનિવેશ ધારણ કર્યો અને આશ્રમ રચ્યો. હનુમાન એને મળવા ગયા ત્યારે એણે રામગુણ ગાવાનું શરૂ કરીને કહ્યું કે રામ તથા રાવણનું મહાભયંકર યુદ્ધ થશે અને એમાં રામ જીતી જશે. મને સાંપડેલી જ્ઞાનદૃષ્ટિથી હું એ જોઈ શકું છું.

હનુમાને એની પાસેથી દીક્ષા લેવાની ઈચ્છા બતાવીને સમીપવર્તી સરોવરમાં સ્નાનાદિ માટે પ્રવેશ કર્યો. એમના પગ નીચે કચરાઈને મૃત્યુ પામેલી મગરીએ મૃત્યુ પહેલાં જણાવ્યું કે એ મુનિ નથી પરંતુ ભયંકર રાક્ષસ છે.

હનુમાને કાલનેમિને પહેલાં ગુરુદક્ષિણા લેવા જણાવ્યું. એને ઉચકીને પૃથ્વી પર પછાડ્યો. એણે મરતાં પહેલાં રાક્ષસરૂપ ધારીને રામનામ સાથે દેહત્યાગ કર્યો.

*

અલૌકિક ઔષધિઓને ઓળખી ના શકવાથી હનુમાનજીએ હિમાલયના શિખરને ઉપાડીને ચાલવા માંડ્યું. એ વખતે માર્ગમાં તુલસીદાસજીએ કાવ્યોચિત કલ્પનાશક્તિનો આશ્રય લઈને એમનો ને ભરતનો મેળાપ કરાવ્યો છે. વાલ્મીકિ રામાયણમાં એવા મેળાપનો ઉલ્લેખ નથી આવતો. તુલસીકૃત રામાયણની એ આગવી વિશેષતા કે મૌલિકતા છે.

અયોધ્યાપુરી પરથી પસાર થતા પવનસુત હનુમાનને નિશાચર માનીને ભરતે ફરા વિનાનું બાણ માર્યું. હનુમાનજી રામના મધુર નામોચ્ચાર સાથે પૃથ્વી પર પડ્યા. ભરતને એમને દેખીને દુઃખ થયું. જે કર્મે મને રામથી વિમુખ કર્યો તેજ કર્મે આ દારુણ દુઃખ વરસાવ્યું. આ કોઈ નિશાચર નથી પરંતુ રામભક્ત છે. મને મોટો દોષ લાગ્યો. મન, વચન, કાયાથી જો મારી રામના ચરણકમળમાં પ્રીતિ હોય અને રામની મારા પર કૃપા હોય તો આમનું દુઃખ દૂર થાવ અને આ શ્રમમાંથી મુક્ત બની જાવ.

હનુમાન રામનામ લઈને તરત જ જાગ્રત થયા. ભરતના પૂછવાથી એમણે રામની સઘળી કથા કહી સંભળાવી. ભરતને થયું તો ખરું કે હું રામના કોઈયે કામમાં આવ્યો નહીં. તોપણ એણે ધીરજ ધારણ કરીને

જણાવ્યું કે મારા બાણ પર પર્વતશિખર સાથે ચઢી જાવ તો વહેલી તકે રામલક્ષ્મણ પાસે પહોંચાડી દઉં. હનુમાને કહ્યું કે રામની અનંત કૃપાથી હું સમયસર પહોંચી જઈશ અને એમણે પ્રસ્થાન કર્યું.

ભરતના શબ્દો ઘણા સુંદર અને સૂચક છે. "प्रभु के एकहु काज न आयउँ ।" પ્રભુના એકે કામમાં ના આવ્યો. માનવે પોતાની જાતને પૂછવું જોઈએ કે જીવન ભગવાનને માટે વપરાય છે ખરું ? એની દ્વારા ભગવાનનું સેવાકાર્ય કરાય છે કે પછી વિષયોનું સેવન જ થઈ રહ્યું છે ?

હનુમાનજીએ આણેલી અલૌકિક ઔષધિ અથવા સંજીવની બૂટીના પ્રયોગથી રામ, લક્ષ્મણ અને વાનરયોદ્ધાઓને (રામચરિતમાનસ પ્રમાણે એકલા લક્ષ્મણને) નવજીવનની પ્રાપ્તિ થઈ.

રામચરિતમાનસમાં લક્ષ્મણની અચેતાવસ્થામાં રામે કરેલા માનવસહજ વિલાપનું વર્ણન છે. જગતમાં બધું મળે પરંતુ સગા ભાઈનું મળવું મુશ્કેલ છે. પંખી પાંખ વિના, નાગ મણિ વિના, હાથી સૂંઢ વિના દીન બની જાય છે. તેમ હે ભાઈ, મારું જીવન પણ તારા વિના દીન છે.

એટલામાં તો કરુણા વચ્ચે વીરરસની જેમ હનુમાનજી આવી પહોંચ્યા.

प्रभु प्रलाप सुनि कान बिकल भए बानर निकर ।
आइ गयउ हनुमान जिमि करुना महँ बीर रस ॥६१॥

*

મેઘનાદ અથવા ઈન્દ્રજીત યુદ્ધમાં પુનઃ પોતાનું પરાક્રમ બતાવવા લાગ્યો. એ પરાક્રમ અધુરું લાગવાથી નિકુંભિલા મંદિરમાં જઈને યજ્ઞ કરવા માંડ્યો. વિભીષણની સુચનાનુસાર લક્ષ્મણે સેના સહિત પહોંચીને એ યજ્ઞનો વિધ્વંસ કર્યો. ઈન્દ્રજીત તથા લક્ષ્મણ વચ્ચે ઘોર યુદ્ધ ફાટી નીકળ્યું. લક્ષ્મણે છેવટે ભયંકર અસ્ત્રપ્રયોગથી ઈન્દ્રજીતના મસ્તકને ધડથી કાપીને ધરતી પર ઢાળી દીધું.

ઈન્દ્રજીત મરાયો અને સમરાંગણમાં સુઈ ગયો એ જોઈને હજારો રાક્ષસોમાંથી એકપણ રાક્ષસ ત્યાં ઊભો રહ્યો નહીં. ઋષિમુનિઓ, મનુષ્યો, દેવો અને ઈન્દ્ર સર્વે આનંદ પામ્યા.

દુર્જનનો અંત સૌને સારુ સુખદ હોય છે અને સજ્જનનો અતિશય દુઃખદ થઈ પડે છે. માનવે પોતાના અંતને સુખદ કરવો કે દુઃખદ એ એના હાથની વાત છે. એને માટે અત્યારથી જ પુરુષાર્થપરાયણ બનવું ઘટે.

**રાવણનો નાશ**

કુંભકર્ણનો અને ઈન્દ્રજીતનો નાશ રાવણને માટે મહાન પડકારરૂપ હતો. એ પડકારને એણે સાંભળ્યો હોત તો એનું અને લંકાનું ભાગ્ય બદલાઈ જાત. પરંતુ એમાંથી આવશ્યક બોધપાઠ ગ્રહણ કરવાને બદલે મિથ્યાભિમાનથી પ્રેરાઈને હાર્યો જુગારી બમણું રમેની નીતિને એણે અપનાવી. સંગ્રામનો સઘળો આધાર હવે એના પર હોવાથી એ યુદ્ધ ચઢ્યો.

એણે પોતાના પ્રખર પરાક્રમથી વાનરોનો સંહાર કરવા માંડ્યો. લક્ષ્મણને શક્તિપ્રયોગ દ્વારા અચેત કરી દીધો. એ જોઈને રામ શોક કરવા લાગ્યા. ઈન્દ્રજીતના શક્તિપ્રયોગથી અચેત બનેલા લક્ષ્મણને માટે તુલસીકૃત રામાયણમાં રામે જેવો શોક પ્રકટ કર્યો છે તેવો જ શોક વાલ્મીકિ રામાયણમાં આ પ્રસંગે કર્યો છે :

"મારી અંદર અહર્નિશ અખંડ અનુરાગ રાખનારા મારા પ્રિય બંધુની યુદ્ધ કરનારા રાક્ષસે આજે આવી દશા કરી દીધી. દરેક દેશમાં સ્ત્રીઓ મળે છે, જુદાજુદા પ્રદેશોમાં જાતિબંધુ મળે છે, પરંતુ જ્યાં સહોદર ભાઈ મળતો હોય એવો કોઈયે દેશ મને નથી દેખાતો. દુર્ધર્ષ વીર લક્ષ્મણ વિના હું રાજ્યને મેળવીને શું કરીશ ? પુત્રવત્સલ માતા સુમિત્રાને શું કહીશ ?" (સર્ગ ૧૦૧, શ્લોક ૧૪-૧૬)

देशे देशे कलत्राणि देशे देशे च बान्धवाः ।
तं तु देशं न पश्यामि यत्र भ्राता सहोदरः ॥१०१.१४॥
किं नु राज्ये दुर्धर्षलक्ष्मणेन विना मम ।
कथं वक्ष्याम्यहं त्वम्बां सुमित्रां पुत्रवत्सलाम् ॥१०१.१६॥

"ભાઈ ! તારા સિવાય હું રડું છું. તું કેમ બોલતો નથી ? પ્રિય બંધુ ! ઊઠ. આંખ ખોલીને જો તો ખરો, કેમ સુઈ રહ્યો છે ? હું ખૂબ જ દુઃખી છું. મારા પર દૃષ્ટિપાત કર." (શ્લોક ૨૦-૨૧)

विलपन्तं च मां भ्रातः किमर्थं नावभाषसे ।
उत्तिष्ठ पश्य किं शेषे दीनं मां पश्य चक्षुषा ॥१०१.२२॥

એ વખતે સુષેણ વૈદની સુચનાનુસાર હનુમાનજી મહાકાય પર્વત પરથી ઔષધિઓને (એમની સાથેના શૈલશિખર સહિત) લઈ આવ્યા. એ ઔષધિઓ વિશલ્યકરણી, સાવર્ણ્યકરણી, સંજીવકરણી અને સંધિની કહેવાતી. પહેલી ઔષધિ શરીરમાંથી બાણને બહાર કાઢીને ઘા મટાડતી તથા પીડા હરતી. બીજી શરીરમાં પ્રથમની પેઠે કાંતિ પેદા કરતી. ત્રીજી અચેતાવસ્થાનો અંત આણીને ચેતના લાવતી અને ચોથી ઔષધિ તૂટેલાં હાડકાંને જોડી દેતી.

મહાતેજસ્વી કપિશ્રેષ્ઠ સુષેણે એ ઔષધિને વાટીને એના અર્કને લક્ષ્મણના નાકમાં ભરી દીધો. એને સુંઘવાથી એના અંગમાંથી બાણ બહાર નીકળી આવ્યાં અને એ સ્વસ્થ બનીને તરત જ ઊભો થઈ ગયો.

વાલ્મીકિ રામાયણમાં સુષેણ વૈદને માટે કપિશ્રેષ્ઠ શબ્દ વપરાયો છે. એ બતાવે છે સુષેણનો વાસ લંકામાં નહોતો. એ વાનરોમાંનો જ એક હતો.

રામને રથરહિત જોઈને ઈન્દ્રે એમને માટે રથ મોકલ્યો. રામ એમાં વિરાજીને રાવણ સાથે ભીષણ યુદ્ધ કરવા લાગ્યા. દેવોની સાથે યુદ્ધને જોવા માટે આવેલા અગસ્ત્ય મુનિએ રામને વિજય માટે આદિત્યહૃદય સ્તોત્ર સંભળાવ્યું. એ સ્તોત્ર વાલ્મીકિ રામાયણના યુદ્ધકાંડના ૧૦૫ મા સર્ગમાં આપેલું છે.

સત્યનો જ જય થાય છે. અસત્યનો નથી થતો. ન્યાય અને નીતિ જ શાશ્વત સુખશાંતિ આપે છે, અન્યાય અને અનીતિ નથી આપતી. પાપ અલ્પ અથવા અધિક સમયને માટે સફળ થતું લાગે તોપણ છેવટે નિષ્ફળ નીવડે છે અને પુણ્યને પ્રતિકૂળતા તથા પીડાનો સામનો કરવો પડે તોપણ છેવટે સફળતા વરે છે. રામ અને રાવણના સંબંધમાં પણ એવું જ બન્યું. એ બંનેના અતિશય ભીષણ સંગ્રામ દરમ્યાન રામે બ્રહ્માસ્ત્રના પ્રયોગથી રાવણના હૃદયને વિદીર્ણ કરી નાખ્યું. રાવણ રથ પરથી પૃથ્વી પર પડ્યો. રામનું બાણ પોતાનું પ્રયોજન પૂરું કરીને પુનઃ રામે પાસે પહોંચી ગયું. વાનરસેનામાં આનંદ આનંદ છવાઈ ગયો અને સમસ્ત લંકામાં શોક. રાક્ષસોની શેષ સેના નાસી ગઈ. રઘુનંદન રામનો સર્વત્ર જયજયકાર થઈ રહ્યો.

*

मरणान्तानि वैराणि निर्वृत्तं नः प्रयोजनम् ।
क्रियतामस्य संस्कारो ममाप्येष यथा तव ॥१०९.२५॥

શોકમગ્ન વિભીષણને સાંત્વન આપીને રામે જણાવ્યું : "વિભીષણ ! વેર જીવનપર્યંત રહે છે. મૃત્યુ પછી એનો અંત આવે છે. આપણું પ્રયોજન પૂર્ણ થયું છે. હવે એના સંસ્કાર કરો. એ તમારો સ્નેહપાત્ર છે તેમ મારો પણ સ્નેહભાજન છે." (સર્ગ ૧૦૯, શ્લોક ૨૫)

રામે વિભીષણ પાસે રાવણની ઉત્તરક્રિયા કરાવી.

મંદોદરી વિલાપ કરવા લાગી.

इन्द्रियाणि पुरा जित्वा जितन् त्रिभुवणं त्वया ।
स्मरद्भिरिव तद्वैरमिन्द्रियैरेव निर्जितः ॥१११.१८॥

"નાથ ! ઈન્દ્રિયોને જીતીને જ પહેલાં તમે ત્રિલોક પર વિજય મેળવેલો. એ વેરને યાદ રાખ્યું હોય એમ ઈન્દ્રિયોએ જ હવે તમને પરાજીત કર્યા છે. મેં વારંવાર વીનવ્યા કે રઘુનાથજીની સાથે વેરવિરોધ ના કરો, પણ તમે મારી વાતને માની નહીં. આજે એનું ફળ મળ્યું." (સર્ગ ૧૧૧, શ્લોક ૧૮)

अरुन्धत्या विशिष्टान् तान् रोहिण्याश्चापि दुर्मते ।
सीतान् धर्षयता मान्यां त्वया ह्यसदृशं कृतम् ॥१११.२३॥
वसुधाया हि वसुधां श्रियः श्रीं भर्तृवत्सलाम् ।
सीतां सर्वानवद्याङ्गीमरण्ये विजने शुभाम् ॥१११.२४॥

"દુર્મતે ! ભગવતી સીતા અરુંધતી તથા રોહિણી કરતાં વધારે પતિવ્રતા છે. વસુધાની વસુધા, શ્રીની શ્રી છે. પતિ પ્રત્યે પરમ, અનન્ય અનુરાગ રાખનારી સૌની પૂજ્યા સીતાને તિરસ્કારીને તમે અત્યંત અનુચિત કર્મ કરી બેઠેલા." વાલ્મીકિ રામાયણમાં એ વિલાપ વિસ્તારથી વર્ણવેલો છે.

**સીતાની અગ્નિપરીક્ષા**

રામના આદેશાનુસાર વિભીષણનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

હનુમાને સીતાને રામવિજયના ને સઘળા સમાચાર સંભળાવ્યા ત્યારે સીતાને સંજીવનની સંપ્રાપ્તિ થઈ.

રામે એ અભુતપૂર્વ વિજય તથા પરાક્રમ બદલ વાનરવીરોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો. એમણે કહ્યું, આ વિજય તમારો જ છે. તમારા સ્નેહ, શૌર્ય, સહયોગથી જ હું લડી શક્યો અને સફળ બન્યો. તમારો સદાને માટે ઋણી છું. તમારા સ્નેહનો ને સેવાભાવનો બદલો કોઈયે રીતે ક્યારે પણ વાળી નહીં શકું. તમારો આભાર કયા શબ્દોમાં માનું અને કયા શબ્દો સાથે તમને અભિનંદન આપું ?

રામ વિના એવાં વચનો બીજું કોણ કહી શકે ? એ સાંભળીને સૌની આંખમાં આનંદાશ્રુ આવ્યાં. સૌ એમની પરમ પૂજ્યભાવે પ્રશંસા કરવા લાગ્યા.

પરંતુ એ પછીની પરિસ્થિતિએ જુદો જ વળાંક લીધો. એથી વાતાવરણ અતિશય કરુણ બની ગયું. રામની સુચનાનુસાર વિભીષણે સીતાને એમની આગળ સન્માનસહિત ઉપસ્થિત કરી ત્યારે રામે સૌને એની

શુદ્ધિની ખાતરી કરાવવાના હેતુથી કેટલીક અરુચિકર વાતો કહી. એથી પોતાની પવિત્રતાને પ્રદર્શાવવા સીતાએ અગ્નિપ્રવેશ કરવાનો નિર્ણય કર્યો. રામના આદેશને અનુસરીને લક્ષ્મણે ચિતાને તૈયાર કરી એટલે સીતાએ અગ્નિદેવને ઉદ્દેશીને જણાવ્યું :

यथा मे हृदयं नित्यं नापसर्पति राघवात् ।
तथा लोकस्य साक्षी मां सर्वतः पातु पावकः ॥११६.२५॥

"મારું હૃદય જો એક ક્ષણને માટે પણ શ્રીરામથી દૂર થયું ના હોય તો સમસ્ત સૃષ્ટિના સાક્ષી અગ્નિદેવ મારી સર્વ તરફથી રક્ષા કરો.

यथा मां शुद्धचरितां दुष्टां जानाति राघवः ।
तथा लोकस्य साक्षी मां सर्वतः पातु पावकः ॥११६.२६॥

મારું ચરિત્ર શુદ્ધ હોવા છતાં રામ મને દૂષિત સમજે છે. જો હું સર્વથા નિષ્કલંક હોઉં તો સમસ્ત સૃષ્ટિના સાક્ષી અગ્નિદેવ મારી ચારે તરફથી રક્ષા કરો.

कर्मणा मनसा वाचा यथा नातिचराम्यहम् ।
राघवं सर्वधर्मज्ञं तथा मां पातु पावकः ॥११६.२७॥

મન, વચન, કર્મથી કોઈવાર સર્વ ધર્મોના જ્ઞાતા શ્રીરામનું મેં અતિક્રમણ ના કર્યું હોય તો અગ્નિદેવ મારી રક્ષા કરો.

आदित्योभवान् वायुर्दिशश्चन्द्रस्तथैव च ।
अहश्चापि तथा सन्ध्ये रात्रिश्च पृथिवी तथा ।
यथान्येऽपि विजानन्ति तथा चारित्रसंयुताम् ॥११६.२८॥

જો ભગવાન સૂર્ય, વાયુ, દિશા, ચંદ્ર, દિનરાત, ઉષાસંધ્યા, પૃથ્વી તથા બીજા દેવો પણ મને શુદ્ધ ચરિત્રથી સંપન્ન માનતા હોય તો અગ્નિદેવ મારી બધી બાજુથી રક્ષા કરે." (સર્ગ ૧૧૬, શ્લોક ૨૫ થી ૨૮)

રામચરિતમાનસમાં કહ્યું છે :

जौं मन बच क्रम मम उर माहीं । तजि रघुबीर आन गति नाहीं ॥
तौ कृसानु सब कै गति जाना । मो कहुँ होउ श्रीखंड समाना ॥

સીતાના એ શબ્દો પરથી એની પરમ પવિત્રતાની નિષ્ઠાનો ને ભારતીય સંસ્કૃતિની પાવિત્ર્ય ભાવનાનો ખ્યાલ આવે છે. સ્ત્રીપુરુષનો પારસ્પરિક સંબંધ કેટલો બધો પવિત્ર મનાતો તે સારી રીતે કલ્પી શકાય છે. આજના જમાનામાં એવી સ્ત્રીઓ બહુ ઓછી મળે, અને એવી ઉદાત્ત ભાવનાવાળા પુરુષો પણ વિરલા જ જડે.

સીતાને સારુ અગ્નિજ્વાળા ચંદન જેવી શીતળ થઈ. એમાંથી સીતા સાથે અગ્નિદેવે બહાર આવીને, સીતાની પવિત્રતાની પ્રતીતિ કરાવીને, એનો સહર્ષ સ્વીકાર કરવા માટે રામને જણાવ્યું.

સત્યને, પ્રેમને ને પવિત્રતાને એવી રીતે અનેકવાર અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે. એ પરીક્ષામાંથી એ સારી રીતે સફળતાપૂર્વક પાર ઉતરે છે.

*

એ વખતે દશરથ દિવ્યલોકમાંથી વિમાનમાં વિરાજીને આવી પહોંચ્યા. એમણે રામના કર્તવ્યપાલન બદલ પ્રસન્નતાને પ્રકટ કરીને આશીર્વાદ આપ્યા. લક્ષ્મણને ને સીતાને પણ આશીર્વાદ પ્રદાન કર્યા. એ પછી ઈન્દ્રલોકમાં જવા માટે વિદાય લીધી.

રામની પ્રાર્થના પ્રમાણે ઈન્દ્રે યુદ્ધમાં મરેલા વાનરવીરોને પુનર્જીવિત કર્યાં.

વિભીષણે રામલક્ષ્મણને સન્માનિત કરવાની ઈચ્છા બતાવી ત્યારે રામે જણાવ્યું કે મારું મન હવે ભરતને મળવા માટે આતુર બન્યું છે. એ ઉપરાંત માતાઓને મળવાની ને ગુહ્યદિને જોવાની ઈચ્છા કરી રહ્યું છે.

વાનરોનો સમુચિત સત્કાર કરીને વિભીષણે મનના જેવા વેગવાળા વૈભવશાળી પુષ્પક વિમાનને તૈયાર કર્યું. એમાં બેસીને વિભીષણ, સુગ્રીવ તથા અન્ય વાનરવીરો સાથે રામે અયોધ્યા પ્રતિ પ્રયાણ કર્યું.

રામે રસ્તામાં આવતાં જુદાં જુદાં સ્થળોનો સીતાને પરિચય કરાવ્યો.

ભરદ્વાજ આશ્રમમાં પ્રવેશીને સૌએ એમને પ્રણામ કરીને એમનું આતિથ્ય ગ્રહણ કર્યું. રામે એમને પ્રાર્થના કરી કે અહીંથી અયોધ્યા જતી વખતે રસ્તાનાં સઘળાં વૃક્ષો ફળવાળાં અને મધુની ધારા ટપકાવતાં થઈ જાય. ભરદ્વાજે એ પ્રાર્થના સ્વીકારીને એમની સવિશેષ શક્તિથી સમય પ્રતિકૂળ હોવા છતાં પણ સઘળાં વૃક્ષોને સ્વાદુ ફળોથી ભરી દીધાં.

**અયોધ્યામાં**

નંદિગ્રામ પાસે આવતાં રામે હનુમાનને ભરત પાસે મોકલ્યાં. ભરતનું અંતર રામમિલન માટે અત્યંત આતુર હતું. રામ વિનાની એક ક્ષણ એને માટે યુગ જેવી પસાર થઈ રહેલી. ચૌદ વરસ પૂરાં થવા આવેલા એટલે લોચન રામદર્શન માટે લાલાયિત બનેલાં. અંગેઅંગ આક્રંદ કરવા લાગેલું. કેવો અપાર્થિવ પવિત્ર પ્રખર પ્રેમ ! ભગવાને મળવા માગનારા ભક્તના પ્રાણમાં ભગવાનની કેવી ઝંખના, લગની તથા પ્રીતિ હોવી જોઈએ તે ભરતનું જીવન બતાવી આપે છે.

વિરહના સાગરમાં પડેલા ભરતને ઉગારવા માટે નૌકા બનીને હનુમાનજી આવી પહોંચ્યા. ભરતનો આર્ત અંતરાત્મા આનંદી ઊઠ્યો. હનુમાનજીએ રામકથાને સંક્ષેપમાં છતાં સુંદર રીતે કહી બતાવી.

રામને મળીને ભરતને જે અસાધારણ આનંદ થયો તેનું વર્ણન કોઈપણ કવિ કે કલાકારથી નથી કરી શકાય તેમ. એ આનંદ કેવળ અનુગમગમ્ય હતો. રામ અયોધ્યાપુરીમાં પધાર્યા એટલે પ્રજાજનોની પ્રસન્નતાનો પણ પાર રહ્યો નહીં. વિરહની વ્યથાવાળા ભગવદ્ ભક્તને ભગવાન મળે એવી સૌની દશા થઈ. કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી કૃતાર્થ થઈ.

પુષ્પક વિમાનને પાછું મોકલી દેવામાં આવ્યું.

સૌની અને ભરતની ઈચ્છાથી રામનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

*

રામરાજ્યના સુંદર સુખમય સમયને વર્ણવતાં મહર્ષિ વાલ્મીકિએ લખ્યું છે :

न पर्यदेवन्विधवा न च व्यालकृतं भयम् ।
न व्याधिजं भयन् वापि रामे राज्यं प्रशासति ॥१२८-९९॥
निर्दस्युरभवल्लोको नानर्थः कन् चिदस्पृशत् ।
न च स्म वृद्धा बालानां प्रेतकार्याणि कुर्वते ॥१२८-१००॥
सर्वं मुदितमेवासीत्सर्वो धर्मपरोअभवत् ।
राममेवानुपश्यन्तो नाभ्यहिन्सन्परस्परम् ॥१२८-१०१॥

"શ્રીરામના શાસનકાળ દરમ્યાન કોઈવાર વિધવાઓના વિલાપ સંભળાતા નહોતા. સર્પાદિ ઝેરી જંતુઓનો ભય નહોતો. રોગ પણ નહોતા દેખાતા. ચોર તથા લુંટારાનું નામ પણ સાંભળવા મળતું નહોતું. કોઈ પુરુષ અનર્થકારક કાર્યોમાં ભાગ લેતો નહતો. વૃદ્ધોને બાળકોના અંત્યેષ્ટિસંસ્કાર નહોતા કરવા પડતા. સૌ સદા પ્રસન્ન તથા સુખી રહેતા. સૌ ધર્મપરાયણ હતા. શ્રીરામ પર વારંવાર દૃષ્ટિ રાખીને એકમેકને કોઈવાર કષ્ટ નહોતા પહોંચાડતા. રામના શાસન દરમ્યાન લોકો દીર્ઘાયુ રહેતા, સંતાનવાળા બનતા, એમને કોઈયે પ્રકારનો રોગ કે શોક સતાવતો નહીં." (સર્ગ ૧૨૮, શ્લોક ૯૮ થી ૧૦૧)

नित्यपुष्पा नित्यफलास्तरवः स्कन्धविस्तृताः ।
कालवर्षी च पर्जन्यः सुखस्पर्शश्च मारुतः ॥१२८-१०३॥

"રામના રાજ્યમાં વૃક્ષોનાં મૂળ મજબુત રહેતાં. વૃક્ષો ફળફૂલથી ભરેલાં દેખાતાં, વરસાદ પ્રજાની ઈચ્છા અને આવશ્યકતાનુસાર વરસતો." (શ્લોક ૧૦૩)

आसन् प्रजा धर्मपरा रामे शासति नानृताः ।
सर्वे लक्षणसम्पन्नाः सर्वे धर्मपरायणाः ॥१२८-१०५॥

"બધી પ્રજા ધર્મપરાયણ હતી, અસત્યભાષણ નહોતી કરતી. સૌ ઉત્તમ લક્ષણોથી સંપન્ન અને ધર્મનો આશ્રય લેનારા હતા." (શ્લોક ૧૦૫)

दैहिक दैविक भौतिक तापा । राम राज नहिं काहुहि ब्यापा ॥
सब नर करहिं परस्पर प्रीती । चलहिं स्वधर्म निरत श्रुति नीती ॥

*

अल्पमृत्यु नहिं कवनिउ पीरा । सब सुंदर सब बिरुज सरीरा ॥
नहिं दरिद्र कोउ दुःखी न दीना । नहिं कोउ अबुध न लच्छन हीना ॥

જે રાજ્યના સૂત્રધાર, શાસક અથવા સંચાલક જ સાત્વિક, સદવિચારશીલ અને સત્કર્મપરાયણ હોય તે રાજ્યની પ્રજા પણ વત્તેઓછે અંશે એવી જ બને એમાં કશું આશ્ચર્ય નથી. રાજ્યના શાસકોનો પ્રભાવ પ્રજા પર પડે જ છે. એટલે પ્રજાના અભ્યુત્થાન માટે સારા સદગુણી સત્કર્મપરાયણ આદર્શ શાસકોની અથવા અધિકારીઓની આવશ્યકતા છે.

*

વાલ્મીકિ રામાયણના યુદ્ધકાંડની પરિસમાપ્તિ વખતે એ મહાન ગ્રંથરત્નના શ્રવણમનનની ફળશ્રુતિ કહેવામાં આવી છે. એથી એ મહાન ગ્રંથરત્નની પરિસમાપ્તિ થાય છે એવી છાપ પડે છે. રામકથા એટલે આવીને પૂરી થઈ જાય છે એવું લાગે છે. પરંતુ આગળ પર ઉત્તરકાંડનો આરંભ થાય છે, તેથી કેટલાકને

લાગે છે કે યુદ્ધકાંડના અને ઉત્તરકાંડના લેખન વચ્ચે થોડોક સમય પસાર થયો હોવો જોઈએ. ઉત્તરકાંડના કેટલાક શરૂઆતના સર્ગોની છૂટીછવાયી કથાઓ પરથી કેટલાક માને છે કે તે કાંડ પાછળથી રચાયો હશે.

યુદ્ધકાંડના છેલ્લા ૧૨૮મા સર્ગમાં કહ્યું છેઃ "આ ઋષિપ્રોક્ત આદિકાવ્ય રામાયણ છે. એની પૂર્વકાળમાં મહર્ષિ વાલ્મીકિએ રચના કરેલી. એ ધર્મ, યશ, આયુની અભિવૃદ્ધિ કરનારું અને રાજાઓને વિજય આપનારું છે. સંસારમાં જે એનું સદા શ્રવણ કરે છે તે પાપમાંથી મુક્તિ મેળવે છે." (શ્લોક ૧૦૭-૧૦૮)

"જે ક્રોધરહિત બનીને શ્રદ્ધાસહિત આને સાંભળે છે તે મોટાંમોટાં સંકટોને તરી જાય છે. આના શ્રવણથી સર્વે દેવતા પ્રસન્ન થાય છે, તથા ઘરમાં વિઘ્નકારક ગ્રહ હોય છે તો તે શાંત થઈ જાય છે." (શ્લોક ૧૧૨-૧૧૫)

**आयुष्यमारोग्यकरं यशस्यं सौभ्रातृकं बुद्धिकरं शुभं च ।**
**श्रोतव्यमेतन्नियमेन सद्भि राख्यानमोजस्करमृद्धिकामैः ॥१२८.१२५॥**

"આ કાવ્ય આયુ, આરોગ્ય, યશ અને ભ્રાતૃભાવને વધારનારું, સદબુદ્ધિ આપનારું, કલ્યાણકારક છે. સમૃદ્ધિની ઈચ્છાવાળા સત્પુરુષોએ આ ઉત્સાહવર્ધક ઈતિહાસનું નિયમપૂર્વક શ્રવણ કરવું જોઈએ."(શ્લોક ૧૨૫)

* * *

## <u>૧૩. સીતાની શુદ્ધિ અને કાકભુશુંડજી</u>

**વાલ્મીકિ આશ્રમમાં**

અયોધ્યામાં રઘુનંદન રામ આવ્યા એટલે અયોધ્યા સુખશાંતિથી સંપન્ન અને રસમય બની ગઈ. અંતરની અયોધ્યામાં, જીવનમાં, પણ રામ પધારે, પરમાત્માની પાવન પધરામણી થાય, એટલે સૂનું જડ જીવન હર્યુંભર્યું, જ્યોતિર્મય બની જાય ને સુખશાંતિથી સંપન્ન અથવા રસમય થાય. ચિંતા, વિષાદ, વાસના, અશાંતિનો અંત આવે.

અયોધ્યામાં સર્વત્ર આનંદ આનંદ છવાઈ રહ્યો. રામ અને સીતાના જીવનમાં સુખનો અવનવો અધ્યાય આરંભાયો.

પરંતુ એ અધ્યાય ચિરકાળ સુધી ચાલ્યો નહિ. 'એકસરખા દિવસ સુખના કોઈના જાતા નથી' - એ કાવ્યોક્તિ પ્રમાણે એમના જીવનમાં વળી પાછો વિરહનો વિકટ વખત આવી પહોંચ્યો. એમના જીવનનાં મોટા ભાગના વરસો જાણે કે વિરહની વેદનામાં જ વીતવા સારુ સરજાયેલાં. મિલનની મધુરતા તો સ્વલ્પ સમય માટે જ મળવાની હતી.

એક દિવસ રામે એમના સખા ભદ્ર દ્વારા સાંભળ્યું કે નગરજનોનો અમુક વર્ગ સીતાના સંબંધમાં અપવાદરૂપ, આલોચનાત્મક વાતો કહી રહ્યો છે. લંકામાં રાવણની અશોકવાટિકામાં રહેલી સીતાને રામે અપનાવી એ હકીકતથી એના તરફથી ટીકા થઈ રહી છે. એ સાંભળીને રામે સીતાના ત્યાગનો સંકલ્પ કર્યો.

ત્યાગનો એ સંકલ્પ સૂચવે છે કે રામનું મન મોહરહિત હતું. એ સંસારમાં રાજા તરીકે રહેતા તોપણ એમનું અંતર એકદમ અનાસક્ત હતું, પાણીમાં પદ્મની પેઠે એમની અલિપ્ત અવસ્થા હતી. જો એમનું મન સાંસારિક સુખોપભોગની ભાવનાથી ભરેલું અથવા સીતાની સંમોહિની અને સંસક્તિથી છલેલું હોત તો એવા ત્યાગની કલ્પના પણ કરી શકત નહીં. સીતા પણ સંમોહગ્રસ્ત હોત તો એવા ત્યાગનો વિરોધ કરત. પરંતુ એ પણ નિર્લેપ હતી. સર્વસમર્પણથી સંપન્ન હતી. રામની પ્રસન્નતામાં જ એની પ્રસન્નતા હતી. એટલે એવા વિરોધની કશી શક્યતા જ ન હતી. કેટલાકને થાય છે કે સીતાની અગ્નિપરીક્ષા પછી એને એવી રીતે ત્યાગવાનો સંકલ્પ યોગ્ય હતો ? સીતાના અગ્નિપરીક્ષા થયેલી એ સાચું હતું. રામને એની પવિત્રતામાં શંકા નહોતી એ પણ સાચું. પરંતુ સમાજમાં કેટલાય એ પવિત્રતા સંબંધી શંકા કરતા હોય ત્યારે એમની શંકાને નિવારવા એક આદર્શ રાજા તરીકે રામને એવા ત્યાગની આવશ્યકતા લાગી. એવા ત્યાગ દ્વારા પ્રજાનો અપવાદ શાંત થશે એવો એમને વિશ્વાસ હતો.

એમણે લક્ષ્મણને બોલાવીને સીતાને ગંગાને પેલે પાર તમસા નદીના તટ પર આવેલા મહર્ષિ વાલ્મીકિના આશ્રમની પાસેના વનમાં મૂકી આવવા જણાવ્યું. લક્ષ્મણે એમની આજ્ઞાનું પાલન કર્યું. સીતાને રથમાંથી ઉતારતી વખતે એની આંખમાં આંસુ આવ્યાં. એણે સીતાને લોકોપવાદનું કારણ કહ્યું.

સીતાને એ સાંભળીને ખૂબ જ દુઃખ થયું. એની આંખમાંથી અશ્રુની ધારા ચાલી. થોડા વખત પછી એણે કહ્યું :

किं नु पापं कृतं पूर्वं को वा दारैर्वियोजितः ।
याऽहं शुद्धसमाचारा त्यक्ता नृपतिना सती ॥४८.४॥

પૂર્વજન્મમાં મેં એવું કયું પાપકર્મ કર્યું હશે અથવા કોનો સ્ત્રીથી વિયોગ કરાવ્યો હશે કે વિશુદ્ધ આચરણવાળી હોવા છતાં મહારાજે મારો ત્યાગ કર્યો ? (સર્ગ ૪૮, શ્લોક ૪)

न खल्वद्यैव सौमित्रे जीवितं जाह्नवीजले ।
त्यजेयं राजवंशस्तु भर्तुर्मे परिहास्यते ॥४८.८॥

"મુનિજનો મને પૂછશે કે મહાત્મા રઘુનાથે તારો કયા અપરાધને લીધે ત્યાગ કર્યો તો હું એમને કયો અપરાધ કહી બતાવીશ ? સુમિત્રાકુમાર, મારા શરીરને હું અત્યારે જ ગંગામાં સમાવી દેત, પરંતુ એવું નથી કરી શકતી, કેમ કે એમ કરવાથી મારા પતિદેવનો રાજવંશ નષ્ટ થઈ જાય તેમ છે." (શ્લોક ૮)

अहं त्यक्ता त्वया वीर अयशोभीरुणा जने ।
यच्च ते वचनीयं स्यादपवादसमुत्थितम् ।
मया च परिहर्तव्यं त्वं हि मे परमा गतिः ॥४८.१३॥

"રામને કહેજો કે અપયશના ભયથી જ તમે મારો ત્યાગ કર્યો છે. લોકોમાં તમારી નિંદા થાય છે, અથવા મારે લીધે જે અપવાદ ફેલાય છે તેને દૂર કરવાનું મારું પણ કર્તવ્ય છે, કારણ કે મારા એકમાત્ર આશ્રય તમે જ છો." (શ્લોક ૧૩)

સીતા એ વખતે ગર્ભવતી હતી. એને છોડીને લક્ષ્મણે રથમાં બેસીને વિદાય લીધી.

સીતાના આક્રંદને સાંભળીને મુનિકુમારોએ આશ્રમમાં જઈને મહર્ષિ વાલ્મીકિને ખબર આપી. મહર્ષિ વાલ્મીકિ સીતાની સમીપ જઈને બોલ્યા :

आयान्ती चासि विज्ञाता मया धर्मसमाधिना ।
कारणं चैव सर्वं मे हृदयेनोपलक्षितम् ॥४९.१२॥
तव चैव महाभागे विदितं मम तत्त्वतः ।
सर्वं च विदितं मह्यं त्रैलोक्ये यद्धि वर्तते ॥४९.१३॥
अपापां वेद्मि सीते त्वां तपोलब्धेन चक्षुषा ।
विस्रब्धा भव वैदेहि साम्प्रतं मयि वर्तसे ॥४९.१४॥
आश्रमस्याविदूरे मे तापस्यस्तपसि स्थिताः ।
तास्त्वां वत्से यथा वत्सं पालयिष्यन्ति नित्यशः॥४९.१५॥

"તારા અહીં આવવાની માહિતી મને સમાધિદશામાં મળી ચૂકેલી. તારા પરિત્યાગના કારણને મેં મારા મનોબળથી જાણી લીધું છે. તારા સમગ્ર જીવનવૃતાંતને મેં બરાબર જાણી લીધું છે. બ્રહ્માંડમાં જે કાંઈ બને છે તેને હું જાણું છું સીતા ! તપશ્ચર્યાથી પ્રાપ્ત દિવ્યદૃષ્ટિથી હું જાણું છું કે તું નિષ્પાપ છે. વિદેહનંદિની ! તું મારી પાસે છે માટે નિશ્ચિંત બની જા. મારા આશ્રમ પાસે જ તપમાં મગ્ન કેટલીક તપસ્વિનીઓ રહે છે. એ તારું પુત્રીની પેઠે પાલન કરશે." (સર્ગ ૪૯, શ્લોક ૧૨ થી ૧૫)

*

**સીતાનો પૃથ્વીપ્રવેશ**

વખતના વીતવાની સાથે સીતાએ લવ અને કુશને જન્મ આપ્યો. મહર્ષિ વાલ્મીકિએ એમની સુરક્ષાની સમુચિત વ્યવસ્થા કરી.

રામે અશ્વમેધ યજ્ઞની તૈયારી કરી. એના અનુષ્ઠાનને માટે નૈમિષારણ્ય પર પોતાની પસંદગી ઉતારી. એ યજ્ઞ એક વરસથી પણ અધિક સમય સુધી ચાલતો રહ્યો. એ અભૂતપૂર્વ યજ્ઞમાં ખૂબ જ દાન દેવાયું.

એ અદભૂત યજ્ઞમાં શિષ્યો સાથે મહર્ષિ વાલ્મીકિ પણ જઈ પહોંચ્યા. એમના આદેશથી લવ અને કુશે રામની આગળ રામાયણકાવ્યના આરંભના અંશનું સંગીત સાથે ગાન કર્યું. એથી રામ અને અન્ય સભાજનો આશ્ચર્ય પામ્યા તથા પ્રસન્ન થયા.

રામે મહર્ષિ વાલ્મીકિને સાદર સન્માનીને સીતાની શુદ્ધિનું સમસ્ત સમાજને પ્રમાણ પૂરું પાડવા કહ્યું. મહર્ષિ વાલ્મીકિએ જણાવ્યું :

बहुवर्षसहस्राणि तपश्चर्या मया कृता ।
नोपाश्नीयां फलं तस्या दुष्टेयं यदि मैथिली ॥९६.२०॥
मनसा कर्मणा वाचा भूतपूर्वं न किल्बिषम् ।
तस्याः फलमुपाश्नीयामपापा मैथिली यदि ॥९६.२१॥

"મેં સુદીર્ઘ સમયપર્યંત કઠોર તપ કર્યું છે. જો મિથિલેશકુમારી સીતામાં કોઈ દોષ હોય તો મને એ તપનું ફળ ના મળે. મેં મન, વચન, કર્મ દ્વારા પહેલાં કદી કોઈ પાપ નથી કર્યું. જો મિથિલેશકુમારી સીતા નિષ્પાપ હોય તોજ મને એ પાપરહિત પુણ્યકર્મનું ફળ મળે." (સર્ગ ૯૬, શ્લોક ૨૦-૨૧)

મહર્ષિની સંમતિ મેળવીને સીતા સંવેદનશીલ સ્વરમાં શાંતિથી બોલી :

यथाऽहं राघवादन्यं मनसापि न चिन्तये ।
तथा मे माधवी देवी विवरं दातुमर्हति ॥९७.१४॥
मनसा कर्मणा वाचा यथा रामं समर्चये ।
तथा मे माधवी देवी विवरं दातुमर्हति ॥९७.१५॥
यथैतत्सत्यमुक्तं मे वेद्मि रामात्परं न च ।
तथा मे माधवी देवी विवरं दातुमर्हति ॥९७.१६॥

"હું રામ સિવાય બીજા કોઈ પુરુષનું મનથી ચિંતન પણ કરતી નથી. જો એ વાત સાચી હોય તો પૃથ્વીમાતા મને પોતાના ખોળામાં સ્થાન દે. મન, વચન, કર્મ દ્વારા હું કેવળ રામની જ આરાધના કરતી હોઉં તો પૃથ્વીમાતા મને પોતાના ખોળામાં સ્થાન દે. ભગવાન રામને છોડીને હું બીજા કોઈયે પુરુષને નથી જાણતી. મારી એ વાત સાચી હોય તો પૃથ્વીમાતા મને પોતાના ખોળામાં સ્થાન દે." (સર્ગ ૯૭, ૧૪ થી ૧૬)

સીતા સિવાય બીજી કયી સન્નારીથી એવા શબ્દો ઉચ્ચારી શકાય તેમ છે ! એ શબ્દો ઉચ્ચારાયા કે તરત જ પૃથ્વીમાંથી એક અલૌકિક સુંદર સિંહાસન પ્રકટ્યું. એની સાથે પૃથ્વીદેવી પણ પ્રકટ થઈ. સીતાને સિંહાસન પર બેસાડીને એ પૃથ્વીમાં સમાઈ ગઈ. એ જોઈને સૌ કોઈ આશ્ચર્યચકિત, ઉલ્લાસરહિત અથવા વિષાદમગ્ન બની ગયા. સીતાના જીવનનો એવો અસાધારણ અંત આવશે એની કોઈને કલ્પના પણ નહતી.

રામનું હૈયું હચમચી ઉઠ્યું. પક્ષીની એક પાંખ કપાઈ ગઈ. સીતાની શુદ્ધિ સંબંધી કોઈને પણ સંદેહ રહ્યો નહીં.

*

વાલ્મીકિ રામાયણની કથા અહીં પૂરી થાય છે. એ કથામાં ઉત્તરકાંડના સર્ગ ૨૬ તથા ૨૭માં રાવણને સાંપડેલા શાપની વાત વર્ણવેલી છે. સ્વર્ગની અતિશય લાવણ્યવતી અપ્સરા રંભા પોતાના પ્રેમી નલકૂબરની પાસે જઈ રહેલી. નલકૂબર રાવણના મોટાભાઈ કૂબેરનો પુત્ર હતો. કૈલાસ પાસેથી પસાર થતી રંભાની અનિચ્છા છતાં રાવણે એના પર બળાત્કાર કર્યો. નલકૂબેરને રંભા દ્વારા એની માહિતી મળતાં એણે રાવણને શાપ આપ્યો કે કોઈ સ્ત્રીની ઈચ્છાવિરુદ્ધ એની સાથે બળાત્કાર કરવાથી તારા મસ્તકના સાત ટૂકડા થઈ જશે. ત્યારથી રાવણ ભયભીત રહેતો. શાપની એ કથા ટાંકીને કેટલાક કહે છે કે રાવણે સીતા પર એટલા માટે બળાત્કાર નહોતો કર્યો. પરંતુ એ કથન બરાબર નથી. કારણ કે કામી પુરુષ ગમે તેવા શાપને પણ ભૂલી જાય છે કે ગૌણ ગણે છે. પાંડુને એની પત્ની માદ્રીએ શાપનું સ્મરણ કરાવેલું તોપણ એના પર એની કશી અસર ના થઈ. એણે સ્ત્રીસ્પર્શ કરીને મૃત્યુને વહોરી લીધું. રાવણનું પણ એવું બની શક્યું હોત. પરંતુ ના બન્યું એટલું એના વ્યક્તિત્વનું ઉજળું પાસું.

રાવણે સીતા પર બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો હોત તો એ ફાવત તો નહીં જ. સીતા એવે વખતે કાં તો શરીરની આહુતિ આપી દેત કે પછી રાવણને શાપ આપત. એને તાબે તો થાત જ નહીં.

**કાકભુશુંડજીની કથા**

સ્વનામધન્ય સંતશિરોમણિ તુલસીદાસે રામચરિતમાનસના ઉત્તરકાંડમાં રામે લોકોપવાદને લીધે સીતાને વનમાં મોકલી અને સીતાએ છેવટે પૃથ્વીપ્રવેશ કર્યો એ વિશે કશો પણ ઉલ્લેખ નથી કર્યો. એને બદલે એક અવનવીન મૌલિક પાત્રનો પરિચય કરાવ્યો છે. એ પ્રેરક પ્રાણવાન પાત્ર પરમાત્માના પરમકૃપાપાત્ર કાકભુશુંડજી ઋષિનું છે. એ પ્રતાપી પાત્ર દ્વારા તુલસીદાસજીએ એમના પ્રિય વિચારો, આદર્શો અથવા મનોભાવોની અભિવ્યક્તિ કરી છે. રામને નાગપાશમાંથી છોડાવીને ગરુડજી પાછા જાય છે એવો ઉલ્લેખ વાલ્મીકિ રામાયણમાં આવે છે. એ ઉલ્લેખમાંથી નવી કથાની પ્રેરણા પામીને કે કડી મેળવીને તુલસીદાસજી આગળ વધ્યા છે. એમને એ પ્રસંગમાં કવિતાના વિસ્તારની શક્યતા દેખાઈ છે. એ શક્યતાનો એમણે સરસ રીતે લાભ લીધો. એમના વર્ણવ્યા પ્રમાણે ગરૂડને થાય છે કે જે રામ અન્યનાં અવિદ્યાજન્ય જન્મમરણનાં બંધનને તોડે છે તે રામને નાગપાશમાંથી મેં મુક્તિ આપી; તો રામ મોટા કે હું મોટો ? આવા રામને ઈશ્વર કહી શકાય ? પોતાની શંકાના સમાધાન માટે એ શંકર ભગવાનની સૂચનાનુસાર હિમાલયના પાવન પ્રશાંત પ્રદેશમાં વસતા કાકભુશુંડજી ઋષિ પાસે ગયા. સત્સંગથી હરિકથાનો લાભ મળે છે. હરિકથાના શ્રવણમનન સિવાય મોહ મટતો નથી, અને મોહની નિવૃત્તિ વિના રામચરણમાં અખંડ અનંત અનુરાગ જાગતો નથી.

बिनु सतसंग न हरि कथा तेहि बिनु मोह न भाग ।
मोह गएँ बिनु राम पद होइ न दृढ़ अनुराग ॥६१॥

ગરુડજી હિમાલયના ઋષિમુનિસેવિત પવિત્ર પ્રદેશમાં આવેલા કાકભુશુંડજીના અલૌકિક આશ્રમ પહોંચી ગયા. ત્યાંના વાતાવરણનો પ્રભાવ એમના પર એટલો બધો પડ્યો કે એમનો સંશય, શોક તથા મોહ મટી ગયો. હજુ તો કાકભુશુંડજીનું દર્શન પણ નહોતું થયું ત્યાં જ એવી અસર થઈ. એ અસર કેટલી બધી અદભુત કહેવાય ? કાકભુશુંડજીના વ્યક્તિત્વનો પ્રભાવ એવો અનોખો હતો. ગરુડે એમની પાસેથી રામકથા સાંભળી. એથી એમનો રામપ્રેમ વધ્યો. એમની કાયાપલટ થઈ. શોક તથા મોહની, કામ અને ક્રોધની, યૌવનના મદની, તૃષ્ણાની, ચિંતાની, ઈર્ષાની તથા અહંકારની અસર કોને નથી થતી ? પ્રકૃતિના ગુણોના પ્રભાવમાં ઓછાવત્તા પ્રમાણમાં બધા જ પડતા હોય છે. પરમાત્માની ને પરમાત્માના પરમકૃપાપાત્ર પવિત્ર શરણાગત સંતોની કૃપા વિના એમાંથી છૂટવાનું અશક્ય હોય છે.

*

કાકભુશુંડજીને કાગડાનું શરીર કેવી રીતે મળ્યું તેની માહિતી મેળવવાની ગરુડજીને ઈચ્છા થઈ. એમણે પોતાનો વિકાસ કેવી રીતે કર્યો અને અલૌકિક શક્તિઓની પ્રાપ્તિ કેવી રીતે કરી, એવો પ્રશ્ન એમને પેદા થયો. કાકભુશુંડજી મુક્ત ને પૂર્ણ હતા. સર્વજ્ઞ તથા સર્વશક્તિમાન હતા. એમનામાં જ્ઞાન, વિજ્ઞાન, વૈરાગ્ય બધું પરાકાષ્ઠાએ પહોંચેલું. મહાપ્રલયમાં પણ એમનો નાશ થતો નહતો. એ દૂરદર્શન, દૂરશ્રવણ, સત્યસંકલ્પત્વ અને ઈચ્છાનુસાર સ્વરૂપ ધારવાની ને ઈચ્છા પ્રમાણેના પ્રદેશમાં પહોંચવાની શક્તિથી સંપન્ન હતા. આત્મિક વિકાસનાં ઉચ્ચોચ્ચ શિખરોને સર કરીને જીવનને કૃતાર્થ કરી ચૂકેલા. એનું કારણ શું હતું ? બૃહદારણ્યક ઉપનિષદમાં આત્મજ્ઞાનીને સાંપડતી શક્તિઓનું ને પાતંજલ યોગદર્શનમાં યોગીને મળતી સિદ્ધિઓનું વર્ણન છે. કાકભુશુંડજીને સાંપડેલી શક્તિનું રહસ્ય શું હતું ? એ શક્તિઓ જ્ઞાનથી મળેલી કે યોગથી ? કાકભુશુંડજીને ગરુડે એવો પ્રશ્ન પૂછ્યો.

तुम्हहि न ब्यापत काल अति कराल कारन कवन ।
मोहि सो कहहु कृपाल ग्यान प्रभाव कि जोग बल ॥९४(क)॥
प्रभु तव आश्रम आएँ मोर मोह भ्रम भाग ।
कारन कवन सो नाथ सब कहहु सहित अनुराग ॥९४(ख)॥

કાકભુશુંડજીને સાંપડેલી શક્તિનું કારણ જ્ઞાન કે યોગને બદલે ભગવાનની ભક્તિ હતું. ભગવાનની ભક્તિ વિના શક્તિ સાંપડી શકે પરંતુ ભગવાનની માયાના ગુણદોષોમાંથી મુક્તિ તથા ભગવાનનું દર્શન તો ભજન વિના ના થાય. ભક્તિની શક્તિ સૌથી મોટી છે. કાકભુશુંડજીએ એટલા માટે જ કહ્યું :

हरि माया कृत दोष गुन बिनु हरि भजन न जाहिं ।
भजिअ राम तजि काम सब अस बिचारि मन माहिं ॥१०४(क)॥

ભગવાનની ભક્તિ સિવાય કોઈને શાંતિ મળતી નથી. જુદાંજુદાં સાધનો ભગવાનની ભક્તિને જગાવવા તથા વધારવા માટે જ છે.

जप तप मख सम दम ब्रत दाना । बिरति बिबेक जोग बिग्याना ॥
सब कर फल रघुपति पद प्रेमा । तेहि बिनु कोउ न पावइ छेमा ॥

*

કાકભુશુંડજીની અલૌકિક અવસ્થા જેવી અવસ્થા કાંઈ એકાદ બે દિવસમાં પ્રાપ્ત થાય છે ? એને માટે સુદીર્ઘ સમયની સતત સાધના જોઈએ. જીવનમાં આત્મિક ઉન્નતિના ક્ષેત્રે જેમણે કાંઈપણ મહત્વનું મેળવ્યું છે તેમણે ક્રમેક્રમે, ધીરજ-ખંત અને ઉત્સાહપૂર્વકના ચોક્કસ પુરુષાર્થ દ્વારા જ મેળવ્યું છે. કાકભુશુંડજીનું જીવન એની સાક્ષી પૂરે છે ને સૂચવે છે કે મહાનતાનો મંગલ માર્ગ સૌને માટે ઉઘાડો છે. એ માર્ગે સૌ કોઈ આગળ વધી શકે છે. ત્યાં કોઈ પ્રકારનો પ્રતિબંધ કે ભેદભાવ નથી. માનવને એના આત્મિક વિકાસની વચ્ચે શું આવે છે ? પરિસ્થિતિ, દેશકાળ, ગ્રહનક્ષત્ર કે પ્રારબ્ધ ? ના. એ બધા કરતાં સૌથી વધારે તો એનું મન જ વચ્ચે આવે છે. એ અનુકૂળ હોય તો બધું જ અનુકૂળ બને છે અને એ પ્રતિકૂળ હોય તો બધું પ્રતિકૂળ થાય છે. એ મિત્ર પણ થાય છે ને શત્રુ પણ. શાંતિ પણ આપે છે અને અશાંતિ પણ. બંધનનું કારણ બને છે અને મુક્તિનું પણ.

કાકભુશુંડજીએ ગરુડને પોતાના પૂર્વજન્મોની કથા કહી એ કથા એમના ક્રમિક વિકાસને જાણવા માટે ઉપયોગી છે. એક જન્મમાં એમનો આવિર્ભાવ અયોધ્યામાં શૂદ્રને ત્યાં થયેલો. તીર્થોમાં જન્મવા અને રહેવાનું સદભાગ્ય સાંપડવા છતાં પણ તીર્થોના મહિમાને જાણીને કેટલાય લોકો પોતાના જીવનને છળકપટ રહિત અથવા પવિત્ર નથી કરતા. કાકભુશુંડજીનું પણ એવું જ હતું. એ કલિયુગના દોષોથી ભરેલા હતા. શિવભક્ત હોવા છતાં બીજા દેવોની નિંદા કરતા.

કલિયુગના દોષો અનેક છે. એમાં મોટા ભાગના માનવોની વૃત્તિ, બુદ્ધિ તથા પ્રવૃત્તિ દૂષિત બને છે. નીતિ, સદાચાર તથા ધર્મનું પ્રમાણ વધવાને બદલે ઘટે છે. તોપણ કલિયુગનો લાભ લઈને જો માનવ ધારે તો સહેલાઈથી શાંતિ મેળવી અને તરી શકે છે. ભગવાનનું શરણ લઈને, ભગવાનના સ્મરણ, મનન તથા ગુણાનુવાદ દ્વારા જીવનને ઉત્તમ કરીને ક્લેશમુક્ત બની શકે છે. કલિયુગની એ વિશેષતા છે. મૂડી થોડી અને વળતર વધારે. માટે જ કહ્યું છે કે કલિયુગ જેવો સુંદર બીજો કોઈપણ યુગ નથી.

कलिजुग सम जुग आन नहिं जौं नर कर बिस्वास ।
गाइ राम गुन गन बिमलँ भव तर बिनहिं प्रयास ॥१०३(क)॥

થોડાક વખત પછી એ ઉજ્જૈન ગયા, ત્યાં થોડીક સંપત્તિ પામીને ભગવાન શંકરની સેવા કરવા લાગ્યા. એક સાત્વિક પ્રકૃતિના બ્રાહ્મણે એમને મંત્ર અને ઉપદેશ આપ્યો. એકવાર શિવમંદિરમાં બેસીને એ ભગવાન શંકરના જપ કરી રહેલા ત્યારે મંદિરમાં પધારેલા ગુરુને અભિમાનને લીધે ઊભા થઈને એમણે પ્રણામ કર્યા નહીં. ગુરુ તો નમ્ર હોવાથી કશું બોલ્યા નહીં, પરંતુ એમના અપમાનને શંકર સહન ના કરી શક્યા. મંદિરમાં આકાશવાણી થઈ કે ગુરુને જોવા છતાં તું અજગરની પેઠે બેસી રહ્યો માટે સર્પની યોનિની પ્રાપ્તિ કર. ગુરુને એ કઠોર સાપને સાંભળીને ખૂબ જ દુઃખ થયું. એમણે શંકર ભગવાનની પ્રસન્નતા માટે પ્રાર્થના કરી. "નમામી શમીશાન નિર્વાણરૂપં"થી પ્રારંભાયેલી એ પ્રાર્થના ખૂબ જ રસપ્રદ, ભાવસભર અને સુંદર છે.

ગુરુની પ્રાર્થનાને અને અરજને લક્ષમાં લઈને ભગવાને આકાશવાણી દ્વારા ફરીવાર કહ્યું કે મારો શાપ નકામો તો નહીં થાય, પરંતુ એને જન્મમરણનું દુઃખ થશે નહીં. કોઈપણ જન્મમાં એનું જ્ઞાન મટશે નહીં. એમ

કરતાં એને અયોધ્યામાં જન્મ મળશે અને રામની ભક્તિ સાંપડશે. એ ઉપરાંત એને અપ્રતિહત ગતિની પ્રાપ્તિ થશે.

કાલાંતરમાં કાકભુશુંડજીને દ્વિજ શરીરની પ્રાપ્તિ થઈ. એ વખતે રામની શ્રદ્ધાભક્તિથી ભરાઈને, રામદર્શનની લાલસાથી પ્રેરાઈને, એ જુદાજુદા સંતોની પાસે જવા લાગ્યા. એકવાર મેરુ પર્વત પર વટવૃક્ષ નીચે રહેતા લોમશ મુનિ પાસે જઈ પહોંચ્યા. મુનિએ એમની ઈચ્છાથી એમની આગળ ભગવાન રામના ગુણ ગાયા અને એમને અધિકારી જાણીને બ્રહ્મનો ઉપદેશ આપ્યો. કાકભુશુંડજીએ સગુણ ઉપાસનાના ઉપદેશની માગણી કરી.

સંસારના અધિકાંશ માનવોને સગુણ ઉપાસના જ વધારે ગમે છે અથવા અનુકૂળ પડે છે. એમની અભિરુચિ અને પ્રકૃતિને પારખીને એમને એનો જ ઉપદેશ આપવો જોઈએ. આદર્શ ગુરુ શિષ્યની ભૂમિકાને સહાનુભૂતિપૂર્વક સમજીને એને આગળ વધારે છે. કાકભુશુંડજી લોમશ મુનિના વિચારોનો વિરોધ કરતા રહ્યા એટલે લોમશ મુનિએ જણાવ્યું કે મારી વાતમાં તને વિશ્વાસ નથી ને કાગડાની પેઠે તું ગભરાય છે માટે કાગડો બની જા.

મહાપુરુષોની સાથે વ્યર્થ વાદવિવાદ કરવાનો કશો અર્થ નથી. એમની સાથે વિચારોનો સંઘર્ષ શા માટે કરવો જોઈએ ? એમની કોઈ વાત ઠીક ના લાગે તો શાંતિ રાખવી, પરંતુ એમનું અપમાન તો કરવું જ નહીં. એમની આગળ પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરવાની લાલસા ના રાખવી.

કાકભુશુંડને કાગડાનું શરીર પ્રાપ્ત થયું. મુનિને એમની પ્રભુપરાયણતા પેખીને પ્રેમ પેદા થયો. એમણે એમને આશ્વાસન આપ્યું. રામમંત્ર આપ્યો. અને રામના બાળસ્વરૂપના ધ્યાનની પદ્ધતિ બતાવી. પોતાની પાસે રાખીને રામકથા કહી. અંતે આશીર્વાદ આપ્યો કે તમારા હૃદયમાં અખંડ રામભક્તિ રહેશે. તમે રામના પ્રિય, સદગુણી, નમ્ર, કામરૂપ, ઈચ્છામૃત્યુની શક્તિવાળા, જ્ઞાનવૈરાગ્યના ભંડાર બનશો. જે આશ્રમમાં રહીને ભગવાનની ભક્તિ કરશો એ આશ્રમની આજુબાજુમાં એક યોજન જેટલા વિસ્તારમાં અવિદ્યા વ્યાપશે નહીં. વળી જે ઈચ્છા કરશો તે ભગવાનની કૃપાથી પૂરી થશે.

जो इच्छा करिहहु मन माहीं । हरि प्रसाद कछु दुर्लभ नाहीं ॥

કાકભુશુંડજીનું ભાગ્ય ફરી ગયું. એટલે તો શાપ વરદાનમાં ફેરવાઈ ગયો.

કાકભુશુંડજીનો એ જીવનપ્રસંગ ઘણો જૂનો થઈ ગયો છે તોપણ એની પાછળની વૃત્તિ તથા પ્રવૃત્તિ હજુ સુધી નથી મરી. સાકાર નિરાકારના કટ્ટરતાપૂર્ણ વિદ્વેષવાળા વિવાદો અને ગજગ્રાહો આજે પણ ચાલ્યા જ કરે છે. માનવે સાચા અર્થમાં ઉદાર અને વિશાળ બનવાનું હજુ બાકી છે.

કાકભુશુંડજીએ જણાવ્યું કે આ શરીરથી ભગવાનની ભક્તિ થઈ છે અને ભગવાનનું દર્શન મળ્યું છે માટે સકલ સંદેહને શમાવનારા આ શરીર પ્રત્યે મને પ્રેમ છે. જે શરીરથી ભગવાનની ભક્તિ થાય, ભગવાનનું દેવદુર્લભ દૈવી દર્શન મળે, ને બીજાના કામમાં આવી શકાય, તે શરીર જ સફળ છે, સાર્થક છે, ધન્ય છે. તેજ ઘર ધન્ય છે જેમાં ભગવાનની ભક્તિ, કથાવાર્તા, પ્રાર્થના અથવા કીર્તન થાય છે. તેજ દેશ ધન્ય છે જેમાં નીતિ, સદાચાર તથા માનવતાની મર્યાદામાં રહેનારા, પરહિતરત, પરમાત્મપરાયણ પુરુષોનો અને એમની સહધર્મિણી સ્ત્રીઓનો વધારે ને વધારે પ્રમાણમાં વાસ હોય છે. તે જ વીર છે, ધીર છે, પંડિત,

પ્રાજ્ઞ કે કલાકાર છે જે વિશુદ્ધ જીવન જીવવાનો, પરમાત્માની પાસે પહોંચવાનો ને બીજાનાં કલ્યાણનાં કાર્યોને કરવાનો પ્રયાસ કરે છે.

**જ્ઞાન અને ભક્તિ**

જ્ઞાન અને ભક્તિનો મર્મ સમજાવતાં તુલસીદાસજીએ કાકભુશુંડજી દ્વારા કેટલોક સરસ સ્વાનુભવપૂર્ણ ઉપદેશ અપાવ્યો છે. એનો સાર સમજવા જેવો છે. જ્ઞાન અને ભક્તિ બંને શોક, મોહ, ક્લેશ અથવા અજ્ઞાનમાંથી મુક્ત કરે છે અને શાંતિ આપે છે. સંસારમાં સર્વત્ર દેખાય છે કે સ્ત્રી સ્ત્રીના સ્વરૂપને નિહાળીને મોહાતી કે ભાન ભૂલતી નથી.

मोह न नारि नारि कें रूपा । पन्नगारि यह रीति अनूपा ॥

ભક્તિ અને ભગવાનની માયા બંને સ્ત્રીજાતિ છે. એટલે બંને એકમેકથી દૂર રહે છે. એમને એકમેકનો મોહ થતો નથી. એમાંય વળી ભક્તિ ભગવાનને અતિશય પ્રિય હોવાથી ભગવાન ભક્તિને અનુકૂળ છે. જ્યાં ભક્તિ હોય છે ત્યાં ભગવાનની કૃપાવર્ષા થાય છે ને ભગવાન પોતે પણ દૂર રહી શકતા નથી. ભગવાનનો સાચો ભક્ત માયાના પ્રભાવમાં નથી પડતો. ભગવાન એની રક્ષા કરે છે. ભગવાનની શરણાગતિનો ને સુરક્ષાશક્તિનો લાભ એને સહેલાઈથી અને આપોઆપ મળી રહે છે.

જ્ઞાન અને ભક્તિના મર્મસંબંધી એક બીજી વાત પણ જાણવા જેવી છે. જીવ ઈશ્વરનો અંશ છે, અવિનાશી, ચેતન, મળરહિત અને સહજ સુખસ્વરૂપ છે. એ પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપને ભૂલીને કોઈ કારણે એથી ચ્યુત થઈને માયામાં પડ્યો છે ને દુઃખી બન્યો છે. અવિદ્યાયુક્ત વાસનાગ્રંથિથી બંધાયો છે. એ ગ્રંથિ કેવી રીતે છૂટી શકે ? એને છોડવાના કેટલાય પ્રયત્નો કરવામાં આવે છે. શાસ્ત્રો તથા સંતોએ એમાંથી મુક્તિ મેળવવાના જુદાજુદા ઉપાયો બતાવ્યા છે. એમાં આત્મજ્ઞાનનો ઉપાય મુખ્ય છે. હૃદયમાં સાત્વિક શ્રદ્ધારૂપી ગાયનો વાસ થાય, તે વિશુદ્ધ આચારવિચાર અને નિયમપાલનનું ઘાસ ખાય, ભાવરૂપી વાછરડાથી સંપન્ન બને, એને વિશ્વાસના વાસણમાં નિર્મળ મનરૂપી ભરવાડ દ્વારા દોહવામાં આવે, પરમધર્મરૂપી પયને પ્રાપ્ત કરાય, એને નિષ્કામભાવના અગ્નિ દ્વારા ગરમ કરવામાં અને સંતોષ, ક્ષમા તથા ધીરજની મદદથી જમાવવામાં આવે એ આવશ્યક છે. એ પછી વિમલ વૈરાગ્યરૂપી માખણ મળે છે. પછી યોગાગ્નિ દ્વારા જ્ઞાનરૂપી ઘીની પ્રાપ્તિ કરવાની હોય છે. ત્રણ ગુણ તથા ત્રણ અવસ્થા પર સંયમ સાધી દીવેટ બનાવવી પડે છે. ત્યારે ચિત્તરૂપી દીપકમાં વિજ્ઞાનમય પરમપ્રકાશ પ્રકટ થાય છે. એવી રીતે અવિદ્યાની ગ્રંથિને તોડવાનો સમય સમીપ આવ્યો છે એવું જાણીને માયા રિદ્ધિસિદ્ધિનાં ને બીજાં પ્રલોભનોને બતાવીને વિક્ષેપ કરવાની કોશિશ કરે છે. એ વખતે જ્ઞાની જો જરાપણ ગાફેલ હોય તો લાંબા વખતની મહેનત માટીમાં મળે છે. દીપક ઓલવાઈ જાય છે. જીવ મોહમગ્ન તથા બેચેન બનીને ફરી પાછો જન્મમરણના ચક્રમાં ક્લેશને ભોગવતાં ફરવા માંડે છે. માયાની પાર પહોંચવાનું એને માટે મુશ્કેલ બની જાય છે.

तब फिरि जीव बिबिध बिधि पावइ संसृति क्लेस ।
हरि माया अति दुस्तर तरि न जाइ बिहगेस ॥११८(क)॥

*

જ્ઞાનનો માર્ગ થોડોક કઠિન છે. એ માર્ગે આગળ ચાલતાં જો અભિમાન થઈ આવે, વાણીવિલાસમાં પડી જવાય, અને બૌદ્ધિક જ્ઞાનને જ સર્વકાંઈ સમજી લેવાય, તો વિકાસ અધવચ્ચે જ અટકી જાય છે. ભક્તિમાં એને માટેની શક્યતા અત્યંત ઓછી હોય છે. ભક્તિની મદદથી અવિદ્યાની ગ્રંથિનું ભેદન અનાયાસે અને આપોઆપ થઈ જાય છે, અને શોક-મોહ-અશાંતિમાંથી મુક્તિ મળે છે. મુક્તિ તો ભગવાનની સખી હોઈને એની સાથેસાથે ચાલે છે. જેના અંતરમાં ભગવાનની ભક્તિ હોય છે તેને પ્રતિપળે ને પ્રત્યેક સ્થળે પરમપવિત્ર પ્રેરણા, પ્રકાશ અને પ્રશાંતિ મળે છે. એના અંતરને અવિદ્યાની અસર નથી થતી. એ સર્વપ્રકારના દુઃખથી છૂટી જાય છે. એ ભક્તિની પ્રાપ્તિ સંતપુરુષોના સુખદ સમાગમથી અને ભગવાનની કૃપાથી થઈ શકે છે.

ભક્તિ ભગવાન તરફ અભિમુખ કરે છે. વિષયાભિમુખ જીવ જ્યાં સુધી ભગવાન તરફ અભિમુખ નહીં બને ત્યાં સુધી સુખશાંતિથી સંપન્ન ના થઈ શકે. ભારતીય સંસ્કૃતિના એ સર્વોપયોગી શાશ્વત સંદેશને રામાયણ જેવાં શાસ્ત્રોએ મૂર્તિમંત કર્યો છે. એની આવશ્યકતા આજે પણ એટલી જ છે.

ધર્મ અથવા સાધનાનાં જુદાંજુદાં સાધનો આત્મા અથવા પરમાત્મા પ્રત્યે અભિમુખ થવામાં મદદ કરે છે. જપ, ધ્યાન, સ્વાધ્યાય, સત્સંગ, તીર્થાટન, શરૂઆતમાં સમજ્યા સિવાય રસ, રહસ્યજ્ઞાન અને એકાગ્રતા વિના કરવામાં આવે તોપણ તદ્દન નિરર્થક નથી થતાં. વહેલી કે મોડી એ એમની અસર કરે જ છે. મોટા ભાગના સાધકોને શરૂઆતમાં સાધનાની નકલ કરવી પડે છે. નકલ કરતાં કરતાં આખરે અસલ થાય છે.

મસૂરીમાં અમારે ત્યાં એક દૂધવાળો આવતો. એ દેખાવમાં ગરીબ જેવો, એકદમ સાધારણ વસ્ત્રો પહેરીને આવતો હોવા છતાં હાથે સુંદર ઘડીયાળ બાંધતો. એક દિવસ મેં એને પૂછ્યું કે ઘડિયાળ કેટલામાં લીધું, તો એણે કહ્યું બસો રૂપિયામાં. મેં પૂછ્યું, બરાબર ચાલે છે ? તો જવાબમાં એણે મને ઘડિયાળ બતાવ્યું. મેં પૂછ્યું, કેટલા વાગ્યા છે ? ઘડિયાળ તો આગળ ચાલે છે. એણે કહ્યું કે તોપછી તમે એને બરાબર કરી દો. મને ટાઈમની ખબર પડતી નથી.

તો પછી પહેર્યું છે શા માટે ?

શોખ ખાતર, અમારી તરફ હવે બધા જ પહેરવા માંડ્યા છે એટલે હું પણ પહેરું છું. સ્ત્રીઓ પણ ઘડિયાળ પહેરનારા પુરુષને વધારે પસંદ કરે છે.

પરંતુ ઘડિયાળને જોતાં તો આવડતું નથી !

એથી શું ? બીજાને તો જોતાં આવડે છે ને ? ટાઈમ જોવો હોય છે ત્યારે બીજાને પૂછી લઉં છું. બીજાની પાસે કાંટા પણ ફેરવાવું છું.

એના કરતાં ઘડિયાળ ના પહેરે તો ના ચાલે ?

ના. પહેરવા ખાતર તો ખરીદ્યું છે. એ તો ધીરેધીરે હું એને જોતાં ને વાપરતાં પણ શીખી જઈશ.

ઘડિયાળની પેઠે રેડિયાના શોખ પણ વધતા જાય છે. સાધારણ આવકવાળા માણસો પણ ટ્રાન્ઝીસ્ટર સાથે ફરવા નીકળે છે. એમની રસવૃત્તિ મંદ હોય છે; પ્રદર્શનવૃત્તિ જ વધારે હોય છે. કોઈપણ એક સ્ટેશન ચાલુ કર્યા પછી, જાણે કે અવાજ કરવામાં જ રસ હોય તેમ, એ સ્ટેશનને વગાડ્યા જ કરે છે. પેલા

ઘડિયાવાળાની જેમ એમની અંદર પણ જો અભિરુચિ હોય તો ધીરેધીરે રસવૃત્તિ પેદા થાય છે. પછી એ રસવૃત્તિને પોષનારા કાર્યક્રમને જ સાંભળે છે. સાધનાના જુદાજુદા અભ્યાસક્રમોનું અથવા અંગોનું પણ એવું જ સમજવાનું છે. મને કે કમને, જાણ્યે કે અજાણ્યે, રસસહિત કે રસ વગર પણ એમનો આધાર લેવાથી લાંબે વખતે લાભ જ થાય છે. કશું પણ નકામું નથી જતું.

**માનસરોગ**

કાકભુશુંડજીએ માનસરોગનું વર્ણન કર્યું છે

मोह सकल ब्याधिन्ह कर मूला । तिन्ह ते पुनि उपजहिं बहु सूला ॥
काम बात कफ लोभ अपारा । क्रोध पित्त नित छाती जारा ॥

માનસરોગનું મૂળ મોહ છે. એ સર્વપ્રકારે પીડાકારક અને અશાંતિદાયક છે. કામ એ વાત, લોભ એ કફ અને ક્રોધ એ પિત્ત છે. એ ત્રણેની અભિવૃદ્ધિ થતાં સંનિપાતના શિકાર થવાય છે. વિષયપ્રાપ્તિની લાલસા, મમતા, ઈર્ષા, અહંકાર, રાગદ્વેષ, દંભ, કપટ, નિંદા તથા તૃષ્ણા એવા અનેક રોગ છે. એ જીવનને ઝેરી બનાવે છે. એક રોગને લીધે પણ માણસ મૃત્યુ પામે છે. તો આ જુદાજુદા કેટલાય રોગ છે. એમનાથી પીડાતો જીવ સમાધિ શી રીતે પામે ?

एक ब्याधि बस नर मरहिं ए असाधि बहु ब्याधि ।
पीड़हिं संतत जीव कहुँ सो किमि लहै समाधि ॥१२१(क)॥

એટલે સમાધિ અથવા પરમાત્માની પરમકૃપાને પામવા માગનારા માનવે એ માનસરોગોમાંથી છૂટવું જોઈએ. એને માટે સદગુરૂરૂપી વૈદનાં વચનોમાં વિશ્વાસ રાખવાની સાથે સાથે વિષયોની આશાને ત્યાગીને રામભક્તિરૂપી સંજીવનીબૂટીનું શ્રદ્ધા તથા સદબુદ્ધિસહિત સેવન કરવું જોઈએ. માનવશરીર દેવોને પણ દુર્લભ છે. મહામહિમામય તથા મંગલ છે. એનો સદ્ઉપયોગ કરીને બનતી વહેલી તકે એ કાર્ય કરી લેવું જોઈએ.

**પૂર્ણાહુતિ**

કાકભુશુંડજીના સદ્ઉપદેશથી ગરુડજી ધન્ય બન્યા. રામને માટેની એમની શ્રદ્ધાભક્તિ બળવાન બની. જીવનની એ ક્ષણો એમને અતિશય આહ્લાદક અથવા સુખદ લાગી.

आजु धन्य मैं धन्य अति जद्यपि सब बिधि हीन ।
निज जन जानि राम मोहि संत समागम दीन ॥१२३(क)॥

*

मै कृत्कृत्य भयउँ तव बानी । सुनि रघुबीर भगति रस सानी ॥
राम चरन नूतन रति भई । माया जनित बिपति सब गई ॥

રામકથાના શ્રવણમનનનો અથવા સત્સંગનો સાચો લાભ એજ છે. આપણું અંતર પણ એવા લાભથી આનંદી ઊઠવું જોઈએ. કથાનું શ્રવણમનન ત્યારે જ સફળ થાય. ઉપયોગી બની જાય. આપણું અંતર એવા ઉદગારો કાઢે છે ખરું ?

*

સંતશિરોમણિ રામના પરમ કૃપાપાત્ર તુલસીદાસે નમ્રતાને પ્રદર્શાવતાં કહ્યું છે કે

रघुपति कृपाँ जथामति गावा । मैं यह पावन चरित सुहावा ॥

કથાને મારી મતિ મુજબ કહી છે. આપણે કહીશું કે કથા અત્યંત આહ્લાદક અને અદભુત થઈ છે. તુલસીદાસજીએ અને મહર્ષિ વાલ્મીકિએ બંનેએ પોતાની કવિતા દ્વારા માનવજાતિ પર મહાન ઉપકાર કર્યો છે. સંતોને માટે તુલસીદાસે જણાવ્યું છે :

मोरें मन प्रभु अस बिस्वासा । राम ते अधिक राम कर दासा ॥
राम सिंधु घन सज्जन धीरा । चंदन तरु हरि संत समीरा ॥

એ કથનને એ બંને પ્રાતઃસ્મરણીય મહાપુરુષોને માટે લાગુ પાડી શકાય છે. રામરૂપી સિંધુમાંથી વાદળ બનીને એમણે વૃષ્ટિ વરસાવી છે. ભગવાનરૂપી ચંદનતરુની સુવાસને સમીર બનીને સર્વત્ર પ્રસરાવી છે. શાસ્ત્રોની ગાયને દોહીને રામકથારૂપી પીયૂષને પ્રકટાવ્યું છે. રામકથાનાં પરિમલ ભરેલાં પુષ્પોની મનહર માળા બનાવી છે. જ્ઞાનવિજ્ઞાનથી ને પ્રેમભક્તિથી ભરેલા રામચરિતના સમુદ્રમંથન દ્વારા કથામૃતને કાઢી બતાવ્યું છે. એના આસ્વાદથી આનંદ અનુભવાય છે. સુંદર સત્સંગ થાય છે. કલિકાળમાં ભગવાનનું નામસ્મરણ તથા સત્સંગ સારરૂપ છે. એની સાથે સત્કર્મ મળી જાય તો સોનામાં સુગંધ થાય. જીવનનું સંપૂર્ણ શ્રેય સધાય. ભગવાનનું સ્મરણ કરવું, સંકીર્તન કરવું, કથાશ્રવણ કરવું, ભગવાનને જ ભજવું એજ સાર છે. એથી સર્વોત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે. ભગવાનની સાથે વાતો કરતાં, એમને આત્મનિવેદન કરતાં શીખવું જોઈએ. એ છે, સાંભળે છે, એવું માનીને. પહેલાં વાતચીત, આત્મનિવેદનાદિ કૃત્રિમ રીતે કરાશે, પછી વાસ્તવિક કે કુદરતી બનશે. એથી ભગવાનની મદદ, એમનું માર્ગદર્શન મળશે. જીવનની ઝંઝાવાતોથી ભરેલી જટિલ સફર સરળ, સુખમય, સાર્થક થશે.


રામકથામાં કલિયુગના સમસ્ત દોષોને, દુર્ગુણોને, અપરાધોને અથવા પાતકોને દૂર કરવાની શક્તિ છે. એ માનવને પવિત્ર બનાવે છે ને પરાર્થે જીવતો કરે છે. તુલસીદાસજીએ રામચરિતમાનસના પ્રત્યેક કાંડની સમાપ્તિ વખતે "ઈતિ શ્રીમદ્ રામચરિતમાનસે સકલ કલિકલુષવિધ્વંસને" લખ્યું છે એના પરથી એને સમર્થન મળે છે. રામચરિતમાનસ ક્લેશો તથા દોષોમાંથી મુક્તિ આપે છે એટલે એનો આધાર લેનારે એમાંથી મુક્તિ મેળવવી જોઈએ. મુક્તિ મેળવવાનો પ્રયત્ન તો કરવો જ જોઈએ.

* * *

**સમાપ્ત**

* * *

## ABOUT THE AUTHOR



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas)

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ)

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪

**પદ્યાનુવાદ** ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**પ્રવચનો** અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

*

**For more information**
**on Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**